## : ગુજરાતી દશમસ્કંધોની તુલના: વિષયો :

### : પૂર્વપીઠિકા :

આપણે જોયું કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પર જેટલી અસર રામાયણ અને મહાભારતની છે, તેટલી જ અસર શ્રીમદ્ભાગવતની પણ છે. ભાગવતમાં પણ દશમસ્કંધની અસર તો ખૂબ જ વ્યાપક પ્રમાણમાં દેખાઈ આવે છે. નરસિંહ-મીરાંનાં પ્રેમલક્ષણ ભક્તિભાવથી, અંકિત થયેલાં પદોથી શરુ કરીને દયારામની લલિતમનોહર ગરબીઓ સુધીની મધ્યકાલીન ગુજરાતી કવિતામાં બાળલીલા અને માતા જશોદાનાં, હાલરડાં, દાણલીલા, રાસલીલા, શૃંગારની મસ્તી અને વિરહનો તલસાટ, પ્રેમભક્તિનો ઉન્માદ, અને રાધાકૃષ્ણનાં રુસણાંમનામણાં-નાં જે જે કાવ્યો જોવામાં આવે છે , તે બધાનું પ્રભવસ્થાન દશમસ્કંધ છે.

આ ઉપરાંત, મધ્યકાલીન સાહિત્યમાં જે વિવિધ આખ્યાનકૃતિઓ મળે છે, તેનું મૂળ પણ દશમસ્કંધમાં જ મળી આવે છે. કેટલાક કવિઓએ તો આખો દશમસ્કંધ જ ગુજરાતીમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. એવા પ્રસિધ્ધ- અપ્રસિધ્ધ દશમસ્કંધોની અન્વીક્ષા પણ આપણે જોઈ.

આમ દશમસ્કંધની મોહિની મધ્યકાલીન ગુજરાતી કવિઓને મૂળથી જ લાગી હતી. કારણ કે શ્રી આનંદશંકર ધ્રુવે કહે છે તેમ તે કાલમાં ' આપણા આત્માના ઘણાખરા ભાગમાંથી જીવન જ જતું રહયું હતું. એની અવલોકનશક્તિ લુપ્ત થઈ ગઈ હતી. એનો સંસારનો સ્વાદ મરી ગયો હતો. ગૃહ,રાજય આદિ મનુષ્ય જાતિએ ઉપજાવેલી ભાવનાઓ અને સંસ્થાઓમાંથી એનો રસ ઉડી ગયો હતો. માત્ર એનો એક ભાગ કંઈક સચેતન રહયો હતો અને તે ધર્મ '.

અને એ ધર્મ એટલે જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ, કે કર્મકાંડ નહિ પણ ભક્તિધર્મ. એ ભક્તિધર્મમાં પ્રેમ એ જ મુખ્ય સૂત્ર છે, પ્રભુને પામવા માટે જરુર છે. માત્ર પ્રેમની, પ્રભુ પ્રત્યેની અવ્યભિચારિણી ભક્તિની.

આપણું મધ્યકાલીન ધાર્મિક સાહિત્ય આ પ્રેમલક્ષણાભકિતના રંગથી રંગાઈ જાય છે. પ્રેમલક્ષણા ભકિતનો ઉપદેશ કરતું ભાગવત પુરાણ વેદની માફક એક પ્રમાણભૂત અને પૂજ્ય ગ્રંથ થઈ પડે છે. ભાગવતમાં પણ દશમસ્કંધમાં જ, પ્રેમલક્ષણા ભકિતના સર્વોત્તમ નિદર્શન જેવી ગોપીઓ અને માનવ આત્માની એકએક કલાના પરિપૂર્ણ આદર્શ જેવા યોગેશ્વર શ્રીકૃષ્ણની લોકોત્તર લીલાનું આલેખન થયેલું હોવાથી તે આપણા જનસમાજના હૃદય પર કોઈક અજબ કામણ કરી જાય છે.

મધ્યકાલીન કૃષ્ણભકિતના સાહિત્યમાં ભકતહૃદયની વાણી ભકિતની તીવ્ર અનુભૂતિના ફલસ્વરુપ ઉત્પન્ન થવાને લીધે તે અધિક હૃદયસ્પર્શી બન્યું છે, લોકપ્રિય પણ બન્યું છે.

માનવજીવનની ત્રણ અવસ્થાઓથી સંબંધિત વાત્સલ્યરતિ, દાંપત્યરતિ અને ભગવદ્ વિષયકરતિ- રતિભાવનાં આ ત્રણ પ્રધાનરુપ મધ્યકાલીન કૃષ્ણભકિત સાહિત્યમાં જોવા મળે છે. વાત્સલ્ય, સખ્ય અને માધુર્યભાવની ભકિતને અનુરુપ કૃષ્ણલીલાનું ગાન એમાં ગવાયું છે.

કૃષ્ણલીલાઓમાં કવિઓનું ધ્યાન મુખ્યત્વે કૃષ્ણના બાલ અને કિશોરજીવન તરફ રહયું છે. વાત્સલ્યભાવ અંતર્ગત કૃષ્ણની બાળલીલાઓ અને ચેષ્ટાઓમાં નંદજશોદા અને વાસુદેવ દેવકીના હૃદયની ઝાંખી થાય છે. માધુર્યભાવ અંતર્ગત ગોપીલીલા મુખ્ય છે. ગોપીલીલાનાં બે રુપ છે: સંભોગ અને વિપ્રલંભ શૃંગાર. રાસ અને વિયોગની સુંદર વ્યંજના કૃષ્ણકાવ્યનું સૌંદર્ય વધારે છે.

પુરાણોમાં ઉલ્લિખિત લીલાઓમાંથી અનેકના વર્ણનમાં કવિઓએ પર્યાપ્ત સ્વતંત્રતા અને મૌલિકતાનાં દર્શન કરાવ્યાં છે. કેટલક કવિઓએ વ્રજલીલા અંતર્ગત કેટલાયે નિતાન્ત નવીન પ્રસંગોની ઉદ્ભાવના કરી છે, તે આ લીલાઓની મૌલિક તથા અનૂદિત રચનાઓ જોવાથી જાણવા મળશે.

આમ બ્રહમસ્વરુપ મનાયેલા કૃષ્ણની વિવિધ બાળલીલાઓમાં અને ગોપીલીલાઓમાં વ્યકત થતા માનવીય ભાવો અને તેમના લોકોત્તર રુપનું ભાવતોકત વિષયવસ્તુ લઈને, જુદી જુદી કવિપ્રતિભાઓ દ્વારા રચાયેલી કૃતિઓમાં એ વિષયવસ્તુ અભિવ્યકિતની કેવી શકયતાઓ

ચીંધી બતાવે છે, તેની શોધ આવા તુલનાત્મક અધ્યયનનો મુખ્ય વિષય ગણ્યો છે. ✓

આ દૃષ્ટિએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રસિધ્ધ-અપ્રસિધ્ધ એવા ઉપર્યુક્ત દશમસ્કંધોના અનુવાદોમાંના કેટલાક મહત્ત્વના પ્રસંગો જેવા કે કૃષ્ણનું બ્રહ્મસ્વરુપ, બાળલીલાઓ, પૂતનાવધ વિશ્વરુપદર્શન, નાગદમણ, ઈત્યાદિ જોયા છે. રાસલીલા, દાણલીલા, માનલીલા, ભ્રમરગીત -આદિની જુદી જુદી ભાવપૂર્ણ પરિસ્થિતિઓ, એમાં આવતાં સ્થૂળ-સૂક્ષ્મ, કરુણ -વિપ્રલંભ અને સંભોગશૃંગારનાં ચિત્રો, નંદજશોદા, વસુદેવ-દેવકી, ગોપીઓ તથા રાધા જેવાં પાત્રોનાં ભાવજગતનો પરિચય અહીં તુલનાત્મક અભ્યાસ દ્વારા આપવાનો પ્રયત્ન કર્યો છે.

મધ્યકાલીન ગુજરાતી દશમસ્કંધોની તુલના: વિષયો :-

કૃષ્ણનું બ્રહ્મસ્વરુપ, માનવીયભાવો અને લોકોત્તરરુપનું મિશ્રણ, કૃષ્ણજન્મ, પૂતનાવધ બાલસ્વભાવ, વયવિકાસની વિવિધ બાલછબિઓ, મૃત્તિકાભક્ષણ અને વિશ્વરુપદર્શન, માખણ ચોરી, ગૌચારણ, ઊખળબંધન, અને યમલાર્જુનમોક્ષ, નાગદમણ, ગોવર્ધનધારણ, રાસલીલા, સંયોગાવસ્થાની વિવિધ મનોદશાઓ, દાણલીલા, માનલીલા, કૃષ્ણનું મથુરાગમન, ભ્રમરગીત નંદ-વસુદેવ, જશોદા અને દેવકીના ઉદ્ગારો, પુનર્મિલન, દૃશ્યચિત્રણ, પ્રકૃતિચિત્રણ, સ્વભાવ-ચિત્રણ, ઉક્તિવૈચિત્ર્ય અને અલંકારવિધાન, ભાષાશૈલી.

કૃષ્ણનું બ્રહ્મસ્વરુપ:

'શ્રીમદ્ ભગવદ્ગીતા', 'વિષ્ણુપુરાણ', 'હરિવંશ', 'ભાગવત' તથા 'બ્રહ્મવૈવર્ત' જેવાં પુરાણોમાં કૃષ્ણ બ્રહ્મરુપ મનાયા છે. ભાગવતમાં કૃષ્ણનો સ્વયં ભગવાનનાં રુપમાં 'એતે ચાંશકલા: પુંસ: કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયં|' [1] સ્વીકાર થયો છે, અને ભગવાન, પરમાત્મા તથા બ્રહ્મ-ત્રણેનો એક જ અર્થ બતાવતાં પૂર્વે કહેવાયું છે:

'વદન્તિ તત્તત્ત્વવિદસ્તત્ત્વં યજ્જ્ઞાનમદ્વયમ્ |
બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે || -૧:૨:૧૧

આ રીતે ભગવાન કૃષ્ણ જ બ્રહ્મ રુપે સ્વીકારાયા છે. બ્રહ્મવૈવર્તકારે પણ ભાગવતની આ માન્યતાનો સ્વીકાર કરી કૃષ્ણને જ પૂર્ણ બ્રહ્મ માન્યા છે.

'ભજ સત્યં પરં બ્રહ્મ રાધેશં ત્રિગુણાત્પરમ્ ।'

કૃષ્ણજન્મખંડ, અ:૧૩૩:૭૨

મધ્યકાલીન દશમકારોએ ભાગવતાદિ મૂળ ગ્રંથોને અનુસરી કૃષ્ણનો પરબ્રહ્મના રુપમાં સ્વીકાર કર્યો છે. જે કવિઓએ સ્પષ્ટ રુપે કૃષ્ણને બ્રહ્મ રુપે વર્ણવ્યા છે, એમના કાવ્યોમાંથી કેટલાંક ઉધ્ધરણો જોઈએ :

( નરસિંહ: ' તે બ્રહ્મ દ્વાર આવીને ઊભારહયા,

ગોપિકા મુખ જોવાને ઢૂકે : ન:કૃ:કા: પદ:૧૯ )

ભાલણ: ' પોતે પૂરણ બ્રહ્મ, આવી પ્રગટ થશે ' -૧૦

પદ-૪

કેશવરામ: કોટય અંશ, કોય હરિની કલા, મચ્છાદિક જે મહા નિર્મલા
'કૃષ્ણદેવ કેવલ ભગવાન, પ્રગટયા જે પુરુષોત્તમ મહાન -૪૫

X X

સાક્ષાત્ હું સ્વયં પ્રકાશ, મથુરાપુરમાં કરશૂ વાસ ' -૭૫ -સર્ગ :૧ :

પરમાણંદ: કૃષ્ણદેવ શ્રી પૂરણ બ્રહ્મ, તેહ તણા માતા પ્રાક્રમ -૨૪ પૃ:૩

પ્રેમાનંદ:'શ્રીરામ મર્યાદાપુરુષોત્તમ, શ્રીકૃષ્ણાવતાર તે પૂરણ બ્રહ્મ '

- કઠવું :૨: ૨૯:

X X X

'શત્રુ જાણી કરે ચિંતા, બ્રહ્મરુપ ભાણેજ નવ લહયો '

-ક.૧૦:૧૪

X X X

' હું પૂર્ણ બ્રહ્મ ભગવંત, હું સરખો ન આદિ મધ્ય અંત '

ક.૧૩:૧૫.

માધવદાસ : ' ભકત હીતને અસુર હણવા, અવતાર હરીનો જાણજો -૨૭: પૃ:૬

તુલજારામ: ' વસુદેવનંદન જગતવંદન અસુર નિકંદન જેહ
રુપકલાગુણ લક્ષણ શરણ વિવિધ સુંદર દેહ ' - પૃ.૩

અવતાર:

કૃષ્ણે બ્રહ્મ થઈને પણ ભકતોના ઉધ્ધાર નિમિત્તે દેહ ધારણ કર્યો. આથી તે અવતારી અને અવતાર - બંને રુપોમાં ગ્રહણ કરાયા છે. ' સંભવામિ યુગે યુગે ' કહી ગીતાકારે તથા ચોવીસ અવતારોની વાત કરી ભાગવતકારે આનું જ પ્રતિપાદન કર્યું છે. વલ્લભ સંપ્રદાયમાં બ્રહ્મને ગુણાવતાર , લીલાવતાર, મર્યાદાવતાર - આદિ અનેક પ્રકારે અવતરિત થતા તથા અવતાર બાદ પણ માયિક જગતથી નિર્લિપ્ત રહેતા પ્રતિપાદિત કરવામાં આવ્યા છે.

કૃષ્ણને અવતારી માની, એની સાથે સંબંધિત પ્રત્યેક વસ્તુ તથા પ્રત્યેક વ્યકિતને કોઈને કોઈ અલૌકિક શકિતનું પ્રતીક માનવામાં આવે છે. તેથી જ કવિઓએ રાધાને આહ્લાદિની શકિત તથા ભકિતનું પ્રતીક માની છે. આ રીતે તેમણે કૃષ્ણ સંબંધી અન્ય વસ્તુઓનો પ્રતીકાર્થ ગ્રહણ કર્યો છે :

( નરસિંહ :

'અમર આહીર અર્ધાંગિ ગોપાંગના, વૃક્ષાવેલી સર્વ ઋષિરાણી :
ભકિત તે રાધિકા, મુકિત જશોમતી, વ્રજવૈકુંઠ તે વેદવાણી.
નિગમ વસુદેવજી, ગાય ગોપી ઋચા, દેવકી બ્રહમવિવાદ કહાવે :
બ્રહ્મા કરલાકડી, વેણુ મહાદેવજી , પંચવદન કરી ગાન ગાવે .

-બૃહત્ કાવ્યાદોહન -૧ -પૃ: ૨૪)

પ્રેમાનંદ:

'ગોપી ઋચા રાધા ભકિત, હળધર શેષ, કન્યા શકિત,
શ્રીકૃષ્ણ વિષ્ણુ અશરણશર્ણ એ કહયાં અંશાવતરણ .

-ક.૨:૨૨.

~~મોટાભાગના કવિઓએ પૈરાણિક આધાર પર કૃષ્ણનું અવતારી સ્વરુપ વર્ણવ્યું છે.~~

'ગોપી છે વેદની ઋચા[૨] શ્રીકૃષ્ણ વેદ-સ્વરુપ,

વૃંદાવન વૈકુંઠ જાણવું, રખે ભેદ આણો ભૂપ -૧૪

ખટ રાગ તે ખટ શાસ્ત્ર છે, વેણુ શબ્દ તે ૐકાર,

ચંદ્રાવલી તે બ્રહમવિદ્યા, રાધા ભકિતનો અવતાર '-૧૫

-ક:૯૮

મોટાભાગના કવિઓએ પૌરાણિક આધાર પર કૃષ્ણનું અવતારી સ્વરૂપ વર્ણવ્યું છે:

( નરસિંહ :

' ધન્ય રે ધન્ય મહાપુણ્ય જશોદાતણું, પુત્રભાવે પરિબ્રહમ રાજે

નંદનો નંદ આનંદ થઈ અવતર્યો, શેષ બલિભદ્ર સંગે બિરાજે '

-બૃહત્ કાવ્યદોહન -૧-પૃ:૨૪)

ભાલણ:

આઠમો જે અવતાર લીધો, તે સાધુને ઉધ્ધારવા,

દુષ્ટને નિપાતવાને, દૈત્ય દાનવ મારવા ' -૨

પદ-૧૦:

કેશવરામ:

' અદ્ભુત જે અવતાર ચરિત્ર, પ્રેમ કહિયાં પરમપવિત્ર

- - - -

કોય અંશ, કોય હરિની કલા, મચ્છાદિક જે મહા નિર્મલા,

કૃષ્ણદેવ કેવલ ભગવાન, પ્રગટયા જે પુરુષોત્તમ મહાન -૪૫

X X

~~કૃષ્ણદેવ~~ આનકદુંદુભિ ઘરે અવતાર, દેવદેવકી ઉદર મઝાર -૭૪ સર્ગ :૧

લક્ષ્મીદાસ :

' કલા સોલિ અવતરયા, વૈકુંઠપતિ ભગવાન -૭ પૃ:૨:

પ્રેમાનંદ:

' પૂર્વે લીધા મે અવતાર

અસુર હણી ઉતાર્યો ભૂભાર - ક:૧૩:૧૬

X X

' સોળ કળા પૂરણ અવતાર, શ્રીકૃષ્ણ નામ હરશે ભૂભાર '

- ક.૨:૨૭:

કૃષ્ણના બ્રહમરુપનો સ્વીકાર કરી, કવિઓએ કૃષ્ણના વિરાટ રુપનું વર્ણન પણ કર્યું છે. કેશવરામે પોતાના 'દશમસ્કંધ' માં માટી ખાતા કૃષ્ણના મુખમાં જશોદાએ કરેલું વિરાટ-દર્શન વર્ણવ્યું છે :

'બ્રહમલોક પર્યંત પાતાલ, લોકસહિત દીશે લોકપાળ,
થાવર જંગમ ને જીવ જાત, શૈલ સૂર ને સાયર સાત -૭૭
અગ્નિ ઈંદુ તારા આકાશ, ઈંદ્રીય સકલ ત્રિગુણ આભાસ
કાલ સ્વભાવ કર્મ મન લિંગ, આપણપાનૂં દીશે અંગ -૭૮
વદન માંહે વૃજદીશે વસ્યૂ, ચરાચર દેખી કહે કારણ કિશૂં ,
મન વિસ્મય પામી તવ માય: ' અરે સ્વપ્ન કે સાચૂ થાય ' -૭૯ સર્ગ :૫

લક્ષ્મીદાસ:

'શ્રીવર સુંદર સકલ અંતર પૂરણ પરમાનંદ
સકલ સુરપતિ તણું સ્વામી જયો શ્રી ગોવિંદ -૧
પૃ:૧ (હસ્તપ્રત નં:૨૦૪૮ ગુવિ:સ: )

પ્રેમાનંદ ના દશમસ્કંધ માં દેવકીના ગર્ભમાં રહેલા કૃષ્ણની સ્તુતિ કરવા દેવો આવે છે.ત્યારે એ સ્તુતિમાં વિરાટ બ્રહમનાં દર્શન થાય છે:

૧: નમો નારાયણ નમો નમો,પ્રભુ આદિ સ્વરુપ અનંત
નમો બ્રહમાનંદ નમો નમો, ત્રિગુણાતીત ભગવંત -૧
પ્રભુ પરાત્પર નમો નમો,નમો સહસ્ત્રશીર્ષા ભગવાન
પ્રભુ અખિલેશ્વર નમો નમો,સર્વેશ્વર સર્વ પ્રતિપાળ - ૨ -ક:૧૧

૨: ' રમે નારાયણ નટવરરુપે રે રમે નારાયણ નટવરરુપે રે
કોટિ બ્રહમાંડ ધરે પરમેશ્વર , એક લોક રોમકૂપે રે
ચોસટ સહસ્ત્ર કર પદ લોચન, શ્રવણ ચોસટ હજારો
મસ્તક બત્તીસ સહસ્ત્ર નાસિકા , સોળ સહસ્ત્ર નિશા ભરથારો ' -ક:૯૬

તો ઉભળે બંધાતા કૃષ્ણનું વર્ણન જોઈએ :

' પ્રભુ અચ્યુતાનંદ અવિગત કહીએ,નવ ભારથી વેદથી ભેદ લહીએ
નિરાકાર સાકાર આનંદકારી,બાધે ઉભળે બ્રહમને નંદનારી -૨
સહસ્ત્રશીર્ષ બ્રહમ શ્રીશેષશાયી,સર્વ સામર્થ્ય મહાશૂર સર્વ સુખદાઈ
અસુરાંતક અઘનાશ અવિગત મોરારી,બાધે ઉભળે બ્રહમ ને નંદનારી[3] -૪
ક:૩૭

આ વર્ણન પુરુષસૂકતના ' સહસ્ત્રશીર્ષાઃ પુરુષઃ ' ની નજીકનું છે. ઉપરોકત નંબર:૨ માં ચોસઠ હજારની સંખ્યા રાસના પ્રસંગને અનુકૂળ છે.

સાધના અને ઉપાસનાના અન્ય માર્ગોની તુલનામાં ભકિતમાર્ગની શ્રેષ્ઠતા અને મહત્તાનું પ્રતિપાદન વૈષ્ણવ ચિંતનધારાનો મૂળ સ્વર રહયો છે. ' ગીતા' ,'ભાગવત','નારદભકિતસૂત્ર ' ' નારદપંચરાત્ર ' તથા ' શાંડિલ્ય ભકિતસૂત્ર ' આદિ ગ્રંથો ભકિતને કર્મ તથા યોગથી પણ ચડિયાતું સ્થાન આપે છે, જેના પરિણામ સ્વરુપ સમસ્ત વૈષ્ણવ કાવ્ય ભકિતની વ્યાપક આધાર ભૂમિ પર વિકસિત થયું છે. મધ્યકાલીન કૃષ્ણકાવ્યો પણ આ સત્યનું સમર્થન કરે છે. મોટે ભાગે બધા મુખ્ય કવિઓએ ભકિતના મહત્ત્વનો સ્વીકાર જ નથી કર્યો, પરંતુ સ્પષ્ટ શબ્દોમાં છડેચોક એના વખાણ અને ગુણગાન પણ ગાયાં છે. જો કે આ કવિઓનો કોઈ પણ ભકિત સંપ્રદાય સાથે સંબંધ નથી,[4] છતાં ભકિતના પ્રચંડ મોજામાં અવશપણે તણાતાં , ભાગવતાદિ પુરાણગ્રંથોના આધાર પર,તેમણે ભકિતની પ્રશંસા, તેની મહત્તા વ્યકત કરતી કાવ્યરચનાઓ કરી છે.

નરસિંહ -મીરાએ તો ભકિતને પૃથ્વી પર જ નહિ પણ બ્રહમલોકમાં પણ તેની પ્રાપ્તિ થતી નથી, એવો શ્રેષ્ઠ પદાર્થ માન્યો છે. કેટલાક કવિઓએ ભકિતનું મહત્ત્વ વ્યકત કરવા માટે તેનું તાદાત્મ્ય રાધા સાથે કરી દીધું છે. તેમને મતે રાધા જ ભકિતનું સ્વરુપ છે. જેવી રીતે રાધાકૃષ્ણ માટે અભિન્ન અને પ્રિય છે તે રીતે ભકિત છે.

( નરસિંહ : ૧: ભૂતલ ભકિત પદારથ મોટું,બ્રહમલોકમાં નાહી રે ) પદ-૧
૨: ભકિત તે રાધિકા -૧- પૃ:૨૪

ભાલણ:

' પ્રેમ ભકિત તે કહી નજાયે

જિહ્વા એક મુખમાંય જી

સનકાદિક જાણે નહિ, પ્રેમભકિત નિરધાર જી: પદ:૨૯૨:

કેશવરામ:

' ભૂસુર સંતોષ્યા નહિ, ભજ્યા નહિ ભગવાન

શ્રી ભાગવત સૂણીયૂં નહિ તે નર જાણો શ્વાન -૧૭ સર્ગ :૧

' જન્મ જન્મ હૂં યાચૂં ભકત્ય, યદુપતિ યાદવ મોટી મુકત્ય -૯૩ સર્ગ :૪૦

પ્રેમાનંદ:

' આસકત થયો જે શ્રવણભકિત, મન રમ્યું રાધાવરમાં

ભાગવત સાંભળે સ્નેહથી તેને અડસઠતીરથ ઘરમાં -૫ -ક:૧ :

'ગોપી થયા રાધા ભકિત ' - ક૦૨-૨૨

અષ્ટછાપી કવિઓએ સંપ્રદાયાનુસાર કૃષ્ણના બાલસ્વરુપની આરાધના કરતાં વાત્સલ્યરસને પર્યાપ્ત મહત્ત્વ આપ્યું . તેમણે સખ્ય તથા દાસ્યને પણ સર્વાધિક મહત્ત્વ આપ્યું. માધુર્ય અને વાત્સલ્ય ભાવ એક રીતે વૈષ્ણવ સંપ્રદાયમાં માન્ય ગોપીભાવમાં સમાવિષ્ટ થઈ જાય છે.

ગોપીઓના ત્રણ ભેદ પાડી શકાય: ગોપી, ગોપાંગના અને વ્રજાંગના - ત્રણે ક્રમશ: અનન્યપૂર્વા, અન્યપૂર્વા અને સામાન્યા છે. પ્રથમ બેમાં માધુર્યભાવ અને ત્રીજામાં વાત્સલ્યભાવની સ્થાપના થયેલી જોવા મળે છે.

ભાલણ અને પ્રેમાનંદમાં વાત્સલ્યભાવની ઉપલબ્ધિ થાય છે. તેમણે પૂરી તન્મયતાથી વાત્સલ્યભાવ નિરુપ્યો છે, જયારે દાસ્ય ભાવ નરસિંહ, ભાલણ, કેશવદાસ પ્રેમાનંદ આદિમાં પ્રાપ્ત થાય છે.

ઉપર્યુકત ભાલણ અને પ્રેમાનંદ કવિઓના ચરિત્રોમાં વાત્સલ્યરસનાં દષ્ટાંતો મળે છે.

ભાલણ:

' વૈકુંઠ પદ તો તેહ પામે, હરિચરણે થયો વાસ,

બેહુ કર જોડીને કહે, ભાલણ હરિનો દાસ ' -૭ પદ:૪૯૭

<u>કેશવરામ:</u>

' હરિ સેવકના સેવક હોય , તેના દાસ દાસ જે કોય,

તેહના દાસ તણો હું દાસ, અહનિશે વાંછું એહ જ આશ

કૃષ્ણભકિત જે તિ્વારે કરે, જાણી દીન સદા સભ્િરે :૧૨૩-૧૨૪

કૃષ્ણનો દાસ કેશવદાસ ઉચ્ચરે, સાભલે વિનતી એહ મારી-૧૨૬ સર્ગ :૪૦

નરસિંહ, પ્રેમાનંદ, ભાલણ આદિમાં દાસ્ય ભાવ તો મળે છે. પરંતુ તેમાં દૈ-યનો એટલો પુટ મળતો નથી, જે વ્રજ કવિ સૂરદાસમાં મળે છે. જો કે ઉપરની પંકિતઓમાં કેશવદાસે દૈન્યયુકત દાસ્યભાવની અભિવ્યકિત કરી છે.

ભકિતમાં પ્રેમભાવને જ સર્વસ્વ માનનારા ભકતકવિઓએ કર્મકાંડની ઉપેક્ષા જ નહિ, પરંતુ નિંદા અને તિરસ્કાર પણ કર્યો છે. નરસિંહે તો અત્યંત ઉચ્ચારસ્વરે કર્મકાંડનો વિરોધ કર્યો છે. તેણે પૂજા, સ્નાન,દાન, જટાધારણ, ભસ્મલેપન, જપ,તપ,તીર્થ, વેદ,વ્યાકરણ, દર્શન આદિને પેટ ભરવાનો પ્રપંચ માત્ર કહયો છે.

કેશવરામે પણ તીથાટિન, દાન, સ્નાન, આદિનો તિરસ્કાર તો નહિ પણ તેમને કૃષ્ણકીર્તન -ભજનની તુલનામાં નગણ્ય અવક્રય ગણ્યા છે:

' કાશી મહિ કોટિ ગૌ, પરાગે રે દાન

તુલા ન આવે કોટિયે કીર્તન કૃષ્ણ સમાન્ય -૧૩૨

અયુત કલ્પ લગે પ્રયાગમાં વાસ ત્રિવેણી સ્નાન

તેથી સાચૂ જાણજો અધિક ભજન ભગવાન -૧૩૩ સર્ગ :૪૦

આ કવિઓએ ભકિતથી સંબંધિત બધી વસ્તુઓનુ મહત્ત્વ સ્વીકાર્યું છે. પરંતુ સત્સંગ તથા નામકીર્તનને વિશેષ મહત્તા આપી છે.

કેશવરામે દશમસ્કંધના અંતમાં કૃષ્ણનામના શ્રવણગાયનના તથા સાધુસમાગમના મહિમાના વખાણ કર્યાં છે.

'કૃષ્ણની ભકિત ને કૃષ્ણને ગાય, અહનિશે કૃષ્ણની વાત કહેવાય

કૃષ્ણગુણ શ્રવણે સૂણ્યા પછી સંતને રંગ ભરયે હૃદયને કાં ન રીઝાય

કૃષ્ણના ભકત શૂં સ્નેહ કરવો સદા, સાધુ સમાગમે સુખ થાય -૧૨૫ સર્ગ:૪૦

પ્રેમાનંદે પણ નરસિંહની જેમ કૃષ્ણનામને સંસારસાગર તરવાની નૌકા સમાન માન્યુ છે.

( નરસિંહ: ' કૃષ્ણકીર્તન વિના નરસદા સૂતકી, વિમલ કીધે વપૂશુધ્ધ ન થાયે

સકલતીરથ શ્રીકૃષ્ણ કીર્તનકથા હરિતણા પાસ જેને હેતે ગાયે પૃ:૨૦

ભણે નરસૈયો ભવસાગર બૂડતાં હરિજન નાવ નિશ્ચે પ્રમાણો

હરિ હરિ રટણ કર કઠણ કલિકાળમાં, દામ બેસે નહિ કામ સરશે પૃ:૨૦

બૃહત્ કા.દોહન -૧ )

પ્રેમાનંદ:
' અભંગ નૌકા શ્રીકૃષ્ણ નામની ભવસાગરને તરવા -૪ ક:૧

જ્ઞાનમાર્ગી કવિઓની જેમ ભકતકવિઓએ પણ સંસાર પ્રતિ વિરકિતનો ભાવ પ્રદર્શિત કર્યો છે. ભકિતના પથ પર એક પ્રકારની નિવૃત્તિ તથા પ્રવૃત્તિ બંનેનો સમન્વય થઈ જાય છે.

(નરસિંહ : 'વિષય તૃષ્ણા પરો, મોહ મનના ધરો, હું ને મહારુ જકત તેમાં બૂડો'

ન:કૃ:કા: પદ:૪૭)

ભાલણ:
' સંસારના સુખ ભોગવે પુત્ર કલત્ર કહેવાય

અંતે તારે ચરણે પામે જે સુને કૃષ્ણ કથાય -૨ પદ:૪૯૭

શાસ્ત્રીય દષ્ટિએ ' ભકિત' ને માટે 'સ-રસ શબ્દનો પ્રયોગ કદાચિત જ કોઈ કવિએ કર્યો હોય , પરંતુ ભાવાત્મક દષ્ટિએ ' ભકિત રસ' શબ્દનો પ્રયોગ કવિઓએ અનેકવાર કર્યો છે.

( નરસિંહ : ' જે રસનો સ્વાદ શંકર જાણે કે જાણે શુક જોગી રે

કોઈ એક જાણે વ્રજની ગોપી, ભણે નરસૈયો ભોગી રે - ૧

ન.કૃ:કા: પદ:૧ )

લક્ષ્મીદાસ :

' હરીયશ કથારસ માહા અમ્રીત, ઉપનિષદ્ગીતા નીત્યે ભાખે સમ્રીત -૪

તે નરનો દેહ ધરો થયો ધન્ય ધન્ય,હરી રસ સિંધુમાંહિ મજ્જન -૬: પૃ:૨૯૮

પરમાણંદ:

' હરીરસ કથા સાભલે કોય, સકલ તીર્થ કેરૂ ફલ હોય -૨૪

ભાવે કૂભાવે શ્રવણે ધરે,કુલ ઉધારે પોતે તરે -૨૫ પૃ:૧૬૯

માધવદાસ:

એકય અક્ષર સાભલે તેહનો પુન્ય પાર જાણુ નહીં,

જન્મ મરણ ને તાપ જાયે,વૈકુંઠ પદ પામે સહી :૬૬ પૃ:૨૦૮

પ્રેમાનંદ:

' કોઇ એક રસિયો રસ ચાખશે,શ્રી ભાગવતનો ભોગી[૬] -૨૨ ક:૧

કવિઓએ ભાગવતનું તેમાં વર્ણિત શ્રવણમનનનું ધ્યેય મુકિતને માન્યું છે.

( નરસિંહ : 'ભણે નરસૈંયો જેણેકૃષ્ણ રસ ચાખિયો

પુનરપિ માતને ગર્ભ નાવે '-પદ:૬૬)

ભાલણ:

' લીલા તે કૃષ્ણજી પ્રેમે બોલી એહ

ભાવે કભાવે સાભળે,ગર્ભવાસ નાવે તેહ-૧: પદ:૪૯૭

કેશવરામ:

ભણે સૂણે જે એ આખ્યાન,તેને તૂસે શ્રીભગવાન,

ભકિતમુકિત અથ મહીના ભોગ,જે યાચે તે આપે યોગ -૧૧૫ સર્ગ :૪૦

લક્ષ્મીદાસ:

તે નરનો દેહ ધરો થયો ધન્ય ધન્ય,હરીરસ સિંધુમાંહિ મજ્જન પૃ:૨૯૮

પરમાણંદ:

ભાવે કૂભાવે શ્રવણે ધરે,કુલઉધારે પોતે તરે -૨૫ પૃ:૧૬૯

માધવદાસ:

એકેય અક્ષર સાભલે તેહનો પુન્ય પાર જાણુનહી,

જન્મમરણ ને તાપ જાયે ,વૈકુંઠ પદ પામે સહી:૬૬ પૃ:૨૦૮

પ્રેમાનંદ:

' જે થકી શ્રીભાગવતગંગા પ્રકટયાં, જેમાં કામ મોક્ષ ને અર્થ :૭ ક:૧

તુલજારામ:

' જે કો સાંભલે તે ધરિ ઉલાસ તે પામે નર વૈકુંઠવાસ : ૫૦

પૃ:૪૩૬ :

પાદટીપ:

૧: શ્રીમદ્ ભાગવત :૧:૩:૨૮:
૨: વેદઋચા હોઈ ગોપિકા,હરિ સોં કિયો વિહાર – સૂરસાગર પૃ:૪૬૨

૩: નરસિંહમાં પણ આવું જ વર્ણન મળે છે.

૧: રવિ શશિ કોટિ નખ ચંદ્રિકામાં વસે, દષ્ટિ પહોંચે નહિ ખોજ ખોલે

અર્ક ઉદ્યોત જયમ તિમિર ભાસે નહિ, નેતિ નેતિ કહી નિગમ ડોલે

કોટિ બ્રહમાંડના ઈશ ધરણીધરા,કોટિ બ્રહમાંડ એક રોમ જેનું :

ન: કૃ:કા: પૃ:૪૮૯

૨: બત્તી વિણ તેલ વિણ સૂત્ર વિણ જો વળી,

અચલ ઝલકે સદા અનલ દીવો :

ન: કૃ:કા: પૃ:૪૮૫

૪: જયારે વ્રજભાષાના અષ્ટસખા કવિઓ વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ હતા.

૫: ભકિતસ્વરુપ તે રાધિકા, સાક્ષાત એ અવતાર'

કેશવદાસ: મથુરાલીલા :ક:૮

૬: 'યોગ શૃંગાર અધ્યાત્મ જ્ઞાન

કેવલ ભકિતરસ ભગવાન '

કેશવદાસ- મથુરાલીલા .

## માનવીય ભાવો અને લોકોત્તર રુપનું મિશ્રણ :

કૃષ્ણની બાળલીલાઓથી સંબંધિત ભાવોનું ક્ષેત્ર અત્યંત વિસ્તૃત છે. કારણ કે કૃષ્ણનું વ્યકિતત્વ નંદજશોદાના પારિવારિક જીવન સુધી સીમિત ન રહેતાં, એક વ્યાપક સામાજિક રુપ ધારણ કરે છે. કૃષ્ણ સમસ્ત વ્રજમંડલની ભાવનાઓના કેન્દ્રરુપ બની જાય છે. વ્રજના બધા જ ગોવાળો, ગાયો અને ગોપીઓ કૃષ્ણથી સંબધ્ધ છે. નંદજીને ઘેર થતી કૃષ્ણવિષયક પ્રત્યેક વાત, પ્રત્યેક ઘટના, સારાયે વ્રજમાં વ્યાપ્ત થઈ જાય છે, અને પરસ્પરના ભાવસંબંધો અને ભાવપ્રતિક્રિયાઓને ગહનતર બનાવી લે છે. કૃષ્ણનો પોતાનો બાલસ્વભાવ અને બાલચેષ્ટાઓ સિવાયની બલરામ અને ગોપગોવાળો સાથેની તેમની ક્રીડાઓના ભાવને એક રુપ મળે છે, તો ગોપીઓ સાથે બીજું અને નંદજશોદા સાથે ત્રીજું રુપ મળે છે. ભાવોની આ વિવિધતાની સમાપ્તિ અહીં નથી થતી. કૃષ્ણને લઈને જશોદા અને ગોપીઓ વચ્ચે એક નવા પ્રકારનો ભાવસંબંધ સ્થાપિત થઈ જાય છે, જેમાં કયારેક તેઓ કૃષ્ણનો પક્ષ લઈ જશોદા સાથે લડવા આવે છે, તો કયારેક કૃષ્ણ પર ખીજાઈ તેને ઠપકો આપે છે, જશોદાને ફરિયાદ કરે છે. આ સર્વ સ્થૂલ-સૂક્ષ્મ ભાવવિસ્તારનું કેન્દ્રબિંદુ એક માત્ર કૃષ્ણની બાળલીલાઓ છે, જેનો આશ્રય કરી કવિઓએ માનવીય ભાવોના વિવિધ રુપોની અનુભૂતિને અભિવ્યકિત આપી છે.

કવિઓ દ્વારા કૃષ્ણની બાળલીલાઓના ચિત્રણમાં એક વિશેષતા એ જોવા મળે છે કે સામાન્ય માનવીય ભાવોની સાથે લોકોત્તર અને અલૌકિક રુપનું સંમિશ્રણ તેમાં થાય છે. રસની દષ્ટિએ કદાચ આ પ્રકારનું વર્ણન રસાસ્વાદમાં બાધક સિધ્ધ થાય છે, પરંતુ એની સાથે લૌકિકતાને સંબધ્ધ કરી દેવાથી એક એવી રહસ્યમયતા ઉત્પન્ન થાય છે કે જે આશ્ચર્ય, વિસ્મય તથા કુતૂહલની સૃષ્ટિ ઉભી કરી, આલંબન વિભાવ પ્રત્યે એક વિચિત્ર આકર્ષણ પેદા કરે છે, જેમાં ઉપરનો દોષ ઢંકાઈ જાય છે. આથી જ કૃષ્ણભકતના હ્રદયમાં આવાં વર્ણનોથી જે અનુભૂતિ જાગે છે, તે રસસંચારમાં બાધક ન નીવડતાં સહાયક નીવડે છે. માહાત્મ્યજ્ઞાનની સાથે જ તેને કૃષ્ણની લીલાઓ એથી પણ વધારે આકર્ષક પ્રતીત થાય છે.

મધ્યકાલીન કવિઓએ કૃષ્ણની બાળલીલાઓના વર્ણનમાં માનવીય ભાવોના ચિત્રણ સાથે રહસ્યાત્મકતાનું પદે પદે સંયોજન કર્યું છે. એટલું જ નહિ, આ પ્રકારની રહસ્યાનુભૂતિ તેમના વર્ણનનું એક પ્રધાન અંગ બની રહે છે.

અનેક અસુરોના વધની અલૌકિક ઘટનાઓ આ ભાવની સાથે એક સામંજસ્ય ઉત્પન્ન કરી દે છે. કારણ કે એમની પશ્ચાદ્ભૂમિકામાં આ પ્રકારનું વર્ણન ઓછું અસ્વાભાવિક પ્રતીત થાય છે. પ્રત્યેક અસુરને પરાજીત કરવાની સાથે વ્રજવાસીઓનો વિશ્વાસ કૃષ્ણની અલૌકિક શક્તિ પર દૃઢત્તર બનતો જાય છે. જે વાતાવરણ અને જે પરિસ્થિતિઓમાં વ્રજવાસીઓનું ચિત્રણ કરવામાં આવ્યું છે, એનું લક્ષ્ય કૃષ્ણના લોકોત્તર રુપની સ્થાપના જ રહ્યું છે. સમસ્ત કૃષ્ણકાવ્યનો મુખ્ય ઉદ્દેશ પણ માનવીય અનુભૂતિઓનો સ્પર્શ કરતાં, તેને લોકોત્તર ચેતનાની ઉપાસનામાં કેન્દ્રિત કરી દેવાનો જ રહ્યો છે. કૃષ્ણનું અલૌકિક ચરિત્ર તેમની અપાર શક્તિનું સ્વયં પરિચાયક છે. આથી જ તેમના લૌકિક ચરિત્રના ચિત્રણમાં અલૌકિકતાની વ્યંજનાનું અપેક્ષા કરતાં વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. કૃષ્ણને માટે સર્વત્ર ' પ્રભુ', 'સ્વામી', 'પુરુષોત્તમ', 'પરિબ્રહ્મ'- આદિ વિશેષણોના પ્રયોગ કરવામાં આવ્યા છે, જે તેમના માહાત્મ્યનું દ્યોતક છે. મૃદ્ભક્ષણ અને યમલાર્જુનમોક્ષના પ્રસંગોમાં કૃષ્ણના વિરાટ રુપનું વર્ણન કવિઓએ ભાગવતને અનુસરી કર્યું છે. પરંતુ માખણચોરી, દધિમંથન, આદિ સામાન્ય માનવીય ચેષ્ટાઓની સાથે કવિઓએ પોતાની ઈચ્છા અનુસાર અલૌકિકતાનું મિશ્રણ કર્યું છે, એ વિશેષ ઉલ્લેખનીય છે. એવી કેટલીક પંક્તિઓ જોઈએ:

( નરસિંહ: ' જે મુખ નિગમઅગમ કરી ગાયે, ગાયે તે મુખ જશોદાએ પાન કરી પાયે
યોગીયા ધ્યાન ધરે નહિ પાવે, તે અહિરડા ઘેર મલવે આવે .
-ન.કૃ.કા.પૃ.૫૦૧)

ભાલણ:
' બ્રહ્માદિક જેને ધાયે તેવોસુંદર શ્યામજી
વૃધ્ધપણે હું પુત્ર જ પામ્યો, ભાલણ પ્રભુ શ્રીરામ'. પદ:૪૨
' કામિની લઈ કર છીમટી, પૂંઠે ધાયે શ્વાસ ભરાય રે
ભાલણપ્રભુ શ્રી રામનીલીલા, સુર બ્રહ્માદિક ગાય રે -પદ-૪૮:

કેશવરામ:

'યોગીજન બહુ જન્મ ચરણરજ ધરતા દુર્લભ

ઇષ્ટ વિષય તાં તે થયો ગોપગોપીઘર સુલ્લભ . સર્ગ :૭:૩૫

પ્રેમાનંદ:

'ખટદર્શનમાં જોગેશ્વર જુએ, તે બ્રહ્મ માખણ માટે રુએ

બ્રહ્માને સ્વપ્ને નવ આવે તે ગોવિંદને ગોપી નચાવે [૧] ક:૪૦-૬૫

આ સિવાય પારણામાં કૃષ્ણને પોઢાડવાના સામાન્ય પ્રસંગમાં પણ અલૌકિકતાનો આરોપ કવિઓએ કર્યો છે.

ભાલણ:

' અલોલો હાલરું રે પોઢો પોઢો સુંદરશ્યામ

— —

માર્કંડેયને જે દેખાડયું તે મુજને દેખાડો રે

— —

તું સૂવતાં જુગ સૂવે, તું જાગે જાગે સર્વ લોક રે

તારે સૂવું છે નહિ જે કહિયે તે ફોક રે-પદ-૩૯

કેશવરામ:

' સોનલા કેરૂ રે સુંદર પાલણૂં, મોતીડાં કેરાં દોર

— — —

કુંઅર મે કિહાં તપ આચરયાં ? કોણ કોણ દીધાં દાન ?

બ્રહ્મ સનાતન સુત પામિયો, ભવભયહર ભગવાન -૧૭-સર્ગ :૪

પ્રેમાનંદ:

' સંસાર હિંડોલો બાંધ્યો રે બ્રહ્મે

કાંઈ કર્મે હીંચે કોટિ જીવડા રે

— — —

આવાગમન હીંડોલે રે હીંચે

ન પ્રીછે પ્રાણી માયા મલ્યા રે

જગત ઝુલાવ્યું સોંપી કર્મને

તે બ્રહ્મને ઝૂલાવે વ્રજસુંદરી રે -ક:૨૫

અહીં પ્રેમાનંદે હીંડોળાને સંસારનું પ્રતીક બનાવ્યું છે. તો જોઈએ કૃષ્ણની કાલીઘેલી વાણી કેવું વહાલ ઉપજાવે છે !

(સૂરદાસ: કબહું તોતર બોલ બોલત,કબહું બોલત તાત..
સૂરસાગર પદ:૭૧૮)

ભાલણ: ' બોબડુ બોલીને પ્રીત ઉપજાવે
એવું બોલવું શુક સનકાદિકને ભાવે ' પદ-૩૫

પ્રેમાનંદ:
'અણતેડયો ગોપી ઘેર જાય રે
બોલે બોબડુ વૈકુંઠરાય રે ' -ક:૩૫

ગિરિધર:
તો તો તો કહી તોતલા છે વાણમાં
મામા કહી લાઉ માગે,લે છે બે પાણમાં -અ:૨૦

કૃષ્ણના ઊખળે બાંધવાના સામાન્ય પ્રસંગમાં અલૌકિકતાના તાણાવાણા પણ કવિઓએ ગૂંથ્યા છે:

ભાલણ: ' એને બાંધ્યો હું શું છોડું, નામે જગ છોડાયે રે 'પદ-૧૧
' એને નામે બંધન છૂટે ભવતણાં રે
તે લેઈ બાંધ્યો હરજી ઉખલ સાથ હો
અખિલડી ચોલે છે પાણિએ કરી રે
દીન થઈને ભાલણપ્રભુ રઘુનાથ હો -પદ: ૫૩

લક્ષ્મીદાસ : ' દાંમણિ કરી ઉંખૂલશું હરિને બાંધે બંધે
યેહેનિ ગતિ બ્રહ્માંડ બાંધિયું ન લિહિ માય અંધ -૬-પૃ:૨૫

માધવદાસ: ' એમ લોકમધ્યે જાણવું જે, ભગતીવશ્ય ભુદર સહી
તોંહા કૃપાકીધી જસોદાને ,અન્યથા એ વસ નહી-૧૫-અ:૯

<u>પ્રેમાનંદ:</u> ' બાંધ્યો કેમ જાએ રે, બાપજી બાંધ્યો કેમ જાએ

બળવંત બાંધ્યો કેમ જાએ, જેનાં ત્રણ ભુવન મુખમાંહે

જેણે ત્રિગુણે ત્રિભુવન બાંધિયું, ઈંદ્ર અજ ત્રિપુરારિ

સહસ્ત્રશીર્ષા બટુક થઈ બેઠો, બાંધે નંદજીની નારી

x x

જગત બાંધ્યું એક દોરીયે, કે દામણે બંધાય અવિનાશ રે' :ક:૩૭

માખણ ચોરતા સામાન્ય બાળકના જેવા પ્રસંગમાં પણ અલૌકિક બ્રહ્મસ્વરુપ કવિઓએ આરોપ્યું છે :

(<u>સૂરદાસ:</u> ' નાચત ત્રૈલોકયનાથ માખન કે કાજે ' – સૂરસાગર પદ:૭૬૪ )

<u>ભાલણ:</u>

' માંકડાં સાથ, ત્રિભુવન નાથ, લઈ લઈ હાથ, વહેંચી આપે બાલને .પદ:૪૫-૪

મુખડું માખણે ખરડીઉ રે , ખરડયા છે બેહુ હાથ

નાસે ને નીર નયણે ઝરે રે, જે ચૌદ લોકનો નાથ પદ-૪૯-૩

<u>કેશવરામ:</u> ગોપી: ' ગોરસ ચોરતો જે ગ્રહયો, જુઓ માત/મુરારય રે

<u>તોય</u> સુતરુપ ત્રિકમ ધર્યું વિલખી થૈ તે નાર રે –સર્ગ ૫:૫૨

<u>પ્રેમાનંદ:</u> નવનીત ગ્રહયું કરમહાંય, ચાલે, રુએ ને માખણ ખાય

નીરખે ઈંદ્રાદિક અંત્રિક્ષ, નંદે યજ્ઞ કીધાં કાંઈ લક્ષ ક:૩૭:૮૫

પાલવ ગ્રહી પરિબ્રહ્મ, માતા કને અન માગે ' ક:૩૧:૯

ગોકુલ આખું જોવા મળ્યું રે, રુએ ત્રિભુવનનાથ ગોપી –ક:૩૩-૧૫

કૃષ્ણની બાળલીલાઓના પ્રસંગમાં આ પ્રકારનું કથન એટલા માટે વિશેષરુપમાં મળે છે કે વસ્તુત: સર્વજ્ઞ, સર્વશક્તિમાન, પૂર્ણકામ બ્રહ્મનું અજ્ઞ, અશકત, ક્ષુધાતુર બાલકના જેવું આચરણ કરવું – સૌથી અધિક વિરોધપૂર્ણ લાગે છે. કૃષ્ણના માનવીય શૃંગારલીલાઓના પ્રસંગમાં પણ આવું

જ મિશ્રણ જોવા મળે છે. પરંતુ બાળલીલાઓમાં તે અધિક ઉપલબ્ધ થાય છે.

પાદટીપ:

૧: પ્રેમાનંદની આ પંક્તિ સાથે વ્રજકવિ રસખાનની નીચેની પંક્તિનું કેટલું સામ્ય છે !

'તાહિ આહીરકી છોહરિયાં, છછિયા ભરિછાછપે નાચ નચાવેં :

રસખાનપદાવલિ

આમાં કૃષ્ણના લૌકિક તથા અલૌકિક ચરિત્રનો સંયોગ જોવા મળે છે.

કૃષ્ણજન્મ:

ભાલણ, કેશવરામ, લક્ષ્મીદાસ, પરમાણંદ, પ્રેમાનંદ, આદિ દશમકારો ઉપરાંત નરસિંહ મહેતાએ 'કૃષ્ણજન્મસમેંના પદ', કૃષ્ણજન્મવધાઈનાં પદ' વગેરે આપ્યાં છે. વ્રજભાષામાં અષ્ટછાપ કવિઓએ પણ કૃષ્ણજન્મ તથા વધાઈનાં પદ આપ્યાં છે.

કૃષ્ણનો પરબ્રહ્મ તરીકે સ્વીકાર કરવા છતાં, તેમનો જન્મ અથવા પ્રાગટ્ય એ સાધારણ ઘટના ન રહેતાં, એ એક મહાન અભૂતપૂર્વ આનંદોલ્લાસનું પર્વ બની જાય છે. મૂળ ભાગવતનો આ પ્રસંગ લઈ, કવિઓએ એ અપાર અસીમ આનંદને શબ્દોમાં બાંધવાનો અદ્ભુત પ્રયાસ કર્યો છે. મૂળ ભાગવત ઉપરાંત તેમણે અન્ય પુરાણોનો આશ્રય પણ લીધો છે અને વ્રજની આ લીલાઓની વર્ણનમાં તેમણે સ્વતંત્રતા અને મૌલિકતા દર્શાવી છે.

કૃષ્ણજન્મ પહેલાં પૃથ્વીની પ્રાર્થનાથી દ્રવિત થઈ 'હરિ' એ ભૂભાર ઉતારવાના નિમિત્તે અવતાર ધારણ કરવાનું વચન આપ્યું હતું. આ પ્રસંગનું વર્ણન મોટાભાગના કવિઓએ કર્યું છે. પરંતુ 'હરિલીલાષોડશકલા' ના રચયિતા ભીમે આ પ્રસંગમાં 'વિષ્ણુપુરાણ' નો આધાર લઈ ફેરફાર કર્યો છે. તેણે લખ્યું છે કે દેવેશે પોતાના માથાના બે વાળ આપ્યા:

વલતાં વચન કહિ દેવેશ, મસ્તકના આપ્યા દોઈ કેશ.

–હરિલીલાષોડશકલા :પૃ:૧૩૦

આનો ઉલ્લેખ ભાગવતમાં નથી. તેથી મોટાભાગના કવિઓએ આવો ઉલ્લેખ કર્યો નથી.

ભાગવતમાં ' યર્હ્યેવાજનજન્મક્ષં ' તથા ' નિશીથે ' સિવાય કૃષ્ણજન્મની તિથિ માસ દિવસનો કોઈ નિર્દેશ કર્યો નથી.

પરંતુ મોટાભાગના કવિઓએ કદાચ ' બ્રહ્મવૈવર્ત ' નો આધાર લઈ સ્પષ્ટતાથી આનો નિર્દેશ કર્યો છે. ' બ્રહ્મવૈવર્ત ' માં જન્મનો સમય ' અર્ધરાત્રે સમુત્પન્ને રોહિણ્યામષ્ટમી તિથૌ '[1] અને માસનો ઉલ્લેખ વ્રતના પ્રસંગમાં કરવામાં આવ્યો છે.

પરંતુ વાર તો ત્યાં પણ નથી મળતો.[2] ' ફલં ભાદ્રપદેઽષ્ટમ્યાં ભવેત્કોટિગુણં દ્વિજાઃ

૧ આ વિષયમાં કવિઓએ આપેલી જન્મતિથિઓમાં માસ અને વારનું અંતર જોવા મળે છે.

નરસિંહે શ્રાવણમાસ અને મંગળવારનો ઉલ્લેખ કર્યો છે. ભીમ અને કેવરામે પણ આજ પ્રમાણે પોતાની કૃતિમાં ઉલ્લેખ કર્યો છે.

ભીમ: શ્રાવણમાસ નક્ષાત્રરોહિણી, નિશિ, અંધારી આઠિમ ખરી

કૌલવકરણ નઈ મંગલવાર મધ્યરાત્રિ જનમિયા મુરાર -૬૨

હરિલીલા પૃ:૧૩૮

કેશવરામ: અથ આવ્યો શુભ શ્રાવણ માસ મધ્ય નિશાયે મયંક પ્રકાશ

અસીત અષ્ટમી મંગલવાર રોહિણી નક્ષાત્ર લગન શુભ સાર -૧૫

સર્ગ:૨:

ભાલણે આ પ્રસંગે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી. જ્યારે લક્ષ્મીદાસે[3]* અને પ્રેમાનંદે ' શ્રાવણ વદી અષ્ટમી અને દિન બુધવાર ' આપ્યાં છે:

'શ્રાવણ વદની અષ્ટમી રોહિણીને બુધવાર

મધ્યરાત્રે પ્રગટ થયા શ્રીકૃષ્ણ વિશ્વાધાર -૩૦ -ક:૧૨

ભાલણ:

મૂળ ભાગવતમાં ન હોય તેવો ઈંદ્ર- ઈંદ્રાણીનો પ્રસંગ ભાલણમાં મળે છે, જે અન્ય કવિઓમાં પણ નથી. ઈંદ્રાણી દેવશરીર ત્યજી, વ્રજમાં આહિરડાં થવાની ઈચ્છા ઈંદ્રને દર્શાવે છે. નંદને ઘેર દાસી થઈ રહેવાની લાગણી વ્યક્ત કરતાં ઈંદ્રાણી કહે છે કે ગોકુલમાં—

આનંદ ઓચ્છવ થાશે, જેજેકાર ત્યાં
ઘેરઘેરથી તે નાર જોવાને આવશે -
કનકમુકતાફળ થાળ પ્રભુને વધાવશે -૧૧
સ્વર્ગતણું સુખ બાળ, અમૃતપાન કશું
મારે મન ભાવે રે એહ, ગોકુલ ગામ વસું -૧૬-પદ:૨૦

પરંતુ ઈંદ્ર ' પ્રભુ' ની આજ્ઞા ન સમજી, ગગનમાં જ સ્થિર રહેવાનો નિર્ણય કરે છે.

ગોકુલમાં કૃષ્ણજન્મ વધાઈ, ઉત્સવ આદિનું વર્ણવતાં ચાર પદ ભાલણે આપ્યાં છે. જેમાં બે સૂરદાસનાં ઢાઢીનાં પદ, એકમીરાંનુ પદ અને એક એનું પોતાનુ છે.

મધ્યકાલીન કૃષ્ણકાવ્યમાં ઢાઢીનો પ્રસંગ નથી મળતો .કેવળ ભાલણના દશમમાં જ્યાં સૂરનું ' વ્રજ ભયો મહરિકે પૂત' વાળુ પદ પ્રક્ષિપ્ત મળે છે, ત્યાં તેના 'ઢાઢી'ના પ્રસંગનું આ પદ પણ પ્રાપ્ત થાય છે:

નંદજૂ મેરે મન આનંદ ભયો, સુનિ ગોવર્ધન તે આવ્યો
તુમારે પુત્ર ભયો હો સુનિ કે, અતિ આતુર ઉઠ ધાયો -૧
મૈયા મદનમોહન હી બોલે યહ સુન કે ઘર જાઉં
હોં તો તુમારે ઘરકો ઢાડી, સુરદાસ મેરો નાંઉં -૭-પદ:૨૩

આ પ્રક્ષેપ પ્રકાશિત પ્રતોમાં તો છે જ, પરંતુ હસ્તલિખિત પ્રાચીન પ્રતિમાં પણ ઉપલબ્ધ છે.

કારાગૃહમાં કૃષ્ણજન્મ સમયની પરિસ્થિતિનું ચિત્રણ લગભગ એકસરખુ છે. કૃષ્ણના પ્રગટ થયા પછીનુ એમનુ ચતુર્ભુજ સ્વરુપ કે જે ભાગવતમાં છે, તે જ કવિઓએ ચિત્રિત કર્યુ છે. કોઈ પણ કવિએ ' બ્રહ્મવૈવર્ત'ના 'દ્વિભુજં મુરલીહસ્તમ્ ' નુ અનુસરણ કર્યુ નથી.

પરંતુ કૃષ્ણને ગોકુલ લઈ જતા વસુદેવને જ્યાં યમુના માર્ગ આપે છે, ત્યાં કેટલાયે કવિઓના વર્ણનમાં ભાસના બાલચરિતની છાયા પ્રતીત થાય છે. ' બ્રહ્મવૈવર્ત' માં એનું વર્ણન નથી. ભાગવતમાં યમુનાને માટે ' માર્ગં દદૌ ' એટલું જ લખેલુ છે. પરંતુ ' બાલચરિત' માં 'હન્ત, દ્વિધા છિન્નં જલમ્ , ઈતઃ સ્થિતમ્ ઈતિ પ્રધાવતિ | દત્તો મે ભગવત્યા માર્ગઃ| યાવદ્

અપક્રમામિ[૧૭] મળે છે. ભાસની આ કલ્પનાનું કારણ રંગમંચની સુવિધા હોઈ શકે.

ભાલણે : પોતાના દશમસ્કંધમાં 'બાલચરિત' નું અનુસરણ કર્યું છે: ~~બે કાંઠે~~

બે કાંઠે યમુના વહે, અતીશે દારુણ પૂરજી
જાણ્યું પૂઠે આવે છે સાહવાને બહુ શૂર -૫
ચિંતા કરતાં અતિઘણી દીસે નહિ લાગજી
આગળ ત્યાં જોયું તો, તરણી દીધો ત્યાં માગ -૮
બે પાસા પાણી થયું ને વેગે વહી નિસરિયોજી
પ્રાણજીવન સુધીર કરીને હૈડામાંહે ધરિયો -૯ પદ:૧૬

કેશવરામ: માં પણ આ જ વાત જોવા મળે છે, ભાગવત પ્રમાણે નથી.

આનક ~~અ~~કદુંદુભી આવિયા તત્ક્ષણ યમુનાતીર
માહાવેગે આગે વહે, નહી તાગ તે નીર -૫૬
પાણી બે પાસે થયાં દીધો મારગ દેવ,
ગ્યા ગોકુલ ઘરચ નંદને ક્ષણ હ ન લાગી ખેવ -૫૭ સર્ગ :૨:

પ્રેમાનંદે : માત્ર ભાસનું જ અનુસરણ નથી કર્યું, પરંતુ કૃષ્ણના હુંકારની તથા પાછલા જલને રોકવાની અને આગલા જળની વહી જવાની વાત ~~પ્રેમાનંદે~~ તેણે પોતા તરફથી સંમિલિત કરી છે.

ભાનુસુતા વહે ઘોર શબ્દે, ઉભય તટ અટકયાં નીર
ભ્રમર વમળ તરંગી લહેરી, ફેણ બુદબુદ અતિ ઘણાં
વસુદેવ વિચારે ઊભા રહી, ઉપાય કોણ ઊતર્યા તણા -૧૩
ન ચાલે નાવ આ જળ વિખે, કેમ ઊપડે મારા પાગ રે -૧૬
દુ:ખ જાણી હરિયે હુંકાર કીધો ત્તવ જમુના થઈ બે ભાગ રે
પાછળનું જળ રહયું થંભી, આગલું સર્વ વહી ગયું
વસુદેવજી વિસ્મે થયા, સુતનું કહયું સાચું થયું -ક:૧૬

માધવદાસ અને તુલજારામે પોતપોતાના દશમસ્કંધ માં ભાગવતાનુસાર 'યમુના એ માર્ગ આપ્યો' કહ્યું છે:

માધવદાસ:

જલ ભર જમુના પુરગર્જે માર્ગ આપ્યો પ્રભુ જતાં
રઘુનાથજી ને સમુદ્રે જેમ આપ્યો સીતા લાવતાં -૩૭ પૃ:૭

તુલજારામ:

જમુના પૂર થઈ આનંદ લેઈ ચર્ણ હરિ વંદૂ નિર
માર્ગ આપો માધવ જાણિ, જદૂ ગયા પેલેતિર -૪૨
જમ માર્ગ શ્રી રામચંદ્રને આપો સમુદ્ર હેત
તમ માર્ગ દિધો માધવને જમુના એણિવેલ પૃ:૧૭

શિશુવિનિમયની વાત ભાગવતમાં કૃષ્ણ દ્દારા જ વસુદેવને જ્ઞાત થઈ.

ભાલણે :

અહીં ભાગવતનું જ અનુસરણ કર્યું છે

મને મેલો ગોકુલમાંહે યોગમાયાને ગ્રહી
વેગે આવો અહીં, માતને આપો સહી -૧૫ પદ:૧૪

જ્યારે કેશવરામે: કૃષ્ણ દ્દારા સ્પષ્ટ કથન ન કરાવી એની પ્રેરણાથી વસુદેવમાં આવી બુધ્ધિ આવી એમ લખ્યું છે:

હરિયે હઈયે પ્રેરયો વસુદેવ, સંકલ સવિ ભાગી તતખેવ
વિશ્ર્વનાથ લઈ ચાલ્યા વાટ આફણીયે ઉઘડયાં કપાટ -૫૪
જણી યશોદા દીકરી જન્મ ન જાણે કોય
નિદ્રાવશ સૂતા સહુ જઈ વસુદેવ જોય -૫૮
પુત્ર તિહાં પોઢાડી કેરી હળવેશું તે કન્યા હરી
પાછા આવ્યા પગનાં કડાં સવિ સંકલશૂં તાળાં જડયાં -૫૯ સર્ગ :૨:

<u>પ્રેમાનંદે :</u> પણ ભાગવતાનુસાર જ આ પ્રસંગ વર્ણવ્યો છે.

કારાગૃહમાં જ કૃષ્ણ વસુદેવ-દેવકીને આ પ્રમાણે કહે છે :

એક શિક્ષા કહું તમો માનો, હવડાં થઈશ હું બાળક ન્હાનો
શબવત રક્ષક થઈને રખડશે વ્દાર/ આકણીયે ઉઘડશે -૨૫
મેઘ ઘણું વરસતો રહેશે જમનાજી પણ મારગ દેશે
સાવધાન પિતાજી થાજો મુને શ્રીગોકુળમાં લઈ જાજો
નંદઘરુણી જશોદા નારી, તેણે પ્રસવી છે હવડાં કુમારી
લેજો પુત્રી ધીટ મન કરજો, જશોદાના પાસામાં મુને ધરજો -ક:૧૩

<u>ભાલણ:</u> માં જ્યારે જશોદાએ જાગીને ' સારંગપાણિ ' ને પોતાની સમીપ જોયા. તો આનંદ ઉ ઉલ્લાસ એના હૈયામાં સમાતો નથી. આ આનંદ કોઈક પ્રાસે વ્યકત કરવાની ઈચ્છા સ્વાભાવિક રીતે તેને થાય છે, અને નંદથી અધિક જશોદાને કોણ હોઈ શકે ? જેને તે પોતાના હ્દયમાં ફૂટતો આનંદનો સ્ત્રોત બતાવી શકે ? તે દાસીને સાદ કરી નંદને પુત્રની વધામણી આપવાનું જણાવે છે. અહીં જો કે કવિએ જશોદાના હદયોલ્લાસનું વર્ણન બહુ જ ટૂંકમાં કર્યું છે.

જ્યારે નંદના હર્ષોલ્લાસ વર્ણવવાને બદલે કવિએ નંદે કરેલી દેવ-પિતૃઓની પૂજા, આપેલાં વિવિધ દાનનું વર્ણન કરી, ત્યાં કેવો ઉત્સવ થયો, તેની વાત કરી છે:

ગીત સંગીત તહાં થાયે, વિણા વેણુ મૃદંગ હો
આકાશથી ઓચ્છવ થાયે, સૂરનર પામ્યા <u>રંગહો</u>
અષ્ટસિધ્ધિ નવનિધિ આવે, નંદ કેરે વ્દાર હો -પદ-૨૨

જ્યારે આ આનંદની લહર વ્રુજવાસીઓને સ્પર્શે છે, તેમાંયે વ્રુજનારીઓના હૈયામાં ઉભરાય છે, તેનું વર્ણન સૂરના પદમાં અત્યંત રમણીય છે. સહજ શૃંગાર કરી દોડતી વ્રુજાંગનાનું ચિત્ર મનોરમ છે:

વૈ ગાવે મંગળ ગીત, મિલિ દશ પાંચ અલી:

માનો ભોર ભયે રવિ દેખિ ફૂલી કમળકળી -૬

શ્રમ શ્રવન તરલ તરોના, બેનિ શિથિલ ગુહી

શિર બરખત સુમન સુદેશ માનો મેઘ ફુહી -૮

એક નાચત કરત કોલાહલ છિરકત હરદ દહિં

માનો બરખત ભાદો માસ, નદી ધૃત દૂધ બહી -૧૫ પદ:૨૧

અને મીરાંના પદમાં :-

અંગણ નંદકે દધિકાદો, છરકત ગોપીગોવાળ,

પરસ્પર પ્રગટો જુગમે જાદો[56] -પદ:૨૪

કેશવરામ:
-------માં કૃષ્ણજન્મના આનંદની પ્રથમ લહર જશોદાના હૃદયમાં આવે છે. જાગીને અચાનક જશોદા પોતાની પાસે 'ત્રિભુવનનાથ' ને જુએ છે. તે સમયની તેની દશાના વર્ણનમાં અનુભાવોની યોજના દર્શનીય છે:

જાગી જોય જશોદામાત પાસે પોઢયા ત્રિભુવનનાથ

ઉરવર તત્ક્ષણ ટાઢું થયું, ભલે દુ:ખ બહુ ભવનૂં ગયૂં.

ગદગદ કંઠ, નયન જલ ઝરે, શઈ આણી 'સુતસુત' ઉચ્ચરે[57] -૮
સર્ગ :૩

અહીં જશોદા નહિ, પણ અન્ય ગોપગોવાળો નંદને કહે છે :

સુણો નંદજી સુત આવિયો વધામણી અમ વારૂ દિયો -૧૧ સર્ગ :૩

અને નંદે પચાંગપસાય સોનાની જીભને સાંકળાં ગાય વગેરે દાન આપી. ગોળ સાકરથી બ્રહ્માના મુખ ગળ્યાં કરાવ્યાં. ગોપીઓ પણ ઘેરઘેરથી શણગાર કરી નીકળી. મંગલ ગાતી આ વ્રજનાર હરિનાં ઓવારણાં લઈ, તેનું મુખ જોવા લાગી:

એક કહે એહનો મરકલડો, ભામની જોતાં દીસે ભલો

એક કહે એહની અંખિડી, જાણીયે પદ્મ તણી પાંખડી -૨૦

એક કહે કટિ કેશથી તણી, પગે રાતડે રેખા ઘણી

દીશે ધ્વજ અંકુશ આકાર, આગલ્ય જો'એ ' હશે ઉદાર –૨૧ સર્ગ :૩

આમ કહી ગોપીઓએ ભવિષ્યવાણી પણ ભાખી અને બારણે ચંદનચોક, મોતીના સાથીયા પુરાવ્યા, તોરણ બંધાવ્યા ને ઉત્સવ માટે મંડપ બંધાયો. ગોપો એ આનંદમાં સહભાગી થવા શણગાર સજવા લાગ્યા. આ આનંદની લહરથી પ્રકૃતિ થોડી અસ્પૃશ્ય રહે?!

હર્ખી યમુના, હર્ખી ગાય, હર્ખ્યો ગોવર્ધન, હર્ખી ગાય

હર્ખ્યાં વન, તૃણ તરુઅર સહુ, એક જીભ હું કયમ કરી કહૂં ! –૨૯ –સર્ગ :૩

જન્મના અવસરે થતા લોકાચારો અને તેની પાછળ ઉભરાતા ભાવને સૂક્ષ્મતાથી વ્યકત કરવાનો પ્રયાસ કેશવરામે અહીં સુંદર રીતે કર્યો છે :

ચંદનચોક પુરાવ્યા બારય, મોતી સાથીયા મુકૈરય :

ઘરપઘર તોરણ પલ્લવ તણાં, શણગારયાં સોહે આંગણાં –૨૪

સુંદર સાવટૂ આણ્યા પાટ મંડપ બાંધ્યા ઉત્સવ માટ

ઘસી સરસ શૂકડ અતિ સાર, અગર ધૂપ બેહેકે અપાર –૨૫

માખણ નાખે માંહોમાંહ્ય , ગોરસ છાંટે ગેહેલાં થાય–સર્ગ :૩

લક્ષ્મીદાસે : પણ પુત્ર જન્મથી નંદને ઘેર

---

'વરત્યો જેજેકાર'નું વર્ણન કર્યું છે :

ઘેર ઘેરય ઘોડા ઉછલિ તરીઆ તોરણ વ્દાર્ય

ઉછવ અંગિણ નંદને પટહ ભેરી મૃદંગ

નરનારી ધાયાં સઉ સજી સજી ભૂષણ અંગ–૩

ધરી શ્રીફળ કુંકુમ કરય થાલ, કરિ માંગલગાન વિશાલ –૪

દેવના દુંદુભ્ય વાજિ ચ્યલી અંતૃક્ષાભૂ નભ ગાજે –૮

સ્વરવેદ તણી ધૂની હોય, બ્રહ્મા આદિ કૌતુક જોય –૯ પૃ:૧૫

પોઢાડેલા કૃષ્ણને જોઈ –

કરી મુકતાહાર વધાવિ, લેઈ ભાંમણાં બાહરિ આવે -૬

દધી હલદર તે છંટાય,અતિ કુમકુમ કર્દમ થાય -૮ પૃ:૧૬

માધવદાસે :- પણ કૃષ્ણ જન્મના આનંદ ઉત્સવનું સુંદર વર્ણન કર્યું છે :

ઘેર ઘેર વાજે વધામણાં ને નાટારંગ તે થાયજી

નંદજી ઘણું હરખીયા તે ઉલટ અંગ ન માયજી -૪

ધમકતા ઘુઘરડા ધમકે નંદ કેરે દ્વારજી,

વાજીંત્ર પંચ સબ્દ વાજે, વરત્યો જે જે કારજી -૯

પુરયા સાથીયા આંગણડે રે,દુમાલ બાંધી બારજી

ત્યાંહાં નાનાવિધ લેઈ ભેખ ભામની વધાવે નંદકુમારજી: ૧૦: પૃ:૯

નવનીત્ય દુગ્ધ દધી લાવીને ભેલીહલદી સુરંગજી

છાંટે અન્યોઅન્ય છાંટણાં આનંદ ઉપનો અંગજી -૧૫ પૃ:૧૦

શ્રીકૃષ્ણના જન્મથી ગોકુલવાસીઓનાં દુ:ખ દૂર થયાં,સુખ પામ્યા.અષ્ટસિધ્ધિ ને નવનિધિ ત્યાં આવીને વસી.

પ્રેમાનંદે: પણ કૃષ્ણજન્મોત્સવનું વર્ણન કર્યું છે. અહીં જશોદાને ખબર નથી કે તેણે પુત્રીને જન્મ આપ્યો છે, તેમ જ વસુદેવ તેની કન્યા લઈ ગયા છે. પાછલે પહોરે રોહિણીનક્ષત્રમાં જશોદાની પાસે 'ત્રિભુવનધણી' પોઢયા છે. જયારે જશોદા ઝબકી ઊઠી પુત્રને પોઢેલો જુએ છે તો તે ફૂલી નથી સમાતી. જેના તેજ આગળ દીવા પણ ઝાંખા લાગે છે, એવા પુત્રને જોતાં,થતા આનંદમાં સહભાગી કરવા તે દોડતી જઈ નંદને જગાડે છે. આ આનંદની છોળ નંદને પણ ભીંજવી દે છે.

ઉધડકી ઉઠયા નંદ, દીઠા નરહરિ રે

દંપતી દે આલિંગન,ચુંબન કરી કરી રે -૧૮-ક:૧૯

ઘેર ઘેર આ વધામણી પહોંચી જાય છે. ગોપીઓ અભ્યાનાં લાવે છે. કંકુના હાથા, અશોક આંબાનાં તોરણ, ફૂલ પાન અને દૂધદહીંથી સારોયે ઉત્સવ ખીલી ઊઠે છે. ગોપવધૂઓ શણગાર

સજી વિવિધ ભેટ લઈ કનકમુકતાફળથી હરિને વધાવવા ચાલી નીકળી છે. નંદે દાનનો પ્રવાહ વહેવડાવ્યો. લોકોને સ્થૂલ સંપત્તિ જ નહિ, સૂક્ષ્મ સંપત્તિ પણ પ્રાપ્ત થઈ:

દૂધે વરસ્યા મેહ[60] પૂર પ્રવાહ વહયા રે
રોગ શોક ઉચાટ ગોકુળના ગયા રે -૪૦
અંધને આવ્યાં નેત્ર, બધિર સાંભળે રે
અપંગને આવ્યા પાગ[61] પ્રભુને જોવા પળે રે -ક:૧૯

ગોવાળિયાઓ પણ વાજિંત્રો ને મોરલી વગાડતા ઉત્સવમાં ભાગ લેવા આવી રહયા છે. દૂધ દહીં તો એટલાં વહે છે કે

શકે જમુનાજી થઈગંગા, પયપ્રવાહ મળ્યો રે -૪૯ ક:૧૯

તુલજારામ:
--------- ની જશોદા કૃષ્ણજન્મ થતાં વિચારે છે :

વેગે બાલક ઓછંગ લેતા સુખ અદકું હોય,
અકલ પુત્ર અવિલોકતાં હા નંદને કહાવું સોય -૩
વધામણિનિ કાજ કોય જન ધસી આવા તાહા
આનંદ ભર વર્જનાથ નંદજિ હતા બેઠા જાહ -૪ પૃ:૨૨

જશોદાને પુત્ર જન્મ્યો છે, એની વધામણી આપતાં નંદજીએ તેને :

ધન અંબર તેહેને આપિ આનંદે સાર
અતિ હર્ષ મનમાં ઉપનો આવાગહન કિધૂ સાર -૬ પૃ:૨૨

નંદે વિપ્રોને દાન આપ્યું, સુગંધ, ચંદન, પુષ્પથી બ્રાહ્મણોને પૂજયા. આંગણે સાથિયા, કુંકુમના હાથા દેવાયા. ગોપીઓ ઘેરઘેરથી વધામણી લઈ, 'રમઝમ કરતા આવિયા રે નંદઘેર તતકાલ' -૧૨.
ગોપો હર્ષથી અન્યોન્યને દહીં છાંટે, ગાયોનાં શૃંગ રંગે છે

ગોકુલમાં કૃષ્ણજન્મ સમયના ઉત્સવ, ઉત્સાહ, વધાઈ આદિનું વર્ણન પ્રેમાનંદ[12] કરતાં કેશવરામમાં[12] વધુ અને કેશવરામ કરતાં ભાલણમાં[12] વિસ્તૃત મળે છે.

પાદટીપ:

૧: કૃષ્ણજન્મખંડ: ૭:૬૪

૨: એજન: ૮:૬

૩: દશમસ્કંધ :ક:૭

૪: ભાલણ: દશમસ્કંધ:પદ:૨૧

૫: ભાસ - બાલચરિતમ્ - પ્રથમ અંક - પૃ.૯.

૬:

૭:

૮: નરસિંહે આનંદની આ લહેરોનો ઉલ્લેખનીય સ્પર્શ કર્યો છે.

પ્રથમ નયણે નિરખું કુંવરને પછે જગાડું નંદરાય રે

જાગો પ્યારા સબલ સારું, જાગ્યું ભાગ્ય તમારું વરણાય રે

ન.કૃ.કા.પૃ:૪૩૫

અને દર્શનોત્સક ગોપીઓ કહે છે :

ચાલો સખી આપણ જઈએ નંદકુંવરને જોવા રે

કંચન થાલ ભરી મુકતાફલની મંગલ ગાન કરેવા રે : ન:કૃ:કા: પૃ:૪૩૭

૯: સૂરદાસમાં પણ આવું જ વર્ણન મળે છે

જાગી મહરિ પુત્રમુખ દેખત, પુલક અંગ ઉરમેં ન સમાઈ

ગદગદ કંઠ બોલ નહિ આવે હર્ષવંત હ્વૈ નંદ બુલાઈ

૧૦: નરસિંહની અસર વરતાય છે. સાકર કેરા કરા પડયા ને દૂધડે વરસ્યો મેહ.

૧૧ : મૂકં કરોતિ વાચાલં -શ્લોકની અસર

૧૦: દશમસ્કંધ ક:૧૯:૫૦ પંકિત :ક:૨૦:૯ પંકિતઓ:

૧૧: શ્રીકૃષ્ણલીલાકાવ્ય: સર્ગ : ૩-કડી ૧ થી૩૬

૧૨: દશમસ્કંધ :પદ: ૨૦થી ૨૪-કડી ૧ થી ૬૭

જેમાં બે પદ સૂરદાસનાં, એક મીરાંનું, બે ભાલણનાં. આમાં સૂરનું સૌથી વિસ્તૃત વર્ણન મળે છે.

પૂતનાવધ:

શ્રીમદ્ ભાગવતમાં પૂતનાને માટે ' કંસેન પ્રહિતા ઘોરા પૂતના બાલઘાતિની '[1] શબ્દો કહેવાયા છે. એના વધ ઉપરાંત એના દાહસંસ્કાર નું વર્ણન પણ મળે છે. 'બ્રહ્મવૈવર્ત'[2] માં એને કંસની ભગિની કહેવાઈ છે. 'હરિવંશ'[3]માં એને ધાત્રી તરીકે બતાવવામાં આવી છે. સ્તન પર વિષ લગાવવાનું તથા સુંદર સ્ત્રીનો વેશ ધારણ કરવાનું વર્ણન બધામાં પ્રાપ્ત થાય છે.

મધ્યકાલીન ગુજરાતી કવિઓએ પૂતનાને 'બકી' ના રુપમાં ગ્રહણ કરી છે. જેનો આધાર સંભવત: ' ભાગવત 'નો પૂતનાને માટે પ્રયુકત ' બકારિ '[4] શબ્દ હોઈ શકે. કેટલાક કવિઓએ [5] ' બ્રહ્મવૈવર્ત ' અનુસાર એને કંસની બહેન માની છે, અને એ દ્દારા કૃષ્ણની માસી બનવાનો પણ ઉલ્લેખ કર્યો છે.

ભાલણે પૂતનાને કંસની બહેન લેખી છે :

કહાનને માસી પહોણી રે આવી, મથુરાંથી મામે અલાવી.
-૫દ-૩૧

તેણે ન તો ' પૂતના' નામ આપ્યુ, ન ' બકી', એણે તો સીધુ જ કહી દીધુ :

કપટી આથી કામિની, સારી સર્વ શણગારજી,
બાળકને બોલાવવા ઈચ્છારુપ અપાર, હરિ નવ જાણે -૫દ-૩૦

કેશવરામે પૂતનાનો 'બકી' નામથી ઉલ્લેખ કર્યો છે:

કંસે જે પ્રેરી પાપણી બકી નામ શોષણ સાપણી,
બાલક હણે ગરલશૂં ઘણાં, પૂર ગ્રામ વ્રજ આકર તણાં:૫૨ -સર્ગ :૩

તેણે તેનું સુંદરી રુપ નથી વર્ણવ્યું.

પ્રેમાનંદે તો 'બકી' અને 'પૂતના' બંને નામથી તેનો નિદેશ કર્યો છે:

કંસની પ્રેરી પૂતના કરે, બાળક બહુ નિકંદ -૧૦
બકી આવી કંસ પાસે,સાંભળ વાત ભૂપાળ:૧૩ ક:૨૦

મૂળ ભાગવતમાં તેમજ તેને અનુસરી ભાલણ, કેશવરામ, માધવદાસ, અને તુલજારામમાં કંસથી પ્રેરાયેલી પૂતના બાળકોનો નાશ કરતાં કરતાં, વ્રજમાં નંદને ત્યાં કૃષ્ણને મારવા આવે છે. પ્રેમાનંદમાં પણ

'કંસની પ્રેરી પૂતના કરે, બાળક બહુ નિકંદ ' નો ઉલ્લેખ છેજ. પણ તે કૃષ્ણને મારવા જઈ શકતી નથી, કારણ:

પણ ગોકુળમાં જઈ નવ શકે, રક્ષા કરે ગોવાળ :૧૨
ઉત્તર વય અર્ભક હતું તે, સાચવે બહુ પેર -૧૯-ક:૨૦

તેથી તે સામે ચાલીને કંસને પોતાનો ભાઈને ગણીને તેને મદદ કરવા તૈયાર થાય છે:

ભ્રાત મહારા વિઘ્ન તહારાં બલા લેઈને હું મરું :૨૭
તહારે પુણ્યે એક દિવસમાં જગતને વાંઝિયાં કરું :ક:૧૯

અહીં પ્રેમાનંદે પૂતના જેવા ગૌણ પાત્રને પણ વિશિષ્ટ વ્યકિતત્વ અર્પ્યું છે. ભાઈને મદદ કરવા તત્પર એવી આ બેનની ઉકિતની નાટયાત્મકતા તો જુઓ ! ભાવિ બનાવની આગાહી એમાં સ્ફોટ રીતે વ્યકત થઈ છે. તે ભાઈને કહે છે :

ભ્રાત તમારા પુણ્યથી મેં, સાતસેં માર્યાં બાળ-૧૪
અપુત્રવાન પ્રજા થઈ મેં, શીઘ્રે સાધ્યું કામ.
ચારે પાસા ફરી વળી એક રહયું ગોકુળ ગામ
નંદને ઘેર કુંવર આવ્યો દૂધે ઊઠયા મેહ[૬]
શકે શત્રૂ આપણો હશે પડે મન સંદેહ -ક:૨૦

તેથી જ તે કસને એક યુકિત બતાવે છે:

તમે અહીં તેડાવો ગોપને, હું જાઉં નંદને ઘેર, -૨૦
ન ભેદે પરપરા માહરો, પુરુષ પ્રજ્ઞાવાન,
સ્ત્રીજન માયામાં પડે જઈ, કરાવું પયપાન :ક:૨૦

આમ બેનનાં વચન સાંભળી કંસને વિશ્વાસ આવ્યો ને તે દાસને મોકલી નંદને શ્રાવણી કર આપવા બોલાવે છે..

તુલજારામના' દશમસ્કંધ' માં પૂતનાનો કંસની બેન તરીકે ઉલ્લેખ મળે છે. રાતદિવસ ભય ધરતો કંસ એક ~~એક~~ દિવસ બેનને પોતાના મહેલમાં બોલાવે છે ને :

કેહે ભગિનિ સુણો મુઝ દુખ અપરંપાર,
અવતરો અવનિ વિષે કોયક મારણહાર -૬
બાલરુપે તહ્મો અમ વૈરિ જે કેહેવાય,
તે સકલદેશના હણો બાલક શિઘ્ર થઈને માય -૭
તે માહે નિશે આવશે તતખેવ થાશે ઘાત,
અનાથ થઈ મુજ દૂખ નિવારણ કરો વેગે માત-૮-પૃ:૨૫

અને બેન ઉત્સાહપૂર્વક જવાબ આપે છે:

શત્રૂ તમ નિશે હરૂ ઈમ ઉલસિ મનમાં ખરિ
માહારુપ સુંદર કપટ નારિ વેષ મનુશનો ધરિ -૧૦-પૃ:૨૫

ભાલણે ,કેશવરામે ભાગવતને અનુસરી પૂતનાએ કેટલાં બાળકો માર્યાં, તેનો કોઈ ઉલ્લેખ નથી કર્યો. જયારે લક્ષ્મીદાસે હજાર બાળક માર્યાં, તેનો ઉલ્લેખ કર્યો છે :

બાલ ~~નાનાં~~ નાનાં તે સહસ્ત્ર મારયાં, ચેહેને શ્રીહરિ સાથે દ્વેષ -૧૨-પૃ:૧૭

અને પ્રેમાનંદે પૂતનાએ ' સાતસેં માર્યાં બાળ ' નો ઉલ્લેખ કર્યો છે.

ભાગવતમાં પૂતના વ્રજમાં આવે છે તે પહેલાં નંદ કંસને વાર્ષિક કર આપવા માટે મથુરા ગયા, તેવો ઉલ્લેખ મળે છે.[7] જો કે ત્યાં જ વસુદેવ નંદને ચેતવે છે કે તમારે અહીં ઘણા દિવસ રહેવું યોગ્ય નથી, કારણ કે હમણાં ગોકુળમાં ઉત્પાતો થયા છે.[8]

ભાલણ અને કેશવરામમાં ભાગવતાનુસાર પૂતના કૃષ્ણને મારવા આવે છે, તે પહેલાં નંદ મથુરા કંસને કર આપવા જાય છે. જયારે પ્રેમાનંદમાં બકી પોતે જ કંસને યુકિત શીખવાડે છે. તેથી કંસ નંદને કર આપવા માટે દાસ મોકલી મથુરા બોલાવે છે. નંદ અને અન્ય ગોપ-ગોવાળો

શીઘ્રે ધૃતગાડાં ભર્યાં દધિ દૂધ માખણ પાત્ર '

અને સર્વ મથુરા આવ્યાં, ત્યારે જ પૂતના ગોકુલ જાય છે.

એક પ્રેમાનંદમાં જ નંદ મથુરા કર આપવા જાય છે ત્યારે જશોદાને કહે છે:

શીખ દીધી જશોદાને સાચવજો કુંવર -૩૦

અમો જાશું મથુરામાં થાશે સાયંકાળ - ક:૨૦

તો સામે જશોદા પણ નંદને વેળાસર ઘેર આવવા કહે છે:

રખે થાકા થઈને નાથ માહરા, રહો મથુરા ગામ: ૩૪-ક:૨૦

ભાલણમાં નંદ કંસને કર આપવા આવ્યા છે, જાણી દેવકી જ વસુદેવને નંદને મળી કૃષ્ણના સમાચાર જાણી લાવવા પ્રેરે છે:

જેને ઘેર મૂકી આવ્યા છો, મારો પ્રાણઆધાર;

પ્રીત કરીને પ્રિછયો , વ્રજપતિના ગૃહનો સમાચાર

સુત સરખું નથી વહાલું સહુ કો સંસાર

પૂછી આવો તો મન માને મારું આણીવાર -પદ-૨૫

નંદને મળી વસુદેવ કૃષ્ણના કુશળ સમાચાર દેવકીને કહે છે ત્યારે દેવકી વસુદેવને પોતાને ગોકુલ મોકલવાનું કહે છે :

પીયુજી મુને મોકલો, હું તો ગોકુળ જાઉં રે

પ્રાણજીવનનું મુખડું જોઈ, કાંઈ એક સુખણી થાઉં રે ~~-પદ-૨૮~~

અલવે મારી આંખડીએ એકવાર નિહાળું રે

વિરહવ્યાપી રહયો છે મનને, તે વેદના ટાળું રે - પદ-૨૮

જેના જવાબમાં વસુદેવ દેવકીને સમજાવે છે :

વેળા વિના તેને પાસ જઈએ, તે કામ ન કીજે કાચું રે

આગે કુંવરીએ સંદેહ ઘાલ્યો છે જોતાં હૈયે જાણે રે

પાલટો કીધાનો ભરોસો મનમાંહે રાખી રહયો છું છાનો રે

જાશો તો ભરમમાં પડશે સેવક પૂઠે થાશે રે :પદ:૨૯

તેથી જેમ વિધાતા રાખે તેમ શાંતિથી બેસી રહેવા કહે છે. આવો દેવકી-વસુદેવ વચ્ચેનો કોઈ સંવાદ ભાગવતમાં નથી.

પ્રેમાનંદમાં નંદ વગેરે ગોવાળો મથુરામાં કર આપવા આવ્યા હતા, ત્યારે જ પૂતના ગોકુળ ગઈ છે તેવા સમાચાર વસુદેવે જાણ્યા ને દંપતી દુ:ખી થયાં. નંદ કંસને ભેટ મૂકી પગે લાગ્યા. કંસે પ્રપંચ રમવા માંડયો :

ન ઘટે તમને નંદજી, મુને રીસ અંતર આવી;
અમે સાંભળ્યું જે પુત્ર આવ્યો, મુને વધામણી નવ કહાવી :ક:૨૦:

અહીં ઉપરની પ્રથમ પંકિતમાં કંસના ચિત્તની અસ્વસ્થતા ઉપસી આવી છે: પુત્રના જન્મથી

પિતા તો હરખે, પણ અમે પરમ પ્રસંન હવા, પ્રાણ કરીને માનું -૪૮
મનસા વાચા નંદજી તહારો પુત્ર રેહજો ક્ષેમ
જશોદા સુખણી થઈ સંસારનો ભય ભાગો :ક:૨૦

અહીં પ્રથમ પંકિતમાં નાટયાત્મક વક્રોકિત જોવા મળે છે. ભયને કારણે કંસ જેનો સતત વિચાર કરે છે, જેના હાથે પોતાના પ્રાણ હરાવાના છે, તેને ' પ્રાણ કરીને માનું ' કહે છે, તેમાં કેટલી સચોટતા છે! તો ત્રીજી પંકિતમાંનો સંદર્ભ જશોદા માટે એટલો જ સાચો છે. કંસે પુત્રને માટે ઘરેણું આંગલાં, ટોપી / વગેરે નંદને આપ્યાં, ગોપોને અન્ન અપાવ્યું.

કંસ વિચારે જમાડીને કરું જેમ તેમ ખોટી :ક:૨૦:

આ સમય દરમ્યાન પૂતનાએ એનું કામ કરી દીધું હશે, એમ માની કંસે નંદને વિદાય આપી. પ્રેમાનંદે વર્ણવેલો આ કંસ-નંદનો સંવાદ ભાગવતમાં નથી.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં એક માત્ર પ્રેમાનંદે જ પૂતનાના વ્રજપ્રયાણના સમાચારથી વસુદેવ દેવકીને દુ:ખી થતાં દર્શાવ્યાં છે:

પૂતના ગઈ ગોકુળે, વસુદેવે જાણી વાત
દંપતી દુખીયાં થયાં, તે કરે આંસુપાત :૪૦: ક:૨૦

તેથી જ જયારે નંદ વસુદેવને મળે છે ત્યારે ત્યાં વધુ ન રોકાતાં ગોકુલ પાછા જવાનું સૂચવે છે.

કંસ પોતાની યુકિત સફળ થઈ, માની મનમાં ફુલાય છે. બીજી બાજુ, નંદ વસુદેવને મળે છે, જે તેમની રાહ જોતા હોય છે. બંને વૃધ્ધો ખૂબ પ્રેમપૂર્વક મળી, પરસ્પર ખબર-અંતર પૂછે છે. વસુદેવના છ પુત્રોનો નાશ વગેરેનું આશ્વાસન નંદ આપે છે, તો વસુદેવ નંદને ત્યાં પુત્રજન્મ થયો તેનો હરખ કરાવે છે:

નંદ તમને આવ્યો તંન, અમને શાતા છે -૨૭
જાણ્યું અમો પામ્યાં પુત્ર, શાખી વિધાતા છે :ક:૨૧

અહીં પ્રેમાનંદનો મમાળો કટાક્ષ જોવા મળે છે, તો દેવકીની ઉકિત જોઈએ:

પરમારથ સરખી વાત, દેવકી બોલે છે -૩૮
પુત્રથી વહાલી વસ્ત, બીજી કાંઈ છે
કંસના મોકલ્યા દૈત, ટોળે ટોળાં છે -૪૨
રખે ધીરતાં માત, લોકડાં પાપી છે
સાચવજો પુત્ર થાપણ પ્રભુએ આપી છે. ક:૨૧

અહીં વસુદેવ-દેવકી બંનેનો ઊંડો સ્વાર્થ છુપાયો છે, પણ જાણે પોતાને કશો જ સ્વાર્થ ન હોય એવી પરોપકારની વાત દેવકી બોલે છે. નંદને તરત ગોકુળ મોકલવામાં અને પુત્રને પ્રભુએ આપેલી થાપણ માનીને સાચવવાની સલાહ આપવામાં વસુદેવ અને દેવકી-બંનેનો ઊંડો સ્વાર્થ છુપાયો છે, એ સ્પષ્ટ છે. એટલે જ એને 'પરમારથ'ની વાત તરીકે ઓળખાવતાં, એ મમાળા કટાક્ષનું કારણ બને છે. સાથે દેવકીના માતૃહૃદયમાં સ્ફુરે તેવી વાત જોઈએ:

જમશો મા ખાટી વસ્ત, પુત્રને ત્નારે છે -૪૭-ક:૨૧

ભાલણમાં પૂતના કૃષ્ણને જુએ છે તો તે અત્યંત મીઠો લાગે છે. તેથી જ તે કહે છે :

મે તો કંઈ એક બાલક નિરખ્યાં, આવો કો નવ દીઠો :૧૪: પદ:૩૦

કેશવરામમાં પણ પૂતના કૃષ્ણને જોઈ ખુશ થઈ જાય છે. કૃષ્ણને ખોળામાં લેતાં તે જે મનોરથ સેવે છે, તે વિચાર કવિનો પોતાનો લાગે છે.

અબલા આરોપ્યો ઉત્સંગ,વદને હસે, કહે તે "રંગ!
આ તાં તે જે કંસે કહયો" લક્ષણ જોતાં મનમાં લહયો -૫૮
' કાજ કંસનાં એમ સારશૂં,બુધ્ધિ કરી બાલક મારશૂં
પછે મુજને હશે પસાય', કરે મનોરથ એ મનમાંય -૫૯ - સર્ગ :૩

આવો પર્યાય મેળવવાનો કોઇ વિચાર ભાગવતની પૂતના કરતી નથી કે નથી તે કૃષ્ણને જોઈ ખુશ થતી.

પ્રેમાનંદની પૂતના કૃષ્ણને મારવા ગોકુલ જાય છે, ત્યારે એના એ કાર્યમાં પ્રભુ લાજ રાખે તેમ ઇચ્છે છે :

અભિલાખ અંતર અતિ ઘણો,આણું અર્ભક અંત:પ
કારજ સીજે ભ્રાત રીઝે, લીજે જસ અત્યંત.
કેમ જીવે બાળુ ગોવાળનો,હું કાળ આણું આજ
પોણ કરી હું નીસરી હરિ, રાખે મારી લાજ -ક:૨૨:

કેશવરામની પૂતના જો ' પસાય ' ઇચ્છે છે તો પ્રેમાનંદની પૂતના ' જસ ' મેળવવાની ઝંખના સેવે છે. આમ ભાગવતમાં ન હોય એવી અભિલાષા આ બંને કવિઓની પૂતના સેવે છે. ભાગવતમાં માત્ર બે ત્રણ શ્લોકમાં જ પૂતનાનું માયાવી સુંદર સ્વરુપ વર્ણવાયેલું છે.[૯] ભાલણે પણ ચારેક કડીમાં એનું રુપ વર્ણવ્યું છે :

વેણીમાંહે માલતિ,લીલા ગજગતિ ચાલેજી;
કરકંકણ ને મુદ્રિકા,શ્રવણે કુંડલ નિહાલે -૪
પ્રૌઢ નિતંબે સાડી સોહે,કટિ કિંકણી ઝણકારજી;
કૃશોદરી મલપતી ચાલે,તુંગ ઉરજ અતિ ભાર -૫
મંદ હાસ્ય મુખ મરકલડે,ચંચળ નયણે નિહાળેજી
પાગે પિંજણ રણઝણે,ચોહે દિશે મીટે ભાળે -૬ પદ-૩૦

કેશવરામે પૂતનાનું સુંદરી રુપ એક કડીમાં વર્ણવ્યુ છે.[૧૦] જયારે માધવદાસે જરાક વિગતે એ

સ્વરુપ વર્ણવ્યું છે.

પછે પૂતનાયે વિચ્ચારીને રુપ કીધુ મોહની,
સણગાર સોલે ધરયા સુંદર વસ્ત્ર પ્રેરયાં સોહની -૬
તે પુરત મદવયકામયૌવન સોલ વરસે સોભતિ,
તેહેને મલ્યા નરનાર જોવા પુતના પુગે જતી:૭
લલીત લાવણ મધુર ભાસણ જોઈ સહવુ મોહીરહુ—પૃ:૧૧

પ્રેમાનંદે તો ખાસ્સી ૨૪-૨૫ પંકિતઓમાં તેના રુપનું વિગતે વર્ણન કર્યું છે.[11] અલબત્ત એ વર્ણન પરંપરાગત રુઢિ અનુસાર જ છે :

નખજયોતિ શું ખદ્યોતની, વાજે વિછુવાનો છંદ,
પગલાં ભરે કુમકુમ ઝરે, કરે કોટિક ફંદ
કંકણ ખળકે ચૂડી ચળકે થાય ગોફણાનું ગાન
કદળીપત્ર વાંસો વિરાજે, છે પેટ પોયણ પાન
કંબુ જેવી ગ્રીવા શોભા, કંઠ કોકિલ નાદ
વેસરવાળી અધર પરવાળી બોલતી મધુરે સાદ-ક:૨૨

પ્રેમાનંદની દમયંતી કે લક્ષ્મી વગેરેના વર્ણન જેવુ જ આ છે.

ભાગવતમાં તેમજ તેને અનુસરી કેશવરામમાં પૂતના નંદને ત્યાં આવી સીધી કૃષ્ણને પોતાના ખોળામાં લઈ લે છે. તે જશોદા સાથે કંઈ જ વાત કરતી નથી.

ભાલણની પૂતના જશોદાને કહે છેઃ

બાઈ સુત તમારો નાનડિયો , રુપે રુડો છે સામલિયો
બાઈ જોઉં તમારો કાલો, મને બાલક રમવા આલો :પદ:૩૧

અને એમ માયારુપ દેખાડી ,

'સારું ગોકુલ ભ્રમ પમાડ્યું.'

લક્ષ્મીદાસના 'દશમસ્કંધ' માં પૂતના ગોકુલ આવે છે. ત્યારે જશોદા ઘરનાં અન્ય કામકાજકરે છે.

યશોદાજી કાર્ય બીજાં કરે ભુવન મુજારે -૧૫-પૃ:૧૭

જયારે પ્રેમાનંદમાં પૂતના જશોદાને કહે છે :

મેં જોયાં કોટિક xxxxxxxxxxxxxxxxxxxx , બાળકાં રે, આ સમો નહીં કોએ :ક:૨૩

આમ તેનાં વખાણ કરી, જેને મારવા આવી છે તેને જ આશિષ આપતી હોય તેમ કહે છે :

ઘણાં વરસ જીવો રે, તમારા કુળનો દીવો રે

છે અમૃત મહારા સ્તનમાં રે તે કરાવું પયપાન

થાય અમર બાળકાનું વપુ વજ્ર સમાન -૮

વ્યાધિ એક વ્યાપે નહિ રે સદા રહે જોબન

નંદજીએ હું મોકલી, ધવરાવો મહારો તન -ક:૨૩

જેને મૃત કરવાનો છે, તેને જ અમૃત પીવડાવવા આવી છે. વિશેષ કાકુઓથી ઉચ્ચારાતી આ પંકિતઓ કેવી અર્થચ્છાયાઓ ઉપસાવે છે! તો છેલ્લી પંકિતમાં તેનું નર્યું જુઠાણું પ્રગટ થઈ જાય છે. પ્રેમાનંદની પૂતનાની આ નવી યુકિત છે. આમ કરીને પૂતનાના પાત્રની ચોકકસ રેખાઓ કવિએ કંડારી આપી છે. પૂતનાની આ પાખંડ યુકિતથી જશોદા ભોળવાઈ ગયાં. તત્કાલીન સમાજના માતાપિતાનું જાણે પ્રતિનિધાન ન કરવાં હોય!

પૂતનાએ કૃષ્ણને

' હળવે લીધા ઊંચલીરે, જેમ રજ્જુ વિશ્વાસે સાપ '-ક.૨૩

બાળ રુપ કાળને ઉચકી, માસી સાડીનો પાલવ હાથમાં ધરી માખ ઉરાડવા લાગી, આંખ નચાવી મીઠું બોલવા લાગી. જશોદા તો આશ્ચર્યથી પૂતનાના આ પાખંડને જોઈજ રહયાં.

ભાલણે ભાગવત પ્રમાણે જ કહયું છે :

દુર્જર વિખે સ્તન ભર્યાં છે, તે મુખમાં મુકે નારીજી

બેહુ કરે પ્રેમે પીયે, તેના પ્રાણ મુરારિ -૧૫ પદ:૩૦

જયારે કેશવરામમાં

એક સ્તન એકે કર ગ્રહ્યો, બીજો રીશે ડાઢેં ડસ્યો.

સર્વ શિશ્રૃયૂ[21] શોષ્યું અંગ, માનની થઈ તાક્ષે મન ભંગ :૬૧: સર્ગ :૩:

લક્ષ્મીદાસના ' દશમસ્કંધ' માં પૂતના જયારે કૃષ્ણના પારણા નજીક આવે છે, ત્યારે :

વાંકી દષ્ટે જૂયે સામૂ ત્યાહારે શ્રીવાસુદેવ -૧૬

પૂતના વિસ્મે થઈ, વિપરીત દીસે બાલ,

ગ્રહી નિ ઉછંગ્યે લીધા, જાણી લીધુ વ્યાલ -૧૭ પૃ:૧૭

પ્રેમાનંદમાં કૃષ્ણ પૂતનાને નખ, પગ તથા માથું મારે છે, જે ભાગવતમાં નથી:

હદે ઉપર કર ધર્યો રે એક, વાંસા પર બીજો હાથ

માસી લીધાં બાથમાં વિધે, ધાવે ગોકુળનાથ.

તીવ્ર અગ્ર નખનાં કરી રે વીધ્યું માસીશરીર

વિખદૂધ પીધું એક ઘૂંટડે,બીજે શોષ્યું રુધિર,

પેટમાં મારે પાટુઆં રે, હચામાં મારે શીષ -૨૫

આકરખ્યો પ્રાણ પરમેશ્વરે તવ,માસીયે પાડી ચીસ ક:૨૩

તુલજારામના ' દશમસ્કંધ' માં પૂતના પ્રેમથી પયપાન કરાવવા,ખોળામાં હરિને લીધા:

ખોલા ઉપર હરિ બેઠા જુએ વ્રજની સુંદરિ,

ગત નવ બુધિ ગોવિંદની,જાણું પ્રાણ એહના લેઉ હરિ - ૨૦

આરોપા સ્તન મુખ વિષે,એક હાથે બિજો સ્તન ગ્રહી,

રુધિર સર્વજ શોષીઉ તવ,પૂતના વ્યાકુલ થઈ-૨૧-પૃ:૨૬

આવા પ્રસંગે માત્ર પ્રેમાનંદની પૂતના જ મરતાં મરતાં જશોદાને પૂતને વારવાનું કહે છે. સાથે પોતે કરેલાં પાપનો-' સાતસેં બાળહત્યા ' નો પણ ઉલ્લેખ કરે છે, જશોદા તથા ગોપીઓને છ દિવસના કૃષ્ણની બાથમાંથી છોડાવવા માટે વીનવે છે. ગોપીઓને તો આ કૌતુક થયું, તાળી દઈ હસવા લાગી, કારણ

' એ મિથ્યા રંડ્ડા[61] રોય' પણ ત્યાં તો

પીળક આવી અંગને રે, બોલાય બોબડું વેણ
કીકીની કાળપ ગઈ, ધોળાં ફટાયાં નેણ -ક:૨૩

આ છ દિવસમાં છોકરાએ દાટ વાળ્યો ને મૂસી પડયાં અત્તાપાટ.

તુલજારામની પૂતના પણ કૃષ્ણથી છૂટવા ફાંફા મારે છે પણ નિષ્ફળ જતાં બે હાથ જોડી તેને વિનંતી કરે છે :

મુકાવા લાગી કૃષ્ણને, તવ વછૂરે નહિ નાથજી
વ્યાકુલ થઈને વાણિ બોલિ, બેહુ કર જોડિ હાથજી -૨૨
ઈમ વિને કરતા શોષી લીધા સપ્તધાતસુ સુંદરિ -પૃ:૨૬

ભાગવતમાં પૂતનાનું દાનવીરુપ અને દાહસંસ્કારનું વર્ણન મળે છે. ભાલણે પૂતનાના દાનવીરુપનું ટૂંકમાં વર્ણન આપ્યું છે :

આંખ ફટારી કેશ મોકળા, વિકળ થયાં સર્વ ગાત્રજી,
જીવ ગયો પડી તે પૃથ્વી ,પોઢી પર્વતમાત્ર -૧૭
ગાઉ છ દ્રુમ ચુરણ કીધાં, પડતાં તેનો દેહજી:
શબ્દ દોહો દિશ સઘળે ચાલ્યો, ગ્રહે તારાગણ તેહ -૧૮ પદ-૩૦

જયારે તેના દાહ સંસ્કારનું વર્ણન માત્ર અડધી પંકિતમાં કર્યું છે:

પડતાં વૃક્ષાવલ્લી ભાગ્યા, ત્યાં પરિમળ ચાલવા લાગ્યા.
એને વેરભાવે હરિતૂઠયા, એનાં કર્મનાં બંધન છૂટયાં -પદ-૩૧:

કેશવરામે પણ પૂતનાના દાનવીરુપનું ટૂંકમાં બે કટકે વર્ણન કર્યું છે;

' મૂકય મૂકય ' કરતાં મૂઈ, પડી તે પોલમુઝાર ;
ત્રણ ગવ્યૂતી તન કરી, ભાગા તરુઅર ભાગ -૬૨
દિશે પૂતનાનું હત અંગ, જાણીયે પર્વત પડિયો શૃંગ
શકટ કાગના ઔંખું નાક, અક્ષુ બહુ કરે જાણીયે ચાક
કર્ણ બહુ કરયે ઊડા કૂપ, એણી પરયે દીસે સકલ સ્વરુપ -૮૨-સર્ગ :૩

એના દાહસંસ્કારનું વર્ણન કવિએ ભાગવતાનુસાર કર્યું છે.

પૂતનાના વિકરાળરુપનું વર્ણન લક્ષ્મીદાસમાં પણ મળે છે. પૂતના નીચે પડતાં ચીસ પાડી ઉઠે છે,

ને તેનું ભયંકર રુપ જોવા મળે છેઃ

યમ દારુણ ઘોર પલાય ત્યમ મસ્તકની શોભાય -૨

નયણ વિજેરો રુપ જાણે ઉજડ થિછે કૂપ -૩

પેટ ટાલી નહીં અંતરાલ્ય, બે પાસે ત્રૂટા ભુજાલ -૬

મ્યલી યમ ધરા પાષાણ મખ કેરાં એ વખાણ -૭-પૃ:૧૭

માધવદાસમાં પૂતનાના રાક્ષસીરુપનું વર્ણન નથી મળતું.

પ્રેમાનંદમાં પૂતનાના દાનવીરુપનું વર્ણન ભાલણ અને કેશવરામ કરતાં વીગતે મળે છે. તે વર્ણન ભાગવત-ના આધારે હોવા છતાં તેમાં તેની પ્રેમાનંદીયતા છતી થયા વિના રહેતી નથી.

સૂકી વાવ જેવી બે અખિડી, નાસિકા મોટો કૂપ,

જિહ્વા જાણે સર્પણી રે, મુખ ગુફાનું દ્દાર,

કુચ શિખર ગિરિતણાં, રમે ઉપર નંદકુમાર

સેવાળ સમુદ્ર શિલાતણા તેમ છૂટા મસ્તક કેશ -૫૦

શ્રવણ છિદ્ર બિહામણાં માંહે ગજ કરે પ્રવેશ -ક:૨૩.

પ્રેમાનંદે દાહ સંસ્કારનું વર્ણન પણ વીગતે કર્યું છે. ભાગવતમાં પૂતનાના મૃત્યુ પછી ગોપીઓ તથા જશોદાએ બાળકૃષ્ણની ગાયનું પૂછડું ફેરવવું વગેરે ક્રિયાઓથી સારી રીતેરક્ષા કરી. પછી જશોદા તેને સુવડાવી દે છે, ત્યાર પછી જ નંદ વગેરે આવે છે, પૂતનાનો દાહસંસ્કાર વગેરે કરે છે.ભાલણે આ બધું ટૂંકમાં વર્ણવ્યું છે. કેશવરામના નંદ ઘેર જઈ કૃષ્ણને જુએ છે, ત્યાર પછી જ તેના દાહસંસ્કાર-ની વાત કરે છે :

ઘર પોહોતો દીઠા ગોવ્યંદ, એટલે તે પામ્યો આનંદ,

આવીને કીધું આઘ્રણ, પછે પિંડમાં આવ્યા પ્રાણ -૮૪

બકી તણો જે બહોળો દેહ, કાપી કટકા કીધો તેહ

મહારૈદ્ર જૈ બાળ્યો રાન, પ્રેમલ પ્રગટ્યો અગર સમાન -૮૫ સર્ગ :૩

લક્ષ્મીદાસમાં જશોદા પૂતનાના દાનવીરુપના દારુણ ઉત્પાતની વાત સાંભળી મૂર્છા પામે છે.

માહારો કાહાંનજી કયાંહાં રે બાઈ, પડયાં યશોદા મૂછાંઈ -૧૧

સકલ આલા વૃજજન, દીઠું ભયંકર દર્શન -૧૨

ત્રાસ પામ્યાં વિસ્મે થાય, અતિ કાંહાંથી આવી બલાય -૧૩

ગોપ ધાયા તે તત્કાલ, લીધા ઉપરથા દયાલ -૧૪-પૃ:૧૭

માધવદાસમાં નંદના આવ્યા પછી દાહ સંસ્કાર થાય છે, પણ તેનું વર્ણન ટૂકમાં મળે છે.

પ્રજાલતાં થયો પ્રગટ પ્રેમલ ગામ સઘલે વીસ્તરયો

શ્રીકૃષ્ણજીના સપરસથી, પુતનાનો પ્રાણ ઓધરયો -૨૫

પદ પુરણ પામી પૂતના, તે પ્રેમસ્વર મહીમા ઘણો -૨૬-પૃ:૧૨

પ્રેમાનંદે દાહ સંસ્કારનું વર્ણન ખાસ્સું એક કડવું રોકી કર્યું છે. પૂતનાનું દાનવી રુપ જોઈ જશોદા આક્રંદ કરવા લાગી. ગોકુલમાં કોઈ પુરુષ નથી. કોણ મદદ કરે ? સ્વામીને શો ઉત્તર આપીશ ? કંઠ પાશ કરીને પિંડ પાડું ? - આમ જશોદા વિચારતાં, ત્યાં જ ઉન્મત્ત જોબનવાળી ગોવાલણી નિસરણી મૂકી, કાછડો વાળી પૂતના પર ચઢીને ધાવતા બાલમુકુંદને બળાત્કારે લીધા, માતાને સોપ્યા. પૂતનાના વિશાળ કાય દેહ પર બાલકૃષ્ણ કેવા લાગે છે ? ' જેમ પર્વત ઉપર પોપટો તેમ વિરાજે રણછોડ', ભીમે પણ ' હરિલીલા ષોડશકલા ' માં આવું જ વર્ણન આપ્યું છે. મરતાં કીધું મોટું તન ,બાલક ધાવઈ સામલવંન ,

તેહ ઉપરિ સોહયા શ્રીરંગ, જાણે ગિરિમસ્તકિ હરલિંગ -૯૧-પૃ:૪૦

ગોપીઓ જશોદાને શીખ દેવા લાગી. બહાર ઠંડો પવન છે, તેથી ઓરડામાં રાખો, ગરમાવો લાગશે. રખે સ્હોડમાંથી કાઢો. જશોદાએ પણ નજર ના લાગે તેથી પાણી ઉતારી નાખી દીધું ને બાળકની રક્ષા માટે દેવીઓને પ્રાર્થના કરી. ત્યાં નંદ આવ્યા. તેમને જોઈ સર્વ ગોપવધૂઓ રોઈ પડી.

પુરુષ વિના પલ રખે જાએ, માણસમાં નહીં નારી -૨૫

અબળા લક્ષ મળી તો કિંવા ન શકીએ વિઘ્ન નિવારી -ક:૨૪

નંદે કૃષ્ણને ખોળામાં લઈ ચુંબન કરી ,મસ્તક સૂંઘ્યું , ઋષિઓને બોલાવી અભિષેક કરાવ્યા.

અવત્સી ગાય વગેરે વિવિધ દાન કર્યાં. પછી પૂતનાના શબની શી વ્યવસ્થા કરવી તે વિચારે છે, નહિ તો ' ગંધે જાશે પ્રાણ':

નંદ કહે ઉચલાય નહીં, છે અતુળ અંગનો ભાર,
સંધે સંધેથી કરો કટકા, લો કરવત ને કહુવાડ
મદોન્મત્ત આહીર બળિયા, કાપી કટકા કીધી -૩૫
ખડકી કાષ્ટ હુતાશન મૂકયો, ચોદશ ફૂંકી દીધી -ક:૨૪

આમ દાહસંસ્કાર કર્યા બાદ, એના બળતા પિંડમાંથી

\- - - છૂટયો દોર કસ્તૂરી
અગર તગર ચંદન મળિયાગર, પરિમલ વાસમધુરી. - ક:૨૪

દશજોજન ફરતી સુગંધ પ્રસરી અને એક વિમાન આવ્યું જેમાં પૂતના દેવકન્યા થઈ સ્વર્ગમાં ગઈ. ભાગવતમાં નંદ ગોપગોવાળોને કંઈ જ કહેતા નથી પણ વ્રજવાસીઓ પોતાને જાતે જ પૂતનાના[12] શરીરને કુહાડાઓથી કાપી તેના અવયવે અવયવ જુદા પાડી, લાકડા પર મૂકી બાળી નાખે છે.

પ્રેમાનંદમાં નંદ કૃષ્ણને વહાલ કરી, દાન કરી પછી પૂતનાના શબની વ્યવસ્થા કરે છે. પરંતુ ભાગવતમાં નંદ પૂતનાના દાહસંસ્કાર કર્યા પછી, પુત્ર મરીને ફરી આવ્યો હોય તેમ તેનું મસ્તક સૂંઘે છે.[13]

તુલજારામના ' દશમસ્કંધ' માં મૃત પૂતનાનું વર્ણન જોઈએ.

સાત તાડ પ્રચંડ ઉંચી રાખશી કાયા ધરિ -૨૫
જાણે લંગ પરવત શીર ઉપરે ઈમ શોભિએ ત્રિભોવંન ધણિ
મુખમાંહથિ સ્તન હરિ ન મુકે, જોવા નાર મલિ ઘણિ -૨૬-પૃ:૨૬

પૂતનાના શબ ઉપર હરિને રમતા જોઈ સ્ત્રીઓ આક્રંદ કરવા લાગી, ત્યારે નંદ અને ગોપલોકો મથુરાથી આવ્યા. તેમણે તે અવાજ સાંભળ્યો:

આક્રંદ ઘરમાં થઉસબલુ પડુ કાંન સૂણે નહિ
તાર નંદ કેહે ભાઈ સાભલો કાંઈ વિઘંન સુતને છે સહિ -૨૮-પૃ:૨૬

પછી જયારે ઉતાવળા તેઓ નંદઘેર આવ્યા, ત્યાં તેમણે પૂતનાનું વિકરાળ રુપ જોયું ને તેઓ ચિંતામાં પડયા. પછી ગોપલોકોએ જ પૂતના ઉપર ચડી કૃષ્ણને ઉતાર્યા. તરત જ—

તારે પ્રાણ તનથિ ગયા છોડિ પૂતના હેઠિ પડિ -૩૦

પછે કરિ કટકા રાખસી બહુ ગોપ તે વેલે મલિ

બાવનાચંદન અગર કાષ્ટ દહન કરિ ઘરમાં વલિ -પૃ:૨૭

અને એના પરિમલથી ' સહુ નગ્ર મગન થાય' અને તે માતાની ગતિ પામી, વિષપાન કરાવ્યું— તેથી એનો વૈકુંઠવાસ થયો.

ભાગવતમાં, ભાલણમાં કે પ્રેમાનંદમાં કયાં ય નથી - એવું એક ગીત બે મિશ્ર રાગોનું કેશવરામમાં સર્ગ ત્રીજાને અંતે મળે છે, જેમાં પૂતનાના દાહ સંસ્કાર પછી, બાલકૃષ્ણ રડતો છાનો નથી રહેતો, ત્યારે જશોદા કહે છે.

રડતો રહે દેવમુરારી! હું તુજ પરય જાઉં વારી, નહિ આપૂં તુને
નારી રે - હરજી ચડયો રે આડે -૮૮

ધુધરીએ ધીર ન ધાવે પ્રેમે, બહુ પાનો આવે, ભૂખ્યો થયો કંઈ ના ભાવે રે-હરિ -૮૯

અહીં માતાને સહજ એવા ભાવ વ્યકત થયા છે.

ગિરિધરકૃત ' ગોકુલલીલા' માં ' માહાબલાસુર ' નામે અસુર પરાજય પામી ગોકુલથી પાછો આવ્યો ત્યારે બકાસુરની બેન બકી કંસનું દુ:ખ દૂર કરવા આવે છે. કંસ એને 'બહેન' કહીને બોલાવતો. મૂળ મરકટ હોય ને મદિરા પીવે તેમ પૂતના મૂળતો ચાંડાલી જેવીજ હતી. તેમાં કંસે સર્વે બાળક મારવા આજ્ઞા આપી, તેથી તે સોળ શણગાર સજી, ગોકુલમાં આવી:

છુટે કેશે ચતુરા ચાલતી, તેમાંથી પડે પુષ્પ માલતી;

સ્થુલ નીતંબ તથા સ્તન તટી, સુંદરીની છે સુક્ષ્મ કટી -૩

ચાલે ગજગતી ચાલ્ય મરાલી મુકતામણી ભુશણ ચંદ્ર ભાલી

મૃગલોચની ભૈંહ કંપાવે મોહોટા મુનીના મન ઝંપાવે -૫

અદ્ભુત મોહની છબી અસભા જોઈ રૂપ લાજે રતી રંભા ;
સુંદર સ્મીતયુત ભાવ જણાવે, કામી નરનાં મન કંપાવે -૬-અ:૧૬
અહીં કવિએ એના રાક્ષાસીરુપનું પણ વર્ણન કર્યું છે:
ડોઢ યોજન વીસ્તરયો દેહ, માંહા ભયંકર ગીરીસમ તેહ
પડતામાં ખટકોશ મોઝાર થયા ચુરણ તે વૃક્ષા અપાર -૨૧
હલના ડાંડા સરખા દંત, ગીરીધેવર નાશા અનંત,
સ્તનપુષ્ટ જાંણે ગીરિશ્રંગ, છુટા કેશ દેખાય કુરંગ -૨૨
નેત્રવીવર અંધારા કુપ, નાભી શુસ્ક સરોવર રુપ અ:૧૬
આવી વિશાળકાય પૂતનાનાશરીરના કટકા કરી તેનું દહન નંદાદિ ગોપો કરે છે:
તેહેનું દહન કરયુ તેણી વાર, ત્યાંથી છૂટી સુગંધ અપાર
તેહેના ધૂમ્ર તણો પરીમલ જેહેવો અગરનો વાસ વીમલ -૩૭-અ:૧૬

## પાદટીપ:

૧: શ્રીમદ્ભાગવત :૧૦:૬:૨:

૨: બ્રહ્મવૈવર્તપુરાણ: કૃષ્ણજન્મખંડ: અ:૧૦:

૩: હરિવંશ : અ:૬૩

૪: સા ખેઅર્યેકદોપેત્ય ભાગવત :૧૦:૬:૪

૫: ન.કૃ.કા.પૃ:૪૩૪, ૫૭૭ ભીમ-હરિલીલાષો : પૃ:૧૪૨,૧૪૩, ઉપરાંત ભાલણ: દશમ:પૃ:૨૬
કેશવરામ કૃષ્ણલીલા:પૃ:૨૮, ~~કૃ:૨૮~~ પ્રેમાનંદ કૃ: ~~પૃ:~~૨૮ વગેરે :

૬: અહીં પ્રેમાનંદ પર નરસિંહની અસર વર્તાય છે.

સાકર કેરા કરા પડ્યા ને, દૂધડે વરસ્યો મેહ – નરસિંહ

૭: શ્રીમદ્ ભાગવત :૧૦:૫:૧૯

૮: એજન: ૧૦:૫:૩૧

૯: એજન: ૧૦:૬:૪,૫,૬.

૧૦: શ્રીકૃષ્ણલીલાકાવ્ય-સર્ગ ૩: ક:૫૫

૧૧: દશમસ્કંધ :ક:૨૨, પંક્તિ ૯ થી ૩૫.

૧૨: શ્રીમદ્ ભાગવત ૧૦:૬:૩૩

૧૩: એજન: ૧૦:૬:૪૬

: બાલસ્વભાવ:

બાલકૃષ્ણની શિશુસુલભ ચેષ્ટાઓ અને ક્રીડાઓના સ્વાભાવિક ચિત્રાંકન તરફ અનેક કવિઓ ખેંચાયા છે. એને માટે કેટલોક આધાર ભાગવતમાં જ મળી ગયો છે. પરંતુ કવિઓએ પોતાની કલ્પના અને ભાવનાથી તેનો અનેકગણો વિસ્તાર સાધ્યો છે. બાલસ્વભાવની સરળતા, ભોળપણ, ચંચલતા, હઠ અને સહજ પ્રસન્નતા - આ બધુ એટલી કુશળતાથી ચિત્રિત કર્યું છે કે તેને જોઈ આશ્ચર્ય થાય. કૃષ્ણકાવ્યની લોકપ્રિયતાનું સૌથી મોટું કારણ એ છે કે કવિઓએ સામાન્ય માનવસ્વભાવનાં વિવિધ રુપોને અત્યંત સૂક્ષ્મતાથી આત્મસાત્ કરી, એને માર્મિકતાથી અભિવ્યકત કર્યાં છે.

ભાલણે પર્યાપ્ત ભાવમયતાથી કૃષ્ણના બાલસ્વભાવનું ચિત્રણ કર્યું છે, તો કેશવરામે અને પ્રેમાનંદે પણ પોતાના દશમસ્કંધની વચ્ચે વચ્ચે બાલભાવ પ્રતિ પોતાનું આકર્ષણ વ્યકત કર્યું છે. દૂધ પીવાથી ચોટલી વધશે એમ કહી કહીને જશોદા કૃષ્ણને દૂધ પીવડાવે છે. આ પ્રસંગ નરસિંહ, ભાલણ અને પ્રેમાનંદ - ત્રણેમાં મળે છે.[1]

( નરસિંહ : ' કઢયા દૂધ સાકર સંગાથે એક એક ઘૂંટડો પીજે રે
વેણ વાગે વહાલાજી તમારી, બલભદ્ર પે મોટી થાય રે '
ન.કૃ.કા.પૃ:૪૬૨ )

ભાલણ:
'ક્ષણું એક બેસો મનમોહનજી ઓળું તારી ચોટી રે
કેવડેલ ઘાલીને ગૂંથું જયમ તે થાયે મોટી રે -૩

\- - - -

મારા સમ છે હો મનમોહન, માખણ રોટી ખાઓ રે
ઉપર દૂધ કૂર શીરાવો, જયમ ત્યમ મોટા થાઓ રે -૫ -૫દ-૬૯

પ્રેમાનંદ:
' જો કૃષ્ણ ગુંથાવે ચોટલી, ઘણું માખણ આપુ રોટલી -૫૬ -ક:૪૦

પેટે ચાલતા કૃષ્ણનું કૌતુક જોવા' ત્રૈલોક ' ઉત્સુક છે, એનું વર્ણન કરતાં ભાલણ કહે છે:

' હરિ રિખતો માતા જસોદા દેખે, કૌતુક કરે ત્રૈલોક જ પેખે ,

અભિનવી આત્મારામની રિખણી -૧ પદ:૩૪

ભાલણના આ પ્રકારના વર્ણન સાથે -(પદ ૩૪ સાથે) કેશવરામની સર્ગ -૪ ની કડી ૬૭ થી ૭૦નું ઘણું જ સામ્ય જોવા મળે છે. પેટે ઘસડાતો કૃષ્ણ ગમે ત્યાં પહોંચી જાય છે. અગ્નિ હાથમાં પકડવા જાય છે, સાપણની પૂંછડી પણ તાણે છે.

ભાલણ: ' રિખતો પાધરો ગૌધન વચ્ચે જાયે, સર્પસુતા તણી પૂછડી સાહે-૨

કાંઈ એક ભાંજે કે રખે દુખાયે, વારેવારે મેલે ને વળી જાયે -૩ -પદ-૩૪

કેશવરામ: ' અલવ્યે શૂ અગ્નિમાંહે કર ઘાલે, સાપ સૂતા તણી પૂછડી ઝાલે

અભિનવી આત્મારામની રીખણી, તે જોવા મલી ટોલે ગોરણી-

પાધરો ગોધન પંખી વિચેં જાયે, સહાચો સંધ તણી પચ્ચેં ઘાએં

કંટક ભાજે ને કર દુખાયે , વારજો વાડમાં રખ્યે જાયે '

સર્ગ -૪ -૬૭,૬૮

કાદવથી ખરડાયેલા કૃષ્ણને માતા ધૂએ છે, ને ફરીથી તરત જ તે કાદવમાં હાથ મૂકે છે. ખૂબ સ્વાભાવિક એવી આ બાલચેષ્ટા વર્ણવતી બે પંક્તિઓ ભાલણ અને કેશવરામમાં સરખી જ છે.

ભાલણ: ' કાદવે ખરડયો કૃષ્ણજી રોયે, માતા આવીને કર ધોયે -૪

પુનરપિ પંકમાંહે કર મૂકે, બાલ બીહાવતાં બહુ ઝબુકે -૫ -પદ-૩૪

કેશવરામ: - કાદવે કર ભરી કૃષ્ણજી રોયે, માત આવી ધરણીધર ધોએ

પુન: પુનરપિ પંકમાંહે મૂકે ,બાલ બીહાવતાં બહુ ઝબૂકે -સર્ગ:૪ :૬૯

પ્રેમાનંદ: ' લપસી પડે બેઠો થાય , કાદવમાં કૃષ્ણ મહાલે -૩૦

છાંટે ગૌનાં છાણ, ગોરસડાં ઢોળે '-ક:૩૧

ગિરધર:
------- 'શ્યામરામ બે રમતા રજમાં, કૂરદમ લાગ્યો દેહ -૩૦ :અ:૧૮

બાળકને ' હાઉ ' કહેતાં ડર લાગે છે.માતા બાળકને આ રીતે ડરાવી અનુચિત કામ કરતાં રોકે છે. લોકજીવનનું આ સામાન્ય સત્ય છે. અનેક કવિઓએ કૃષ્ણની સાથે આ વાત સંબધ્ધ કરી, બાલસ્વભાવના ચિત્રણમાં સ્વાભાવિકતા અને સજીવતા લાવ્યા છે.

ભાલણ: ' એક કહે હરિને હાઉ આવે, ધ્રૂજતો જઈ માતાને ધાવે ' -પદ-૩૪-૮

કેશવરામ: ' એક કહે ' હરિ ! હાઉ આવે ' ધ્રૂજતો માતા તણાં સ્તન ધાવે - સર્ગ:૪-૭૦

પ્રેમાનંદમાં હાથથી દીપકને સ્પર્શ કરતાં ભોળા કૃષ્ણ ' હાઉ ' નામ સાંભળી રડતા ચૂપ થઈ જાય છે.

' પ્રગટ કરે અજ્ઞાન, હાથમાં દીપ ગ્રહે -૧૩

ઓ કરડવા આવ્યો હાઉ, રોતો ટપ રહે -૧૪ -ક:૩૧

પોતાનો પડછાયો દેખી મુગ્ધ થતા કૃષ્ણનું વર્ણન ભાલણે કર્યું છે :

' છાયા દેખી આપણી રે,ચાળા કરે અનેક '-૮

તો વાછરડાનું પૂંછડું પકડી, એની પાછળ તણાતા કૃષ્ણનું ચિત્ર આ ત્રણે કવિઓએ આપ્યું છે :

ભાલણ: ' પૂછ ગ્રહીને વચ્છનું રે , ઉભા થાયે આપ

તાણતાં તે અતિ ધ્રૂજતા રે , મૂકી બેસે તત્કાલ'-૯ પદ:૪૩

કેશવરામ: ' વચ્છનાં પૂછ પાછળથી તાણે, આ જૂઓ બાલિક ભયનથી આણે ' [૨]

સર્ગ -૪:૭૦

પ્રેમાનંદ: ' વચ્છતણાં પુચ્છ સહાય, તણાતોહરિ ચાલે ' ક:૩૧-૨૯

સ્તનપાન કરતા કૃષ્ણનું ખૂબ સ્વાભાવિક ચિત્રણ ભાલણે કર્યું છે.

' ધાવતાં ધીર થઈ હાર જ તોડે , આંજતાં આંખનાં કાજળ ચોળે '૭ પદ:૩૪

x x

' અધધાવ્યો મેલીને આવે, જનની વેગે ચાલીરે

આંખે અતિ આંસુ પડે હરજીએ છેડે ઝાલી -૨ પદ-૪૮

ગિરધર:
' પંખી આકાશમાં ઉડે છાયા તેની ઝીલતા
વત્સનું પુચ્છ ગ્રહીને પુંઠે હરિ હિંડતા -૬ :અ:૨૦

કવિની અનુભૂતિ લોકજીવનમાં ડૂબકી લગાવી પ્રતિદિન બનતી સામાન્યમાં સામાન્ય વસ્તુને પસંદ કરી લે છે. અને તેને કૃષ્ણ સાથે સંબધ્ધ કરી એક બાજુ કૃષ્ણ પ્રતિ પોતાના ઘનીભૂત આકર્ષણને વ્યકત કરે છે, તો બીજી બાજુ કાવ્યમાં લોકહ્રદયને રસમગ્ન કરવાની અદ્દભુત ક્ષમતા ઉત્પન્ન કરી દે છે. આ પ્રકારની વિશેષતા ઉપર્યુકત અને નીચેના દષ્ટાંતોમાં જોવા મળે છે.

કૃષ્ણે પથ્થર અથવા લાકડી લઈ શીકા પર મૂકેલી ગોળી ફોડી, માખણ ખાધું, લુંટાવ્યું - વગેરે બાલસહજ ચિત્રો ઘણા કવિઓમાં મળે છે :

ભાલણ:
દષદ લઈ ગોવિંદ ત્યાં રહયા રે ગોળી મહીની ફોડી
પૂર નદીની પેરે ચાલે હરજી લોંદે માખણ ખાય રે
ઉતારી આવી ત્યાં જોયે તો કૌતુક દીઠું માય -૪
બાલક માંકડને ખવરાવે, નાચે પ્રમુદિત થાય રે
જનનીને આવતી દેખી ભયભિત થઈ નાસી જાય -૫ પદ:૪૮
× ×
નંદજીનો કુંવર નાનડિયો ઉખલ માંડીને ઉંચો ચડિયો -૨
ચોરપણું એનું વખાણું દોણીએ કીધુ છે કાણું -૩
શીકું હાલે ત્યમ મુખડું ડોલે,ઉપમા શોભે ત્રિભુવન તોલે -૪ પદ:૬૦

કેશવરામ:
' શીકયૂ જયહાં દેખે દુગ્ધ, ચડે ઉપાય મેલી બહુ મુગ્ધ
ઉખલ માંડી ઉંચો ચડી હાથે ગ્રહી લાંબી લાકડી -૨૫
તળે છિદ્ર છાનોથો કરે, મુખ મોહોઢે ધ્રુજાવી ધરે
શીકૂ હાલે ડોલે હેઠય, દૂધે ભરાયે પગ ને પેટ -૨૬ -સર્ગ: ૫

લક્ષ્મીદાસ:
ઉર્ધ્વ અધુખલ ધરણી ઉપર બાલક રાખે સંચ -૧૩

તે ઉપરે ગ્રહી ચેષ્ટિકા ભેદે નંદકુમાર

માંડી મુખ આઘુ કરી નિ પડે મુખમાં ધાર -૧૪ પૃ:૨૨-૨૩

<u>પરમાણંદ:</u> ' ગોરસ ઘરમાં ચાલ્યુ તદા, પૂર આષાડી આવ્યુ જદા-૯૮

- - - —

ઉખળ અવલો નાખયો ઉતારયુ નવનીત

ભક્ષા કરેવા આપવુ જે બાલિક સાથે પ્રીત-૨ પૃ:૨૧

<u>માધવદાસ:</u> ' જો ઉગ્રુ મુકીએ સીકુ લેતા અનુખલ ઉપરચ ચઢીનેજી

લાકડીયે છીદ્ર પાડે પાત્રને , જો કાંઈ કહીએ વઢીને જી-૩:અ:૭

<u>સંત:</u> દધીનું ભાજન ભાંજ્યૂ હરી વડે શિલાસૂત સૂક્ષ્મે કરી

વેગે જઈ વિરલ બલથેંકી માખણ ખાધૂ ત્રોહો દિશિ તકી

જોએ જાતૂ માતા મહી મદિર મધ્ય મંદાકિની વહી પૃ:૨૯

<u>પ્રેમાનંદ:</u> ' શીકે ચડાવ્યાં માટ, લાકડિયે છિદ્ર કરે

વહે ગોરસની ધાર, તળે રહી મુખ ધરે-૫૪ ૩:ક:૩૧

પ્રેમાનંદે કૃષ્ણના ભોળપણનું જે ચિત્ર આપ્યું છે તે ભાલણથી અધિક સજીવ છે. એના કૃષ્ણ એ પણ જાણતા નથી કે દૂધમાં સાકર નખાય કે મીઠું !

' અવળું ચાલે અવિનાશ નથી સાંભળ્યુ દીઠું

છાસમાં માગે ખાંડ, દૂધમાં માગે મીઠું -૨૮ -ક:૩૧

તેણે કૃષ્ણની ચંચળતા, હઠ અને નટખટપણાનું વર્ણન ભોળપણની અપેક્ષાએ અધિક સજીવ કર્યું છે માતા સ્નાન કરાવે છે, તો અધવચ્ચેથી તે નાસી જાય છે.

' એક નેત્રે ભર્યુ કાજળ, એક અમથુ જ રહે '૧૭ -ક:૩૧

કયારેક જશોદાના પેટમાં લાત મારે છે, અને નંદના દાઢી મૂછ ખેંચે છે, તો કયારેક નંદના મુખમાંનું ચાવેલુ પાન <u>અધવચ્ચેજ</u> કાઢી લે છે. રાંધતાં વાર લાગે છે તો કાચું અનાજ

પીરસાવવાની હઠ કરે છે. વાછરડાંનાં પૂંછડાં પકડી એની પાછળ તણાય છે, તો કાદવમાં હાથ ખરડે છે. વાંદરાઓને બોલાવી માખણ લુંટાવે છે, કયાંક લઘુશંકા કરે છે, તો કયાંક કોઈ બાળકને ધક્કો મારી ગબડાવી દે છે. એનું નટખટપણું તો કેવું કે ગોપીએ ' કેમ ગોરસ ઉતાર્યું ' -એમ પૂછતાં કહે કે કીડી કાઢું છું.

ભાલણ:

માખણ ખરડયા હાથ સાથે ( red handed ) જો ગોપી એને પકડે છે તો :

' મુખ ઉપર કોગળો એક, દૂધનો નાખી ચાલિયો રે -૭ પદ:૬૬

માંકડાં સાથ, ત્રિભુવન નાથ, લઈ લઈ હાથ, વહેંચી આપે બાલને -૪

આવી તત્કાલ, સૂતાં બાલ, કરીને આળ, રોવરાવી ત્યાં નિસરે -૬

કેશવરામ:

એમ કરતાં આવી ગોપિકા, તરત ઉતરિયાં તિહાં થકા

છેલપણે છાંટી કલગલે, નાઠા જમ નારી નથી કળે -૨૭ સર્ગ:૫

લક્ષ્મીદાસ:

'કુહુનાં જૈને માખણ કાઢે ઢોલિને દે છાસિ

કુહુંનાં સુતાં બાલક જગાડિ હરિ કરે જે હાસ્ય -૮

કુહુનાં જૈને છોડિ વાછડાં લેઈ મેલવે ગાય

વેગલે જૈને હાસ્ય કરે ત્યમ ગોપી વિકલ થાય -૯

કોહોનિ જૈ ઇંદૈઆં પાડે, કોહોના આંબલે કાંન

કુહુનિ ઘરિ લઘુશંકા, કહી નાશે કહી ગાંન -૧૦ પૃ:૨૨

પરમાણંદ:

' સાથ્યે મરકટ નાંહાના બાલ તે શુ એમ બોલ્યા ગોપાલ

હું જાઉં જાહારિ દડવડી, તહમો મ રેશો ઉભા ઘડી -૧૧

એહવુ કહી મુખ ભરઉ મહી, દ્વારે સહુકો આવ્યા વહી

મહીં છાંટી આખે સુંદરી, સંડગ કો નાસી ગયા નીસરી -૧૨ પૃ:૨૨

માધવદાસ: ' છોકરડાં સઘલાં મેલેને, ઘેર ઘેર ફરતો હીંડે

લઘુલાઘવી વિદ્યા તે જાણે , છાંનો આવે છીંડેજી -૮: અ:૮

પ્રેમાનંદ: ' પેટમાંહી કરે પદપ્રહાર જસોદા માત સહે,

રમે પિતા ઉછંગ, તાણે મૂછ દાહડી :

નંદ મુખનો તંબોળ અધવચ લે કહાડી ' -૨૦

' ચોરી કરે ઘરમહાંય, નવ બોલે સાચું -૨૫

રાંધતાં લાગે વાર, કહડાવે અન કાચું '

' કેટલીએક સ્ત્રી સાવધાન પરઘેર ગોરસ ઘરે :

તેને ઉંબર બેસી બાળ સર્વ લઘુશંકા નિત કરે -૫૨ :ક:૩૧

* ઉંબરે બેસી કરે લઘુશંકા, બાળકને ઠોકર મારે જી'-૨૨

'વચ્છની પેરે ગૌને ધાવે વળગે મહીને માટે જી

સહાવા જાઉં તો આંખ મહારીમાં કોગળો દૂધનો છાંટે -૨૫ ક:૩૨

બાળકૃષ્ણના સ્વભાવ અને મનોભાવોને કાવ્યમાં કવિઓએ કેટલી કુશળતાથી અને ભાવમયતાથી ચિત્રિત કર્યાં છે, તે આ થોડાંક દષ્ટાંતોથી સ્પષ્ટ થશે .આવું જ એક દષ્ટાંત જોઈએ. પરમાણંદના 'હરિરસ' માં જશોદાએ પીરસેલું અન્ન કૃષ્ણ ભેગું કરે છે. જશોદાએ ખાવાનું કહે છે ત્યારે કૃષ્ણ કહે જુદું કરી આપ.

' એ હઠ અણઘટ તો કા માડિ, કુડો રાહાડયો કાહાનડ છાંડિ

અંન જુજુવા થે નવિ થાઈ રીસ કરી કહિ જસોદામાઈ -૮

ત્યારે કૃષ્ણ કહે કે જો અંન જુદું કરી આપું તો તું શું આપીશ? જશોદાએ માખણ આપવાનું કબૂલ્યું અને ' અધક્ષાણમાં અંન અલગા કીધા,જનેતાઈસુત હૈડે લીધા

માખણ તવ હરિને આપઉ સુખ અભ્યંતર જનુની થઉ -૧૦: પૃ:૨૭

તુલજારામ: ' કોહોને મારે થાપટ મુઠ રે , કોહોનિ ઘસમસિ કરડે બુકરે -૨૦

કોહોને ટપલા ઘાડે રજાડે રે , કોહોને અણાવિતે લેઈ પાડે રે

રુએ બાલક આસુપાત રે શોક કરતા ગયા જાહાં માતરે -૨૧ પૃ:૩૨

* દેવઅર્ચન સહુ વણસાડે રે, સુતા બાલકને જગાડે રે

વલી વાછરુને ધવરાવે રે ઉગરત પોતે ધાવે રે-૨૫

વલિ જે ઘેર કાંઈ લાભે નહિ તેહેના બાલકને મારે સહિ

વલિ ઘર વચે ભીશી ધાર રે, લઘુશંકા કરે જલધાર રે -૩૩ પૃ:૩૩

પાદટીપ:

૧: સૂરદાસમાં પણ તારી ચોટલી વધશે એમ કહી જશોદા દૂધ પીવડાવે છે:

'કજરી કો પય પિયહુ લાલ તેરી ચોટી બઢૈ '

- સૂરસાગર પૃ:૧૫૩

૨: આજ પંક્તિ ભાલણમાં પદ:૩૪ -કડી છ -છે

૩: દયારામમાં પણ આવી પંક્તિ મળે છે :

' એક સખાની ખાંધે ચડીને અતિ ઊંચું પણ ચાખે રે

તેથી ન ફાવે તો દોણી કરે કાણી , ધાર તળે મુખ રાખે '

- દયારામ રસસુધા' -પૃ:૫૬

(બીજી આવૃત્તિ :ઈ:૧૯૫૩ :
એન એમ ત્રિપાઠી લિમિટેડ:)

૪: દયારામમાં આજ ભાવ જોવા મળે છે :

' કરી કળા એક- મહી ભર્યું મુખમાં એટલે જઈને મે ઝાલ્યો રે :

કર્યો કોગળો મારી આંખમાં હું ચોળવા રહી એ ચાલ્યો !

- દયારામ રસસુધા :પૃ:૫૭

## વયવિકાસની વિવિધ બાલ છબિ :

નંદ-જશોદા આદિની પૂર્ણ આસકિતના કેન્દ્રબિંદુ રુપ શ્રીકૃષ્ણ છે. કૃષ્ણની લીલાઓની જેમ, તેમના વયવિકાસને વ્યકત કરતી પ્રત્યેક સ્થિતિ ભાવની દષ્ટિથી અત્યંત મહત્વપૂર્ણ ઘટનાના રુપમાં ચિત્રિત થયેલી મળે છે. કૃષ્ણની દરેક ચેષ્ટા વ્રજજનાના હૃદયને ભાવવિભોર બનાવી દે છે. એના દરેક સંસ્કારે એક ઉત્સવ, પર્વ સમજી આમોદપ્રમોદથી તેને ભરી દેવામાં આવે છે. એને માટે જરા પણ પ્રતિકૂળ પરિસ્થિતિ મહાન ચિંતાનું કારણ બની જાય છે અને તેનું નિવારણ થતાં તરતજ બેવડા આનંદોલ્લાસના રુપમાં તે પરિણમે છે. આ પ્રકારની ભાવાભિવ્યકિત કવિઓની અનુભૂતિની ગંભીરતા અને અભિવ્યકિતની કુશળતા -બંનેને વ્યકત કરે છે.

ભાલણ આદિ ઘણા કવિઓએ કૃષ્ણનું બાલજીવન અને તેમનો વયવિકાસ પોતાના કાવ્યમાં વર્ણવ્યો છે.

બાલકૃષ્ણનું ઊંધું પડવું, ઘૂંટણિયે ચાલવું, માતાનું ચાલતા શીખવવું,ડગમગ ચાલવું, દોડવું , દૂધિયા દાંત નીકળવા, તોતડું બોલવું,ગાયોને બોલાવવું - આદિ અનેક વયવિકાસની સાથે બનનારી અનેકાનેક વાતોને કવિઓએ અત્યંત સ્વાભાવિક અને ભાવપૂર્ણ રીતે વ્યકત કરી છે. અને એ રીતે કૃષ્ણના બાલજીવનના ચિત્રણને સર્વાંગીણતા અને સંપૂર્ણતા પ્રદાન કરવાનો કવિઓએ પ્રયત્ન કર્યો છે.

કૃષ્ણ બહુ જ નાના છે. જશોદા જયારે ઘણા જ પ્રેમપૂર્વક હાલરડું ગાઈ સુવાડે છે, ત્યારે સુએ છે. થોડાક મહિનાનો થયેલો બાળક સૂતો સૂતો હોઠ ફફડાવે છે અથવા તેને હસવું આવે છે. કયારેક એકલોજ પોતાના પગનો અંગૂઠો મુખમાં મૂકી પ્રસન્ન થાય છે. શિશુમનના આ ઉલ્લાસના ભાવનાં ચિત્રો ભાલણમાં મળે છે.

ભાલણની નજર વયવિકાસના આ પ્રથમ સોપાનના સૌંદર્ય પર અટકી છે.

' અલોલો હાલરું રે , પોઢો પોઢો સુંદરશ્યામ

પ્રાગવડને પાંદડે, પોઢયો તમારો તન રે
ચરણ અંગુષ્ઠ કર ધરી મુખમાંહે તે રાખ્યો રે[1] -પદ-૩૯

'સૂતો સૂતો અતિ હસે , હું હરખે હાલરું ગાઉં રે,

નિદ્રા કરો મારા નાનડિયા, હું બલિહારી જાઉં રે[૨] -પદ-૪૦

અહીં ' મારા નાનડિયા ' કહેવામાં માતૃહૃદયની જે કોમળ સ્નિગ્ધતા વ્યક્ત થઈ છે. તે ધ્યાન આપવા યોગ્ય છે. સાથે બાળકના હસવાથી ઉત્પન્ન થતી પ્રસન્નતા માતાના હૃદયને ભરી દે છે.

કેશવરામમાં પણ શિશુ કૃષ્ણને પોઢાડવાનો ઉલ્લેખ મળે છે.

કેશવરામ: ' ચાલો હેલી હરિને હીંડાલિયે ભોલી ઉગયો ભાન રે

પાલણે પુત્ર પોઢાડિ રુડો ગોકુલ કાન રે

સોનલા કેરું રે સુંદર પાલણું, મોતીડાં કેરાં દોર,

હીરલા કેરા તે જડયા હંસલા, માણિક કેરા મોર

વદન નીહાલે રે વલી વલી તોહે તૃપ્ત્ય ન થાય,

ત્યમ ત્યમમનોહર દે મરકલડા, માહાવજી પોઢયા રે માંય

સર્ગ: ૪

પ્રેમાનંદ: માં કૃષ્ણ એક મહિનાના થયા ત્યારે ચાર સ્ત્રીઓ પચરંગ પટની ઝોળીના ચાર છેડા પકડી ઊભી રહે છે, ને જશોદા કૃષ્ણને ઝોળીમાં પોઢાડે છે., ચંદન, કેસર, કુમકુમનાં છાંટણાં કર્યાં છે. જશોદાજી નાનાં છોકરાઓને કોપરાં વગેરે વહેંચે છે.

' માસ દિવસે કીધો સંસ્કાર, સૌભાગ્યવંતી ઊભી રહી ચાર

પચરંગ પટની ઝોળી કરી, ઊભી અબળા છેડા ધરી :

ચંદન કેસરકુમકુમ ઘણાં, પીળ્યાં કપાળ ગોપિકાતણાં,

મળ્યાં બહુ નહાનાં છોકરાં, જશોદાજી વહેંચે કોપરાં,

જશોદાએ ઊંચલી કરી ઝોળીમાં પહેરાડયા હરિ.

X X

ઝોળીએ ઝૂલો કહાન ગોવાળા, વ્રજની બાળા ગાય- હાલો હાલરું.ક:૨૫

અહીં પ્રેમાનંદે આ પ્રસંગે સાથે થોડીક આધ્યાત્મિકતા ગૂંથી દીધી છે.

જશોદા કૃષ્ણને ચાલતાં શીખવાડે છે. એનું વર્ણન ભાલણે બહુ ભાવવાહી કર્યું છે. એમાં જશોદાના મુગ્ધ હૃદયની અભિવ્યક્તિ થઈ છે, તો એથી ગોપીમાત્રને જે સુખ થાય છે તેને પણ ભાલણે વ્યક્ત કર્યું છે.

ભાલણ:

'પાવલો પારે હરિ ગોપાળ, જશોમતી હુલરાવે બાલ :
પગ ઉપર પગ ધરતી સહી: ડગમગ પગ માંડે શ્રીપતિ.[3]
સાંઈડું દઈ હરિને દઢપણે ક્ષણક્ષણ પ્રત્યે જાયે ભામણે
મુખ ચુંબે અતિ સ્નેહ કરી, એમ રમાડે જનની હરિ
વળી વળી પગ ઉપર હરિ ચઢે ગોપી સહુ જાયે દુખડે
ભાલણ પ્રભુની ક્રીડા ઘરની, બાલક રુપે વિશ્વનો ધણી :પદ:૩૩

તો બાળકની પાછળ પાછળ ચાલતી માતાનું ચિત્ર જુઓ:

પગલડે પગલડે પૂઠેથી હીંડું, ક્ષણું ક્ષણું લઈ હૃદયશું ભીડું 'પદ-૩૪

કેશવરામમાં પણ ઘૂંટણે ચાલતાં કંદોરાની કિંકિણિ વાગતાં, મલકી ઉઠતાં કૃષ્ણનું ચિત્ર જોઈએ:

'કટિ તણી કિંકિણિ જમ જમ વાજે, મનોહર મરકલે હરિ હશિ લાજે
રીંખણે કાન કોડામણ દીસે, જાનુભરય ચાલતા જનુની મન હીસે 'સર્ગ :૪:૬૪

તો ચાલતાં શીખતા કૃષ્ણ કેવા દેખાય છે ?

' હવે તે હરિને ચાલવું, સહુ શીખવે વ્રજનારય
જમ જમ સાહે આંગલી ત્યમ ત્યમ પડે મુરારય
ચાલ રે ચાલશીખવું આતા, જીજી ભણતી જશોમતી માતા-[4]
ડગલાં ભરતો ડગમગે દેવ સુરનરપન્નગ કરે તારી સેવ
અખિલ આધાર આધાર વિણ દીઠાં ...સર્ગ :૫

અહીં કેશવરામે પણ 'ડગમગે દેવ' અને 'વિશ્વના આધારને આધાર વિણ દીઠાં ' શબ્દોથી વિરોધાભાસ ઉભો કરી, કૃષ્ણનું બ્રહ્મત્વ સિધ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે.

ભાલણમાં કૃષ્ણને જશોદા બોલતાં શીખવે છે, તેનું સજીવ વર્ણન છે.

' તોતલું બોલવું શિખવે માત, વારણે જાઉંમારા જાત
અટપટી બોલી તે બોલે અધૂરી, યત્ન કરી કરે જશોદાપૂરી[5] -પદ:૩૫

અહીં બોલતા શીખતા બાળકની અધૂરી બોલી માતા પૂરી કરે છે.

એક સુંદર વાસ્તવિક ચિત્ર જોવા મળે છે.
જશોદા કૃષ્ણના દુધિયા દાંત પ્રથમવાર જુએ છે ત્યારે:

૧: ભાલણ: ' સુંદર વદન સોહામણું રે , નાનડિયા શા દંત રે -પદ'-૩૯

૨: કેશવરામ: ' નાનુડા દાંતને મુગ્ધ મીઠું, ભણતી જશોમતી એ ભલે દીઠું :સર્ગ :૪

કવિઓએ બાલકૃષ્ણમાં અલૌકિક શક્તિની સાથે અલૌકિક અને અસીમ સૌંદર્યની ભાવના સેવી છે. આથી કૃષ્ણની બાલક્રીડાઓની સાથે સાથે, તેમની મનોહારી અને પ્રતિક્ષણે નવીન આકર્ષણ ઉત્પન્ન કરનારી છબિ પણ પદે પદે અંકિત કરી છે. કૃષ્ણના રુપ સૌંદર્ય પર મુગ્ધ થવાની વૃતિ મોટે ભાગે સર્વ કૃષ્ણ કવિઓમાં જોવા મળે છે. કેટલાકમાં તો આ વૃત્તિ એટલી પ્રગાઢ જોવા મળે છે, કે કૃષ્ણનું કોઇ પણ ચરિત્ર, કોઈ પણ લીલાના વર્ણન વિના તેની અનિન્દ્ય છબિનું વર્ણન અસંભવ લાગે છે.

કવિની દષ્ટિ રહી રહીને બાહ્ય વ્યાપારો છોડી કૃષ્ણના મુખ અને શરીરશૃંગાર પર જઈ અટકે છે. કથાવસ્તુની ગતિ જાણે રુપાકર્ષણ આગળ જાણે શિથિલ પડી જતી હોય તેમ ઘણીવાર લાગે છે. કવિ રુપવર્ણન કરી કયારેક સ્વયં મુગ્ધ થઈ જાય છે, તો કયારેક ગોપીઓના માધ્યમથી તેમને રુપાસક્ત ચિત્રિત કરી સુખાનુભૂતિ પ્રાપ્ત કરે છે.

કવિઓ દ્વારા રચાયેલા કૃષ્ણના રુપચિત્રના બે પ્રકાર જોવા મળે છે: સ્થિર અને ગતિશીલ.

સ્થિર રુપચિત્રોમાં શરીરના કોઈ અંગ , કોઈ મુદ્રા, જીવનની ગતિશીલતાથી એને એક રીતે અલગ કરી વર્ણન કરવામાં આવે છે; તો ગતિશીલ રુપચિત્રોમાં જીવનની ગતિશીલતાના વિવિધ રુપો જોવા મળે છે. એમાં ગતિશીલતાની સાથે વિવિધતા અને અનેકરુપતાનો પણ સમાવેશ થાય છે.

અનેક કવિઓએ પોતાનાં કાવ્યોમાં કૃષ્ણની બાલછબિનું સુંદર વર્ણન કર્યું છે.

ભાલણ: 'વટસ્ય પત્રસ્ય પુટેશયાનમ્ બાલમુકુન્દમ્ મનસા સ્મરામિ'ના પ્રસિધ્ધ શ્લોકનો અનુબંધ ભાલણમાં જોવા મળે છે.

'પ્રાગવડને પાંદડે પોઢયો તમારો તન રે

ચરણ અંગુષ્ઠ કર ધરી મુખમાંહે તે રાખ્યો રે' પદ-૩૯

હાથમાં માખણ લઈ, આંગણામાં ઘૂંટણિયે ચાલતા કૃષ્ણની રુપમાધુરીનું પાન તેણે સુંદર રીતે કરાવ્યું છે:

'રંગે રીખે છે આંગણે રે, કરમાંહે નવનિત' પદ-૪૩

તો માતાના હાથમાં રહેલા માખણનું પ્રતિબિંબ ભીંતના મણિમાં જોઈ એ લેવા જતાં, ન મળતાં, રડતા કૃષ્ણનું ચિત્ર કેશવરામમાં પણ સુંદર મળે છે.

'કરે નવનીત મણિ ભીંત્યમાં દીઠૂં, માત આપે માખણ અતિ મીઠૂં

અંબ કહે : પ્રતિબિંબ છે ઓ આ અવર લૂણિ લેઉં લાડિકા લૌહા'

'નીહી નીહી' કહે વલી વલી જોઈ કેશવદાસ સ્વામી કપટે રોઈ'[1] -૬૫ સર્ગ ૫

મુખ, દાંત આદિ રુપાત્મક વસ્તુના સૌંદર્ય સાથે અરુપાત્મક વસ્તુ, 'તોતડી વાણી' વગેરેનું પણ સૌંદર્યાંકન મળે છે. આ રુપચિત્ર સ્થિર છે, તો એની અભિવ્યકિત ઋજુ છે.

ભાલણ:

'મુસ્તક મુગટ હીરે જડયોરે, જાણિયે ઉગ્યો ભાણ

પાછળ કચલટ લટકતી, રે મુખ બોલે અમૃતવાણ.

સુંદર વદન સોહામણું રે નાનડિયા શા દંત,

જાણે કમલમાં પ્રગટી રે કુંદકલી વિકસંત.

હાથે સાંકળાં હીરે જડયાં રે, પોંચી સોહિયે પાણ

કાંઈ કાલું શું બોલતો રે અમૃત ઉપમા વાણ -પદ-૪૩

તો તોતડી વાણીનું સૌંદર્ય પણ મીઠાશભર્યું લાગે છે.

' બોબડું બોલીને પ્રીત ઉપજાવે, એવું બોલવું શુક સનકાદિકને ભાવે '

પદ-૩૫

ગતિશીલ રુપચિત્રણ એ સ્થળે મળે છે. જયાં કવિઓએ બાલકૃષ્ણને દોડતા, નૃત્ય કરતા વર્ણવ્યા છે. નર્તિત કૃષ્ણના રુપાંકનમાં ભાલણ અને કેશવરામનું ધ્યાન કૃષ્ણની આંગિક ચેષ્ટાઓ પર વિશેષ કેન્દ્રિત થયું છે.

ભાલણ:

' જુઓ રે બાઈ કાનજી નાચે, જેના ગુણે બ્રહ્માદિક રાચે
આંખલડી સુંદર અણીયાલી આપણ સામું જુએ મીટવાળી
પાસે બાલક ઘુઘરીયાલાં મોહન ચરણતણા એ ચાળા
સુંદર જુઓ કેડનો લટકો, તેવો સોહિયે મુખનો મટકો
હસ્ત મસ્તકે કરતાં ડોલે, અમૃત સરખાં વચન તે તોલે પદ-૬૨
જો રે બાઈ નાચે છે નાચે છે કાલીદહમાં કહાન
નાગતણોમાથે પગ દઈને સુંદર સામલવાન -પદ-૮૬

કેશવરામ:

કિંકિણિને નાદે નરહરિ નાહાનડિયો નાચે
આંખડીને મચકડે માત યશોમતી રાચે
હલુએ હલુએ થૈઈ રે થેઈ ચાલે રે ચૈઆ
બાહુડી વલગો બાળ લાડકડા લૌહા રે રામ: સર્ગ:૫

માધવદાસ:

માં કાલી ઉપર નૃત્ય કરતા કૃષ્ણનું સુંદર વર્ણન છે.

'ઉભા આરંભે તાંડવ, ચરિત્ર તે અભિનવ
દીરઘ લઘુ લાઘવ, થેઈ થેઈ માધવ -૧૦
રાગણી ભેદ ને રાગ નાચે અતિ અનુરાગ
કોપે ધ્રુજે કાલીનાગ, ન પામે લાગ :૧૨

અપછરા સંગીત ગાન, અંતર રહયાં વીમાન

વાજીંત્ર મેલે તાન એક ધ્યાન -૧૩ અ:૧૭

છેડતા કૃષ્ણનું ચિત્ર પણ એટલું જ આકર્ષક અને સ્વાભાવિક છે:

ભાલણ:

૧: ' બાલક માંકડને ખવરાવે, નાચે પ્રમુદિત થાય રે

જનની ને આવંતી દેખી, ભયભિત થઈ નાસી જાય -પદ-૪૮

૨: મુખડું માખણે ખરડીઉં રે ખરડયા છે બેહુ હાથ

નાસે ને નીર નયણે ઝરે રે જે ચૌદ લોકનો નાથ :પદ:૪૯

કેશવરામ:

' જનની પછે ઝાલવાને જાય, ત્યમ ત્યમ આગલથા ઉજાય

સાહયો તો વલી સાચે રડે, તાણયો તો પાછેરો પડે

ધુલ્ય ધુસારવ લોટે ઘણું, મન આવરે માતા તણું -: સર્ગ :૫

એની ધૂળમાં આળોટતા બાળકનું ચિત્ર અત્યંત સજીવ છે.

માધવદાસ:

' તારે ક્રોધ આણી જસોદા, કરગ્રહી કોમલ લાકડી

શ્રીકૃષ્ણ કેરી પુઠે ધાય, પડે મારગે આખડી

આગળથી હરિ જાય નાઠા તે કેમે ઝલાયે નહી

માહા શ્રમ પામ્યાં જસોદાને દુખી સતી આકુલ થઈ

અ:૯:

પ્રેમાનંદ: ' ઘર આંગણે ધૂંટણિયે હીંડે મોડે મોડે

બીજે ફળિયે જાય, તહાં દડબડ દોડે : ક:૩૧

પકડવા દોડેલી માતા થકી જાણી, કૃષ્ણજાતે સામે આવી ઊભા રહયા. માતાએ હાથ ઝાલ્યા, ત્યારનું સુંદર ચિત્ર લક્ષ્મીદાસમાં મળે છે.

'થર થર ધ્રૂજે સાંહામૂ દેખીજી

અતિ ઓશીઆલા દીનવદંનજી, યમ તે શશીઅર છાયાધનજી

છાયા ઝીણી માંહિ વિરાજે, ચંદ્ર યમ દર્શનજી :પૃ:૨૫

પાદટીપ:

૧: આવા જ ભાવનું પદ સૂરદાસમાં પણ મળે છે.

'કર પગ ગહિ અંગૂઠા મુખ મેલત

પ્રભુ પોઢે પાલને અકેલે, હરખિ હરખિ અપનૈ રંગ ખેલત : સૂરસાગર પદ:૬૮૧ :

૨: સૂરદાસમાં પણ જશોદા હરિને પારણે ઝૂલાવે છે.

' યશોદા હરિ પાલને ઝુલાવૈ

કાહે ન આન સુવાવૈ

મેરે લાલકી આઉ નિંદરિયા : ~~સૂર સાથે અદ્ભુત આદશ્ય છે.~~

૩: ભાલણના આવા વર્ણનમાં સૂર સાથે અદ્ભુત આદેશ્ય છે.

સિખવતિ ચલન યશોદામૈયા

અખરાઈ કર પાનિ ગહાવત, ડગમગાઈ ધરની ધરૈ પૈયા

સૂરસાગર -દશમ- પૂર્વાર્ધ :પદ:૭૩૩

૪: સૂરમાં પણ આવું જ ચિત્ર જોવા મળે છે.

' લરખરાત ગિરિ પરત હૈ, ચલિ ઘુટુરુવનિ ધાવૈ

પુનિ ક્રમક્રમ ભુજ ટેકિ હૈ, પગ વ્દૈક ચલાવૈ : સૂરસાગર પદ:૭૩૦

૫: સૂરમાં ' કબહુઁ તોતર બોલે બોલત, કબહુઁ બોલત તાત ' - સૂરસાગર પદ:૭૧૮

૬: સૂરમાં : ' હરખિત દેખિ દૂધ કે દતિયાં પ્રેમ મગન તનકી સૂધિ ભૂલૈ

સૂરસાગર પદ:૭૦૦

૭: સૂરદાસમાં પણ બાલ સુલભ ઈર્ષ્યાવાળા , માખણ ખાતાને પોતાનું પ્રતિબિંબ જોઈ રિસાતા કૃષ્ણનું આવું જ ચિત્ર મળે છે.

' માખન ખાત હઁસત કિલકત હરિ પકરિ સ્વચ્છ ઘટ દેખ્યો

નિજ પ્રતિબિંબ નિરખિ રિસ માનત જાનત આન પરેખ્યૌ

વા ઘટમે કાહૂ કૈં લરિકા મેરી માખન ખાયૌ

X X

કહ્યૌ જાઈ જસુમતિ સૌ તતછન મૈ જનની સુત તેરૌ,

આજુ નન્દસુત ઔાર કિયૌ કછુ કિયૌ ન આદર મેરા.

સૂરસાગર -દશમ- પૂર્વાર્ધ :

પદ: ૮૧૧:

૮: નરસિંહે પણ નર્તિત કૃષ્ણનું ચિત્ર દોર્યું છે, પણ તેનું ધ્યાન વેણુવાદ્ય આદિ સમ્મિલિત ધ્વનિ તથા અલંકરણ પર છે.

૯: સૂરમાં આ વિશેષતાઓ ઉપરાંત બાળકની અનુકરણવૃત્તિ અને જશોદાની મુગ્ધ શીખવાડવામાં લીન મનોદશાવાળું ચિત્ર વધારે સજીવ અને ગતિશીલ લાગે છે. રુપવર્ણનમાં એમની દષ્ટિ વધારે સૂક્ષ્મ છે.

કેમકે કૃષ્ણની નાનીશી એડિયો નાચવાને કારણે લાલ થઈ ગઈ છે તે તેમણે વર્ણવ્યું છે:

આંગન સ્યામ નચાવહીં જસુમતિ નંદરાની

પાઈનિ નૂપુર બાજઈ, કટિ કિંકિનિ કૂજૈ

નાન્હી એડિયોંમે અરુનતા ફલ બિંબ ન પૂજૈ : સૂર :પદ: ૭૫૨

મૃતિકા ભક્ષણ અને વિશ્વરૂપદર્શન:

'શ્રીમદ્ ભાગવત' માં મૃત્તિકાભક્ષણના પ્રસંગમાં જશોદા દ્વારા કૃષ્ણના મુખમાં વિશ્વદર્શનનું વર્ણન તો મળે જ છે, પરંતુ એની પૂર્વે પણ એક સ્થળે બગાસું ખાતાં પણ વિશ્વદર્શનનો ઉલ્લેખ છે.

'પ્રીત પ્રાયસ્ય જનની સા તસ્ય રુચિરસ્મિતમ્ |
મુખમ્ લાલયતી રાજન્ જમ્ભતો દદૃશે ઈદમ્||૩૫||
સા વીક્ષ્ય વિશ્વં સહસા || ૩૭|| -૧૦:૭:

મૃતિકા ભક્ષણને સમયે ભાગવતકારે ફરીથી તેનું વર્ણન કંઈક વિસ્તૃત રૂપમાં કર્યું છે :

' સા તત્ર દદૃશે વિશ્વં જગત્સાસ્નુ ચ ખં દિશ: -૧૦:૮:૩૭

શાર્ઙ્ગધરપધ્ધતિમાં આ વિષયનો એક શ્લોક છે, જેના આધારે કહી શકાય કે પ્રાચીન કાળથી જ મૃત્તિકાભક્ષણ કાવ્યનો સ્વતંત્ર વિષય બની ચૂકયો હતો.

'કૃષ્ણેનામ્બ ગતેન રતુમધુના મૃદભક્ષિતા સ્વેચ્છયા
સત્યં કૃષ્ણ ક આહ હયેષ,મુસલી મિથ્યામ્બ પશ્યાનનમ્ |
વ્યાદેહીતિ વિદારિતે ચ વદને દૃષ્ટ્વા સમસ્તં જગત્
માતા યસ્ય જગામ વિસ્મયપદં,પાયાત્ સ વ: કેશવ:||

જૃમ્ભાને સ્થાને મૃતિકાભક્ષણના પ્રસંગે વિશ્વદર્શનનો વિષય અધિક પરંપરાપ્રસિધ્ધ જણાય છે. કેમકે ઘણા બધા કવિઓએ એને એ જ રૂપમાં પ્રસ્તુત કર્યો છે.

ભાગવતકારે કૃષ્ણનું માટી ખાવાનું વર્ણન સ્વતંત્રતાપૂર્વક ન કરી બલદેવ આદિ અન્ય ગોપ બાળકો દ્વારા થયેલી ફરિયાદથી એની વ્યંજના કરી છે.

નરસિંહે [1] અને ભીમે [2] મૃત્તિકાભક્ષણના પ્રસંગનો ઉલ્લેખ માત્ર કર્યો છે. ભાલણે આ વિષયનું વર્ણન જ નથી કર્યું. એના દશમમાં જે પ્રક્ષિપ્ત પદ મળે છે, તે વ્રજભાષામાં કોઈ 'રસાતલનાથ' નામના કવિનું છે :

' જશોદા મેં મિટ્ટી નહી ખાઈ, જૂઠે બોલ લગાવત હળધર
નંદરાયકી દુવાઈ, જશોદા મેં મિટ્ટી નહી ખાઈ :૧: પદ:૪૪

કેશવરામ:

ના ' કૃષ્ણક્રીડાકાવ્ય' માં તો પાંચમા સર્ગનું નામકરણ જ મૃદ્ભક્ષણ[3] પર કરવામાં આવ્યું છે. તેણે માટી ખાવાનું સ્પષ્ટ વર્ણન કર્યું છે:

' એક વાર હરિ મારગ મહિ, ખણી ખોઢરો માટી ખાય,
જશોદાને આવી ગોપે કહ્યૂં, બુધ્ય કરીને બાલક ગ્રહ્યૂં -૭૩
ખીરખાંડ ખાજાં નવ્ય ગમે, ગેહેલા ! તુજને માટી ગમે -૭૪
' ના ના મેં નથી ખાધી માતા કહે સહુ એ કૂડી વાત ' -૭૫
માત કહે :' મુખ તારૂં દાખ્ય, નહી તર સાચી માનૂં શાખ્ય ' સર્ગ:૫

અને માતાએ જોયું :

' બ્રહ્મલોક પર્યંત પાતાલ લોકસહિત દીશે લોકપાળ '
થાવર જંગમ અને જીવ જાત, શૈલ સૂર ને સાયર સાત ' -૭૭ -સર્ગ :૫

આ સ્થાવર જંગમ જગત સાથે માતાએ મુખમાં વ્રજ પણ જોયું.[૪] માતાજ્ઞાન પામી પણ વિસ્મય જતાં

'તતક્ષણ લઈ આરોપ્યો અંક, પુત્ર લઈ પોઢી પર્યંક -૮૨ સર્ગ :૫

તુલજારામ:

માં માટી ખાતાં, કૃષ્ણના મુખમાં જશોદા વિશ્વદર્શન કરે છે.

ત્યારે-' તવ જશોદા જિ એહેવુ દેખિ તાત્ર ધરે બહુ મનજી
મુખ તે હરિનુ અકલ જ દિઠૂં થરથર કંપે તનજી -૩૬
તવ શ્રીકૃષ્ણે એણિ પેરે જાણૂં માતા પામે ત્રાસજી
તો સંવરિ બાલક રુપ ધરિઉ સૂણ પરિક્ષાત ઉલાસજી -૩૭ - પૃ:૩૦

પ્રેમાનંદે:-

આ વિષયમાં વિશેષ મૌલિકતા ન દર્શાવી 'ભાગવત'નું જ અનુસરણ કર્યું છે, અને ભાગવતની જેમ જ બે વખત વિશ્વદર્શન જશોદાએ કર્યું. માતાનું દુ:ખ , ચિંતા જાણી હરિએ બગાસું ખાધું ને માતાને મુખમાં વિશ્વરૂપ દેખાડયું, જે જોઈ જશોદા અંતરમાં ત્રાસ પામી. આ વિશ્વરૂપનું વર્ણન પ્રેમાનંદે વિગતે આપ્યું છે. આ વિરાટરૂપ વદનમાં જોઈ તેને જ્ઞાન આવે છે કે આ કોનો પુત્ર ને હું કોની માતા ? આ તો અંતર્યામી છે. હું તો ફોગટની ચિંતા કરું છું. ત્યાં જ હરિએ માયા કરી. આંખ મીચી તે રોવા લાગ્યા ને

' પ્રગટી માયા જ્ઞાન ગયું રે, બાળક લેઈ ધવરાવ્યું ' -૪૭ ક:૨૮

બીજો પ્રસંગ મૃત્તિકા ભક્ષણનો છે:

' એક વાર કૌતિક કીધું નાથે, મૃત્તિકા ભક્ષણ કરી,
સ્વાદ લાગો સામળીયાને , મુખમાં મૂકે મૂઠડી ભરી -ક:૩૪

અહીં સ્વાદને લીધે માટી ખાવાની ભાવના અવશ્ય નવીન છે. રામના કહેવાથી જશોદા હાથમાં લાકડી લઈ આવ્યાં ને એમને જોતાં જ –

' વદનકળા ઊડી ગઈ, અંબા આવી ઊભી રહી,
કહે રે મુખમાં શું ભર્યું છે, શ્રીનાથ દેખાડે નહીં -૧૦
ગોવિંદ બોલે ગૂગણું, મન કરે નાસવા તણું
માતાએ બેહુ હાથ સ્હાયા, દેખાડ કે ચૈંટી ખણું.
મુખ વિકસ્યું શામળે, માટીનાં ઢેફાં કહાડિયાં
ફરી જોવા લાગી જશોમતી, બ્રહ્માંડ ત્રણ દેખાડિયાં -ક:૩૪

અહીં માટી ભરેલા મોં વડે ગુંગણું બોલતા અને નાસવા જતા કૃષ્ણ ગુનેગાર પુત્રને દેખાડ કે ચૈંટી ખણું – ની ધમકી આપતાં જશોદા-બંને પાત્રોનાં ચિત્રણ ખૂબ સ્વાભાવિક જીવંત ને વાસ્તવિક લાગે છે.

અને ' ચૌદ લોક વદનમાં દીઠા જનુની ફાટી રે
સ્વર્ગ મૃત્યુ પાતાળ વદનમાં સંસાર આણ્યો રે :ક:૩૪

જેના મુખમાં આખી પૃથ્વી, એને બે કટકા ખાવાથી પાંડુરોગ શું થાય ? જશોદા સુતનું સગપણ ભૂલી બ્રહ્મસ્વરુપ તેને જાણવા લાગી, પુત્રહેત મિથ્યા માણવા લાગી. ત્યાં કૃષ્ણે માયા વિસ્તારી, પુત્રભાવ પ્રગટ થયો.

પાદટીપ:-

૧: નરસિંહ કૃત કાવ્ય : પૃ:૨૬૮

૨: હરિલીલા ષોડશકલા: પૃ:૧૪૯

૩: બાલક્રીડા અને વિશ્વરુપદર્શન

૪: નંદદાસે એ વ્રજમાં કૃષ્ણજશોદાને પણ જશોદા એજ રુપમાં જુએ છે, તેમ વર્ણવ્યું છે.

માખણચોરી:

ભાવની દષ્ટિએ જોઈએ તો માખણચોરી શૈશવથી માંડી કિશોરાવસ્થા સુધીની સમસ્ત કૃષ્ણલીલાઓમાં મુખ્ય રહી છે. કૃષ્ણના આ રુપે કવિઓને વિશેષ આકર્ષિત કર્યા છે, અને પરિણામસ્વરુપ તેમની ઉર્વર કલ્પનાએ અનેકાનેક નવીન પરિસ્થિતિઓ અને ભાવ - પરિસ્થિતિઓની ઉદ્ભાવના કરી છે.

આમ તો મૂળ ભાગવત પર આધારિત હોવા છતાં આ પ્રસંગ ઘણી મૌલિક અને નવીન અનુભૂતિઓથી સમૃધ્ધ થયો છે. માખણચોર કૃષ્ણના ચોરી કરવાના બહાનાં, ચતુરતા, ભોળી મુખમુદ્રા, જશોદા પ્રતિ ગોપીઓનો ઉપાલંભ, ઉત્તરપ્રત્યુત્તર, ચોરી નિમિત્તે, દંડ દેવાથી ગોપીઓમાં સહાનુભૂતિનો ઉદ્રેક અને દંડ દેનાર માતાનો રોષ, ખીજ અને પશ્ચાત્તાપ આદિના આલેખન અને તત્સંબંધી ભાવોના સૂક્ષ્મ અને સ્વાભાવિક ચિત્રણ દ્વારા કવિઓએ પોતાની કાવ્યકુશળતાનો પરિચય આપ્યો છે.

કૃષ્ણલીલાના અનેક પ્રસંગોમાં માખણચોરીની આટલી સરસતાનું કારણ એ છે કે કવિઓ દ્વારા તે સામાન્ય ચોરીથી નિતાન્ત ભિન્ન, પ્રેમ અને આકર્ષણના ભાવોથી યુકત બન્યો છે. સામાન્ય ચોરીમાં ચોર પ્રતિ ન તો આકર્ષણ થાય છે, ન તો આપણને પોતાની વસ્તુ ચોરાઈ જાય તેવી લાલસા હોય છે, અને ચોરને દંડિત થતો જોઈ દયા અને પ્રેમ

ઉભરાતાં નથી. પરંતુ અહીં, માખણચોર કૃષ્ણ પ્રતિ ગોપીઓના હ્રદયમાં આ સર્વભાવનાઓ ઉત્પન્ન થાય છે.

માખણ ચોરી નાસી જતા કૃષ્ણનું સુંદર ચિત્ર ભાલણમાં મળે છે:

પથ્થર લઈ મહીની ગોળી ફોડી છે તેથી

'પૂર નદીની પેરે ચાલે, હરજી લોંદે માખણ ખાય રે,
ઉતારી આવી ત્યાં જોયુ તો કૌતુક દીઠું માય.
બાલક માંકડને ખવરાવે, નાચે પ્રમુદિત થાય રે
જનનીને આવંતી દેખી, ભયભિત થઈ નાસી જાય :પદ:૪૮

માતા હાથમાં છીમટી લઈ કૃષ્ણની પાછળ દોડે છે ત્યારે

' મુખડું માખણે ખરડીઉં રે, ખરડયા છે બેહુ હાથ,
નાસે ને નીર નયણે ઝરે રે, જે ચૌદ લોકનો નાથ ' પદ:૪૯

કેશવરામે:-

હાથ પેટ પરનું માખણ ભીંતે લૂછી, માખણ ચોરી નાસી જતા કૃષ્ણની ચતુરાઈ સુંદર વર્ણવી છે. રખેને અવાજથી પકડાઈ જવાય એ બીકે કેડે પહેરેલી ક્ષુદ્ર ઘટિકા ' હાથથી પકડીને કૃષ્ણ દોડે છે. નાના બાળકમાં ખૂબ સ્વાભાવિક એવુ આ ચિત્ર જોઈએ.

'કિહાંક નાનડિયો નવનીત, પેટ હાથ મુખ ભુશિ ભીત્ય
નાચ્ય દેખે નાશે આફણી, કર સાહી ઘટા કિંકણી -સર્ગ :૫

પ્રેમાનંદ નો કૃષ્ણ મિત્રો સાથે મળી નિરાંતે માખણ ખાય છે. ગૃહિણી આવતાં મિત્રો સાથે મળી, નિર્દોષ હોય તેમ હસી હસી તાળી આપે છે. જો કોઈ સ્ત્રી બીજાને ઘેર ગોરસ મૂકી આવે તો

'તેને ઉંબર બેસી બાળ સર્વ, લઘુશંકા નિત કરે ' પદ-૩૧

તો કૃષ્ણની ચોરી કરવાની વૃત્તિથી ખીજાતી ગોપીના હ્રદયમાં તેના પ્રતિ ઊંડો સ્નેહ છુપાયો છે, એ તરફ પ્રેમાનંદે ધ્યાન દોર્યું છે. :

'ગોપી આવી જશોદા પાસે, કરવા હરિની રાવજી,
વચન બોલે વહડવા સરખાં, હૃદે હરિ સાથે, ગોકુળ કેમ રહીયે .
એકલો હોય તો આદર કીજે, અમને હરિ વહાલો છે હાડજી,
સહ પરિવાર આવે સામળીયો, લાવે ગોપમર્કટની ધાડ '- ક:૩૨.

અહીં ગોપીઓ કૃષ્ણની વિવિધ રીતે માખણ ચોરવાની ફરિયાદ કરે છે. એક કહે છે કે મહીના માટને વળગવા જતાં કૃષ્ણને પકડતાં આંખમાં દૂધનો કોગળો કરે છે. બીજી પૂછે છે કે ગોરસ કેમ ઉતાર્યું તો કહે કે કીડી એમાંથી કાઢું છું[૧].આમ અનેક બહાના કાઢી માખણ ચોરી કરતા કૃષ્ણ સામે ગોપીઓ જશોદાને રાવ કરે છે. આ સ્થળે ગોપીઓની ભાવના એટલી હદે પહોંચે છે કે તે વ્રજગામ છોડી દેવાની વાત પણ કહી નાખે છે. પ્રેમાનંદનો ઉપાલંભ ભાવની આ સીમાને સ્પર્શ કરી લે છે:

' ગોકુલ કેમ રહીએ, ભાંગ્યો ગોરસનો વેપાર, કહોજી કયાં જઈએ ક:૩૨:
તમારે ઘેર એ ડાહયો થઈને રહેતો હશે, અહીં તો આખું ગોકુલ માથે લીધું.
'વય નહાની ને પ્રાક્રમ મહોટાં ' તેથી અમે કહીએ, જૂઠાં પડીએ, અતિશય થયું , માટે કહેવા આવી.

ભાલણનો ઉપાલંભ ભાવની આ સીમા સુધી પહોંચતો નથી.

પરમાણંદ
--------ના કૃષ્ણની ચતુરાઈ કાંઈ ઓર છે. સાથેના મિત્રોને કહે છે કે હું દોડું એટલે તમે પણ દોડવા માંડશો :

'હું જાઉં જાહરિ ફૂવડી[૬૬], તહ્મો મ રેશો ઉભા ઘડી,
એટલું કહી મુખ ભરઉ મહી, દ્વારે સહુકો આવ્યા વહી,
મહી છાંટા ચખે સુંદરી, સઉગ કો નાશી ગયા નીસરી -૧૨ : પૃ:૨૨

ઉપાલંભની બીજી સ્થિતિ એ છે, જયાં ગોપીઓની ફરિયાદ સાંભળી જશોદા કૃષ્ણને દંડ દે છે.[૨] જશોદાના હાથમાં સોટી અને કૃષ્ણને દોરડાથી બંધાયેલા જોઈ, ગોપીઓ તેને બીજી રીતે ઠપકો આપે છે. તેઓ જશોદાને 'ક્રૂર ' અને 'નિર્દય' જેવા શબ્દોથી નવાજે છે.[૩] કેમકે એકના

એક દીકરાને વૃધ્ધાવસ્થામાં પ્રાપ્ત કરનારી કઈ મા એવી હશે કે જે ખાવાપીવાની વાત પર તેને મારે પીટે ? અને એ પણ જયારે ઘરમાં દૂધ-દહીં ને માખણની ખાણ હોય ! આ પ્રકારના ઉપાલંભની ભાવના કવિઓમાં તીવ્રતમ રુપમાં જોવા મળે છે.

ભાલણ:

' જશોદા છોડો કહાનને, હું આપું ગોરસ ગોળી રે
એવડી રીસ ઘટે નહિ તમને, હું જાણું છું ભોળી ' પદ:૫૦

દોરડે બાંધેલા શ્યામને રડતા જોઈ, અમારું મન દાઝે છે-કારણ કે

' વહાલો એ છે આખા ગામને રે, કહો કેટલું કીધું છે એણે જાન હો
અપે સહુ મળી આપિયે રે, જે વણસાડયું હોય સામલવાન હો -પદ:૫૩

પરમાણંદ: માં અહીં એક વ્રજભાષાનું પદ મળે છે :

' જશોમતી તુમહે કઠણ કઠોર, એહી કૃષ્ણ બાંધ્યો ગૌબંધન
માખણ હેત તુહી કરત હે શોર -૧૮
જબ હમ રાવ સુતનકી આવ, ખીજતિ અમ યે લઈ તુમ તોર
અબકી ઉભે દેન લાગત ગોરસકી પીર પરાઈએ શીદ ઓર -૧૯: પૃ:૨૨

પ્રેમાનંદ:

ગોપાંગના સહુ માગે માન, અમ કને લ્યો જે થયું હોય જાન,
અમૃત ઘડો બાળકથી ઢળે, શું બાંધ્યો બાળક ઉખળે.
ખૂંચે દોરડા પડિયા પાશ, મોહોટી મીરાંત ઢોળાઈ છાસ
બાઈ છોડો અમારું મન ઉકળે , શું બાંધ્યો બાળક ઉખળે :ક:૩૭
છોડો પુત્ર એ અમને પાડ, એક જ એકનાં પહોતાં લાડ
ઘણાં હેતથી બાળક છળે શું બાંધ્યો બાળક ઉખળે

અહીં ' શું બાળક બાંધો ઉખળે ' ના ઉપાલંભમાં અને ' મોહોટી મીરાંત ઢોળાઈ છાસ

' એક જ એકનાં પહોતાં લાડ' માં છુપાયેલો કટાક્ષ – ગોપીઓના હૈયાની વેદના અને કૃષ્ણ પ્રત્યેનો સ્નેહ સચોટ રીતે વ્યક્ત કરે છે.

પણ જશોદાને કયાં માખણની પડી છે ! એકના એક દીકરા માટે ગોપીઓ ગમે તેમ બોલે એ ઓલભા કેમ ખમાય ![4]

ભાલણ:
' મારો કુંવર વણસે રે, તમારું આવે ને જાએ

ઢોળ્યાનું દુખ નથી લાગતું, એ ઓલભા નવ ખમાય — પદ:૫૧

પરમાણંદ:
' નિત નિત રાવ કરો તહ્મો, કમ સહુ અન્યાઈ ' પૃ:૨૩

પ્રેમાનંદ:
માં જશોદા 'તમને તો બાધતી નથી ને ? કહી ગોપીઓ પર ખીજાય છે.

'તમો રાવ દહાડી લાવતી, નથી લાજતી આજ મુકાવતી

મોહડે રુડાં ભૂંડા પૂંઠળે , તમને શું બાધ્યાં ઊખળે :ક:૩૭

ભાલણ, પ્રેમાનંદ-બંનેની જશોદા ગોપીઓને ' મોનાં મીઠાં મેલાં મનનાં અને ' મોહકે રુડાં ભૂંડાં પૂંઠળે ' કહી મારે ઘેર કયાં ખોટ છે તેમ કહે છે.

ભાલણ: ' નવલક્ષ ઘેર ધેનુ દુઝે માહરે રે, આલીગારો કરતાં હીંડે આળ હો ' પદ:૫૪

પ્રેમાનંદ:
' રંક જાત આહીરાં તણી, વિભૂતિ દશ ગાય દૂઝણી –૭૫

અભિમાન કીજે શ્યાંભણી, હું પે સગાઈ તમારી ઘણી : ક:૩૭

અને આ રાવ ફરિયાદમાં રડતા અને માખણ ખાતા કૃષ્ણનું કેટલા ચિત્તાકર્ષક લાગે છે ! સાથે દુ:ખી થતા મિત્રોની ટોળી !

ભાલણ:
' આગળ ઉભા દુ:ખ ધરે છે, બાલક સઘળી ટોલી રે :

અખિડી અતિ અણીયાળી એની, થઈ છે રોતાં રોંતી ચોલી 'પદ:૫૦

પ્રેમાનંદ: ' રુદન કરે હીંડે સામળો, તણાય પૂઠેથી ઊભળો
ઘસરડો ઊભળનો થાય, સરોડાં બહુ તણાયાં જાય
નવનીત ગ્રહ્યું કરમહાંય , ચાલે રુએ ને માખણ ખાય
વ્રજ સાથ જોવા સહુ મળ્યો, જમુના ઝપાવા બાળક પળ્યો ' ક:૩૭

હાથમાં માખણ સાથે રડતાં રડતાં ચાલતાં અને માખણ ખાતા કૃષ્ણનું ચિત્ર ખૂબ વાસ્તવિક લાગે છે.

પાદટીપ:

૧: સૂરમાં પણ આજ ભાવ મળે છે.

'શ્યામ કહા ચાહત સે ડોલત
પાઈ આઈ અકેલે ઘરમેં દધિ ભાજનમેં હાથ
મૈં જાન્યૈ યહ ઘર હૈ મેરૈ તા ધોખૈં મેં આયૈ
દેખત હૌં ગોરસ મેં ચીંટી, કાઢન કૌં કર નાયૌ. સૂરસાગર: પદ:૨૭૯

૨: સૂરની જશોદા:

'સંટિયા લિયે હાથ નન્દરાની થરથરાત રિસ ગાત
મારે બિના આજુ જો છોડૈ લાગૈં મેરે તાત : સૂરસાગર પદ: ૯૫૯

૩: સૂરમાં ગોપીઓની સાથે બલરામ પણ નાના ભાઈનો પક્ષ લઈ માતા સાથે દલીલો કરે છે. ' કાહેકો હરિ ઈતનો ત્રાસ્યૌ
સુનિરી મૈયા, મેર ભૈયા કિતનૈ ગોરસ નાસ્યૌ
જબ રજુ સૌં કર ગાઢૈ બાંધે, છર છર મારી સાંટી
સુનૈ ઘર બાબા નંદ નાહીં ઐસૈ કરિ હરિ ડાંટી : સૂરસાગર પદ: ૯૬૩

૪: સૂરની જશોદાનું કોમળ માતૃહૃદય બેટાને બાંધીને શાંતિ કયાંથી પામે ? અશાંતિને લીધે તે ગોપીઓ પર ખીજાય છે. માતૃહૃદયની વિવશતાનું અહીં સુંદર ચિત્રણ થયું છે.
જાહુ ચલી અપને અપને ઘર
તુમહી સબ મિલિ ઢીઢ કરાયૌ, અબ આઈ બંધન છોરન બર :સૂરસાગર પદ:૯૬૩

કહન લગી અબ બઢિ બઢિ બાત

ઢોટા મેરૌ તુમહિં બંધાયૌ તનક હિં માખન ખાત ': સૂરસાગર:પદ: ૯૭૩.

: ગૌચારણ લીલા :

કૃષ્ણના ગૌચારી રુપ પ્રતિ કવિઓએ જાણે અત્યંત આસકિત દર્શાવી છે. વાસ્તવમાં રાજસી વેશની અપેક્ષાએ સરલ વન્યવેશ જ કવિઓને વધુ આકર્ષક લાગ્યો છે.

મૂળ ભાગવતના, 'વહાપીડ નટવરવપુ: કર્ણયો: કર્ણિકારમ્ ' ને અનુરુપ કૃષ્ણને મોરપીંછ ધારણ કરેલા નટવરવેશમાં નિરુપિત કરતાં નરસિંહ,ભાલણ,મીરાં, પ્રેમાનંદ આદિએ પોતાનો વિશેષ ભાવ દર્શાવ્યો છે.

ભાલણ: માં કૃષ્ણના વનચારી રુપ પ્રતિ આસકત ગોપીઓની મનોદશાનુ અતિ ભાવકુતાથી કરેલું વર્ણન મળે છે. એક ગોપીને સ્ત્રી હોવાનુ દુ:ખ છે. કેમ કે તે આખો દિવસ કૃષ્ણ સાથે વનમાં રહી શકતી નથી. આથી તે વિચારે છે કે કોઇક વિદ્યાથી જો તે દિવસે પુરુષ અને રાત્રે સ્ત્રી બની જાય તો કેટલું સારું !

' જો વિદ્યા એવડી આવડે રે, થાઉં દિવસે નર ને રાતે નાર

પગલે પગલે પરવરું રે પધારે જયાં પ્રાણાધાર -પદ:૮૨

નારી દેહડી કાં સરજિયાં,નહિ તો રહેતાં જી સંગ' પદ:૯૩

કયારેક તે નંદજશોદાના ભાગ્યને ધન્યવાદ આપે છે, જેને આવો પુત્ર છે . કયારેક તે વનમાંથી થાકીને આવે તો કૃષ્ણનો પરસેવો સુકવવા વાયુ કરવાની કામના કરે છે. કૃષ્ણમાં એનું મન 'દૂધમાં સાકર' ભળે તેમ ભળી ગયુ છે. તેથી જ કૃષ્ણની વાંસળી બની[1],તેની સાથે રહેવાની અને અધરામૃત પીવાની અભિલાષા સેવે છે.

' શે નવ સરજયા રે વાંસળી , રહેતાં પ્રભુજીને પાણ

અધર અમૃત રસ ચાખતાં , જે રસ વેદપુરાણ -પદ-૯૩:

માધવદાસ: માં કૃષ્ણના નટવરવેશનું સુંદર ચિત્ર મળે છે:

'નટવરવેષ સોહયામણોને પ્રભુ સુંદર સામલવાન રે
મોરપીંછ સીર સોહે ચંદ્રિકા, બેહુ કુંડલ ઝલકે કાહાન રે
હાર ગલે ગુંજામણીનો, પેહેરણ પીત્ય પટકુલ રે
મધુરી વહે પ્રભુ વાંસલી , સ્વીતનયા અનુકૂળ રે : પૃ:૫૩

લક્ષ્મીદાસ:
-------- માં કૃષ્ણ સરખે સરખા ગોપબાળકો સાથે વનમાં ગાયો ચરાવવા જાય છે. વિવિધ રમતો રમતા, નૃત્યગાન ને હાસ્ય કૌતુક કરતા તેઓ પોતપોતાનાં વાછડાં છોડી જાય છે.

શીંગ વૂ મૌયરવ વેણા વાય હરિ અશરણશર્ણ
બરૂહ ગુંજા કુસુમ નાના ગ્રંથ તે આભ્રણ -૯
ભમરી દેતા ઝૂલતા વલી ચેલવાય અંગ ,
એક એકની પૂઠે ધાતા કરિ નવ નવા રંગ '-૧૧ પૃ:૩૧

આવા જ પ્રસંગે પ્રેમાનંદમાં ગ્વાલબાલોની સાથે પ્રથમવાર ગૌચારણાર્થે વન જતા કૃષ્ણ પ્રતિ નંદજશોદાની મમતામયી ચિંતા અને એને મળતાં થતી પ્રસન્નતાનું અત્યંત મોહક ચિત્રાંકન કર્યું છે.

જયારે બાલકૃષ્ણ કુળકર્મ કરવાનું નંદજીને કહે છે ત્યારે નંદજીને તેને ના કહે છે '
'તુ નાનો છે, તારા કોમળ પગમાં કુશાગ્ર ખૂંચે, સાપ, વાઘ વરુથી તું બીજાય' અને -
' ઉનાળે તાવડ ચોમાસે મેહ, શિયાળે ટહાડ સહે કેમ દેહ ' ૯૦: ક:૪૦
આ સાંભળી ગોવિંદ રડતા રડતા મા પાસે ગયાં.
'હદય ઉઘરકે ડસકાં ભરે'-માતા આસવાસના કરે છે .ત્યારે કૃષ્ણ ફરિયાદ કરતાં કહે છે કે બળભદ્ર કેમ વાછરું ચારે છે ? મને પણ મોકલો . મા એને લઈ નંદને કહે છે અને નંદ તરત ' કાં નહી સુંદરી ' કહી મંજૂરી આપે છે. અહીં માતા દ્વારા જ પુત્ર પોતાનું કામ કઢાવી લે છે, એ સત્યનો જાણે પ્રેમાનંદે સ્વીકાર કર્યો છે. બીજે દિવસે નંદ તેને પાઘડી પહેરાવે છે અને જશોદા કાજળ લગાવે છે. તૈયાર થતાં કૃષ્ણ દર્પણમાં મુખ જોવાનું ભૂલતા નથી.

નંદજી સારું મુહૂર્ત જોવડાવી , ઋષિમુનિઓ પાસે અભિષેચન કરાવી વિપ્રોને દાન આપે છે, વાછરડાંની પૂજા કરે છે:

' કાછ કછ્યો પીતાંબર પટે જડિત કંદોરો બાંધ્યો કટે
મસ્તક મોળિયું બાંધે તાત, આંજે લોચન જશોદામાત,
કુંડર હાર ભુજે બાજુબંધ, દર્પણમાં મુખ નિરખે ગોવિંદ
કટિયે ઘૂઘરી ઘમઘમતી, પાયે મોજડી ચમચમતી
એક સીકું સાથે બંધન કરી, રકત જેષ્ટિકા સ્કંધે ધરી: ક:૪૦

આવું રૂપ જોઈ નંદરાયની આંખમાં હર્ષાશ્રુ ઉભરાય છે, માતા મીઠડાં લઈ નજર ન લાગે માટે:

' એક શ્યામ બિંદુ કીધું ગાલ, ઠમક ચમકતી ચાલે ચાલ.
માતપિતાને નમિયા પાય, આશિષ લઈ પ્રભુ વનમાં જાય: ક:૪૦:

હાથમાં પુષ્પનો દડો અને કનકની ગેડી રમવા માટે આપ્યા. નંદ-જશોદા સાથે બધા વ્રજવાસીઓ ભાગોળે સુધી વળાવવા ગયા અને અન્ય ગોપોને કૃષ્ણની સોંપણી કરતા નંદ કહેવા લાગ્યા કે તે પડે આખડે તો હાથ પકડજો, થોડી થોડી વારે જળ પાશો અને રડે તો વહેલા ઘેર લઈ આવજો. અહીં માતાપિતાની ચિંતાયુક્ત વાત્સલ્ય પ્રેમ જોવા મળે છે.

પાદટીપ:

---------

૧: કવિ મતિરામમાં આજ ભાવ જોવા મળે છે :

હથૈ વનમાલ હિયે લગિયે અરઉહથૈ મુરલી અધરારસ પીજૈ'

– મતિરામ ગ્રંથાવલી:

## -:: ઊખળબંધન અને યમલાર્જુન મોક્ષ :: -

'શ્રીમદ્ ભાગવત' માં મળતી આ કથા 'હરિવંશ' , 'બ્રહ્મવૈવર્ત ' તથા 'પદ્મપુરાણ' ની કથાથી થોડીક જુદી અને વધારે પરિવર્ધિત છે. મોટાભાગના કવિઓએ આમાં ભાગવતનું જ અનુકરણ કર્યું છે. કેવળ પ્રેમાનંદ જ અપવાદરુપ છે. કેમ કે તેણે પોતાના દશમમાં ' ભાગવત'અને 'બ્રહ્મવૈવર્ત - બંનેનું મિશ્રણ કર્યું છે. પ્રેમાનંદ ઉપરાંત ભાલણ, કેશવરામ,પરમાણંદ ઈત્યાદિ કવિઓએ પણ આ કથા વર્ણવી છે.

ભાલણ:
----- માં ચૂલે દૂધ ઉભરાતાં જશોદા કાનને છોડીને જતાં, ગુસ્સે થયેલા કાને પથ્થર લઈ ગોળો ફોડી, મહીનું પૂર ચાલ્યું, માખણ ખાધું, ખવડાવ્યું ને માતાને આવતાં જોઈ ભયથી ભાગ્યા :

' પૂર નદીની પેરે ચાલે, હરજી લોંદે માખણ ખાય રે
બાલક માંકડને ખવરાવે,નાચે પ્રમુદિત થાય રે
જનનીને આવતી દેખી ભયભિત થઈ નાસી જાય . પદ:૪૮
×
કરમાંહે લઈ કામઠી રે કુંવર પૂઠે ધાય ,
રીસે લોચન રાતડાંરે, જશોદાજી શ્વાસ ભરાય
મુખડું માખણે ખરડીઉ રે, ખરડયા છે બેહુ હાથ
નાસે ને નીર નયણે ઝરેરે, જે ચૌદ લોકનો નાથ -પદ:૪૯

અહીં માખણ ખરડવા, રડતા ને નાસતા કૃષ્ણનું સુંદર ચિત્ર કવિએ આપ્યું છે. પુત્ર પાછળ દોડતી માતાને જોઈ ગોવાલણીઓને કૌતુક થયું. છેવટે માતાને થાકી જાણી, કૃષ્ણ બંધાયા. બાકીનું તેણે અનુવાદાત્મક આપ્યું છે.

કેશવરામ:
------- પણ ભાગવતને જ વફાદાર રહયા છે. તેમણે પણ માખણ ખાતાને નાસતા કૃષ્ણ ને પાછળ દોડતી જશોદાનું ચિત્ર રમણીય આપ્યું છે.

એકવાર ચડયો ઉખલે, દોહોણૂં કાણૂં કીધું તલે,

માખણ આપે માંકડ હાથ્થ, સદા વહે જે લીધે સાથ્થ.

શંકિત નેત્ર, મુગ્ધ મુખ હાસ, મોડિ શૂં માયાથી પાશ ! -૧૪

ત્યાં હિંથી નાઠા કૃષ્ણ ઉતરી, યશોમતી કેડયે નીસરી:

થિનગિન થિનગિન જમ જમ જાય, પગિ પગિ પુઠિથી ઉજાય -૧૫

કટિ પોહોળી , સ્તન ભરિયા ભાર, ઉપરયે થ્યો પ્રસ્વેદ અપાર,

દુર્લભ યોગી જનને જેહ, ઘણે કષ્ટે કરી સાહયો તેહ -૧૬

કૃત અપરાધ રુદન તે કરે, મશી ભૂંસી, મસ હુસકાં ભરે,

ધ્રૂજે ને વળી ચોલે અક્ષ, કાલૂ બોલે મનોહર મુખ્ય -૧૭ સર્ગ : ૬

અહીં પકડાયેલા માખણચોરનું વર્તન ખૂબ સ્વાભાવિક ને સાહજિક છે.

પરમાણંદ:
------- માં હરિ પાષાણથી ગોળી ફોડતાં

ગોરસ ઘરમાં ચાલ્યું તથા, પૂર આષાડી આવ્યું જદા -૯૮ પૃ:૨૧

તો માટ પર હાથ ન પહોંચતાં તેણે યુક્તિ કરી :

ઉખલ અવલો નાખયો, ઉતારયું નવનીત,

ભક્ષ કરેવા આપયુ જે બાલિક સાથિ પ્રીત: ૨- પૃ:૨૧

જશોદા આવતાં કૃષ્ણ નાઠા ગોપીને ઘેર- ગોપી પકડતાં નાસી જવાનો પ્રયત્ન કરે છે. સાથેના મિત્રો- મરકટને તે કહેવા લાગ્યા :

હું જાઉ જાહારિ દડવડી, તહ્મો મ રેશો ઉભા ઘડી

એહવું કહી મુખ ભરઉ મહી, દ્દારે સહુકો આવ્યા વહી,

મહી છાંટી ચખે સુંદરી, સંગ કો નાશી ગયા નીસરી -૧૨ પૃ:૨૨

જશોદા પાછળ દોડયાં , ન પકડાતાં વ્યાકુલ થયાં, તે જોઈ, તે જાતે બંધાયા :

લક્ષ્મીદાસ:
-------- માં કૃષ્ણ મહી ભરેલી ગોળી ફોડતાં રેલછેલ થઈ રહે છે :

યાંહાં દધીમથાન ગોલી પૂર્ણ ભરે તક્ર માખણ,

નિરખે કમલનયણ, નાખે પાષાણ -૬

મંદિરમાહાં ચાલી રેલ્ય, સઘલે થયૂ છેલ્યરેલ્ય,

જોવનિ ધાયાં સાહેલ્ય, કરે છે ગેલ -૭ પૃ:૨૪

આ જોઈ મા ગુસ્સે થયાં ને કૃષ્ણ પલાયન થયા. તેથી માતા હાથમાં છીમડી લઈ પાછળ દોડયાં. પણ કેટલું દોડાયા?

સાસ ભરાયે , બલ ખૂટે, ધાય યમ મીરાત્ય લૂટે

મસ્તક વેણી વછૂટે માલા તે તૂટિ -૧૬

સ્થૂલ તે નીંતબ ભાગ , માતાજીના હારા પાગ

સ્વેદ ભરયિ મહાભાગ, ન પાંમે લાગ -૧૭ પૃ:૨૫

માતાને થાકી જાણી, જાતે પકડાયા, તો કેવા લાગે છે ?

થરથર ધૂજે સાંહામૂ દેખીજી,

અતિ ઓશીઆલા દીનવંદનજી, યમ તે શશીઅર છાયા ઘનજી -૪

છાયા ઝીણી માંહિ વિરાજે, ચંદ્ર યમ દરશંનજી,

સારંગ ઘિરય મ ગ્રહા પાંણિ કરે અતિ રૂદન :૫: પૃ:૨૫

પ્રેમાનંદ: માં ' ભાગવત' તથા 'બ્રહ્મવૈવર્ત - બંને કથાઓનું સંમિશ્રણ અને સ્વકલ્પિત વર્ણન મળે છે.

' બ્રહ્મવૈવર્ત '[1] માં નારદના શાપથી કેવળ એક કુબેરપુત્ર નલકુબેર જે રંભા સાથે ક્રીડા કરી રહયો હતો, તે અર્જુનવૃક્ષ થઈ ગયો, તેનું વર્ણન છે. પરંતુ ' ભાગવત'[2] માં નલકુબેર અને મણિગ્રીવ - બંનેનું વર્ણન છે. પ્રેમાનંદે નલકુબેર અને મણિગ્રીવ -બંનેનું રંભા સાથેનું રમણ વર્ણવ્યું છે.[3] ' બ્રહ્મવૈવર્ત ' માં જયાં 'બધ્ધ વસ્ત્રેણ વૃક્ષે ચ ' લખ્યું છે, ત્યાં પ્રેમાનંદે વસ્ત્રનો સ્વીકાર ન કરતાં ભાગતોકત ' દામ' નો જ સ્વીકાર કર્યો છે. પરંતુ બીજી બાજુ , વૃક્ષ પડતાં ભાગતાં નંદજશોદા વચ્ચે જે વિસંવાદ થાય છે, જેનો સંકેત 'બ્રહ્મ-વૈવર્ત '[4] માં છે, તેને સ્થાન આપ્યું છે.[5] એટલું જ નહિ, પ્રેમાનંદે સ્વકલ્પનાથી ~~માતાપિતાના~~

માતાપિતાના કલહની ગંભીર પરિસ્થિતિનો શુભ પરિહાર કર્યો છે, જે ' બ્રહ્મવૈવર્ત' માં નથી.

પ્રેમાનંદ ના કૃષ્ણ 'પય પુત્રપેં વહાલું દીસે રે ' જાણી, પાષાણથી ગોળી ભાંગી, ગોરસ પીધું, મિત્રોની છાસ પીવડાવી. મરકટને માખણ ખવડાવ્યું. મિત્રોને કહે ,

' ગોળી ભાંજીશ આવજો નિત્યે રે', ત્યાં જ જશોદા આવ્યાં:

' કોણે કીધો કહેર રે '-પૂછતાં , માતાનો સાદ સાંભળી હરિ નાઠા—

પરસાળ છાબે છબછબે, જેમ તળાવની લેહેરીહો -૫

આખા ગોરસનું ઉજડ વાળ્યું, દીકરો કે વેરી હો -ક:૩૬

સાથેનાં મિત્રો પણ નાઠા, માકડાં ઝાડ પર ચઢયાં, પુત્ર પાછળ દોડતાં જશોદાજીનો—

છેડો ખસી ખસી જાય, વેણી વીખરી રે

થાકી જશોદામાત ધાતાં ઢળી પડયાં રે

પુનરપિ બેઠાં થાય, અંબા શ્રવાસે ભરીરે

તાળી દઈ હસે ગોવાળ, દાઝે માવડી રે -૨૦

છે આંસુ ભર્યાં લોચન દીસે સોહામણાં રે,

છે ક્રોધે ભર્યું કપાળ, રીસે તરડિયું રે :ક:૩૬

અહીં દોડતી જશોદાનું ચિત્ર ખૂબ વાસ્તવિક છે, તો તાળી દઈ હસતા ગોવાળ, ને દાઝતી માવડી, આંસુભર્યાં નયનથી સોહામણાં લાગતા કૃષ્ણ ને ક્રોધથી તરડાયેલાં કપાળવાળાં જશોદા – બે વિરોધી ચિત્રો એકબીજાને પડખે વધુ રમણીય લાગે છે. તો નાસતા ને માખણથી ખરડાયેલા દેહવાળા કૃષ્ણનું ચિત્ર પણ એનાથી જરાયે ઉતરતું નથી:

નાસે ત્રિભુવન નાથ, જુએ ફરીફરી રે -૨૬

છે ગોરસે ખરડયો દેહ, તક્રનાં બિંદુ ઝરે રે

એહેવાં દુ:ખમાં દીનાનાથ માખણ ભક્ષા કરે રે ક-૩૬:

માતાને થાકેલી જોઈ, કૃષ્ણ આવ્યા :

કહો તેવા ખાઉં સમ, આ વારકી મૂકો રે :ક:૩૬

અને માતાએ ' પાખો ટે ગ્રહી ', ઘરમાં લાવી દોરડાથી બાંધવા માંડયાં :

બાંધે ઊખળે બ્રહ્મને નંદનારી

દક્ષિણ પાણિ નવનીત દઢમુષ્ટિ વાળી,

તતસમે કરે ભક્ષા રુએ વનમાળી -૩૮ ક:૩૭

આખી ગૌશાળાનાં દોરડાં લાવી કૃષ્ણને માતાએ બાંધવા માંડયાં, પણ ' રહે ટૂંકડું ગાંગળ ચાર રે ! ભાગવતમાં ' તદપિ દ્વયંગુલં -ન્યૂનં ' લખેલું છે. બધા કવિઓએ એનું જ અનુકરણ કર્યું છે. પરંતુ પ્રેમાનંદે બેને સ્થાને ' ચાર આંગળ ' અહીં કર્યું છે. લક્ષ્મીદાસમાં ભાગવતાનુસાર ઘરનાં બધાં દામણાંનો ઉલ્લેખ મળે છે. તો પરમાણંદ અને માધવદાસમાં ' નવલક્ષા દામણાં 'નો ઉલ્લેખ થયો છે.

પ્રેમાનંદે યમલાર્જુનને યમુના તટવર્તી તથા તેમના પડવાથી કૃષ્ણનું છુપાઈ જવાનું ચિત્રિત કર્યું છે, તે પણ તેની જ કલ્પના છે, ભાગવતમાં નથી:

વૃક્ષા રુપે જક્ષાનંદન, રહ્યા જમુનાતીર રે -ક:૩૮

' ભાગવત' ના વર્ણનથી એવું લાગે છે કે વૃક્ષા ઘરની નજીક હતાં. આ ઘટનાના અંતમાં કૃષ્ણનો યમુના તટ પર રમવા જવાનો ઉલ્લેખ ' સરિતતીરં ગતં કૃષ્ણ ભગ્નાર્જુનમથાહ્વયત્ ' એની વધારે પુષ્ટિ કરે છે.

વૃક્ષા પડતાં -

દ્રુમલતામાં ગુપ્ત થયા, ગોવિંદ શોધ્યા નવ જડિયા -૨

શ્વાસ ભરાયા નંદજી આવ્યા, પૂછે જશોદા રાણી -ક:૩૯

અને ત્યાં વૃક્ષાલતાપત્રની ઘટામાં ઘૂંટણિયે ચાલતા ઘનશ્યામને લોકોએ શોધી કાઢયા. કઠિણ દામણાં આવા સુકુમાર પર કોણે બાંધ્યાં? આ પ્રશ્નના જવાબમાં જશોદાનું નામ સાંભળી નંદે:

કૂર દષ્ટે જોયું સ્ત્રી સામું, કૃષ્ણને કહે છોડું બાપ -૧૭ :ક:૩૯

અહીં નંદની એક આંખ જશોદા પર ક્રોધની જ્વાળા વર્ષાવતી લાગે છે, તો બીજી આંખ કૃષ્ણ પ્રત્યે વાત્સલ્ય વરસાવી રહી છે. નંદે ગુસ્સામાં જ અન્ય બાળકોને હાંકવા માંડયાં ત્યારે બાળકો

કહે:

સ્ત્રીએ બાંધ્યો, પુત્રે વૃક્ષ પાડયાં, એમ ઉપર રીસ શાની -૨૬ કઃ૩૯:

મૌન થઈ, નંદ પુત્રને લઈ ઘેર ગયા. જશોદા પાછળ પાછળ ઓશિયાળાં થઈ ચાલવા લાગ્યાં ને નંદનો ગુસ્સો ગયો.

આ ગોળી માટે બાળક બાંધ્યો કેમ ચાલ્યું તહારું મન

નંદ કહે એવું ભાસે છે શકે, તેં નથી પ્રસવ્યો તન -૩૦

પુત્ર પેં તુંને ગોરસ વહાલું નેત્ર ભર્યાં નંદરાય

લોહ વજ્રપેં કઠિણ દીસે, જસોદા તાહારું હૃદે

પ્રીત શાની સ્વામી ઉપર,કોઈ એકદહાડો ઘર ઘાલ -કઃ૩૯

અહીં ૩૦ મી પંકિતમાં , નંદના ઉચ્ચારણમાં પ્રેમાનંદનો મમાંળો કટાક્ષ જોવા મળે છે. આ વચનો સાંભળી જશોદા મૃત્યુતુલ્ય થયાં. મનમાં થયું કે જમુનામાં ઝંપાવું.

માતાપિતા વચ્ચેના વિસંવાદમાં બાળક કડી રુંલેખાય. અહીં કાનાને લાગ્યું કે માતા મરશે, તેથી તેમને આનંદ ઉપજાવવા કાલું બોલી કહયું :

'દોરડે મુને રક્ષા બાંધી, અભંગ અંબાએ કીધો,

એ રક્ષાએ હું રહયો જીવતો, જસોમતીને પુણ્ય -૪૪ :કઃ૩૯

આમ કહી રડતા કૃષ્ણને નંદ જશોદાને સોંપે છે. આમ પ્રેમાનંદે આવી ગંભીર પરિસ્થિતિને હળવો વળાંક આપી, પોતાની મૌલિકતા દર્શાવી છે.

પાદટીપ:

૧: કૃષ્ણજન્મ ખંડ:૧૪:૨૯, ૧૪:૪૦
૨:દશમસ્કંધ :૧૦:૨૩
૩: દશમસ્કંધ: કડવું :૩૮
૪: કૃષ્ણજન્મખંડ: ૧૪:૨૩,૨૪
૫: દશમસ્કંધ -કડવું -૩૯
૬: ભાગવતમાં માત્ર ' સ્વગેહ દામાનિ ' નો પ્રયોગ છે.

: નાગદમણ :

ભાગવતમાં નાગલીલાના પ્રસંગને નથી કંસ સાથે સંબંધ કે નથી કમળ સાથે સંબંધ. કાલીયના ઝેરથી યમુનાનો ધરો ઝેરી બની ગયેલો. તેને શિક્ષા કરવા માટે જ કૃષ્ણ યમુનામાં પડતું મૂકે છે, તેને નાથે છે. પછી નાગપત્નીઓ તેમની સ્તુતિ કરે છે. છેવટે કૃષ્ણ નાગને સમુદ્રના રમણીકદ્વીપમાં જવાનું કહે છે.

આ કથામાં સૌ પ્રથમ સૂરદાસમાં ફેરફારો જોવા મળે છે, જે કોઈ પુરાણમાં નથી. નારદ કંસ પાસે જઈ તેની પાસે નંદ દ્વારા કાલીદ્રહના કમલ મંગાવવાનો પ્રસ્તાવ મૂકે છે. તેથી કંસ દૂત દ્વારા એ સંદેશો નંદને મોકલે છે. આ જાણી ભયભીત થયેલાં નંદજશોદાને કૃષ્ણ કંસને કમલ મોકલી આપવાનું આશ્વાસન આપે છે. ધરામાં પડવાનું બીજું કારણ એ કે રમતાં રમતાં તેમાં પડી ગયેલો, સુદામાનો દડો બહાર કાઢવાનો હતો. ધરામાં પ્રવેશતાં કૃષ્ણને નાગપત્નીઓનો વાર્તાલાપ અહીં જ પ્રથમ મળે છે. નાગના પૂંછડા પર પગ મૂકી કૃષ્ણ નાગને જગાડે છે. અંતમાં કમલનો સમૂહ નાગ પર લાદી કિનારે લાવી, કંસને મોકલી આપે છે.આમ અહીં આ પ્રસંગને સૂરે કંસ અને કમલ સાથે સંબધ્ધ કરી છે, જેને કોઈ કોઈ કવિ વત્તાઓછા પ્રમાણમાં અનુસર્યા છે.

કેશવરામના 'કૃષ્ણલીલાકાવ્ય' માં કયાંય ગેડીદડાની રમતનો ઉલ્લેખ નથી કે નથી ભાલણના 'દશમસ્કંધ' માં.પ્રેમાનંદે આ પ્રસંગને વીગતે વર્ણવ્યો છે. જયારે ગોવાળિયાઓએ કૃષ્ણને જણાવ્યું કે કાલિંદીનો દ્રહ કાળો સર્પને કારણે વિષથી ભરેલો છે, અને ગાયગોપોને એ જળ પાઈ કૃષ્ણે ખાતરી કરી કે સર્વને ઝેર ચઢયું છે. ત્યારે અમૃતદષ્ટિથી તેમને સર્વને સજીવન કરી, મનથી તેને દ્રહમાંથી દૂર કરવાની ઈચ્છા કરી. અને તેથી જ ગેડીદડાની રમત શરુ કરી . જે દડો જળમાં નાખે તેને જ તે પાછો લાવી આપવાની શરત પણ તેમણે જ મૂકી. આગળના ચમત્કારો છતાં ગોપલોકો કૃષ્ણને અટકાવતાં કેમ નથી , એ શંકાને સ્થાન ન રહે તે માટે પ્રેમાનંદ ગેડીદડાની રમતની વાત ગોઠવે છે. એટલું જ નહિ, જાણી જોઈને યમુનામાં દડો ફેંકી તે કાઢવાને બહાને પાણીમાં ઝંપલાવે છે ત્યારે ગોપલોકો તેને વારવા

પ્રયાસ કરે છે, એમ કવિ નિરુપે છે.

' ભાઈ હું જમુનામાં ઝંપાવું રે, દડો સવધા શોધી લાવું રે

રખે કો રોતા ગોકુળ જાતારે સદ્ય મરશે માહારી માતારે '

અને ચાર ઘટિકા ધીરજ ધરવાની કહી તે કદંબની ડાળ પર ચઢયા. જયારે કેશવરામમાં યમુના-ને નિર્વિષ કરવાના હેતુથી ( સાતમી પંકિતમાં જ ) કૃષ્ણ

' ચઢયા કદંબે કડછતા પલવટ વાલી પ્રાણ ' અને ( નવમી પંકિતમાં )

'હેલાએ હરિ ઝંપાવિયા , હાલક લોલ્યૂ ભ્રમ ' -કૃષ્ણ યમુનામાં ઝંપલાવે છે.

ભાલણમાં પણ કૃષ્ણ ગોવાળિયાઓ પાસેથી

' દ્રહમાંહે વિષજળ છે સહી રે, રહે છે કાલી નાગ '

આ જાણી તરત જ ( સાતમી પંકિતમાં ) તો

'વૃક્ષા કદંબને હરિ ચઢયા રે, કાળું દીઠું વાર

યમુનામાંહે ઝંપાવિયું રે લીલાએ દેવ મુરાર '

તરતજ કાળી નાગે જાણ્યું કે કોઈએ ઝંપાપાત કર્યો છે. નકકી ' કાલે કાઢયો એ આવિયો રે' એમ વિચારી તત્ક્ષણ કૃષ્ણને વીંટળાઈ ' સોએ મુખે કરડતો રે દામોદરનો દેહ ' અહીં નાગણ અને કૃષ્ણ વચ્ચે કોઈ સંવાદ નથી. મૂળ ભાગવતમાં નાગપત્નીઓ નાગને કૃષ્ણ નાથે છે, પછી જ તેની મુકિતને માટે કૃષ્ણને પ્રાર્થના કરે છે. તે પહેલાં નહિ. અહીં ભાલણ મૂળને અનુસર્યો છે.

' કૃષ્ણલીલાકાવ્ય' માં દ્દાર પર કોઈ પન્નગ ઉભો હશે. માની નાગપત્નીઓ બહાર આવી જુએ છે તો કોઈ બત્રીસલક્ષણો સોહામણો શ્યામલ બાળક

' કોણ ? કિહાંથી આવિયો ? કોણ માતા ? કોણ તાત ?

અને શા માટે આ કાળને ઘેર આવ્યો છે ? એનો જવાબ કૃષ્ણ ટૂંકમાં જ આપે છે.

' નંદ તણો હું નંદન જાણો, કંસ તે કમલ માગે '

અહીં કંસ અને કમલ - બંનેનો ઉલ્લેખ કેશવરામે કર્યો છે. સંભવ છે કે તેણે સૂરદાસમાંથી [1] અથવા કોઈ લોકસાહિત્યમાંથી, કાં તો અપભ્રંશ સાહિત્યમાંથી આ પ્રસંગ સ્વીકાર્યો હોય.

નાગપત્નીઓ તેને ઘેર જવા સમજાવે છે પણ તરત જ કાલીનાગ 'ફૂંફકાર કરતો ઉઠયો ' અને ' માધવ દેખી મહાવિષ મીટયૂં, વીંટયો વલ્લભવૃક્ષ ' અને બીજા પણ અનેક નાનામોટા નાગ તેની સામે ધસવા લાગ્યા.

પ્રેમાનંદમાં દડા માટે યમુનામાં ઝંપાવાની છોકરવાદી ન કરવા ગોવાળો કૃષ્ણને સમજાવે છે. પણ કોણ માને ? ક્રોધથી ' કુદ્યો કહાન કોડામણો ચક્રપાણિ' અને એમના ચરણના બળથી ચંદ્ર નક્ષત્ર ને સૂર્યકંપ્યા, મેરૂ ડોલ્યો અને નિધિ ખળભળ્યો અને આમ સાત તળનું જળ બહાર કાઢી ' નવ નાગનું કુળ કૃષ્ણ બિહાવ્યુ ' ' કહાં ગયો સર્પ કાળી ' – કહેતાં જ નાગણીએ ટોળે વળી ' મુકે મુખ પર હાથ ને નેત્ર ધોળે ' અહીં એને જોઈ વિસ્મિત થતી અને ધીમેથી બોલવાનું સૂચવતી નાગણીઓનું ચિત્ર સુંદર છે

અહીં કૃષ્ણ અને નાગપત્નીઓ વચ્ચેનો સંવાદ પ્રેમાનંદે વીગતે વર્ણવ્યો છે. ખાસ્સી ૫૪મા કડવાની ૬૫ પંક્તિઓ ઉપરાંત ૫૫ માં કડવાની ૨૦ પંક્તિઓ માં.અહીં નાગણીઓ પૂરેપૂરી માનવીય, કૃષ્ણ પ્રત્યે વાત્સલ્યથી ભરીભરી અને કૃષ્ણ ન માનતાં તેના પર ખીજાતી, ઠપકારતી જોવા મળે છે.

' દૂધમલ કોનું કહયુ ન માને, કાંસૂનો જગાડે કાળ '

– –

' ચાકણિયે ન્હાસરો દેખીને, વારો છો શાને '

પિડારો વન પશુવાં ચારે, બુધ્ધિ કહોની લાવે '

અહીં નાગણીઓ પણ બે વખત કંસનો ઉલ્લેખ કરે છે. ' કાળી નાગથી કંસ કાંપે ' અને

' કંસને ઘેર ગોરસ લઈ જાતાં નંદને પડી છે ટાલ '

અહીં કૃષ્ણ કંસ કે કમલનો કોઈ ઉલ્લેખ નથી કરતા.માત્ર દડો લેવા અને એવા ચોરને હાંકી કાઢવાની જ વાત ૬૨ છે.

કેશવરામે અને ભાલણે ચાર છ પંક્તિમાં જ વ્રજવાસીઓ અને નંદયશોદાની સ્થિતિ વર્ણવી છે. જેને માટે પ્રેમાનંદે દોઢ કડવું રોકયુ છે અને એમાં જ આપણને એક ઉત્કૃષ્ટ ઊર્મિગીત આપ્યું છે.

એમાં જ જશોદાનો કરુણ રસથી છલકાતો વલવલાટ અને વિલાપ સંભળાય છે. પુત્રનાં આગળનાં પરાક્રમો જાણવા છતાં અહીં માતૃહૃદય ચિત્કાર કરી ઉઠે છે. એમાંથી જ વાત્સલ્યમૂલક કરુણ અહીં જન્મે છે. પોતે પુત્રને ઉખળ સાથે બાંધ્યો, તેથી તેણે જમુનામાં ઝંપલાવ્યું હશે એવો પ્રશ્ન કરતી જશોદાને પણ જમુનામાં ઝંપલાવતી દર્શાવીને પ્રેમાનંદે કરુણની ચરમ કોટિ આણી દીધી છે.

સૂરદાસમાં કૃષ્ણ સૂતેલા નાગની પૂંછડી પર પગ મૂકી એને બળથી જગાડી દે છે. જ્યારે નરસિંહમાં નાગપત્નીઓ જ ' ચરણ ચાંપી, મૂછ મરડી' પ્રેમથી એના પૌરુષને જાગૃત કરે છે. મૂળ ભાગવતમાં નાગ કૃષ્ણના જમુનામાં કુદવાથી પ્રતાડિત જલના શબ્દો સાંભળી ત્યાં આવે છે. એના સૂવાની વાત છે જ નહિ. ભાલણ અને કેશવરામમાં પણ નાગને જગાડવાની વાત નથી. અહીં પ્રેમાનંદમાં કૃષ્ણ મુરલી ઘોરનાદે વગાડે છે. જે એક સાથે બે કાર્ય સાધે છે. ચૌદલોકમાં પહોંચતા એના નાદે વ્રજનારીઓ એમની કુશળતાની વધામણી પામે છે, તો બીજી બાજુ એના ઘોર નાદે કાળી નાગ ભડકી ઊઠ્યો. એ બંને વચ્ચેનું યુધ્ધ પણ પ્રેમાનંદે વીગતે વર્ણવ્યું છે.

' જીભ કઢાડે ચક્ષ ફાડે દેખાડે વિષદંત
અધર કરડે આંખ તરડે મરડે અંગ અનંત '

મૂળ ભાગવતમાં નાગને નાથ્યા પછી નાગપત્નીઓ કૃષ્ણની સ્તુતિ કરે છે. ભાલણે માત્રએક જ પંકિતમાં નાના બાળકને લઈ નાગણીઓ સ્તુતિ કરે છે એમ કહ્યુ છે. કેશવરામમાં નાગપત્નીઓ માણેક મોતી રત્ન ઈત્યાદિ જે જોઈએ તેલ્યો પણ ' એહેવાતણ અમ દીજે ' ની માંગણી, વિનંતી કરે છે.[2]

જ્યારે પ્રેમાનંદમાં કૃષ્ણ નાગને નાથી એના પર આરુઢ થઈ અમર કમળ પાતાળમાંથી લઈ અને સાથમાં દડો લઈ પાછા આવતાં નાગણીઓ વલવલે છે.

' અમો ભિક્ષુકી દાતાર તું પ્રભુ આપ હેવાતન '[3]

એકલા પ્રેમાનંદે જ નાગના શતનાક કૃષ્ણએ ગેડી વડે કાડયાં તેમ વર્ણવ્યું છે. કેશવરામે આરંભમાં ' કંસ તે કમલ માગે ' નો ઉલ્લેખ કર્યો છે. પરંતુ અંતમાં કૃષ્ણ નાગને રમણદ્દીપમાં મોકલી આપે છે, પણ યમુનાના ધરામાંથી અંતે કમલ લઈ કંસને પહોંચાડવાંકે નહિ તેનો કોઈ ઉલ્લેખ નથી. પ્રેમાનંદમાં આરંભમાં કૃષ્ણ નાગપત્નીઓ સાથેના વાર્તાલાપમાં કમળનો કોઈ ઉલ્લેખકરતા નથી. પરંતુ નાગને નાથ્યા પછી 'અમર કમળ પાતાળનાં લીધાં લક્ષ્મીનાથ' ની વાત મળે છે. એ કમળ કંસને આપ્યા કે કેમ તેનો અંતમાં કોઈ ઉલ્લેખ નથી.[4] અહીં અંતમાં કૃષ્ણની બે વખત સ્તુતિ કરી નાગપત્નીઓ ' મૂકો અમારા નાથને ' ની વિનંતી કરે છે. ત્રીજી વખતની સ્તુતિમાં કૃષ્ણના શરણમાં નિજ બાળકો મૂકી કૃષ્ણને ધન્યવાદ આપતાં કહે છે.

' ઘણું ઉત્તમ તમો કીધું ઉતાર્યો અરિનો દર્પ

જદ્યપિ સ્વામી અમારો પણ સાધ નહોતો સર્પ '

અને અંતે કૃષ્ણના કંઠમાં કમળનો હાર આરોપે છે.

ભાલણમાં ૮૪ થી ૮૭ કડવામાં નાગલીલા વર્ણવ્યા પછી ૯૦ મા કડવામાં કદંબ વિષયક પરીક્ષિતની જિજ્ઞાસાનુંશુકદેવ દ્વારા સમાધાન કરવામાં આવ્યું છે.

' કદંબ વૃક્ષ જે સૂકયો નહિ તે કહો મુજને ખરું '

કાલિનાગની વિષજ્વાલાથી બધાં વૃક્ષ બળી ગયાં પણ કંદબ કેમ લીલો રહયો તેનો પ્રસંગ અહીં વર્ણવવામાં આવ્યો છે.

મૂળ ભાગવતના ૧૬ મા અધ્યાયમાં કદંબનો આવો કોઈ ઉલ્લેખ કે પ્રશ્ન નથી.

પ્રેમાનંદમાં પણ પરીક્ષિત આવો પ્રશ્ન પૂછે છે :

' કાળી નાગની જવાળથી બહુ વૃક્ષ થયા દહન

કદમનો વૃક્ષ કેમ રહયો, તે કહો વ્યાસકુમાર '

અને શુકદેવ તેનું સમાધાન કરે છે.

આમ બાકીનું બધું એ ત્રણે કવિઓએ ભાગવતાનુસાર વર્ણવ્યું છે. પ્રેમાનંદે એકલાએ જ આ લીલા

ગોકુલમાં બનતી બતાવી છે. બાકી બધાએ વૃંદાવનમાં બતાવી છે.

આ પ્રસિધ્ધ કવિઓ ઉપરાંત અન્ય કવિઓએ પણ આ લોકપ્રિય પ્રસંગ પોતપોતાની 'દશમસ્કંધ' માં વર્ણવ્યો છે.

લક્ષ્મીદાસ :

માં કૃષ્ણ પરીકર બાંધી કદંબ પર ચડયા ત્યારે ગોવાળિયાઓ ' કેમ કદંબ પર ચડયા ' એમ પૂછે છે. ત્યારે કૃષ્ણ અમૃતવાણી બોલ્યાઁ :

વીષ ફેડીને અમૃત કીજે યમુનાજીનું પાણી જી -પૃ:૪૭

અને યમુનામાં તે પડયા. આ સમાચાર સાંભળી :

યશોમતી દિશે દીન દુખસાગરમાંહાં લીન
જલ વિના યમ મીન, યશોદાને જીવન ખીન -૩
વીષની જવાલ અપાર ગગન સૂલિ સંગાર
તપ્ત યેહેવા મંડધારા ફણા આકાર -૮ પૃ:૪૯

અને કૃષ્ણ જયારે નાગની ફણા ઉપર નૃત્ય આરંભે છે ત્યારે

સકલ ભેદ સંગીત હરીભવતે વીદિત
તાલમાંન વીપરીત અંગ સહિત -૧૧
રાગિણીભેદને રાગ નાચે અતિ અનુરાગ
કોપિ દુજે કાલીનાગ ન પામે તાગ -૧૨ પૃ:૪૯

તો આ નૃત્યથી કાલીની શી દશા થઈ ?

સર્પદર્પ થયો ઉતાર પડયા અદ્દીના પ્રહાર
જર્જરી અંગ આકાર રુધીર ધાર -૧૫ -૫૦

કાલીમર્દન કર્યા પછી કૃષ્ણ પાછાઁ આવે છે ત્યારે માતાપુત્રનું મિલન જોઈએ :

યશોમતીજીયે રુદયા સાથે રહા ભીડી સુઝે નહી કાંઈ વાણી
પુષ્કલ કંઠે રુદન કરિ તે પુત્રભાવે સ્નેહ જાણી-૧૮ પૃ:૫૩

અહીં ભાગવતાનુસાર, યમુનાને વિષમુક્ત કરવાના હેતુથી જ કૃષ્ણ તેમાં ઝંપલાવે છે. અહીં ન તો કમલનો કે ન તો
કંસનો ઉલ્લેખ છે.

પરમાણંદે:-
---------- પોતાના'હરિરસ' માં આ પ્રસંગ જરા વિગતે વર્ણવ્યો છે. અહીં ગેડીદડાની રમત કવિએ નથી વર્ણવી. પણ કૃષ્ણ દડો લેવા, દ્રહમાં પડયા એવો ઉલ્લેખ કર્યો છે. ગોકુલમાં કોઈ આ વિષે કહેવા જતું નથી. પરંતુ નંદને કંઈક ઉત્પાતના અપશુકન થવાથી તે બધા વ્રજવાસીઓ સાથે કૃષ્ણને જોવા યમુનાતીરે આવ્યા. કૃષ્ણ દડો લેવા કાલિંદીમાં પડયા જાણી, જશોદાને મૂર્છા આવી. જાગતાં તે જલમાં ઝંપલાવવા તૈયાર થાય છે. જળમાં કૃષ્ણને ન જોતાં ગોવાળો પણ મૂર્છા પામ્યા.

અહીં કવિએ કૃષ્ણ અને નાગણીઓ વચ્ચેનો સંવાદ વર્ણવ્યો છે.

કૃષ્ણને જોતાં નાગણીઓ કહે :

અરે બાલિક કાં આવ્યો આહે
જાગ્યો નાથ ધરશે બહુ કાલ,જ્વાલે પ્રાણ જાશે તુઝ બાલ -૩
કવણ અર્થિ આવ્યો દ્રેહિ માહે, કિમ ઝંપાવા દીધો માઈ
મુઝ સ્વામીનું વિષ્ય આગમ થૈ તુઝને મરવા ઉપરે હામ -૪ પૃ:૩૭

આના જવાબમાં કૃષ્ણ કહે કે હું મારા બળ પ્રતાપથી આવ્યો છું. અયોગ્ય વચન ત્યજી , તારા સ્વામીને જઈને ઉઠાડ. આ સાંભળી કાલી મનમાં વિચારવા લાગ્યો.

કોણ આવ્યો આ દ્રેહિ મુઝાર,હરૂ પ્રાણ તેહના નિરધાર -૭ પૃ: ૩૭

કાલીએ શતફેણથી કૃષ્ણને વીંટી લીધા. કૃષ્ણે ગેડી તેના માથામાં મારી, તેના મસ્તક પર ચડયા.

એણ સકલ બ્રહ્માંડ તણો જે ભાર મેહેલી બેઠા વિસવાધાર -૫
પામ્યો સંકટ નાગ અપાર,રકત નીસરે વદન મોઝાર -૧૧-વર્ગીજો પૃ:૩૮

અહીં ગેડીદડાની રમતનો ઉલ્લેખ મળે છે, પરંતુ કંસ કે કમળ સાથે કોઈ સંદર્ભ જોવા મળતો નથી.

માધવદાસ:

------------ માં નાગની ફણાઓ હરિને વીંટળાઈ વળી. એકે ય અંગ દેખાતું નથી. કાલી દારુણ ફુત્કારથી કૃષ્ણનું શરીર જીભ વડે ચાટે છે. ઘણો સમય થયો, છતાં કૃષ્ણ ના દેખાતાં મિત્રો આક્રંદ કરે છે ત્યારે

પાતાલમાં હરી વેણ વજાડી આનંદ પામ્યા વૃંદજી -૧૩ અ:૧૩

એટલામાં હરિ ઉપર આવ્યા, નાગથી વીંટળાયેલા. આ જોઈને પશુપંખીઓની આંખમાં પણ આંસુ ઉભરાયાં. જાણે દશે દિશામાં અંધારું વ્યાપી ગયું. સર્પ અંગથી બંધાયેલા કૃષ્ણને જોઈ માતા ત્રાસ પામ્યાં. અહીં કવિએ એક ઊર્મિસભર પદ આપ્યું છે:

જસોમતી દીસે દીન, દુખઅગરમાંહાં લીન
જલબીન જમ મીન, પી બીન ખીન -૨
નીરખે અંતરજામી જશોમતી વ્યથા પામી
દારુણ દોષને ધારે ફેણામંડલ તે મારે
જીભ્યા ચાટે વારે વારે સ્વાસ ફુકારે -૭
વીષજવાલા અપાર ગગન સુધી સંચાર
તેણે હાવાં મંડલધાર ફેણે આકાર -૮ અ:૧૬

કાલીના મસ્તક ઉપર થેઈ થેઈ કરી નૃત્ય કરતા કૃષ્ણે જાણે તાંડવ આરંભ્યું તેમ લાગે છે.

રાગણીભેદને રાગ, નાચે અતિ અનુરાગ
કોપે ધુજે કાલીનાગ ન પામે લાગ -૧૨
અપછરા સંગીતગાંન અંતર રહયાં વીમાંન
વાજોત્ર મેલે તાંન એ બંધાંન -૧૩
નાગની ફેણ અનેક, ન લહે જુધ્યવીવેક
ઉંચી થાએ જે એક તાંહાં વાગે બ્યેક -૧૪

સરપ દરપ થયો ઉતાર પક્ષાગીરીના પ્રહાર

જરજરી અંગ આકાર રુધીરધાર -૧૫ અ:૧૬

આવી દશામાં કાલીએ આંખો મીચી હરિને ચરણે નમ્યો. બીજી બાજુ નાગપત્નીઓ બાળકો સહિત કૃષ્ણની સ્તુતિ કરવા લાગી. ' ઘટતો એહેને આપ્યો દંડ' કહી એને ક્ષમા કરવા માટે વીનવે છે:

સીવ અજને રજ જે નવ્ય જડે તેનો કાલીને મસ્તક ચડે

એહનો સફલ થયો અવતાર હવે કરો હરી અંગીકાર -૯-અ:૧૬

છેલ્લે જતાં પહેલાં કાલીને તેની પત્ની કૃષ્ણની પૂજા કરે છે. અંતે કદંબવૃક્ષ કેમ જ્વાલાથી બચ્યું, તે કહી ગરુડને શાપ સાથે વેર કેમ-તે જણાવ્યું. અહીં પણ કમલ કે કંસનો ઉલ્લેખ નથી, પણ નૃત્યનું સુંદરવર્ણન છે:-

તુલજારામ:

-------- ના દશમમાં કૃષ્ણ કાલિદ્હમાં પડયા જાણી, માતા રુદન કરતી મૂર્છા પામી. નંદ અને ગોપ સર્વે ખળભળયાં, વિહ્વલ થયાં. સહુ જમુનાતટે આવ્યાં. જશોદાને નંદ વિલાપ કરવા લાગ્યાં:

કેહે માતા મહિધરને કાજ, કરૂ પ્રાણ હવે માહારા તાજ

ઝંપાવાને આધિ થાય, ગોપ નારય બાંહે સાહ -૧૫

નંદ નિશાસા મુકે ઘણા, ધસે હાથ ઉદર આપણા

દુખ કેહેને કહયુ નવ જાય, પુત્ર વિજોગને નવ સેહેવાય.-૧૭-પૃ:૫૨

જલમાં ગયેલા કૃષ્ણ કાલીને આંગણે જઈ ઉભા રહયા. નાગણીઓ સર્વે ટોળે વળી. અહીં કવિએ કૃષ્ણને નાગણીઓ વચ્ચેનો સંવાદ રજૂ કર્યો છે.

કેહે તેજ મદન અવતાર કાંઈ એક રૂડો રાજકુમાર

સખી વિમાસી આધિ થાય, અવિ પૂછે ત્રિભોવનરાય.

માતતાત તુઝ દિધિ ગાલ, શે મરવા અંહા આવો બાલ -૨૦ પૃ:૫૨

શું તું રિસાઈને આવ્યો છે ? તારા માતાપિતા કોણ ? કયાં રહે છે ? અહીં કેમ આવ્યો છે ? જવાબમાં કૃષ્ણ કહે છે :

ગોકુલ નંદ જશોદા મોત વલિ મ પૂછિસ અદકિવાત
હૂ હરિ લેવા આવો સુધ્ધ કાલિ સરસુ કરવા જૂદ્ધ –૨૨
જઈ જગાવે તુઝ ભરથાર
કેહે જમુનાજલ છાંડિ જાય, નહિતર જુધ્ધ કરવા સજ થાય –૨૩ પૃ:૫૨

આ સાંભળી નાગણીઓ હસીને બોલી કે આવું મા બોલીશ. જો મારો પતિ આ સાંભળશો તો ' નિશે તાહારો ખૂટો કાલ', મારો નાથ ગુસ્સે થશે તો તારો નાશ કરશે. 'અણખૂટે મરે કાં ધીર ?' હુ તારા પર બલિ જાઉં છું. અહીં કંઈ ' નથી માત તણા લાડુયા! છેવટે કાલી અને કૃષ્ણ વચ્ચે યુધ્ધ થાય છે. બંને બળિયા બાથ ભીડે છે:

લથબથ લુથ પડે ત્રઠ સાથ, જલમાંહે એકલા જદૂનાથ
નાગ ડસે મુખ વિષની ઝાલ, મુષ્ટ પ્રાહાર કરે ગોપાલ –૨૯
આઉધ વિણ જુદધ તે કરે, કોય પગલૂ પાછૂં નવ કરે
આપાપઉ દિખાડે પ્રાણ ચરણ મુષ્ટ વાજે નિશાંણ –૩૦
વર્ષાવાને તે તત્પર થયા વિષ તણા મેહેલે બહુ ઘાય
કૃષ્ણ પ્રહારે નાગ લડથડે હૂઈ મૂર્છા ધરણિ ગત પડે –પૃ:૫૩

ત્યારે નાગણો કૃષ્ણને વીનંતી કરવા લાગી. પણ નાગ તો મૂર્છા વળતાં ફરી યુધ્ધ કરવા સજ્જ થયો.

ફૂંફકાર કરંતો ઘરો મુકે વિષ નરહરને ડસે –૩૫
તેણે વિષ વાપે ત્રિભોવનરાય, સમરે ગરુડને નિરવિષ થાય
ફણા સકલ સાહિ શ્રીરંગ જડ ભરિ નરહરને અંગ–૩૬
ભિડિ અંગ પ્રાણ અંત કરે, જકડ બંધ બાંધ્યા નરહરે –પૃ:૫૪

અને પછી કૃષ્ણે પોતાનું રુપ વધારી એનું મર્દન કર્યું. ત્યારે સઘળી નાગણીઓ હાથ જોડી

વીનવવા લાગી કે :

ના અના જોઈ દિધો દંડ , માડો તો એણે પાખંડ
એહેવાતન દો દેવ મોરારી, મુકો ઠંમ વેગે ભરથાર -૪૭ કૈં.૫૪

કવિ ગિરધરે કૃષ્ણલીલામાં અઢી અધ્યાયમાં નાગદમણલીલા વર્ણવી છે. કવિએ સર્પઅને અને ગરુડના વેરની વાતથી પ્રારંભ કર્યો છે. પ્રત્યેક વર્ષે સર્પે ગરુડને એક શકટ ભરીને અન્ન આપવાનું-ભાદરવા સુદ-પાંચમે,આ ઉલ્લેખ મૂળ ભાગવતમાં નથી. ગરુડ શા માટે કાલીદ્રહમાં રહેતો, સૌભરી ઋષિનો શાપ વગેરેની વાત પછી તરત કાલીદ્રહના જલપાનથી બેભાન થયેલા ગૌગોપોને અમૃતદષ્ટિથી હરિએ સજીવ કર્યા ને તરત તે દ્રહમાં ઝંપાવવા તૈયાર થયા. કાલીની વિષજવાલથી કદંબ કેમ બચ્યો તેની વાત કરી. કૃષ્ણના દ્રહમાં પડવાથી ગોપબાળ મૂર્છિત થયા ને ગૌવત્સ વ્યાકુલ થઈ ભાંભર્યાં; ત્યારે વ્રજમાં અપશુકન થયા, આકાશથી ઉલકા પડી, ધરા કંપવા લાગી. તેથી નંદ-જશોદા આદિ દૈવનો કોપ માની પ્રભુના પગની એંધાણીએ જમુનાતીર આવ્યાં. નાગથી વીંટળાયેલા હરિ પુષ્ટ થયા ને તેના બંધનથી મુકત થયા. ત્યારે નાગે ફણા ઊંચી કરી ગોવિંદને ઘેર્યા :

ઉષ્ણશ્વાસ ફુંફાડા કરતો, નાકેથી વીશજવાલા ઝરતો
રીસે લોચન દીસે રાતાં, મુખનાં અગ્નઝાળી જેહેવાં તાતાં. ૫
ભુર ભયંકર મુખની ફાડો, વજ્ર સરખી દીસે છે ડાઢો
લલકે જુગલ જીભ્યાયો ફાટે, તેથી ત્રીકમનું તનુ ચાટે -૬ અ: ૩૮

શતફણા પર હરિ ચડયા ને તેના ઉપર નૃત્ય કરવા લાગ્યા. તે જોવા દેવો આવ્યા :

આવ્યા ગાંધર્વ કિંનર લોક, તેની સાથે છે અપછરાલોક
તાલમૃદંગ વેણા ઉપંગ વાજે વાજીંત્ર નાનાં રંગ-૧૧
જે છંદે નાચે ભગવાંન, તે છંદે કરતા સ્વર ગાંન
દેવપુસપની વૃષ્ટી કરતા, આશિવાદ અવીચલ ભણતા -૧૨ -અ: ૩૮

પદપ્રહારથી તેનું અભિમાન ચૂર કર્યું. તેના મુખમાંથી રુધિર વહેવા લાગ્યું, ફણીમંડળ ભાંગ્યું, નાગ અને તેની પત્નીઓ શરણે ગઈ. નાગપત્નીઓ રોમાંચિત થઈ, ગદ્‌ગદ્‌ સ્વરે હરિની સ્તુતિ કરવા લાગી, અને હરિની પૂજા કરી, આજ્ઞા લઈ તેઓ રમણદ્વીપ ગયાં. અહીં કવિએ અધ્યાયની અધવચ્ચે નાગલીલા પૂરી થતાં ફલશ્રુતિ આપી છે.

કવિએ અંતમાં ફલશ્રુતિ આપી છે ને છેવટે કાલીને ગરુડના વેરની વાત કહી છે. અહીં કવિ મૂળ કથાને અનુસર્યા છે. કાલી અને કૃષ્ણના યુધ્ધનું વર્ણન ચિત્રાત્મક આપ્યું છે. જો કે અહીં કમલ કે કંસનો કોઈ ઉલ્લેખ નથી.

અહીં લક્ષ્મીદાસની પૃ:૪૯ પરની કડી ૩,૮,૧૨,૧૫ ની પંક્તિઓ બેઠી જ અથવા નજીવા ફેરફાર સાથે માધવદાસના અ:૧૬ માં મળે છે.

પાદટીપ:

૧: કંસ કારન ગેંદ ખેલત, કમલ કારન આઈયાં - સૂરદાસ

૨: નરસિંહના 'નાગદમન' કાવ્યમાં પણ 'મૂકો અમારા કંથને' ની વિનંતી નાગણીઓ કરે છે.

૩: સૂરદાસમાં પણ 'એરિકૈ અહિવાત દીજૈ, કરે તુમ્હારી સેવહીં'

૪: નરસિંહના કાવ્યમાં પણ કૃષ્ણ નાગને જીત્યા પછી નાગનું શીશ લઈ ગયા કે નહિ તે જણાવ્યું નથી.

## : ગોવર્ધનધારણલીલા:

આ પ્રસંગ ભાગવતમાં અધ્યાય ૨૪ ૨૫,૨૬ અને ૨૭ માં વર્ણવાયેલો છે. ઉપરાંત 'બ્રહ્મપુરાણ', 'વિષ્ણુપુરાણ', 'પદ્મપુરાણ', 'હરિવંશ,' તથા 'બ્રહ્મવૈવર્ત' જેવાં અન્ય પુરાણોમાં પણ પ્રાપ્ત થાય છે.

ભાલણે પદ ૧૧૫ થી પદ-૧૧૯- માં આ લીલા વર્ણવી છે. ભાગવત અનુસાર, ઈન્દ્રમહોત્સવ કારણે ભેગા મળેલા નંદ આદિ ગોપો સાથેના સંમિલનમાં નંદ અને કૃષ્ણના વિચારવિનિમયથી આ કથાનો પ્રારંભ થાય છે, તો કેશવરામમાં પણ નંદ અને કૃષ્ણના વાર્તાલાપથી આ પ્રસંગ નો પ્રારંભ (૧૨મા સર્ગમાં કડી ૧ થી કડી ૨૮માં ) થાય છે. ભાગવતમાં 'વૃધ્ધાન્નન્દપુરાગમન્ ' ના દ્વારા અન્ય ગોપોની ઉપસ્થિતિનો સંકેતમાત્ર છે, તેમ અહીં પણ 'મળિયા સજ્જન સર્વ ' નો ઉલ્લેખ છે. પરંતુ પ્રેમાનંદમાં કથાના આરંભ સમયે સંવાદના પ્રસંગમાં જશોદા અને નંદને સ્થાને ઉપનંદ અને વૃષભાનુ નંદને મળ્યાનો ઉલ્લેખ મળે છે.

ભાલણ અને કેશવરામમાં કૃષ્ણ ગોવર્ધનપૂજાના પક્ષમાં જે તર્ક આપે છે, એમાં કર્મવિધાનનો આધાર લેવામાં આવ્યો છે, જ્યારે પ્રેમાનંદમાં કર્મવિધાનનો કોઈ આધાર લેવામાં આવ્યો નથી. પરંતુ વર્ષમાં ઋતુ અનુસાર ચાર મહિના ચોમાસું હોવાથી મેઘ વરસે છે. તેથી-'અજુક્ત પૂજા પરહરો ' કહી અવ્યભિચારિણી ભક્તિથી ' સહુ પૂજો ગોવરધન ' કહે છે. ભાલણ અને પ્રેમાનંદ — બંનેમાં પતિવ્રતા સ્ત્રીનું દષ્ટાંત આપવામાં આવ્યું છે.

કેશવરામમાં ગોવર્ધનપૂજા કડી ૭ અને ૮ - માં જ વર્ણવાયેલી છે. અને

' ગોવર્ધનગિરિ ઉપરચ રુપે, જૂએ ત્યાં જગનાથ'

કહી કૃષ્ણ જ ગોવર્ધનગિરિ રુપે જોવા મળે છે. ભાલણમાં ગોવર્ધનપૂજા જરા વીગતે વર્ણવાઇ છે, (પદ-૧૧૬) અહીં પણ કૃષ્ણ બીજું રુપ ધારણ કરી સર્વ સામગ્રી આરોગે છે. આ બીજું રૂપ કેવું તેનું કોઈ વર્ણન તેણે નથી કર્યું.

પ્રેમાનંદે ૭૩ મા કડવામાં સમસ્ત, વ્રજવાસીઓ કેવી તૈયારી કરી, શું શું સામગ્રી લઈ, કેવા શણગાર સજી ગોવર્ધનપૂજા કરે છે, તેનું વીગતે વર્ણન કર્યું છે.

' રચ્યા શૃંગ અંગ ચીતર્યાં, શૃંગાર્યાં ગોર્ધન

કનક ઝાંઝરી પાગ ધરી રે ઠમક વાછરુ ચાલે '

ગોપ સમસ્ત ચાલ્યા ઉજાણી લાકડીએ શીકાં ઘાલે '

અને વ્રજવધૂઓ સાથે અન્નના ટોપલા ભરી, મદમાતી ચાલે જવા લાગી :

' બાળક લીધાં છે કટિલંકે, પટોળી પાયે રોળંતી. '

પર્વતની પ્રદક્ષિણા કરી, હોમ, ધૂપ, દીપ, આરતી વગેરે કરી નૈવેદ્ય ધરવામાં આવે છે.

અને કૃષ્ણ જ પર્વતમાંથી હાથ લાંબો કરી પૂજાનો સ્વીકાર કરે છે :

' પર્વતમાંથી અન આરોગે, લાંબો કરી હરિ હાથ'

અહીં કૃષ્ણ ભાગવતાનુસાર સ્વયં દ્વિતીયરૂપ ધારણ કરી ભોગનો સ્વીકાર નથી કરતા. અન્ય વ્રજવાસીઓની સાથે જશોદા પર્વતને પગે લાગી પોતાની ઈચ્છા જણાવે છે.

' માહારા પુત્રને કરો કલ્યાણ '

અને કૃષ્ણ પર્વતમાંથી હાથ લાંબો કરી

' થાળી સઘળી ઠાલી કીધી, મૂકે સર્વ મુખમહાંય

એક રુપે જમે પરમેશ્વર, એક રુપે જમાડે ' ( પંકિત ૩૮-૩૯)

આમ એની અદ્ભુત લીલાનાં દર્શન અહીં થાય છે.

ભાલણ અને કેશવરામમાં ઈન્દ્રને એની ઉપેક્ષાની જાણ થઈ, એમ જણાવાયું છે. પરંતુ કેવી રીતે જાણ થઈ, તે કંઈ વર્ણવ્યું નથી, જયારે પ્રેમાનંદમાં ઈન્દ્રને એની ઉપેક્ષાની સૂચના નારદ દ્વારા મળે છે. પણ એ ઉપેક્ષા કોણે કરી તેતો ' ભૂગોળ' ના અનુચર આવે છે તે જણાવે છે કે

'સ્વામી ગોકુળવાસીએ પર્વત પૂજયો, ગોવર્ધન છે નામ

મહોચ્છવ તમારો લોપ્યો નંદપુત્રતણે પ્રતિબોધ ?

અને આવાં ઉનમારગ ચાલનારાં ' આહીરાં' ને બરાબર શિક્ષા કરવા એણે બારે મેઘને આજ્ઞા આપી-'જળ ગોકુળ ઉપર રેડો ' અને

' વાયુ સર્વ સંઘાથે જાઓ ઉડાડો પર્વતશૃંગ
જો માહારા કરનો ભંગ જ કીધો તો કરો ગોકુળનો ભંગ'.

અને મેઘ અને વાયુ ગોકુળ પર ત્રાટકયા. મૂળ ભાગવતમાં ઈન્દ્રએ જલવૃષ્ટિ માટે કેવળ ' સાંવર્તક ગણ' ને આજ્ઞા આપી છે, જયારે પ્રેમાનંદમાં અને ભાલણમાં ઈન્દ્ર બારે મેઘ અને વાયુને આજ્ઞા આપે છે. પણ ભાલણમાં એ વૃષ્ટિનું વર્ણન બે જ પૂકિતમાં મળે છે. એના કરતાં કેશવરામે જરા વિગતે વૃષ્ટિનું વર્ણન કર્યું છે.

'કડકડ કાટયક ને બહુ ભાટક, વાજે વિષમાં વાદ
વાયે ઝાઝા વાય
દારુણ વૃષ્ટય ત્રિધારા દિહુદિશ અતિ અંધારું થાય '

અને અકળાયેલા ગોવાળિયાઓ પરસ્પર કહેવા લાગ્યા કે કૃષ્ણનું કહયું માની ઈન્દ્રની અવહેલના કરી તે બહુ ખોટું કર્યું, આ તો ' છોકરડાંની છાશ', જયારે કેટલાકકહેવા લાગ્યા કે કૃષ્ણેએ પહેલાં ઘણાં વિઘ્ન હર્યાં છે, તો આ પણ એજ હરશે. આમ માનવીના મનના જ્ઞાતા કેશવરામે અંતે સર્વને કૃષ્ણને શરણે જતાં દર્શાવ્યાં છે.

આજ વાત પ્રેમાનંદે વીગતે વર્ણવી છે. અહીંપણ ગોપ ' માંહોમહાંય' કહેવા લાગ્યા :

' કૃષ્ણ બાળકનું કહયું કર્યું , કુશળ કહાંથી થાય '

પણ કેટલાક અનુભવીઓએ જણાવ્યું કે એણે જ દાવાનળથી બધાંને બચાવ્યાં છે. આ બધી વાતો -થી નંદ જશોદા ચિંતા કરવા લાગ્યાં. જશોદા તો ધડ દઈને કહી દે છે તમે વૃધ્ધોએ એનું કહયું માની શા માટે ગોવર્ધન પૂજ્યો ? જો ઈન્દ્રે મેઘ મોકલ્યો તો મારો છોકરો શું કરે ? અને માતા તો ' રખે વીજળીએ બ્હીએ બાળ રે ', તેથી તેની આંખો મીંચી દીધી છે. અહીં વાત્સલ્યભરી માનું વર્તન, બાળકનો બચાવ ખૂબ સ્વાભાવિક લાગે છે.

આમ જયારે બારે મેઘ તૂટી પડયાં ત્યારે કૃષ્ણેએ લાંબો હાથ કરી ગિરિ ગોકુળ ઉપર આણ્યો.

' જેમ ઉન્મત્ત ગજ લે શુંડમાં સકમોળ કમળનાળ રે '

અને ' ધર્યો કનિષ્ટ અંગુળી અગ્ર રે '. ( એક ચરણે લાકડી ધરી, હરિ એક પગે ઉભા રહયા) ભાગવતમાં કૃષ્ણ હાથ ઉપર ગિરિ ઉઠાવે છે,[૧] જયારે બ્રહ્મવૈવર્તપુરાણમાં તેમને કનિષ્ઠ આંગળી

પર પર્વતધારણ કરવાની વાત છે.[2] પ્રેમાનંદ અને ભાલણ આદિએ બ્રહ્મવૈવર્તનું અનુકરણ કર્યું છે, તેમજ પ્રેમાનંદ અને ભાલણ બંનેએ એક પગથી સાત દિવસ ઊભા રહેવાનો પણ ઉલ્લેખ કર્યો છે.

ભાલણમાં: ' ટચી અંગુલીએ નાથ પોતે ઉંચો કર્યો -૧૫

સાત દિવસ ભગવાન એક પાગે રહયા

'જયમ ગજ સૂંઢે આપ કમલ ઉંચું ધરે

ત્યમ અલ્પમાત્ર ભગવાન પર્વત રાખ્યો ખરે ' પદ-૧૧૭-૧૮ )

ટચી અંગુલીએ નાથ ગોવર્ધન ગ્રહયા -૨૦ પદ-૧૧૭ -૨૦

પ્રેમાનંદમાં: ' ગિરિ ગોકુળ ઉપર આણિયો, ધર્યો કનિષ્ટ અંગુળી અગ્રે ( ક ૭૫-૨૫)

'એક ચરણે જેષ્ટિકા ધરી, રહયા એક પાગે હરિ' -ક:૭૬:૨)

જયારે કેશવરામમાં હાથ અને આંગળી બંનેનો ઉલ્લેખ સાથે જ છે.

' ગોવર્ધન ધરિયો કર ઉપરચ, અંગુલીએ તેણી વાર ' - સર્ગ :૧૨.૨૦)

કૃષ્ણ આંગળી પર ગિરિ ધારણ કરે છે, ત્યારે તેનું સ્વરુપ કેવું છે અને એ સાત દિવસની વૃષ્ટિ અનેવ્રજજનોની સ્થિતિનું વર્ણન ભાલણ અને કેશવરામમાં મળતું નથી. માત્ર ભાલણે એક કડીમાં કહ્યું છે.

' ભૂખ તરસની બાધ કોને નવ થઈ

સાત દિવસ ને રાત એણીપેરે ગઈ' (૧૧૭-૨૧ )

જયારે પ્રેમાનંદમાં પણ

' ગોકુળ પ્રજા સર્વ ભૂખી રહી, પણ ક્ષુધાએ કો પીડયું નહીં ' - મળે છે.

અહીં કૃષ્ણ એક હાથે ગિરિ તોળી રહયા છે, ત્યારે તેમનું સ્વરુપ ચતુર્ભુજ થયું છે. એક હસ્તે ગિરિ,બીજે હસ્તે સમાધાન-સાંત્વના આપે છે, અને બાકીના બે હાથે વેણુ વગાડે છે અને ઉપરથી તો

' ગજશુંડાકારે જળધાર,વાદ વદી વરસે ઘન બાર

ઉડે આંધીના ગોટે ગોટ,વરસે સરવડાં દોટે દોટ '

ઉપર મહેર

ઉપર મહાજળની ઝકઝોળ, હેઠળ ગોપ કરે કલ્લોલ -ક:૭૬

આમ તો સાત સમુદ્ર કહેવાય પણ અહીં 'આઠમો દધિ ગોકુળમાં હશે', કારણ કે સાતે સમુદ્ર અહીં ઠલવાયા હોય તેમ લાગે છે.

કોપ્યા ઘન વરસે સામટા, અભ્ર ઉપર થાયે અભ્રની ઘટા

દિશા કિરણ ન સૂઝે રવિ શું, દીસ છપીને જામની હવી: ક:૭૬

મેઘનું અંધારું ઉપરાંત ઉપર ગિરિ, તેથી 'અંધારે કો દેખે નહીં', પરંતુ ભગવાનનું વપુતેજ પ્રગટ્યું અને લોકોને જાણ થઈ કે ગોવર્ધનથી જ આપણે ઉગર્યાં છીએ અને કૃષ્ણની એક અંગુલિ વડે ગિરિ કેમ રહેશે એમ વિચારી, આ તો હાથોહાથનું કામ તેથી ગોવાળિયાઓએ લાકડીના ટેકા દીધા.[3] માતાએ પણ રવૈયો ધર્યો, કેમકે ' રખે થાકે છૈયો'; તો નાનાં બાળકો ઉખળ ઉપર ચડી અગર બળદ ઉપર ચડી ગિરિને હાથ દેવા લાગ્યા. પણ મનુષ્ય સ્વભાવ ? અરે, કૃષ્ણ તો નિમિત્ત માત્ર, આ તો હાથોહાથનું કામ. આમ ગર્વ આવતાં હરિ તેના પર ગિરિ નમાવે અને હાથ ઊંચો કર્યો જેથી ગોવાળથી પહોંચાય જ નહિ. આમ 'ગિરિ ધારી રાખ્યું ગોકુળ ગામ' માટે ' ગિરિધર નામ'. અહીં જ મનુષ્યસ્વભાવના જ્ઞાતા અને જનમનરંજક પ્રેમાનંદની વિશદતા અને મૌલિકતા પ્રગટ થાય છે.

સાત દિવસે વરસાદ બંધ રહ્યો, મેઘ થાકી પાછા ગયા. પણ એકલા પ્રેમાનંદમાં જ આ પ્રસંગને અંતે પરીક્ષિત પ્રશ્ન કરે છે, કે સાત દિવસ જે મૂસળધાર વૃષ્ટિ ઈન્દ્રએ કરી, એ બધું જળ કયાં ગયું ? એના ઉત્તરમાં શુકદેવજી કહે છે કે તે તેના ક્રોધાગ્નિથી પ્રતપ્ત ગોવર્ધનમાં લીન થઈ ગયું, એકબુંદ પણ બહાર નથી આવ્યું:

' ક્રોધાગ્નિએ તપ્યા નરહરિ, તપ્યમાન થયો આખો ગિરિ ' અને તેથી

' ક્રોધાગ્નિએ પરજાળ્યું તોય '

ભાગવતમાં આવા પ્રશ્નનો કોઈ સંકેત મળતો નથી. જ્યારે કવિ ગિરધરે આનો ઉકેલ જુદી રીતે બતાવ્યો છે. હરિએ આકાશમાં સુદર્શન મૂક્યું, જે આવતું જલ શોષી લે, વધારાનું નીચે પડે તે પૃથ્વીમાં સમાઈ જાય.

પ્રેમાનંદમાં તો પછી

વધામણી ઘેરઘેર નવનવી, ગોકુળમાં થઈ દીપોત્સવી '

આજે પણ તેથી દીપોત્સવીના પર્વ સમયે ગિરિરાજને અન્નકુટ ધરાવવામાં આવે છે.

કેશવરામમાં મેઘ પાછા જઈ ઈન્દ્રને કહે છે :

'પ્રાણનાથશૂ પ્રાણ ન ચાલે, જૈ તૂ જોડય બે હાથ '

અને તરત જ ઈન્દ્ર પશ્ચાત્તાપ સહિત કૃષ્ણની સ્તુતિ કરે છે, સાથે કામધેનુ પણ જાય છે. ભાગવતમાં પણ આમજ ગર્વભંજન પછી, ઈંદ્ર કેવળ સુરભિને લઈ એકાંતમાં કૃષ્ણની આગળ પ્રણત થાય છે. આ વાત કેશવરામે માત્ર છ પંકિતમાં વર્ણવી છે. તે માટે ભાલણે આખું કડવું રોકયું છે. (પદ:૧૧૯) અહીં ઈંદ્ર કામધેનુને લઈ શ્રીકૃષ્ણને એકાંતમાં આવી પ્રણામ કરે છે, પોતાના અપરાધની ક્ષમા માગે છે. કામધેનુએ પણ દૂધથી કલશ ભરી કૃષ્ણને અભિષેક કર્યો. આમ એ બંનેએ ભાગવતનું અનુસરણ કર્યું છે, અન્ય કોઈ મૌલિકતા દાખવી નથી.

જ્યારે લક્ષ્મીદાસ : માં ગોકુલવાસીઓ ગોવર્ધનપૂજા કરવા જાય છે.

કેસરચંદન છંટાવો ઉડે અબીર ગુલાલજી
પટકૂલે દ્રુમપર્વત ઢાંકયો નૃત્ય કરે ગોવાલજી -૨૨
ગોવર્ધન પાખલે દે પ્રદક્ષણા મુખે શ્રી ગોપાલજી
ધૂપ દીપ નૈવેદ્ય આરતી કીધાં બીજ ભોજનજી -૨૭
દાન પુણ્ય વિવિધી પેરે કીધાં કુંકુમ પુજો ગાયજી
વાજિંત્રનાં નીઘોષ ગડગડે રૂડકો ગોકૂલ જાયજી -૨૯ પૃ:૬૮

આ ગોવર્ધનપૂજાની વાત દુર્ભર્યાં ઈંદ્રે સાંભળી ને એ તિરસ્કારથી બોલી ઉઠયો:

એ ગોવર્ધન કોણ કાંકરો માહરે ઠાંમ પૂજાયે -૨
સહસ્ત્રનૈયણ જલહલતાં રાતાં સૂર્ય સમા ભ્રકુટિભમેઆકાર રે -પૃ:૬૯

એણે તરત જ પ્રલયકાળના મેઘ બોલાવી પ્રચંડ વૃષ્ટિ કરવાની આજ્ઞા આપી.

ગોકુલ ગાંમનો ક્રોમ નીવારો ગીરી કરો શતખંડ રે

અભ્રપટલ કરે વીદ્યુતના શબકારા રે

સ્વેતશ્યાંમ આરકત ઢસલાં તે ઝીણાં વાદલ ધાય

પવન પ્રબલ વા દ્રુમ આંદોલ વર્તે હાહાકાર

ઝબઝબ વીજ કરે ઝબુકાર ગાજે દશ દીસાઘંન

શ્રવણે ધાક ને હદયા કંપે મહા ભયંકર મંન -૧૧

વ્રજપાત પડે દ્રુમ ગડેડી અતિ આકૂલાયે પ્રાણ -૧૩

પૃ:૬૯-૭૦

પરંતુ છેવટે કૃષ્ણ આગળ ઈંદ્રે હાર કબૂલી, ગોકુલ જઈ કૃષ્ણની સ્તુતિ કરી.

પરમાણંદ: ના ' હરિરસ' માં ઈંદ્રપૂજા બંધ થતાં ઈંદ્રે દ્વાદશમેઘને બોલાવી ગોકુલ પર ત્રાટકવાનું કહ્યું. સાત દિવસ પછી મેઘે ઈંદ્રને જઈ કહ્યું કે મારું હવે કાંઈ ન ચાલે, છેવટે ઈંદ્રે ગોકુલ જઈ કૃષ્ણને પ્રણમી, સ્તુતિ કરી.

માધવદાસ : માં પણ ગોવર્ધનપૂજા થતાં ઈંદ્રે ગુસ્સે થઈ દ્વાદશમેઘને આજ્ઞા આપી ને :

જલપાંણ ધારાવ્રત વ્રજય પર વૃષ્ટી કરો તતખેવ -૭

મુસલધારા મેઘ વરખે વીજલી કરે ચમકાર

પવન પ્રાહાર કરે અતી સબલો ચોદસ થયો અંધકાર -૮

પવન વાયે સીત અંગ ધ્રૂજે સુજે નહીં કાંઈ ગોપ

વાધે જલ કહે સીપેરય કરીશું આપણ સરવે થાસુ લોપ -૧૦ : પૃ:૩૭

અહીં કવિ ગોવર્ધન તોલતા સાત વર્ષના શામળિયાનું સુંદર વર્ણન કરે છે.

જયમ સુઢાગ્રે કમલગૃહીને હસ્તી રાખેજી

ત્યમ સીગ્રે હરીએ પ્રવત તોલો લીલા એહવી દાખેજી -૪

સાત વરસનો સામલિયો કાંઈ અદ્‌ભુત લીલા કીધીજી

સાત દીવસ તોલ્યો કર પ્રવત વ્રજય આરત્ય હરી લીધીજી -૧૦

અ:૨૫ : પૃ:૩૮

તુલજારામ : માં એક વાર નંદ અન્ય ગોપો, સ્વજનોને મળી મહાઉત્સવનો દિવસ આવ્યો છે, તે વર્ષમાં એક વાર સારી રીતે ઉજવવાની વાત કરે છે. તેથી નગરમાં પડો ફેરવાવી ઉપહાર એકઠો કરવાનું નક્કી કરે છે, ત્યારે કૃષ્ણ ઈંદ્રને બદલે ગોવર્ધન પૂજવાની વાત કરે છે. (પૃ:૭૧)

ગોપો ગોવર્ધનપૂજા કરે છે ત્યારે ક્રોધથી વ્યાકુલ થયેલો ઈંદ્ર બલભર્યો :

અધર ડસિને રોસ ભરાવે તેડા મેઘનરેશ -૭ પૃ:૭૪

અને ઈંદ્રે ગોકુલ ઉપર શીઘ્ર વૃષ્ટિ કરવાની વિનંતી કરી :

શલા પરવત વિષ્ટ કરજો, વરસો પાશાંણ -૮ પૃ:૭૪

અને કહયું કે ગોકુલ ઉપર વિકટ દારુણ પવન વાજો, તમે બારે મેઘ મૂસલધાર વર્ષજો. આથી અખંડ ધારાથી મેઘે વરસવા માંડયું, દશે દિશામાં શબ્દ ગાજી રહયો.

અધાર થાયો કાંઈ ન સૂઝે પવન દારૂણ વાય

વિજ તે ચમકા કરે, ગડગડા હવા જે નાદ

જાણે ગગન ભૂમંડલ પડે ગોવાલ કરતા સાદ -૨૦

પરવત ગિરિ ગોહવર ઘટા તે ગહર વાજે ગુડ

ચંદ્ર સૂર્ય ન દિસે ઈમ ક્રૂર પ્રાક્રમ પ્રૌઢ -૨૩ પૃ:૭૫

આથી આબાલવૃધ્ધ સર્વ ત્રાહત્રાહ કરી કલ્પાંત કરવા લાગ્યા, સહુ કૃષ્ણને વીનવવા લાગ્યા. આથી નરહરિએ વિચાર્યું કે ઈન્દ્ર તો મૂઢ છે, મને જાણતો નથી. હવે તેને મારું પ્રૌક્રમ બતાવું તેથી:

ગોવરધન ચસીકાવિયો બહુ ક્રોધ શું માધવ ભરો

પછે કર વતે તોલો લેઈ ગોકુલ ગાંમ ઉપરે ધરો -૨૯

ટચિ આગલિયે ધરો વિસ્તાર જોજંન સાત

પોહોલા કેરે પાર નાવે ધંન શ્રી જુગતાત -૩૦ પૃ:૭૫ ,૭૬

બધાએ પર્વત નીચે વિશ્રામ લીધો, પરંતુ મનમાં શંકા થવા લાગી કે

પરવત કરયિ વચકશે તો જશે સહૂના પ્રાંણ -૩૩ પૃ:૭૬

ત્યારે ધીરજ બંધાવતાં હરિ કહે :

સાત દિવસના બાલકને લેતા જે બલ થાય

પણ તેટલો ભાર અહીં છે નહિ, સાત માનજો નંદરાય -૩૫ પૃ:૭૬

આમ સાત દિવસ એક પગથી રહી વ્રજવાસીઓની રક્ષા કરી. આ હરિની રીસ જાણી, ઈંદ્રે તેત્રીસ કોટિ દેવતાઓને બોલાવ્યા ને કહયુ કે હાથી વહેલા સજ્જ કરો. કારણ કે મેં ગોકુલ પર રીસ આણી તેથી ' મને કોપા શ્રી જુગદીશ,' બધા દેવો સજ્જ થઈ ગોકુલ આવ્યા.

મદનભેર વાજે વાજિંત્ર મસ્તક મેઘાડંબર છત્ર

વાંણિ અપછરા અમૃત ગાય, આગલ નરત કરંતિ જાય -૪

પરિમલ બેહેકે પેરે જાણ, કૃષ્ણાગર ઉવેખે ઘણા

ચતુરગમા ચમર ઢલકંત, પવન વેગથિ અધિક પલંત -૫ પૃ:૭૯

ઈંદ્રે મસ્તક નમાવી કૃષ્ણની સ્તુતિ કરી, ક્ષમા યાચી. દેવોએ, કામદૂધાએ સ્તુતિ કરી, શાસ્ત્રપુરાણ ભણી ગાયનુ દૂધ, ગંગોદક વગેરેથી હરિનો અભિષેક કર્યો:

ગાયનું દૂધ ગંગોદક કરિ, મર્જન વેગે કીધૂ હરિ -૧૮

સુંદર વસ્ત્ર કિધો પરિધાન સૂર્ય કોટવત રુપનિધાંન

સુંદર તિલક કેસરનું કરિ અહીરાવત પર ચઢિયા હરિ -૧૯

કરા કલશ બહૂ મિનાકાર જડિત હિરા રત્ન અપાર -૨૦ પૃ:૮૦

ત્યાં નારદ આવ્યા, પ્રણમ્યા. કૃષ્ણે વેણુ વગાડીને નારદે નૃત્ય કરવા માંડયું-

' તાનાં થેઈ થેઈ લટકે લેઈ '

પુષ્પ વિષ્ટિ કરે કલોલ ગોપ ગોવાલા ઝાકમઝોલ

ઘરમાં વર્તે જેજેકાર, કુંકુમ હાથા સહૂને વ્દાર -૨૪

ત્રણ ભૂવને રલિયાત જ થઉ વૃથા દૂખ પ્રથ્વીનું ગઉ

રંગ ઉપંગ થયો રે સુરંગ નિરમલ લોક થયા સાધ પ્રસંગ -૨૫ પૃ:૮૧

ગિરિધરે પોતાના કૃષ્ણચરિત્રમાં અ:૫૯-૬૦,૬૧,૬૨,૬૩ માં આ લીલા વર્ણવી છે. અધ્યાય ૫૯માં ઈંદ્રના યજ્ઞનો ભંગ કરી ગોવર્ધનપૂજા કરવાનું કૃષ્ણ નંદને સૂચવે છે, સહુ સ્વીકારે છે. કારણ કે પ્રાણીમાત્ર કર્મને આધીન છે ને સર્વના આશ્રયદાતા ઈશ્વર છે. ૬૦ મા અધ્યાયમાં ગોવર્ધન મહોત્સવ ઉજવાય છે. જેમાં હરિ જ બીજા રુપે પૂજા ગ્રહણ કરે છે. પણ 'ગોવર્ધન ઉધ્ધારણ' નામના ૬૧ મા અધ્યાયમાં ઈંદ્ર કોપે છે :

વાયો વાયુ કરી માહા જોર, થયું વ્રજમાં અંધારુ ઘોર
કરી ગરજના ઘોર પ્રચંડ વરશે જલધાર અખંડ
ગજ સૂંઢય તણે આકાર, મધ્ય વીદ્યુતના ચલકાર -૧૧
ગીરી ગેહેવર કોતર જેહ, ભરાયુ જલ પુરણ તેહ
થાય વૃષ્ટી દીવસને સત્ય, જાણે પ્રલય તણો ઉત્પાત -૧૩ અ:૬૧

ત્યાર સઘળા ગોકુલવાસીએ કૃષ્ણનું શરણ લે છે. આથી હરિએ:~~લીલા~~

લીલાયે કરી બાલક જ્યંમ, ભુમી ફોડ ઉપાડે જયમ
મુલમાંહે થકી માહારાજ, લીધો વાંમ ભુજા ગીરીરાજ -૨૫

અને સર્વ વ્રજવાસીઓએ ગૌવત્સ સાથે ગિરિ નીચે આશ્રય લીધો. સાત દિવસ સતત વરસાદ હતો તેથી હરિએ -

મુકયુ આકાશે સુદર્શન, શોશે આવતુ જલ પરજંન્ય
કરયાં પૃથ્વીમાં છીદ્ર અપાર પાતાલે ઉતરી જાય વાર -૩૨
ચક્રથી જે ઉગરતુ આવે, તે વારી વસુધામાં સમાવે -અ:૬૧

છેવટે મઘવા હાર્યો. હરિએ ગિરિ એને ઠામ મૂકયો.

૬૨ મો અધ્યાય 'મઘવાપતી માનભંગ' નામનો છે, જેમાં ઈંદ્ર પોતાને પ્રભુનો અપરાધી માની, કામધેનુને તેડી વૃંદાવનમાં હરિને શરણે આવે છે. ૬૩ મો અધ્યાય 'ગોવિંદાભીષેક' નામનો છે. ઈંદ્ર પ્રભુને ચરણે પડી તેમની સ્તુતિ કરે છે. ઈંદ્રનો ગર્વ હરવા, તેના પર અનુગ્રહ કરવા હરિએ યજ્ઞભંગ કર્યો. પછી કામધેનુ પણ હરિની સ્તુતિ કરે છે, નીજ પયનો હરિ ઉપર

અભિષેક કરે છે. ઈંદ્ર ગજસૂંઢથી અમૃતની વૃષ્ટિ કરે છે, ને સ્વર્ગંગાની શ્વેતધારા પણ વરસી. આમ હરિએ 'ગોવિંદ' નામ ધર્યું. દેવોએ વૃષ્ટિ કરી, સૌ સનાથ, સુખીયાં થયાં.

પાદટીપ:

૧: ભાગવત :૧૦:૨૫:૧૯

૨: બ્રહ્મવૈવર્તપુરાણ :૪:૨૧:૬૪

૩: સૂરમાં પણ લાકડીના ટેકાથી કૃષ્ણને ગિરિ ઉઠાવવામાં મદદ કરી તેનો ઉલ્લેખ મળે છે.

## -::: રા સ લી લા ::: -

કૃષ્ણ- સાહિત્યના સમસ્ત વર્ણ્યવસ્તુમાં રાસ સૌથી અધિક મહત્ત્વપૂર્ણ વિષય રહ્યો છે. 'બ્રહ્મપુરાણ', 'વિષ્ણુપુરાણ', 'હરિવંશ', 'પદ્મપુરાણ', 'ભાગવત' અને ' બ્રહ્મવૈવર્ત ' જેવાં પ્રાચીન પુરાણોમાં, ભાસના ' બાલચરિત' જેવા પ્રાચીન ગ્રંથોમાં અને જયદેવના 'ગીતગોવિંદ' માં તે વિશેષરૂપે પ્રાપ્ત થાય છે.

ઐતિહાસિક દષ્ટિએ ' રાસ' શબ્દ કેટલો જૂનો, એની ભાળ મેળવવા જતાં ઈ.સ.ની રજી સદી આસપાસ જેની રચના સ્વીકારવામા આવી છે, તે 'હરિવંશ' પુરાણમાં મળી આવે છે, જયાં બલદેવની આજ્ઞાથી એ બલદેવનાં અને એની પત્ની રેવતીનાં દર્શન કરવા આવેલી અપ્સરાઓએ હાથથી તાળીઓ આપતાં આપતાં કૃષ્ણ અને બલદેવે કરેલાં બાલક્રીડાનકોને વસ્તુ તરીકે લઈ હસતાં હસતાં ' રાસ ' કર્યો.[૧]

સ્ત્રીઓ સાથે સ્ત્રીઓ, પુરુષો સાથે સ્ત્રીઓ - બેઉ પ્રકારે આ ' રાસ' ખેલાતા હોવાના નિર્દેશો મળે છે. આગળ જતાં ' છાલિકય' નામક ગેય ગાંધર્વગાનને સમયે નારદે વીણા લીધી, કૃષ્ણે ' હલ્લીસક ' નો આરંભ કર્યો, અર્જુને વેણુ બજાવવી શરૂ કરી અને અન્યાન્ય અપ્સરાઓએ વિવિધ વાદ્યો લીધાં.[૨]

આમ નૃત્ય સાથે સંબંધ ધરાવનાર ત્રણ મહત્ત્વની સંજ્ઞાઓનો ' હરિવંશ' નિર્દેશ કરે છે. આમાં જ ગોપાંગનાઓ સાથેના વિહારનું સૂચન આવે છે, જયાં ગોળાકારમાં રહેલા ગોપીઓના મંડળોથી શોભતા કૃષ્ણ ચંદ્રયુકત શારદી રાત્રીઓમાં આનંદ કરતા બતાવાયા છે. ટીકાકાર નીલકંઠ આ સ્થળે ચક્રાકાર મંડળોથી ' હલ્લીસક' ક્રીડન અને એક પુરુષનું અનેક સ્ત્રીઓ સાથેનું ' રાસ ' ક્રીડન - એવા બે ભિન્ન ક્રીડન પ્રકાર નિરૂપે છે.

જયારે ' હલ્લીસક' નૃત્યવિશેષ આ પ્રમાણે કૃષ્ણલીલા સાથે સંબંધ ધરાવતો મળે છે, ત્યારે ઈ.પૂ.૩-૪ થી સદીના મહાકવિ ભાસે ' બાલચરિત' નાટકમાં દામોદર કૃષ્ણ ગોપાંગનાઓ સાથે હલ્લીસક ખેલવા આવે છે, એવા ઉલ્લેખ બાદ,એક ગોપાલ ' હલ્લીસક જુઓ' એમ કહે છે.

એ પછી ભગવાન દામોદર ગોપાંગનાઓને ' હલ્લીસક' નૃત્યબંધ યોજવાની આજ્ઞા કરે છે, અને સંકર્ષણ, દામક, અને મેઘનાદ નામની ગોપોને આતોદ્ય વગાડવાનું કહે છે.[3]

જેમ સમૂહમાં નૃત્ત, તે જ રીતે એકલાનું નૃત્ત પણ ભાસને અભીષ્ટ છે, અને કાલીયમર્દન પછી કાલીયની પાછે ફેણોને દબાવતા કૃષ્ણ ' હલ્લીસક' પ્રકારનું ક્રીડન કરે છે.[4]

તામિલ સાહિત્યમાં કૃષ્ણની સંજ્ઞા ' મયવન્' છે. એને સંગીત ઘણું પ્રિય છે. પોતાની પ્રિયા નપ્પિન્નઈ ( રાધાનું તામિલ નામ) તેમજ મોટાભાઈ બલરામ સાથે ' કુરવઈ કૂટ્ટુ' નામનું નૃત્ત ખેલવાનું મળી આવે છે. 'શિલાપ્પાદિકરમ્' નામના રજી સદીના તામિલભાષાના પ્રાચીન ગ્રંથમાં અને અંડાલના ' તિરુપાવૈ' માં કૃષ્ણનાં ૧૧ પ્રકારનાં નૃત્તોનો નિર્દેશ આવે છે.

'હરિવંશ' પછીના પુરાણ સાહિત્યમાં ' રાસ'ના અને કાવ્યશાસ્ત્રના સંસ્કૃત ગ્રંથોમાં ' રાસ' અને ' હલ્લીસક ' ના પુષ્કળ નિર્દેશો મળી આવે છે. ' બ્રહ્મપુરાણ'માં ટૂંકો પણ કૃષ્ણનો ગોપાંગનાઓ સાથેનો રાસ સૂચિત થયો છે.[5] આને જ મળતો ઉલ્લેખ 'વિષ્ણુપુરાણ'-માં થયો છે.[6] રાસ માટે ' રાસગોષ્ઠી' શબ્દ પણ પ્રયોજાયો છે. આ હકીકતે નૃત્તની જ પ્રક્રિયા છે.

'ભાગવત' અને પદ્મપુરાણ'માં તો પછી ભગવાન કૃષ્ણનાં ગોપાંગનાઓ સાથેનાં રાસનાં મોટાં વર્ણન આવે છે. ભાગવતમાં તો ' રાસગોષ્ઠી' શબ્દ પણ અનેકવાર પ્રયોજાયેલો છે,[7] જે'રાસનૃત્ત' નો જ પર્યાય છે. ' બ્રહ્મવૈવર્ત ' માં રાસનું વર્ણન અન્ય પુરાણોની તુલનામાં ઘણે અંશે જુદું મળે છે.

આ ઉપરાંત, સંસ્કૃત સાહિત્યમાં અભિનવગુપ્ત, ભામહ, બાણ, ધનિક, વાગ્ભટ આચાર્ય હેમચંદ્ર, નાટ્યકાર રામચંદ્ર , સાહિત્યદર્પણકાર વિશ્વનાથ- ઈ.એ રાસના અનેક ઉલ્લેખો કર્યા છે.

'ગીતગોવિંદ' ના સમય દરમ્યાન રાસના નીચેના પ્રકાર મળે છે.

૧: ગોપીકૃષ્ણ રાસ

૨: રાધાકૃષ્ણ -ગોપીરાસ

૩: રાધાકૃષ્ણરાસ

ઋતુની દષ્ટિએ રાસના બે ભેદ જોવા મળે છે.

૧: શારદીરાસ

૨: વાસંતીરાસ

રાસના આ બધા પ્રકારો ગુજરાતી સાહિત્યમાં મળે છે. આ ઉપરાંત , વૃંદાવનરાસની એક ચાલી આવતી પરંપરાથી ભિન્ન સ્થાનભેદે દ્વારકારાસનું વર્ણન પણ મળે છે. ઉ:ત: નયર્ષિના 'ફાગુ'માં . આ ઉપરાંત, નરસિંહ મહેતાનું સ્વાનુભૂત પ્રત્યક્ષ રાસવર્ણન અને મીરાંનો 'નિર્ગુણરાસ' - આ રાસનું એ નિતાંત ભિન્ન રુપ પ્રસ્તુત કરે છે, જે સમસ્તકૃષ્ણકાવ્યમાં અદ્વિતીય છે.

આ બધી રચનાઓના મૂળમાં ભાગવતની ' રાસપંચાધ્યાયી' (દશમ.અ.૨૯થી ૩૩) ના વસ્તુ-ને જ આદર્શરુપમાં સ્વીકારાયું હોવા છતાં એને શુધ્ધરુપમાં ઘણા ઓછા કવિઓએ રજૂ કર્યું છે. મોટે ભાગે એમાં ' બ્રહ્મવૈવર્ત ' તથા 'ગીતગોવિંદની પરંપરાનું મિશ્રણ કરી દેવામાં આવ્યું છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં રાસક્રીડા પર લખેલાં કાવ્યોમાં નયર્ષિનું ' ફાગુ ' કાવ્ય, નરસિંહની ' રાસસહસ્ત્રપદી', વાસણદાસનો 'કૃષ્ણવૃંદાવનરાસ', દેવીદાસ રચિત ' રાસપંચાધ્યાયીનો સાર ' તથા વૈકુંઠદાસ કૃત ' રાસલીલા' ઉલ્લેખનીય છે. આ સિવાય અનેક દશમકારો તથા ભાગવતના અનુવાદકો દ્વારા રાસનું વર્ણન થયેલું છે. એમાં ભાલણ ભીમ, કેશવદાસ, માધવદાસ લક્ષ્મીદાસ, પરમાણંદ, પ્રેમાનંદ, તુલજારામ, રત્નેશ્વર, આદિ મુખ્ય છે. શિવદાસના ' બાલચરિત' માં પણ રાસવર્ણન મળે છે.

ભાગવતના રાસવર્ણનના મૂળ વસ્તુને નીચેના અંશોમાં મુખ્યત્વે વિભાજિત કરી શકાય:

૧: વેણુગીત

૨: ગોપીકૃષ્ણસંવાદ.

૩: ગોપીગર્વ, કૃષ્ણનું અંતર્ધાન થવું, ગોપીઓનું કૃષ્ણલીલા અનુકરણ તથા કૃષ્ણા-ન્વેષણ

૪: યમુના તટે કૃષ્ણનું પ્રગટ થવું, સંભાષણ

૫: મહારાસ, વાદ્ય અને સંગીત, કૃષ્ણનું અનેક રુપધારણ :

રાસના વિવિધ પ્રકાર ( પાત્રોની દષ્ટિથી )

૧: ગોપીકૃષ્ણરાસ:

કદાચ રાસનો આ પ્રકાર પરંપરાના રુપમાં સૌથી વધુ પ્રાચીન છે. ભાસનું 'બાલચરિત'[૮], 'હરિવંશ'[૯], 'બ્રહ્મપુરાણ'[૧૦], વિષ્ણુપુરાણ'[૧૧] તથા 'ભાગવતપુરાણ '[૧૨]ના રાસવર્ણનો આ પરંપરા અન્તર્ગત આવે છે. આ પુરાણોમાં રાસવિષયક એટલી સમાનતા છે કે કેટલાયે શ્લોક બધા પુરાણોમાં મળે છે. 'તાવાર્યમાણા ' થી શરૂ થતો શ્લોક ત્રણે પુરાણોમાં મળે છે. રાસનું મૂળ વસ્તુ ઉપરના પહેલા બે ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે,જેનો વિકાસ બાકીના ત્રણ પુરાણોમાં ક્રમશ: થતો જાય છે. આપરંપરામાં રાધા જેવી કોઈ ગોપી વિશેષનો સ્પષ્ટ ઉલ્લેખ નથી, પરંતુ સમસ્ત ગોપીસમૂહની સાથે કૃષ્ણના રાસરમણનું વર્ણન મળે છે. ભાસે કેટલીક ગોપીઓ તથા બલરામના નામનો ઉલ્લેખ અવશ્ય કર્યો છે.[૧૩] પરંતુ એમાં પણ રાધાનો અભાવ હોવાથી એનું રાસવર્ણન[૧૩] છે. ~~પરંતુ એમાં પણ રાધાનો અભાવ હોવાથી એનું રાસવર્ણન~~ આપરંપરાથી બહુ જુદું પડતું નથી. કારણ કે ' બ્રહ્મપુરાણ' તથા વિષ્ણુપુરાણ' માં પણ 'સહરામેણ' શબ્દોથી બલરામની ઉપસ્થિતિનો સંકેત કરવામાં આવ્યો છે. 'બ્રહ્મપુરાણ' માં ગોપીઓનું નામ લેવાની વાત છે, પરંતુ નામ આપવામાં આવ્યાં નથી.[૧૪]

રાસવર્ણનની આ જ પરંપરા ગુજરાતી કાવ્યોમાં વ્યકત થઈ છે, પરંતુ બલરામની ઉપસ્થિતિનો ઉલ્લેખ કયાંય મળતો નથી. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અનેક કવિઓ દ્વારા વિશુધ્ધ ગોપીકૃષ્ણ રાસનું વર્ણન થયું છે, જેમાં ભીમ, કેશવદાસ,સંત , માધવદાસ, પ્રેમાનંદ, આદિના નામ અગ્રગણ્ય છે. નયર્ષિએ પણ જો કે ગોપીકૃષ્ણરાસનું વર્ણન કર્યું છે, તો પણ અન્ય કારણોને લીધે, તેનું ' ફાગુ' કાવ્ય આ પરંપરામાં ગોઠવાતું નથી. નરસિંહનું સમસ્ત રાસવર્ણન

જો કે આ પરંપરામાં નથી આવતું, તો પણ તેના અનેક પદમાં તેણે ગોપીકૃષ્ણરાસનું વર્ણન કર્યું છે.[15]

## રાધાકૃષ્ણગોપીરાસ :

'બ્રહ્મવૈવર્તપુરાણ' દ્વારા ભાગવતના ' અનયાઽરાધિતો નૂનં 'શબ્દોથી વ્યજિત ગોપી વિશેષનું રાધાનારુપમાં સ્પષ્ટીકરણ તથા એમાં મળતા રાધા-માધવના સખીઓ સહિતના વિશદ રાસથી સંભવત: આ રાધાકૃષ્ણ-ગોપી-રાસની પરંપરા શરુ થઈ છે. 'બ્રહ્મવૈવર્ત' પછી રાધામાધવથી સંયુકત એવી આ રાસ પરંપરાનો વિવિધ રુપોમાં વિકાસ થયો, જેનું એક પ્રમાણ છે— 'ગીતગોવિંદ'[16] પરંતુ જયદેવે રાધાને રાસથી સંબધ્ધ કરી હોવા છતાં પણ ગોપીકૃષ્ણરાસના વર્ણનમાં તેને પૂર્ણ પાત્રતા આપી નથી. 'લલિતલવંગલતા' વાળા ગીતમાં સખી રાધાને જ ' નૃત્યતિયુવતિજનેનસમં' નું વર્ણન સંભળાવે છે, તેથી રાધાની પાત્રતાનો પ્રશ્ન જ ઉઠતો નથી.

મધ્યકાલીન ગુજરાતી કવિઓએ આ પરંપરાનું અનુસરણ કર્યું છે. પરંતુ આ અનુસરણના પણ કેટલાંક સ્તર છે. પહેલું સ્તર એ કે જેમાં રાસનું સમસ્ત વર્ણન લગભગ ભાગવત અનુસાર જ કર્યું છે. કેવળ ગોપી વિશેષના સ્થાન પર તથા એકાદ અન્ય સ્થળે રાધાનો ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે. દશમસ્કંધકાર લક્ષ્મીદાસની ' રાસપંચાધ્યાયી' જે ભાલણના ' દશમસ્કંધ' માં પ્રક્ષિપ્ત છે. એ આ સ્તરની રચના છે. તેમણે રાધાનો ઉલ્લેખ બે સ્થળે કર્યો છે.[17] ' હરિરસ' ના રચયિતા પરમાણંદે પણ રાસમાં રાધાને એવું જ સ્થાન આપ્યું છે; જો કે તેનો ઉલ્લેખ લક્ષ્મીદાસની અપેક્ષાએ અધિક સાંગોપાંગ છે. એમાં રાધાની મૂર્છાનું પણ વર્ણન છે, જેનો આધાર ' બ્રહ્મવૈવર્તપુરાણ' છે.[18] પ્રેમાનંદે રાસવર્ણન તો ' ભાગવતને આધારે જ કર્યું છે, પરંતુ કેવળ એક સ્થળે રાધાનો ઉ-ઉલ્લેખ કરી દીધો છે. ' રાધા ભકિતનો અવતાર ' અને 'ગોપી રૂપા રાધા ભકિત,

હલધર શેષ કન્યા શકિત'[19]

આમ અહીં રાધાની આંશિક સ્વીકૃતિ જોવા મળે છે.

રાસવર્ણનનો બીજો સ્તર એ કવિઓના કાવ્યમાં વ્યકત થયો છે, જેમણે રાધાકૃષ્ણના યુગલ રુપને સંપૂર્ણ રાસમાં સ્થાન આપ્યું છે, અને ભિન્ન ભિન્ન પ્રસંગોમાં સ્થળે સ્થળે રાધાના અસ્તિત્વનું પ્રમાણ આપ્યું છે. નરસિંહ મહેતા અને વાસણદાસે આ પ્રકારનું રાસવર્ણન કર્યું છે.[20] વાસણદાસના

રાસવર્ણનમાં બીજા અનેક વિભેદ હોવાને કારણે તેનો સંપૂર્ણ રીતે આ સ્તરે સ્વીકાર નહિ થઈ શકે. 'રાધાકૃષ્ણગોપીરાસ' વર્ણનના ત્રીજા સ્તરમાં કવિઓએ રાધાકૃષ્ણ સંબંધી કેટલાક નવીન પ્રસંગોનો સમાવેશ કર્યો છે, જેવા કે રાધાકૃષ્ણ -વિવાહ, રાધાની નથની અને હાર ખોઈ જવાના પ્રસંગો. નરસિંહનાં ' વસંતનાં પદો ' માં આનો સંકેત છે, પરંતુ વિસ્તૃત વર્ણન નથી.

તેણે કેટલાયે સ્થળે રાધાકૃષ્ણના વિવાહનું ચિત્રણ કર્યું છે. પરંતુ રાસ સાથે તેનો નિશ્ચિત સંબંધ સિધ્ધ નથી થતો. એક સ્થળે રાસની અંતર્ગત રાધાના વિવાહિત રુપનો સંકેત મળે છે.[૨૧] પરંતુ બાકીના સ્થળે વિવાહવર્ણન સ્વતંત્ર રુપે કરવામાં આવ્યું છે. ભાલણ, કેશવદાસ, પ્રેમાનંદ આદિ અન્ય કવિઓએ રાધાકૃષ્ણવિવાહનું વર્ણન જ નથી કર્યું. તેથી રાસના પ્રસંગ સાથે તેને સંબધ્ધ કરવાનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો. ભાલણે એક સ્થળે એક ગોપીના મુખે, જે કદાચ રાધા જ છે, કૃષ્ણને સદાને માટે અવિવાહિત કહેવડાવે છે:

' લોક વિષે લંપટ થયો રે, તારો વિવાહ ન મળે વેદ રે '-૨૦ :દશમ:પદ:૧૮૧.

રાસક્રીડાને સમયે રાધાનો હાર અથવા નથની ખોવાઈ જવાનું વર્ણન નરસિંહે એક પદમાં [૨૨] અને વાસણદાસે ' શ્રીવૃંદાવનરાસ' [૨૩]માં કર્યું છે.

રાધાકૃષ્ણરાસ:

'બ્રહ્મવૈવર્ત ' પુરાણના કૃષ્ણજન્મખંડના પરમા અધ્યાયમાં રાધાકૃષ્ણના એકાન્તરાસનું પણ વર્ણન મળે છે, અને તેને ' રાધામાધવરાસ' ની સંજ્ઞા પણ આપવામાં આવી છે.[૨૪] કૃષ્ણ રાધાની સાથે અંતર્ધ્યાન થઈ ગયા પછી તેની સાથે રાસક્રીડા કરે છે. નરસિંહ અને વાસણદાસમાં આ પ્રમાણેના ઉલ્લેખો મળે છે.[૨૫]

રાસના વિવિધ પ્રકાર ( ઋતુની દષ્ટિએ )

શારદી રાસ :

શરદ પૂર્ણિમાની રાત્રે રાસક્રીડા વર્ણન કરવાની પરંપરાના મૌલિક રુપમાં ગોપીકૃષ્ણ રાસની પરંપરા અભિન્ન સંબંધ ધરાવે છે. જે પુરાણોમાં રાસનું વર્ણન મળે છે તેમાં શરદઋતુનો પણ ઉલ્લેખ મળે છે.

૧: શારદીં ચ નિશાં રમ્યાં મનશ્ચક્રે રતિમ્પ્રતિ ।

-હરિવંશ, વિષ્ણુપર્વ :અ:૭૭

૨: કૃષ્ણસ્તુ વિમલં વ્યોમ શરચ્ચન્દ્રસ્ય ચન્દ્રિકામ્ ।

-વિષ્ણુપુરાણ ૫:૧૩:૧૪

-બ્રહ્મપુરાણ: અ:૧૧૮

૩: શરદોત્ફુલ્લ મલ્લિકા : ભાગવત :૧૦:૨૯:૧

૪: 'બ્રહ્મવૈવર્ત' માં પૂર્ણિમાને સ્થાને ત્રયોદશીનું વર્ણન છે, ઋતુ નથી આપી.

શુભે શુક્લ ત્રયોદશ્યાં પૂર્ણે ચન્દ્રોદયે મુને :અ:૨૮

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આ પરંપરાના અનુકરણના અગણિત પ્રમાણ છે, અને તે પણ પૂર્વે ઉલ્લેખેલા રાસના લગભગ બધા પ્રકારોમાં ઉપલબ્ધ થાય છે. કવિઓએ ગોપીકૃષ્ણ -રાસ, રાધાકૃષ્ણરાસ, રાધાકૃષ્ણગોપીરાસ - બધાને શારદીરાસના રૂપમાં જ ચિત્રિત કર્યા છે. નરસિંહ,[26] ભાલણ,[27] પ્રેમાનંદ[28] અને વાસણદાસ[29] માં શારદીરાસનો જ પ્રકાર મળે છે. આ વર્ણનોમાં જે 'ખટમાસી' રાત્રિનો ઉલ્લેખ છે, તેનું મૂળ કદાચ 'બ્રહ્મવૈવર્ત' માં વર્ણવાયેલી એક માસનીરાત્રિ છે.[30]

વાસંતીરાસ:

આ પ્રકારના રાસમાં પ્રાકૃતિક સૌંદર્ય તથા સામૂહિક નૃત્યનું વર્ણન વિશેષરૂપે કરવામાં આવ્યું છે, જો કે એમાં પૌરાણિક પરંપરાની છાયા પણ અહીંતહીં મળે છે. કૃષ્ણકાવ્ય -માં શારદીરાસની જેમ આ રાસની પણ પરંપરા પર્યાપ્ત પ્રાચીન લાગે છે.

ભાસના 'બાલચરિત'નું રાસવર્ણન જો કે અધિક અંશોમાં વાસંતીરાસ જ પ્રતીત થાય છે, પરંતુ ઋતુ સંબંધીએમાં કોઈ ઉલ્લેખ ન હોવાને કારણે એનો બંને પરંપરાઓમાંથી કોઈમાં પણ સ્વીકાર થયો નથી. 'બ્રહ્મવૈવર્ત' માં એનું સૂત્ર અવશ્ય મળે છે.

'કૃત્વા ક્રીડાં તત્રૈવ વાસંતી કાનનં યયૌ

રેમે તત્રૈવ રાસેશો વસન્તે સુમનોહરે : કૃ:ખંડ: અ:૫૩

તો 'ગીતગોવિંદ ' પર પણ એની છાયા છે :

'વિહરતિ હરિરિહ સરસ વસંતે

નૃત્યતિ યુવતિ જનેન સમં સખિ વિરહિજનસ્ય દુરંતે – પ્રથમસર્ગ

મૈથિલી કવિ વિદ્યાપતિના પદોમાં પણ રાસનું વર્ણન મળે છે.[31]

પ્રાકૃત અને અપભ્રંશ કાવ્યોમાં પણ આ રાસની પરંપરા પ્રચલિત રહી હશે, જેનું દર્શન ૧૫મી સદીમાં નયર્ષિના 'ફાગુ' કાવ્યમાં થાય છે.[32] સોળમી સદીમાં કેશવરામે ' વાસંતીરાસ'નું અધિક સ્પષ્ટ વર્ણન કર્યું છે.[33]વાસણદાસે પ્રારંભમાં શરદઋતુનો નિર્દેશ કરી અંતમાં

'એહવે માધવ માસ અગિ ગાએ કેસૂ તે ફૂલ્યાં બહુ

કાલિંદી સુસુતીર ધીર રાધા ખેલે તે હોલી સહૂ ' –

લખી એક સ્થળે વસંતનો ઉલ્લેખ કર્યો છે.

## રાસના વિવિધ પ્રકાર :–(સ્થાનની દષ્ટિએ )

વૃંદાવનરાસ: નયર્ષિ અને નરસિંહ  સિવાયના લગભગ બધા જ કવિઓએ રાસક્રીડાનું ક્ષેત્ર વૃંદાવનનો યમુનાતટ માન્યો છે, જેનો ઉલ્લેખ બધા વર્ણનોમાં મળે છે.

દ્દારાકાદ્દાસ :
નયર્ષિ[34] અને નરસિંહ[35] – આ બે કવિ એવા છે, જેમણે દ્દારકામાં રાસનું ચિત્રણ કર્યું છે.

૧:  'રાજ કરઈ શ્રીરંગ ...યાદવનાયકુ એ

નામઈ ગોપિયવૃન્દ ..

પુહતા નિજપુરી એ '

૨:  'મુજને શ્રી દ્દરાકામાંહે રાખ્યો

...શરદપુનમ તણો દિવસ તહાં આવીઓ

રાસ મરયાદનો વેણ વાઈ્યો

રુકમણી આદિ સહુ નારિ ટોળે મળી

નરસહીંએ તહાં તાલ સાધ્યો.'

આ વસ્તુની વિચિત્રતાને બે રીતે સમજી શકાય—

૧: કદાચ આ પ્રકારની પરંપરા ગુજરાતમાં પ્રચલિત હોય.

૨: કવિઓએ વાસ્તવિક પરંપરાથી ભિન્ન સ્વકલ્પનાથી આવું વર્ણન કર્યું હોય.

આ બીજી સંભાવના વધુ યથાર્થ પ્રતીત થાય છે.

ભાગવતના રાસની મૂળ વસ્તુના આધાર પર રાસવર્ણનના વિભિન્ન અંશો:

આપણે ત્યાં કેટલાક કવિઓ એવા છે, જેમણે ભાગવતની સંપૂર્ણ વસ્તુનો પોતાની રીતે ઉપયોગ કર્યો છે. ઉ:ત: નરસિંહ, કેશવરામ, પ્રેમાનંદ- વગેરે. બીજા ઘણા કવિઓ એવા છે, જેમણે અનેક મહત્ત્વપૂર્ણ અંશોને પોતાના રાસવર્ણનમાં સ્થાન નથી આપ્યું. કેટલાકે એમાં પરિવર્ધન કર્યું છે, કેટલાકે સંક્ષેપ કર્યો છે. ભાગવેતતર પરંપરાના રાસવર્ણનમાં પણ ભાગવતના રાસની છાયા મળે છે.

સામાન્ય રીતે કવિઓએ રાસને આનંદ -ઉલ્લાસ, નૃત્યસંગીત અને પ્રેમમિલનના મહાપર્વના રુપમાં વર્ણવ્યો છે. કેટલાકે એની વિરાટતા અને આધ્યાત્મિકતા પર વિશેષ ભાર મૂકયો છે. બહુ ઓછા કવિઓ છે કે જેમણે અલૌકિક નૃત્યગીતમય આનંદની સહજ સ્થિતિની વચ્ચે ઉદાસીનતા, દુ:ખ ઉત્સુકતા, વિરહકાતરતા, ઉદ્વિગ્નતા તથા તન્મયતા આદિ માનવીય ભાવો માટે પણ સ્થાન શોધી કાઢયું છે, ~~અને આદિ માનવીય ભાવો માટે પણ સ્થાન શોધી કાઢયું છે~~. અને તેનો મૌલિક રીતે વિસ્તાર કર્યો છે. એમાં પ્રેમાનંદ મુખ્ય છે.[36]

પ્રેમાનંદ સિવાયના[37] અન્ય કવિઓએ શરદપૂર્ણિમાની શુભ્ર ચાંદનીમાં યમુનાતટ પર થનારરાસના નાદમય અને ગતિશીલ દશ્યના વર્ણનનો વિશેષ આગ્રહ સેવ્યો છે. આ કવિઓએ જે યત્કિંચિત્ ભાવનિરુપણ કર્યું છે, તે ભાગવત પર આધારિત અનેઅનુકરણમૂલક હોવાથી વિશેષ મહત્ત્વનું બની શકતું નથી. જયારે પ્રેમાનંદે ભાગવતનો આધાર લીધો હોવા છતાં ભાવચિત્રણમાં પર્યાપ્ત સ્વતંત્રતા દર્શાવી છે, અને અનુકરણ કરવા છતાં પોતાની પ્રતિભાથી ભાવોનું અધિકાધિક

વિસ્તારચિત્રણ કર્યું છે.

૧: વેણુગીત:

રાસનો પ્રારંભ કૃષ્ણના વેણુવાદનથી થાય છે. એની બંસીમાં ચરાચરને વિમુગ્ધ કરી દેવાની શક્તિ છે. ગોપીઓ તો આમે ય કૃષ્ણ પર અનુરક્ત હતી. કાત્યાયનીવ્રત દ્વારા કૃષ્ણને પ્રાપ્ત કરવાનો ઉપક્રમ પણ તેમણે રાખેલો. અર્ધરાત્રિએ જ્યોત્સ્નાના શત શત આવરણોને વીંધી જ્યારે અપાર સંમોહન કરતી, પ્રિયની બંસી મધુરસ્વરથી તેમને આહ્વાન આપેછે. ત્યારે તેઓ એક વિચિત્ર પ્રકારનો આહ્લાદ મિશ્રિત ઉન્માદ અનુભવે છે, જેમાં સઘળું ઘરકામ, બધી લોકલાજ ઢંકાઈ જાય છે. કૃષ્ણની પાસે પહોંચી જવાની ઉતાવળમાં તે બધાં કાર્યો અધૂરાં છોડી દે છે અથવા તેમને વિપરિત ઢંગથી કરવા લાગે છે.

ગીત દ્વારા ગોપીઓને આકર્ષિત કરવાની વાત 'બ્રહ્મપુરાણ' માં તથા 'વિષ્ણુપુરાણ' આદિમાં મળે છે.[38] પરંતુ ' બાલચરિત' અને'હરિવંશ' માં એનો ઉલ્લેખ નથી મળતો. પૌરાણિક પરંપરા અનુસાર, ભાગવતે, 'જગૌકલં વામદૃશાં મનોહર' લખ્યુ છે, અને તેને'અનંગવર્ધન' પણ કહ્યુ છે. આગળ જતાં ભાગવતકારે સ્પષ્ટ કર્યું છે કે આ ગીત કેવળ ગીત ન રહેતાં વેણુગીત છે.[39] નરસિંહ[40], ભાલણ , કેશવરામ, માધવદાસ, આદિ કવિઓએ વેણુગીતનું, એની અસરનું બરાબર વર્ણન કર્યું છે:

ભાલણ:-

'શરદરાત સોહામણી રે, રાસ રચ્યો ભગવાન ,
મોહન વંશી વજાડતો રે, રાગ રાગિણી તાન -૧
શબ્દ મનોહર સાંભળી રે, ગોકુલની સર્વનાર
નાની મોટી તે નિસરી રે છોડી ગૃહવ્યાપાર -૨ પદ:૧૫૬

કેશવરામ:
માં પણ વેણુનાદનું વર્ણન છે:

'ઉભો એક અનંત પ્રીત્ય ધરતો, નંદજી જે નંદનો
વાહયો વેણ રસાલ બાલ વનમાં, પ્રેમા બહુ ઊપનો

સૂણ્યો સુંદર સાદ સાદરપણે, પીયૂષ પીવા વળી

જાણ્યૂં અંગ અનંગ કોટય ગુણ થ્યો, નારી નિશા નીકળી: ૨: સર્ગ :૧૩

વેણુનાદથી આકષાયેલી ગોપીઓમાં પ્રેમજન્ય અધીરાઈ જોવા મળે છે. તેથી ઉપર્યુકત બંને કવિઓએ તેમના આભૂષણોની અસ્તવ્યસ્તતા વર્ણવી છે.

ભાલણ:

'વિંછુવા કર અંગેલી, પદ મુદ્રા ધારેજી
કંઠે ધરે કટિમેખલા, કટિ સાજે હાર -૬
અવળી પહેરી કંચુકી, દૃગ નયણે સીંદુરજી
જે જયાં તે ત્યાં વિસર્યુ,જાણે થાયે અસુર -૭ પદ:૧૫૭

કેશવરામ:

'દોહતી દોહવિછોહ કો વિરહિણી, ચાલી જ વૃંદાવને
મૂકયાં બાળક ધાવતાં રવડતાં,મોહી મને માનની;
મેહલી કોય પરીશતી જપ્રિયને, કંકન્નપાયે ધરયાં,
આવી કો અધ લીપતીજ જમતી,અંજન્ન અધૂરાં કરયાં -૩ સર્ગ :૧૩

લક્ષ્મીદાસ:- વેણુગીતનો નાદ સાંભળી

'ગ્રેહેગ્રેહથી ભાંમ્યનીવૃજ નીતંબનીતબ ચકીત ભઈ સુંદર
શ્રવન સૂની ચંચલ કુંડલ ગલસ્થલ સતરમા આનંન
હરખી જાત સકલ ગજગવની :૩: પૃ:૭૪

તો દોડતો ગોપીઓના મનની વિહ્વલતા તેમને અવળાં પહેરેલાં આભૂષણોમાં દેખાઈ આવે છે:

' વીંછીડા કર આંગુલી પદ મુદ્રીકાહાર કંઠે ધરિ કટીમેખલા
કરિ સાજે હાર -૪

અવલી પેરે કંચુકી ધરે નયન સિંદુર

યે યાંહાં તે ત્યાં હાં વીસરે જાણે થામે અસૂર -૫

એક તલીને સુખડુ નાખે પીષ્ટ જ માંહ

સુનો મેહેલ્યો તાવડો ઉઠીને વલ્ચી જાય -૭

એક બાળક ધવરાવતી, એક સોગટાં રમતી, એક મજ્જન કરતી, એક માથામાં નીર નાખેલી, એક કંથ સેવા કરતી, એક હાર ગૂંથતી- ગોપીઓ 'યમ સરિત પૂરે વહે ઉજાતિ જાય,

તે સિંધુ ભણિ સાંચરી સંખ્યા નવ્ય થાય -૧૬ :પૃ:૭૫

માધવદાસ:

---------- અહીં કવિએ રાસલીલા વર્ણવતાં પ્રારંભમાં જ કહયું છે:

'કામજય લીલા કરી, વળી વૃજવધુની સાથ : અ:૨૮

પછી કવિએ શરદની રળિયામણી રાતનું વર્ણન કર્યું છે:

' તેહેની કીરણ કોમલ વસ્તરી તેણે સોભુ વૃંદાવન જો

સહુ પ્રફુલીત થઈ વનસપતી , તાંહાં નાંહાંના કુંજભોવન જો -૩

તાંહાં ભ્રમર ગુંજાર બહુ કરે બોલે ચાતૃકમોર જો

ચક્રવાક સારસ પ્રેમ આતુર ચોરે ચીત ચકોર જો -૪ અ:૨૮

તો બંસી વગાડતા કૃષ્ણનું સુંદર વર્ણન જોઈએ:

' શ્રીકૃષ્ણ નટવર વેષધરી, પ્રેમ સોભામાંન જો

મુગટ મુસ્તગે મોર પીછનો,મકરાકુંડલ કાંન જો -૬

વીજંતીમાલા પાય લલતી,પયમણીઝાતકાર જો

શ્રીવચ્છલ ધનહારગુંજી ,સોભા પરમ ઉદાર જો -૭

બંસીનો નાદ સાંભળી અધીરાઈથી દોડતી ગોપીઓમાં :

'વ્રેહ વ્યાપો અંગે અપાર,અંગે કામ પ્રગટયો નીરધાર

સુધબુધ્ધય દેહ કેરી ભૂલી, હરી જોવાને મન ફુલી:૨:

એક લીંપતી ગોબર હાથ, એકે જયમતો મેહેલ્યો નાથ

એક ઝાંઝર પેહેરે કરણે,એક કુંડલ ઘાલતી ચરણે

એક કટી ભૂષણ કંઠે પેરે,એક માલા લેઇ ગેડે ઘરે -૭

એક ચોલી એક જાએ બાહે,એક નાગી ચીત તેહનું તાંહે

એક ચરણવોમુસ્તક ઓઢે, એક સાડી કટી પેહેરતી પ્રૌઢે -૮

પાલી વઘારી તોલડી માંહે, સાક નાંખુ સેરી તાંહે,

જમના બેઠો પોતાનો નાથ, ભૂલી થાલી આપી ભીખારી હાથ -૧૦

અ: ૨૮: પૃ:૭૩

આમ દોડતી ગોપીઓ માર્ગમાં કોઇ કોઇને મળતી નથી

કારણ: 'કર્યો બંસ સબદ વનમાલી, લાગી ગોપીને તનમન તાલી -૧૩

તુલજારામ: માં ગોપીઓ વાંસળીનો સ્વર સાંભળીને વિહ્વલ થાય છે.

'મદને ભલિ દેહોદશ રમતિ, વેદના સહિનવજાયજી ' —

ઘરમાં કામકાજ છોડી

'એક ચિંત ધાંન ધરિ પરવશ થઈ રે,સુધ નવ રહિ લગારજિ -૧૧: પૃ:૮૩

અને તેથી જ અવળા શણગાર કરી દોડે છે:

'કુંડલ કર્ણના ચર્ણ લાવે કરતિ બહૂ શણગાર જિ

નેપુર કર્ણ ઘાલે રે કાંમનિ, સુધે વિસારિ સારજિ -૧૪

એક રોલા મુખ કાજલ કરતિ, ઘરતી બહૂ આનંદજી

કચૂકીબંધ કશણકશી બાંધા,ચાલી જાંહાં ગોવિંદજી:૧૫

એક હાથમાં ચોલિ પેહેરિ, એક મેહેલિ વિસારિજી

ઉઢણ કેરુ વસ્ત્રજ પેહેરૂ , શીર ઉઘાડિ નારિ જિ:૧૬: પૃ:૮૪

પ્રેમાનંદે: પ્રેમજન્ય ઉત્સુકતાના અતિરેકને વ્યકત વિભ્રમને અધિક વિસ્તારથી વર્ણવ્યો છે. આભૂષણોની અસ્તવ્યસ્તતાના તે અભિનવ ઉદાહરણ આપે છે. સાથે અનેક નવીન પરિસ્થિતિ-ઓનું સર્જન કરી, કયાંક પુરોગામીઓમાંથી એકાદ સૂચન લઈ, એમાં પોતાનો કલ્પનાવૈભવ

પૂરી, ભાવાભિવ્યકિતની વિશેષ ક્ષમતા પ્રગટ કરે છે, છતાં એ સર્વ સ્વાભાવિક લાગે છે.

'કોઈક નહાતાં નાદ સાંભળ્યો ,મન થયું હરિમાં મગ્ન રે
તે જલે નિગળતી ઉઠી ચાલી, વસ્ત્ર વિહોણી નગ્ન
અવળાં આભરણ ભૂષણ પહેરયા મનડું રહયું જગદીશ રે
ઓઢણી પહેરી કટિ સંગાથે,ચરણાં ઓઢયાં શીશ
એક બાંહે પહેરી ચોળીની માંહે અવળો આણ્યો હાથ રે
એક સ્તન ઉઘાડું દીસે, જેમ દેહેરાં વિના ઉમયાનાથ
કો કાજલે કરીને સેંથો પૂરે,કો નયણે આંજે સિંદુર રે
કો કોઈને પ્રીછે નહિ , બાલા પ્રેમ ઉદધિનું પૂર.
કર મુદ્રિકા પગ અંગુલિયે, વિછુવા કર અંગુલીમાંયે રે
ચરણનાં ઝાંઝર કાને પેહેરયાં કર કંકણ પેહેરયાં પાયે
કટિ મેખલા કંઠે પેહેરી કટિ,વિંટયા મોતી હાર રે
ગલુબંધ પાવલીયે બાંધ્યો પગ ઘૂઘરી કંઠ ઘમકાર -ક:૮૨

કોઈક બાળકને હેઠે સુવાડી' ઉપર ઢોલિયો ઢાળે રે ; કોઈક અવળાં દર્પણ જુએ, બારણાં ઉઘાડી મૂકી ઉચાટ વગર દોડે. વેણુનાદથી આકર્ષાયેલી ગોપી કુળમર્યાદાનો લોપ કરે છે. કારણ' ઘટ ઘૂમ્યો વાંસળી નાદ રે' ને તેથી જ વિપરીત કાર્ય કરવા લાગી. કારણ કે
' કામદૂત પડયા કેડે રે - તેથી
'ગૌ દોહીને દૂધની દોહોણી,જળગોળીમાં રેડે રે -૩

અહીં પ્રેમાનંદ એક પછી એક એટલાં ઉદાહરણ આપે છે કે એમાં એકસૂત્રતાનો આભાસ લાગે છે. પરંતુ તેની કલ્પનાશકિતની મૌલિકતા નકારી નહિશકાય. એકસૂત્રતાથી ભાવાભિવ્યકિતને જે આઘાત પહોંચે છે, તે પરિસ્થિતિઓની નવીનતા દ્વારા દૂર કરે છે. અપૂર્ણ રુપથી પહેરેલાં આભૂષણો માર્ગમાં પડી જવાનો ઉલ્લેખ કવિની સૂક્ષ્મ દષ્ટિનો પરિચાયક છે.'
' આભૂષણ મારગમાં પડતાં જેનાં મોંઘાં મૂલ ' ક:૮૨

કૃષ્ણની વાંસળીને લઈને ઉપાલંભના રુપમાં નરસિંહ,મીરાં અને દયારામ જેવા કવિઓએ તો સ્વતંત્ર રુપમાં કાવ્યરચના પણ કરી છે,એ સુપ્રસિધ્ધ છે.[41]

ગોપીકૃષ્ણ સંવાદ:

વેણુનાદથી આકૃષ્ટ ' તાવાર્યમાણા: પતિભિ:...મોહિતા-' ગોપીઓને કૃષ્ણ ઘેર પાછા જવાનો આદેશ આપે છે, જેનો તેઓ ઉત્તર આપે છે. આ ગોપીકૃષ્ણસંવાદનું વર્ણન નરસિંહ,[42] ભાલણ,કેશવરામ ઈત્યાદિ કવિઓમાં મળે છે.

ભાલણ:

'કૃષ્ણ કહે સુણો કામિની રે, શું આવ્યાં છો વન
રુડો ભૂંડો સેવવો રે કામિનીએ ભરથાર
સાચું સુખ ન પામિયું રે જેણે કીધી જાર -૭ પદ:૧૫૬

તો આંસુ વહાવતી ગોપીઓ ઉત્તર દે છે.

'તનમન તમને સોંપિયું રે તમો અમારા નાથ
સર્વને છાંડી આવિયાં રે , ગ્રહો અમારો હાથ '[43] -૯ પદ:૧૫૬

અહીં અસ્તવ્યસ્ત ગોપીઓ આ રીતે જ્યારે કૃષ્ણ પાસે પહોંચે છે, ત્યારે તેમના પ્રેમની પરીક્ષા લેવાના ઉદ્દેશથી કૃષ્ણ તેમને ઘરે પાછા જવાનું કહે છે. જેમને માટે ગોપીઓએ માતા, પિતા,પતિ પુત્ર,કુટુંબ સર્વનો ત્યાગ કરી, રાત્રિએ નિર્જનવનમાં આવી, એમના મુખથી આવા કઠોર શબ્દો સાંભળી, તેમનો સર્વ ઉલ્લાસ શિથિલ થઈ જાય છે, અને તેઓ દુ:ખથી તપ્ત બને છે. કવિઓએ ગોપીઓની આ મર્મવેદના પરખી છે, અને તેઓએ દુ:ખની આ દશા અંકિત કરતી અનેક ભાવપરિસ્થિતિઓની સંયોજના કરી છે, જેની પ્રેરણા તેઓને શ્રીમદ્ ભાગવતના ' ચરણેન ભુવં લિખન્ત્ય: ' માંથી લીધી છે.

કેશવરામ:-

અહીં પણ જ્યારે કૃષ્ણ ગોપીઓને ઘરે પાછા જવાનું કહે છે, ત્યારના તેમના અનુભાવો કવિએ સરસ વર્ણવ્યાં છે.

'પ્રીનાં વિપ્રીય વાકયબાણ વનિતા, લાગાંજ કામે જશે,
હઈયે ખેદ નિરાશ આશ સઘલી, ચિંતા જ પામી તશે.
સૂકા હોઠ, મુખે ખડી, સુખ નહીં, નિશ્વાસ મૂકે વલી.
નયણે નીર, લખેજ ભૂમિ ચરણે, તૂષ્ણિ રહી ટલવીલી -૧૧ -સર્ગ :૧૩
છેવટે તેઓ પ્રેમથી, વિશ્વાસ અને આશા રાખી બોલી :
'હા હે નાથ! અયોગ્ય આજ અમને, નિર્દે કહું જે તહ્મે,
મૂકયાં પત્ય, અપત્ય તજીજનની, શરણે જ આવી અહ્મે -૧૨ સર્ગ :૧૩.
સ્ત્રીનો પતિધર્મ એજ સબળ છે- તમે સાચું કહયું. અમે તો 'આત્મા જ તને લહયો', સાચા સ્વામી જ તમે છો, આનંદની ધારામૃત તમે છો.

લક્ષ્મીદાસ:-

જયારે કૃષ્ણે ગોપીઓને ઘેર જવાની શીખ દીધી ત્યારે તેઓ મનમાં ત્રાસ પામી:
'હદે કંપે અંગ દૂઝે નીચુ નીહાલે
નીશ્વાસ તે વારેવારે આંસુડા ઢાલે -૧૫
એક એક સાંહમૂં જુયે અવલોકી ને મન આલોચે
ગદગદ કંઠમાં નહી મનહ ઉત્તર સૂઝે -૧૬
ચરણે લીખી ધરણી સકલનારી
પછે મન દઢ કરી બોલ્યા વીચારી -૧૭ પૃ:૭૬
બધાં સ્વજન તજી આવેલી ગોપીઓ કહેવા લાગી:
'કયમ જઈ મંદીરે જો અહાં રહા પ્રાણ
અંગ્યે અંગ વેધ્યાં તોરે નયણે બાણ -૨૫ પૃ:૭૬
તમારી બંસીની અમૃત ધૂન સાંભળી પશુપક્ષી, લતાગુલ્મ વગેરે ચકીત થયાં, બ્રહ્મા, શંકર આદિ મોહ પામ્યાં,તો
'અબલાનું ગજૂ શુ જી, કયાં હાં રહિ ગવિ:' ૨૭: પૃ:૭૬

માધવદાસ:-

હરિનાં વચન સાંભળી વ્રજબાલાઓ વિહ્વલ થઈ:

'ઝાંખી થઈ સરવે વ્રજનારી, સુકે અધુર ને અંતાકારી -૧૦

નીચી મુખ ને વીમ્રીત વરણ, ચરણ આંગુલી ખણતીધરણ

નહીણે ચાલી આંસુધાર, સહુ લજ્યા પામી તેણે ઠાર-૧૧ અ:૨૮: પૃ:૭૩

આંસુધારાથી અંજન ધોવાયું -છેવટે ધીરજ ધારી, તેઓ બોલી કે અમે સઘળો પરિવાર ત્યજી,

તમારે શરણે આવ્યાં છીએ.

' અમે ધરમલોપ કીધો નથી જુવો વિચારી વ્રજરાય જો

જે ભજે નહીં પ્રભુ ચરણ તમારાં, ધરમ તેહનો જાય જો-૩

તવ ચરણકમલની વંછના ., નીત્ય રહી લક્ષ્મીનાર જો

તેહ આજ પામ્યાં અમે અબળા, માટે તજુ નહીં નિરધાર જો -૭ -અ:૨૯

પ્રેમાનંદ:

અહીંપ્રેમાનંદે, ગોપીઓની મમવેદના પારખી, તેમની અનેક ભાવપરિસ્થિતિઓ વર્ણવી છે. ગોપીઓ હતોત્સાહ થઈ, કર્મનીવાત કરવા લાગી.

' ઊંડા મૂકે નિશ્વાસ, લલાટે હાથ દીએ,

કોઈ મુખ ઉપર દે હાથ, વઢવા દોડતી.

કો નયણાં ચઢાવી જોય, નથી દષ્ટ ઓરતી,

કો કરી હસ્તનાં ચિહ્ન, હરિ કને આવતી,

કો અધર ડસીને જોય, હરિને ખિજવડાવતી

કો કર પર દેઈ કપોલ, બેસે શિથિલ થઈ,

કોઈ એક માર્ગે મર્ગ, વિધિ કને ઊભી રહી.

કો નિંદે કાત્યાયની વ્રત, સુકૃત વૃથા થયું

એણે જોયાં નગ્ન શરીર, આજ બ્રહ્મચર્ય ગયું,

કોલે અંગુલી મુખમાંહે નયણે જલ થલે
કો અલબેલી કરે આલ, અંગુઠે ધરા ખણતી -ક:૮૪

આ પૂકિતઓમાં પ્રેમાનંદે ભાવમુદ્રાઓ સાથે હૃદયના ઉદ્ગારોનું પણ વર્ણન કર્યું છે. અહીં ગોપીઓ પશ્ચાત્તાપની ભાવના વ્યકત કરે છે. પણ પશ્ચાતાપની ભાવના પ્રેમનો ચરમોત્કર્ષ સુધી પહોંચતી નથી; જો કે તે એક માનવીય વૃત્તિ છે અને અહીં તે સુંદર રીતે વ્યકત થઈ છે. ગોપીઓએ આપેલા ઉત્તરમાં અનન્યતા તથા પ્રેમાતિરેકનું વર્ણન મળે જ છે:

'અમો મેલી પતિકુલ લાજ બાલક પરહર્યાં
અમો અમારાં શીષ તારે ચરણ ધર્યાં.
અમોએ સોંપ્યા તમને શરીર, એથી ધરમ કીહો ?
તુંને મલતાં થાશે અધર્મ તો થાવા દ્યો સુખે
શું અધિકું કરશે યમરાય, નાખશે નરક વિષે
તુંને મૂકી કરીએ અન્ય સેવ તે વિભિચાર ખરો
જશોદાએ પ્રસવ્યો બાળ, તહીંનો નાથ વર્યો -ક:૮૫

તુલજારામ:

કૃષ્ણની શીખ સાંભળી ગોપીઓના :

'કોમલ વદન સુણતા કરમાઉ, વ્યાકુલ સઘલિ થાય જી
અંગુઠા શું ભોય ખોતરે, ગોપિ મુખ સુકાય જિ: ૩૩-પૃ:૮૫

ગોપીઓ જવાબમાં કહે છે :

' અનેક દિવસની આરતવંતી, વ્યાકુલ છૂજિવનજી
ચરણ કર તમ કારજ કરવા વંછે છે નીશદિન જી -૩૯
વિરહાનલ પ્રગટો દાવાનલ વિસ્મિત તેહેનિ ઝાલ જિ
તેણે તહ્મારા અધુરામૃતનું પાન કરાવો લાલજી -૪૧
પુનપ્રતાપે અહ્મો તાંહાં પામાં તૂ સરખો ભરથારજી
ભવ ભય ભજન રે અવતારણ, આવાગમન નીવાર જિ -૪૮ પૃ:૮૬

ગિરિધર:
------- માં કૃષ્ણનાં વચન સાંભળી –

સહુ નારી થઈ નિરાશ અધોવદન ઉભી રહી;

મુખ મુકે નિશ્વાસ અધર બિંબ સુકે ઘણું –૬૪

લજ્જા પામી અપાર પદાંગુષ્ટપ્રુથ્વી ખણે :

લોચન અશ્રુધાર ધોવાય કુમકુમ કુચતણાં –૬૫ અ:૬૫

ગોપીઓ કહે છે કે અમે સ્ત્રીઓનાં ધર્મ પૂછવા તમારી પાસે નથી આવ્યાં. તમે કાંઈ કામણ કરી અમારું મન તાણી લીધું છે.

મુખ હશીત નેત્ર રસગાંન સંભવથી કામ અગ્નીએ બાલીજી

નિજ અધરામ્રુત શીચીને અમને શિત્તલ કરો વનમાલી , રાસ રમાડોજી –૭૮

તાહારુ સુંદર સ્મીતયુત નેત્ર કટાક્ષો વ્યાપ્યો તિક્ષાણ કાંમ જી :

તેથી તાપ થયો અંતરમાં અમને શિત્તલ કરીયે શાંમ ..

રાસ રમાડોજી:૮૫

ગોપીગર્વ તથા કૃષ્ણનું અંતર્ધ્યાન થવું
--------------------------:

શ્રીમદ્ ભાગવતના ૨૯મા અધ્યાયમાં ઉપર્યુકત સંવાદ ઉપરાંત રમણમાં ગોપીઓને ગર્વ થયો અને તે ગર્વને કારણે કૃષ્ણના અંતધ્યાર્ન થવાનો પ્રસંગ આવે છે. આ પ્રસંગ રાસની અત્યંત મહત્ત્વની ઘટના છે.

ભાગવતમાં કૃષ્ણના અંતધ્યાર્ન થવાની વાત બે સ્થળે મળે છે. એક વાર કૃષ્ણ ગોપીઓમાં સૈભાગ્યમદ આવવાથી અંતધ્યાર્ન થાય છે, અને બીજી વાર તે ગોપી વિશેષની સ્કંધારોહણની ઈચ્છાથી, કે જે પહેલીવાર તેમની સાથે અંતધ્યાર્ન થઈ હતી.[44] બ્રહ્મવૈવર્તમાં પણ બંને અંતધ્યાર્નોનું વર્ણન છે.[45] આ પ્રસંગનું વર્ણન નચર્ષિ[46], નરસિંહ, લક્ષ્મીદાસ, વાસણદાસ[47] કેશવરામ આદિ અનેક કવિઓ વ્દરા વિવિધ પ્રકારે રાસના પ્રસંગમાં થયું છે. નરસિંહે રાસ અંતર્ગત આંખમીંચોલી રમતમાં જ કૃષ્ણનું અંતધ્યાર્ન થવાનું વર્ણન કર્યું છે.[48]

* અમ સખું કોણ ધન્ય રે, જોતાં ત્રિલોકે મુઝાર,
મર્યાદા વિના શ્રીહરિ, કેરે અમ સાથે વિહાર - ૨
ભાલણ- પદ ૧૬૦, લક્ષ્મીદાસ - [illegible]
અહીં દર્પહર ભગવાન કુંજમાં રાસ રમતાં જ અંતર્ધાન થયા.

ભાલણ:લક્ષ્મીદાસ :

ભાલણના દશમસ્કંધમાં પદ ૧૫૭ થી ૧૬૭ -એમાં પદને અંતે કવિનું નામ જણાતું નથી. પદ ૧૬૭ ને અંતે લક્ષ્મીદાસનું નામ આવે છે. તેથી આ ૧૧ પદ એ લક્ષ્મીદાસની ' રાસપંચાધ્યાયીના-એના દશમસ્કંધનાં જ-પદ છે, જે ભાલણના દશમમાં પ્રક્ષિપ્ત છે.

ઉપર' વેણુગીત' થી આકર્ષાયેલી ગોપીઓનું વર્ણન જે ભાલણના પદ૧૫૭માં છે, તે મૂળ લક્ષ્મીદાસનું જ છે.

અહીં ( ભાલણના ) પદ:૧૫૯માં ગોપીઓની કૃષ્ણ સાથેની એકાંત લીલા વર્ણવાઈ છે. પદ:૧૬૦ માં ગોપીઓને ગર્વ થાય છે તેથી હરિ અંતર્ધ્યાન થાય છે: —*

અહીં ભાગવતથી જુદા પડી લક્ષ્મીદાસે કૃષ્ણ એક ગોપી વિશેષને બદલે શ્રી રાધાજીને સંગ લઈ અંતર્ધ્યાન થયાં, એમ વર્ણવ્યું છે. ગોપીઓ વલવલતી , દુ:ખી થયેલી, પોતાની સામું અમૃતદષ્ટિથી જોવા માટે વીનવવા લાગી, રુદન કરવા લાગી:

' આશ્યા લુબ્ધનીરાસ ન કીજે, ગોકુળ જીવન દર્શન દીજે -૧ પૃ:૭૮:પદ:૧૬૧

અહીં સંસ્કૃત પરંપરાને અનુસરી,(ભાગવતને અનુસરી), ગોપીઓ વનનાં દ્રુમોને-કદંબ,અશોક, તાલ,તમાલ, કિંસુક, તુલસી, અશ્વત્થ, માલતી,કેળ ઈત્યાદિને અને પક્ષીઓને કૃષ્ણની ભાળ પૂછે છે. -છેવટે વસુમતીને પૂછે છે. :પદ:૧૬૨: પૃ:૭૯)

કૃષ્ણ બીજી વાર રાધા પાસેથી અંતર્ધ્યાન થાય છે. ગોપીઓ કલ્પાંત કરતી રાધાને જુએ છે ને કૃષ્ણ કયાં છે એમ પૂછતાં તેણે કહ્યું કે મેં મર્યાદા ન જાળવી, અભિમાનથી અંધ થઈ:

'કહ્યું મે થાકી ગઈ, ચઢાવો સામલિયાજી સ્કંધ -૧૩
હાસ્ય કરીને હા ભણી, મુહને કઉં ચડશો કયમ
મે કઉ જે બેશીયે અહમે, સુખિ ચઢશૂ ઈમ: -૧૪
ચેહવે આદર કરૂ ચઢવા, ધશમશીને ચેમ
તેટલે નૈયણે ન દેખી નાથજી પરીબ્રહમ -૧૬ પદ:૧૬૩: પૃ:૮૧

<u>કેશવરામ:</u> માં કૃષ્ણ પ્રથમ વાર ગોપીઓના અહંકારથી અંતર્ધ્યાન થાય છે - તેમનો 'સૌભગ ગર્વ' હરવા માટે જ. અહીં કવિ મૂળ ભાગવતને અનુસરી 'એક સુંદરી' ગોપી વિશેષનો જ ઉલ્લેખ કરે છે. જેને એવો ગર્વ થયો કે રુપ, ગુણ, કળા વગરની નારીને મૂકી, હરિએ મને જ સાથે લીધી. ત્યારે કૃષ્ણ બીજી વાર અંતધ્યાર્ન થાય છે, એ સુંદરીનો ગર્વ દૂર કરવાના ઉપાય તરીકે:

'હા હા હા અતિ આકુલી જ શ્રમ થ્યો, બેસે ન કંધે ચડી,
ઊંચો પાગ કરચો અદ્રશ્ય હરિ થ્યા, પાછે મુંઢે તે પડી' -૩૧ સર્ગ :૧૩

અહીં ગર્વથી કૃષ્ણને સ્કંધે બેસવા જતાં, તે અંતધ્યાર્ન થાય છે.

<u>માધવદાસ:</u> માં પણ ગોપીઓના અહંકારથી કૃષ્ણ અંતધ્યાર્ન થાય છે.

'તાહારે વીવલ ગોપકુમારી, નહ્ય દેખે ગીરીવરધારી
મોરછા પામી પડી સહ ઘર્ણ, ગજ વીના હસ્સ્તાણીજેમ અર્ણ -૧ અ:૩૦

હરિએ અન્ય ગોપીઓને છોડી વિશેષ આરાધિકા ગોપી સાથે ક્રીડા કરી. તેથી તેના મનમાં અહંકાર આવ્યો, તેથી કૃષ્ણ બીજી વાર અંતર્ધ્યાન થઈ ગયા.

' પ્રેમ ભાચગ આજ માહેરું, અવતાર નહી મમ તોલજો
હું કહું છું નાથને તે કરો કેહેતાં બોલ જો -૫
મન એહેવું જાણી પ્રેમદા કેહે કૃષ્ણને તેણીવાર
પ્રભુ પાગે મે હીડાએ નહીં જીવન જુગદાધાર -૬

ચોપાઈ:

માટે નીચું અંગ નમાવો, મુને સ્કંધ ઉપર ચઢાવો,
ખભે બેસાડીને નારચ વલતી ચાલ્યા દેવમોરાર -૨

આથી તેને અહંકાર આવ્યો કે કૃષ્ણ મને વશ છે તેથી તેણે વૃક્ષ ઉપરનું પુષ્પ લેવાની ઈચ્છા કરી:

' એવે ઝાલી નારીયે ડાલ, કીધ્યો વીચ્ચાર શ્રીનંદલાલ

મોક્ષ઼ુ અબલા કેરુ માંન એમ વીચ્ચારયુ ભગવાંન -૪

આથી 'હરી પામ્યા અંતરધ્યાંન' -તેથી ડાળીએ ઝૂલતી નારી વિહ્વલ થઈ રુદન કરવા લાગી.

'પ્રીત્ય તાહારી દીસે છે સારી, ઝાડે ઝુલાવી ગયા ગીરધારી

પછી તાંહાંથી તેહેને ઉતારી, સહુ ટોલે મલી વીજનારી -૧૦: અ:૩૦

પરમાણંદ:

અહીં પણ કૃષ્ણ બે વાર અંતર્ધ્યાન થાય છે. જયારે તે રાધાને લઈને એકલા જાય છે. ત્યારે રાધાના મનમાં અહંકાર વ્યાપે છે:

' રાધા કહે નરહરિ સુણો, જાઈ ચાલુ નહિ જાએ

મુજને કંધ ચઢાવી લ્યો, દૂજજય માહારા પાગે -૭૮ પૃ:૫૫

આ સાંભળી કૃષ્ણ બોલ્યા:

' આ તરુઅરનઈ કરે ધરિ, તહમનેઈ ચઢાવું કંદ:૮૬

કરુણા વયણ શ્રવણે ધરી, રાધા વલગ્યાં ડાલિ

માન ધરૂ જો ભામની અદષ્ટિ થઆ ગોપાલ :૮૭ પૃ:૫૬

પ્રેમાનંદ:

માં મૂળ ભાગવતને અનુસરી બંને પ્રકારના અંતર્ધ્યાનના પ્રસંગો મળે છે. કૃષ્ણ અંતર્ધ્યાન થતાં ગોપીઓ તેમને શોધે છે. ત્યાં તેમણે :

' પગલાં દીઠાં શ્રીમોરારનાં, નાના પગ પાસે નારના

——...ઠગારો કાંઈ એકલો નથી:૧૭ ક:૮૮

એ વિશેષ આરાધિકા ગોપી થાકી જતાં કૃષ્ણ તેને સ્કંધે ચડાવે છે. પરંતુ પ્રભુએ તેનો અહંકાર જાણતાં, કહે:

'હુ થાકયો છઉં ' કહે શ્રીગોપાળ, લગારેક વળગો વૃક્ષની ડાળ -૨૭

તે સ્ત્રી વળગી ડાળે ભરી બાથ, તળેથી નીસરી નાઠા નાથ -૨૮: ક:૮૮

તુલજારામ:
-------- માં બંને પ્રકારના અંતધ્યાર્નના પ્રસંગો મળે છે.

અહીં પણ ભાગવતને અનુસરી આરાધિકા ગોપીનો ઉલ્લેખ છે. માત્ર ભાલણ, લક્ષ્મીદાસ અને પરમાણંદે ' રાધા' નો ઉલ્લેખ કર્યો છે. બાકીના કવિઓએ ભાગવતનું અનુસરણ કર્યું છે.

વિરહ વિહ્વળ ગોપીઓ દ્દારા કૃષ્ણલીલાનું અનુકરણ:

શ્રીમદ્ ભાગવતમાં કૃષ્ણના અંતધ્યાર્ન થયા પછી , ગોપીઓની વિરહાવસ્થાનું સુરેખ ચિત્રણ મળે છે, જેમાં તેઓ કૃષ્ણની અનેક લીલાઓનું અનુકરણ કરે છે.[૪૯] નરસિંહ[૫૦] કેશવરામ, લક્ષ્મીદાસ,પ્રેમાનંદ જેવા ભાગવતાનુયાયી કવિઓએ આનું વર્ણન કર્યું છે. પરંતુ નયર્ષિ, ભાલણ, વાસણદાસ આદિએ નથી કર્યું.

કેશવરામે:
------- ગોપીઓની કૃષ્ણલીલાનું અનુકરણ સુંદર કર્યું છે.

'થાએ કોએક પૂતના જ પહેલું,કોયેક કૃષ્ણાયતી
ધાવે નારય મુરાર બાલક થઈ, કોયેક શકટાવતી -૨૩
એકા ' વારિદ વર્ષ વાત મ લીહો, આ હેઠ આવી વસો :
કીધો પર્વત હાથ, અંબર ગ્રહ્યું,ભો કોય આણો કિશો ?
એકા કૃષ્ણ થઈ જ નૃત્ય કરતી મસ્તિક કાલી તણે
' મુકો નાથ અનંત! કંથ મરશે, નાગેણી નોહોરા ભણે -૨૫ સર્ગ :૧૩.

ભાલણના પદ:૧૬૨ માં લક્ષ્મીદાસે વિરહથી વ્યાકુલ થયેલી ગોપીઓનું કૃષ્ણલીલાનુકરણ વર્ણવ્યું છે.

પરમાણંદ:-
--------
અહીં કવિએ આ પ્રસંગમાં પોતાની મૌલિકતા દશાર્વી છે. કૃષ્ણ અંતધ્યાર્ન થતાં ગોપીઓ અને રાધા કૃષ્ણનાં પગલાં જોતાં વનમાં ભમતાં હતાં ત્યારે આંસુ સહિત પ્રિયને વિનવણી કરતાં

'સમરણ કરતા તાવયા , વિલખી પરિ પરિ નારિ
મૂરછા પામ્યા તારૂણી, ઢલઆ ધરણિ મુઝાર -૧ પૃ:૫૬

ત્યારે ત્યાં નારદમુનિ આવે છે: તે ગોપીઓને ઉઠાડી તેમની આસનાવાસના કરે છે:

'ઉઠાડી સહુ કામિની, રૂષિવર આપુ જ્ઞાન,
ચરીત્ર કરો તહ્મો, કૃષ્ણના પ્રગટ થશે ભગવાન ' પૃ:૫૭

ત્યાર પછી જ બધી ગોપીઓએ કૃષ્ણલીલાનું અનુકરણ કરવા માંડ્યું.

૩: માધવદાસ:

કૃષ્ણને શોધતી ગોપીઓ રાધા સાથે યમુના કિનારે આવે છે, ત્યારે તેઓ કૃષ્ણને વિનંતી કરે છે, જેમાં તેઓ કૃષ્ણની વિવિધ બાળલીલાઓનું ગાન કરે છે. ત્યારે કૃષ્ણ ત્યાં પ્રગટ થાય છે. અહીં કૃષ્ણલીલાનું અનુકરણ નથી. રાસ પંચાધ્યાયીના પછી ૩૪ મા અધ્યાયમાં ફરીથી કૃષ્ણ વાંસળી વગાડે છે, ગોપીઓ અધીરતાથી દોડતી આવે છે, અવળા શણગાર સજે છે, રાસ રમે છે, ત્યારે અહંકાર આવતાં, કૃષ્ણ અંતર્ધ્યાન થાય છે. ત્યારે કૃષ્ણને શોધતાં ગોપીઓ કૃષ્ણલીલાનું અનુકરણ કરે છે.(પૃ:૫૪,૫૫) પછી તેઓ રાસ રમે છે. કવિ પ્રેમાનંદ અને તુલજારામે પણ વિરહ વિહ્વલ ગોપીઓ દ્વારા કૃષ્ણલીલાનું અનુકરણ કરાવ્યું છે.

ગિરિધરમાં સહુ ગોપીઓ પરસ્પર મળી કૃષ્ણચરિત્ર કરવા લાગી:

બકાસુર આવીયો રે ચીરયો અગ્રુહી તેણી વાર :
સૂરભીને બોલાવતી રે વેણુનાદ કરે વૃજનારય-૩૦
મથવા મદ મોડતી રે વૃષ્ટીની વારણ કરતી ત્યહિ
ગોવરધન કર ધરી રે કેહે સહુ આવો આ ગીરીમાંહિ -૩૧ અ:૬૬

પદાંકદર્શન અને કૃષ્ણા-વેષણ:

પૂર્વ પ્રસંગ સાથે આ પ્રસંગ સંબધ્ધ છે, તેથી એની સ્થિતિ પૂર્વવત્ છે. બ્રહ્મવૈવર્તમાં આનું વર્ણન નથી. આનાં ઉદાહરણ નરસિંહે[૫૧], લક્ષ્મીદાસ[૫૨], કેશવરામ[૫૩], પ્રેમાનંદ[૫૪] વ.માં મળે છે.

યમુના તટ પર કૃષ્ણનું પ્રાગટ્ય અને સંભાષણ :

યમુના તટનું વર્ણન તો અન્ય કવિઓમાં પણ પ્રાપ્ત થાય છે; પરંતુ પ્રસંગના ક્રમ તથા સંવાદથી યુક્ત વર્ણન ભાગવતાનુયાયી કવિઓમાં જ મળે છે.

લક્ષ્મીદાસ:
----------- ભાલણના દશમમાં પદ ૧૬૫ માં આ પ્રસંગનું વર્ણન છે, જે મૂળ ભાગવતના દશમના ૩૨ મા અધ્યાયમાં આપેલું છે. અહીં ગોપીકૃષ્ણ વચ્ચેનું સંભાષણ કડી ૧૫ થી ૨૧ સુધીમાં મળે છે.

કેશવરામ:
---------- માં યમુનાતટ પર પ્રગટ થતા કૃષ્ણનું સ્વરુપ ગોપીઓએ જોયું :

'દીઠા દેવ મુરારિ દષ્ટિ સહસા, સૂર્યેન્દુ કોટિ કલા
પીતાંબર પરિધાન શ્યામ તનુને સોહે મહા નિર્મળા -૩૭
ચર્ચ્યું ચંદન પુષ્પ સાર તુલસી, મન્મથ મથે ઘણૂં
ઊઠી સુંદરી સામટી જ સઘળી, જે પ્રાણ આવ્યા હૃદે -૩૮ સર્ગ :૧૩

પ્રેમાનંદ :
-------- માં
' અભ્ર ભેદી નીસરે ભાણ, તેમ પ્રગટયા શ્રી ભગવાન
વિજોગ સંજોગ જય કીધો,હરિ તેં આયુષ આપી જશ લીધો,
પ્રાણદાન સમો નહીં ધર્મ, વૈદે પરમ જાણ્યો રોગમર્મ ' ક:૬૧

ગોપીઓની પ્રેમભકિતથી પ્રસન્ન થયેલા હરિ કહે છે :

' મોટા જોગેશ્વર આત્મદર્શી , રહયા મમ દર્શનને તરસી
સર્વોપરિ ભકિત છે તમારી , સર્વ મૂકી શરણે પધારી
મૂકયા પુત્ર પતિ કુળ લાજ, લોપ્યો કઠિણ કંસ મહારાજ
તમને સમપ્યો મમ દેહ, લો માગી જોઈએ જેહ -ક:૬૧

મહારાસ:
--------- આના વર્ણનમાં મોટે ભાગે કવિઓએ શ્રીમદ્ભાગવતના દશમસ્કંધના ૩૩ મા અધ્યાયમાંથી પ્રેરણા લીધી છે. નરસિંહ[૫૫] સિવાયના અન્ય કવિઓએ ભાગવતની પરંપરાનું જ પાલન કર્યું છે. ભાગવતમાં કૃષ્ણના અંતર્ધાન થતાં પહેલાં તેમનું ગોપીઓ સાથેનું કેવળ રમણ જ ' બાહુ પ્રસાર

પરિરમ્ભ:. રમયંચિકાર' વર્ણવાયેલું છે. આ મહારાસના બે મુખ્ય ઉપાંગ છે.

૧: વાદ્ય સંગીતનું આયોજન

૨: કૃષ્ણનું અનેક રુપધારણ

૧: વાદ્ય સંગીતનું આયોજન:

ભાગવતમાં સંગીતશાસ્ત્રના જ્ઞાનનું પ્રદર્શન નથી. માત્ર નરસિંહે[૫૬] જે રાસવર્ણન કર્યું છે, તેના પર સંગીતનો પ્રભાવ અહીંતહીં જોવા મળે છે. અન્ય કવિઓએ ભાગવતનું અનુસરણ કર્યું છે.

કૃષ્ણનું અનેક રુપધારણ:

શ્રીમદ્ ભાગવતમાં આનું વર્ણન સ્પષ્ટ મળે છે:

'કૃત્વા તાવન્તમાત્માનં યાવતીર્ગોપયોષિત:' (૧૦:૩૩:૨૦)

'બ્રહ્મવૈવર્ત ' માં આ વિષયની આવશ્યકતા નથી, કેમકે તેના રાસમાં ગોપીઓની સાથે એટલા જ ગોપોની ઉપસ્થિતિ વર્ણવાયેલી છે. કવિઓએ ગોપીઓની ૧૬૦૦૦ સંખ્યાનો ઉલ્લેખ કર્યો છે, જે ભાગવતમાં નથી. રાધાપ્રધાન સંપ્રદાયોના[૫૭] કવિઓમાં કૃષ્ણનું અનેક રુપધારણનું વર્ણન નથી મળતું. એનું કારણ ' દંપતી' અથવા યુગલરુપનો આગ્રહ તથા રાધાની અન્ય ગોપીઓની અપેક્ષાએ શ્રેષ્ઠતા વ્યંજિત કરવાનું લાગે છે.(અન્ય ગોપીઓની અપેક્ષાએ શ્રેષ્ઠતા વ્યંજિત કરવાનું લાગે છે.) ભાગવતમાં કોઇ ગોપી વિશેષને કેન્દ્રરુપ ન માની, બધી ગોપીઓની સમાનતા પ્રગટ કરી છે.

મધ્યકાલીન દશમકારોના રાસવર્ણનમાં કૃષ્ણના અનેક રુપોનો ઉલ્લેખ મળે છે, તો અન્ય કવિઓના રાસવર્ણનમાં પણ મળે છે.

ભાલણ: ના પદ ૧૫૬ માં રાસવર્ણનમાં કૃષ્ણનું અનેકરુપધારણ મળે છે.

' એક એક ગોપી પ્રત્યે કર્યાં રે, સાથે સરખાં રુપ,
સહુને સ્કંધે કર ધરી રે, મંડપ રચ્યો અનુપ :૧૨

લક્ષ્મીદાસ : (ભાલણ:પદ:૧૬૬) માં રાસવર્ણન મળે છે, જેમાં કૃષ્ણનું અનેક રુપધારણ જોવા નથી

મળતું . જો કે આ પદ ઘણું અશુધ્ધ છે અને છંદનું પણ પ્રમાણ નથી.

ભીમ[57] અને નરસિંહના[58] રાસવર્ણનમાં પણ કૃષ્ણનું અનેક રુપધારણ જોવા મળે છે.

કેશવરામ:
------- ના રાસવર્ણનમાં બહુજ સ્પષ્ટતાથી[59] કૃષ્ણનું અનેક રુપધારણ મળે છે.

વાસણદાસે ' સાથિ સોલ સહસ્ત્ર નારિ શામા' કહી સંખ્યાની પરંપરાનું પાલન કર્યું છે, પરંતુ કૃષ્ણના અનેક રુપોનું વર્ણન નથી કર્યું. નયર્ષિએ પણ[60] ગોપીઓની સંખ્યા 'સહસ્ત્ર અઢાર' આપી છે. આ સંખ્યાઓનું મૂળ કદાચ કૃષ્ણની હજારો પત્નીઓ છે, જેનો ઉલ્લેખ 'વિષ્ણુપુરાણ' માં મળે છે.

' ષોડશ સહસ્ત્રાણ્યેકોત્તરશતાનિ સ્ત્રીણામભવન્ ' ૪:૧૫:૧૯

દેવતાઓ દ્વારા રાસદર્શન તથા ચરાચરમાં વ્યાપ્ત એના અલૌકિક રુપનો ઉલ્લેખ 'હરિવંશ' નરસિંહ,લક્ષ્મીદાસ,કેશવરામ,પ્રેમાનંદ વગેરેમાં છે.

પરમાણંદ:
--------
અહીં પણ કૃષ્ણનું અનેક રુપ ધારણ છે, બે ગોપી વચ્ચે એક કાનનું.

'દ્દે અબલા એક કૃષ્ણજી, એમ જ્યા થોકે થોક '-૭૦ પૃ:૫૫

માધવદાસ:
-------- ના દશમમાં પણ બેબે ગોપી વચ્ચે કાન છે.

'દ્દે દ્દે ગોપી વચ વચ માહાધવ, સામ ગોર સુંદીર સોહે
જયમ કંચન વચ્ચે મણી મરકત નીરખતાં નીજ મન મોહે -૨ અ:૩૩

પછી જેટલી ગોપી તેટલા કૃષ્ણનાં સ્વરુપ થાય છે.

' તાંહાં અનંત રુપ ધરયાં શ્રીકૃષ્ણે જેટલી ગોપી તેટલાં કાંહાન
સ્કંધ વીષે નીજ કર આરોપી, માલવ રાગે ગાએ ગાન -૪ અ:૩૩

પ્રેમાનંદ:
------- માં તો કૃષ્ણનાં જ નહિ, બલ્કે બ્રહ્માના પણ સોળહજાર રુપ ધારણ કરવાનો ઉલ્લેખ છે:

સત્યાવીશે શોભ્યો ગગને થોભ્યો તે લોભ્યો જોવા રાસ,

સોળ સહસ્ત્ર વદનને સોળે કળા હાર્યો નભ ઈંદુનો અભ્યાસ :૪

બબ્બે ગોપી વચ્ચે ગોવિંદજી બેલડીએ ફરતો

મરકત મણિ કનક મનકામાં ને તેમ શોભા ધરતો –૬:૬:૯૨

<u>તુલજારામ</u>: આ સિવાય રાસવર્ણનમાં એક મહત્વપૂર્ણ વાત એ છે કે નરસિંહે અનેક સ્થળે પોતાનો ઉલ્લેખ 'દીવેટિયો' તરીકે તથા તાલ બજાવનાર રુપે કર્યો છે.[૫૯] તેણે એક સ્થળે રાસમાં આરતીનું વર્ણન પણ કર્યું છે.[60] [૫૯]બાકી ભાગવતમાં ચાંદની સિવાયના કૃત્રિમ પ્રકાશનું કયાંય વર્ણન નથી. નરસિંહે એક પદમાં રાસમાં નારદ સમ્મિલિત થયાનો ઉલલેખ કર્યો છે.[૬૧]તો મીરાંએ એક પદમાં રાસને નિર્ગુણ ભાવધારામાં ઢાળીને રજૂ કર્યો છે.

' મારા પ્રાણ પાતળિયા વહેલા આવો રે

તમ રે વિના હું તો જનમ જોગણ છું.

નાભિકમલથી સુરતા રે ચાલી

જઈને તખત પર રાસ રચીલા રે

સુખમના નાડી એની સેજ બિછાવે

તે દી રંગભીના છે રાસધારી

પ્રેમાનંદે પણ રાસના વિરાટ રુપનું વર્ણન આપ્યું છે.

' રમે નારાયણ નટવર રુપે રે

કોટિ બ્રહ્માંડ ધરે પરમેશ્વરે એકેક રોમકૂપે રે

ચોસઠ સહસ્ત્ર કર, પદ, લોચન, શ્રવણ ચોસઠ હજાર રે

મસ્તક બત્રીશ સહસ્ત્ર નાસિકા સોળ સહસ્ત્ર નિશા ભરથાર રે :૬:૯૬

<u>રાસમાં સંભોગવર્ણન</u> : પણ મળે છે. ભાવના આવેશમાં શ્લીલતા તથા અશ્લીલતાની સભાનતા રહેતી નથી. આને પરિણામે રાસ અંતર્ગત સંભોગનું વર્ણન પણ મળે છે – જેમ કે નરસિંહ,[૬૨] ભાલણ, વાસણદાસ[63] માધવદાસ, પ્રેમાનંદ વગેરે.

ભાલણે :
------ પણ રાસવર્ણનમાં સંભોગવર્ણન આપ્યું છે.

' આલિંગન દે છે શ્યામજી, ચુંબન કરી કરી રંગ :

કંઠે વળગી ગોલણી રે, વાધે અંગ અનંગ -૧૪ :પદ:૧૫૬

તો પદ ૧૬૮ માં સુરત સુખ માણ્યા પછીની રાધાની દશાનું વર્ણન છે, જેમાં રાધા બહુજ ચતુરાઈથી સખીને પોતાની અવળીદશાનો ખુલાસો કરે છે.[64]

' તારી વેણ ગૂંથેલી હતી, તેકેમ છૂટીને વીખરાઈ ગઈ ? સખીને આનો જવાબ આપતાં રાધા કહે છે:

' ભમરો ત્યાં આવીને બેઠો, ઉડાડતાં શિર છૂટુંજી

~~અતી~~ ચટળ કરીને બાંધતાં, વચ્ચેથી નાડું તૂટયું -૪

તો એ જ રીતે, ચોળીની કસ કેમ કરીને તૂટી, મોં પર આટલો તંબોળ કેમ દેખાય છે. હાથમાં ફૂલ કોણે આપ્યાં, કસ્તુરીની સુગંધ કયાંથી આવી—ઈત્યાદિ પ્રશ્નોના ઉત્તર ખૂબ જ ચતુરાઈપૂર્વક રાધા આપે છે.

'અધર દંત આ કયાં બેઠાં,શરીરે નખ લાગ્યાજી'

આનો સુંદર જવાબ આપે છે :

' પોપટ અતિશે મીઠો બોલો,દીઠો ને મેં ઝાલ્યોજી :

ચંચલ નખ દઈને વછૂટયો, તત્ક્ષણ નાસી ચાલ્યો '-૧૪

અને પોતાની નિર્દોષતા સાબીત કરવા તે કહે છે :

' જેણી વાટે હરિ હોય, તેણી વાટે હું નવજાઉંજી

આજે જો હરિ દીઠા હોય તો , કહો તેવા સમ ખાઉં '-૨૨

જયારે સખી કહે કે ' સમ તો તારે સુખડી' ત્યારે કહે કે

' પોતાનું સારું કરું ને પરનું સારું માનું.'

માધવદાસ:
--------'ભમરી દેતા ભામિની રે, જઈ વલગે હરીને હાથ રે

ફરતાં ફરકે ફૂમતાં રે, આલીંધે ભીડે બાથ રે -૧૫

અધુરામૃત પીયે પ્રેમસુ,વલી ચુમન દેતીં ગાલ રે

કંચનવેલી ગોપ કરે, પ્રભુ સુદર સામંતમાલ રે -૧૬ પૃ:૫૩

**પ્રેમાનંદ:**

ગુણવંત ગોપાંગના ઘણું વહાલી, તેને પાસે રાખી, ગળે બાંહ ઘાલી

હરિ હાથિયો ઉનમત મદ ઝરતો,શું કમલિનીમાં નાગ થઈ ફરતો -૮

કરે રમન, ચુંબન કંઠ ઝૂમે, નથી તૃપ્તિ કંદર્પને દર્પ ઘૂમે

હસી કામ-વિકારના નેત્ર ધોળે,છૂટો સાંઢ સાંકળથી ધેનુટોળે -૯:ક:૯૩

' સંપૂર્ણ સંભોગ, રસ ઓઘા/-સંજોગથી, નીરોગ નાર થઈ વૈદ્ય મળિયો

યથા નાર મોરાર તો રુપ નાના ધરે,અવિગતી નાથ કેમ જાય કાળિયો -૭ ક:૯૭

**પાદટીપ:**

૧: સહસ્ત તાલં લલિતં સલીલં વરાઙ્ગના મઙ્ગલસંભૃતાઙ્ગય:|

ચક્રુ હસન્તયશ્ચ તથૈવરાસં તદ્દેશભાષાકૃતિવેષ યુકતા:||-હરિવંશ -૨-૮૯-૭૧

૨: આઞાપયામાસ તત: સ તસ્યાં નિશિ પ્રદષ્ટો ભગવાનનુપેન્દ્ર:|

છાલિકયગેયં બહુસંનિધાનંયદેવ ગાન્ધર્વમુદાહરન્તિ||૬૭

જગ્રાહ વીણામથનારદ્સ્તુ ષડ્ગ્રામરાગાધિસમાધિયુકતામ્

હલ્લીસકં તુ સ્વયમેવ કૃષ્ણ:સર્વંશઘોષ નારદેવ પાર્થ:||૬૮:

મૃદઙ્ગવાધા ન પરાશ્ચ વાદ્યાન્વરાપ્સરસ્તા: જગૃહુ: પ્રતીતા|

હરિવંશ:૨:૮,૯,૬૭ થી ૬૯

૩: ઘોષસુન્દરિ|વનમાલે| ચન્દ્રલેખે| મૃગાક્ષિ| ઘોષસ્થાનુસ્

પોડયં હલ્લીસકનૃત્તબન્ધં ઉપયુજ્યતામ્ |-

ભાસકવિરચિત- બાલચરિત: પૃ:૪૧:

૪: કાલિયસ્ય પંચફણાણિ મકકમન્તો હલ્લીપ્રક્રીડનન્દિ : બાલચરિત: પૃ: ૫૭

૫: તાભિ: પ્રસન્નચિત્તાભિ: ગોપીભિ: સહસાદરમ્ ।

શ્ચરામ રાસગોષ્ઠીભિ: ઉદારચરિતો હરિ: ।।

બ્રહ્મપુરાણ:૧૮૮:૩૧

૬: તાભિ: પ્રસન્નચિત્તાભિ: ગોપીભિ: સહ સાદરમ્ ।

શ્ચરામ રાસગોષ્ઠીભિરુદારચરિતો હરિ: ।। વિષ્ણુપુરાણ:૫:૧૩:૪૮

૭: શ્રીમદ્ભાગવત:૧૦-૩૩-૧૬,૧૦-૩૯-૨૯,૧૦-૪૭-૪૩,૬૨

૮: બાલચરિત: અંક:૩

૯:હરિવંશ: વિષ્ણુપર્વ :અ:૧૦:શ્લોક :૧૮

૧૦: બ્રહ્મપુરાણ:અ:૧૧૮શ્લોક:૧૫

૧૧: વિષ્ણુપુરાણ:પંચમાંશ, અ:૧૩: શ્લો:૧૭

૧૨: ભાગવત: ૧૦-૩૩-૨ થી૫

૧૩: બાલચરિત: અ.૩

૧૪: બ્રહ્મપુરાણ:અ.૧૧૮

૧૫: ન.કૃ.કા.પૃ:૧૮૫, ૪૦૩, રાસસહસ્ત્રપદી: પદ:૧૮,૭૬,૭૭,૧૦૬

૧૬: ગીતગોવિંદ: પ્રથમ સર્ગ : અન્તિમ શ્લોક.

૧૭: ભાલણ: દશમસ્કંધ: પદ:૧૬૦-૫,પદ:૧૬૩-૧૦,૧૭

૧૮: પરમાણંદ: હરિરસ: ગુ: વિ.સ.હ. બિ.પુ:૪૫૪

બ્રહ્મવૈવર્તપુરાણ: કૃષ્ણજન્મખંડ: અ:૨૮, શ્લોક :૬૦

૧૯: પ્રેમાનંદ :દશમસ્કંધ:ક:૨-૪૩

૨૦: ન.કૃ.કા.પૃ:૧૮૮,૪૦૫,૪૦૮ વાસણદાસ શ્રીવૃંદાવનરાસ: પૃ:૧૧૬,૧૧૮

૨૧: ન.કૃ.કાપૃ:૪૦૮ પૃ:૨૫૩,૨૫૭,૪૧૭

૨૨: નરસિંહ: એસ.સી.જી.એલ.ગ્રંથ :૧:પૃ:૨૦૮

૨૩: વાસણદાસ : શ્રી: વૃંદાવનરાસ: છંદ:૧૦૩

૨૪: સંશોધનને માર્ગે પૃ:૧૩૨

૨૫: નરસિંહ કૃતકાવ્યો: પૃ:૬૦૦, વાસણદાસ : શ્રી વૃંદાવનરાસ: છંદ:૧૦૩

૨૬: ન.કૃ.કા.પૃ:૧૬૫,૪૦૪,૫૦૯

૨૭: ભાલણ:દશમસ્કંધ:પદ:૧૫૬-૧,૧૭

૨૮: પ્રેમાનંદ: દશમસ્કંધ:ક:૯૨

૨૯:વાસણદાસ:શ્રીવૃંદાવનરાસ:૯૩

૩૦:બ્રહ્મવૈવર્તપુ:કૃષ્ણજન્મખંડ:અ:૫૨

૩૧: વિદ્યાપતિપદાવલી પૃ:૨૪૩

૩૨:નયર્ષિ:ફાગુ:છંદ:૧૬,૧૭,૧૮

૩૩: કૃષ્ણલીલાકાવ્ય:સર્ગ :૧૫-૬૦થી ૨૬

૩૪: નયર્ષિ ફાગુ:૨,૪૧,૬૧

૩૫:ન.કૃ.કા.પૃ:૭૬

૩૬:વ્રજભાષામાં સૂરદાસ, નંદદાસ વ.છે.

૩૭: નરસિંહ મહેતાનું રાસવર્ણન કૃષ્ણગોપીઓના સંયુક્ત નૃત્યનાદ પૂરિત આનંદમય વાતાવરણને અનેકરુપે અનેકપ્રકારે પ્રસ્તુત કરે છે.

૩૮:બ્રહ્મપુરાણ અ:૧૧૮: વિષ્ણુપુરાણ:પંચમાંશ:અ:૧૩

૩૯:ભાગવત:૧૦:૨૮:૧૮,૧૦:૨૯-૪૦

૪૦:ન.કૃ.કા.પૃ:૧૬૩,૧૬૫

૪૧:ભાગવત:૧૦:૨૯:૧૮:૪૧,૧૭૦,૧૭૧

૪૨: ન.કૃ.કા.પૃ:૨૧૪,૫૯-૧૭૦

૪૩: સૂરની ગોપીઓ કોઇપણ રીતે કૃષ્ણનું સામીપ્ય મેળવવા આતુર છે:

તુમ હો અંતરજામિ કન્હાઇ

૪૩: નિઠુરભએ કત રહત ઇતે પર, તુમ બ્રહિ જાનત પીરપરાઇ /

આપુહિ કહી કરો પતિસેવા, તા સેવાકૌ હૈહમ આઇ: સૂરસાગર-પદ:૧૬૪૦

૪૪: ભાગવત:૧૦:૨૯:૪૮;૧૦:૩૦:૩૮

૪૫: બ્રહ્મવૈવર્ત:કૃ:ખં:૨૯:૧૨:૫૨:૪

૪૬:નરર્ષિ:ફાગુ:ગુ. વિ:સ.હ. લિ.પ્ર્ન:૫૨

૪૭: વાસણદાસ: શ્રીવૃદાવનરાસ :છં:૧૦૮

૪૮:ન.કૃ.કા.પૃ:૧૯૫

૪૯:ભાગવત:૧૦:૩૦:૧૪,૨૩.

૫૦:ન.કૃ.કા.પૃ:૧૯૯'કૃષ્ણચરિત્ર ગોપી કરે વીલસે રાધાનાર'

૫૧: ન.કૃ.કા પૃ:૧૭૮

૫૨:લક્ષ્મીદાસ-દશમસ્કંધ:પૃ:૭૯:ગુ. વિ.સ.હ. લિ.પુ.નં:૨૦૪૮

ભાલણ: દશમસ્કંધ-પદ:૧૬૨,૧૬૩

૫૩:શ્રીકૃષ્ણલીલાકાવ્ય:પૃ:૯૮

૫૪: પ્રેમાનંદ:દશમસ્કંધ:ક:૮૮

૫૫: નરસિંહે અંતર્ધ્યાન થતાં પહેલાંના રમણને રાસના રૂપમાં ગ્રહ્યું છે,

જે વૃંદાવનમાંહે રાસ રમતાં વાળા પદમાં પ્રગટ છે. સૂરદાસે પણ આ મહારાસનું બેવાર વર્ણન કર્યું છે.

૫૬: ન.કૃ.કા.પૃ:૧૯૮

૫૭: ભીમ:હરિલીલાષોડશકલા:પૃ:૧૫૪

૫૮: ન.કૃ.કા.પૃ:૧૮૪

૫૯:ન.કૃ.કા.પૃ:૧૮૨,૨૦૨,૨૧૫,૪૧૮,૪૨૭,૪૬૮

૬૦: ન.કૃ.કા.પૃ:૪૨૭:

૬૧: ન.કૃ.કા.પૃ:૫૩૭

રાસને રમાડ્યાં રે વૃંદાવનમાંહે,નારદજીતો નાચતા હુતા તાહા છેમ:

૬૨: ન.કૃ.કા.પૃ:૨૦૫

૬૩: શ્રીવૃંદાવનરાસ:પદ:૧૧૭

૬૪: આવું જ પદ ' સાચું બોલોજી' નામનું દયારામમાં મળે છે, જેમાં ભાવસામ્ય ઉપરાંત પંક્તિ સામ્ય પણ જોવા મળે છે.- દયારામ રસસુધા:પૃ:૧૧૫:

સંયોગાવસ્થાની વિવિધ મનોદશાઓ:

રાધાકૃષ્ણ તથા ગોપીઓની સંયોગલીલાઓનું ક્ષેત્ર અત્યંત વ્યાપક છે. રાસલીલા, દાણલીલા, માનલીલાના પ્રસંગો પણ આ લીલા અંતર્ગત આવી જાય છે.

શાસ્ત્રીય માન્યતા પ્રમાણે, માન વિયોગની એક અવસ્થા છે, પરંતુ તેના પ્રારંભમાં અને અંતમાં સંયોગનું જ ચિત્ર મળે છે. આ મુખ્ય પ્રસંગો સિવાય બીજા અનેક પ્રસંગો છે, જેના માધ્યમથી કવિઓએ સંયોગાવસ્થાની વિવિધ મનોદશાઓ વ્યકત કરી છે.

કવિઓનું લક્ષ્ય રાધાકૃષ્ણના પ્રેમનું ચિત્રણ કરવાનું છે. આથીજ એની પશ્ચાદ્ભૂમિકા ગૌણ બની જાય છે, ને ભાવોની અભિવ્યકિત મુખ્ય બને છે. કૃષ્ણ કઈ ગોપીને કયારે, કેવીરીતે, કયાં મળ્યા- એની સ્પષ્ટતા ન કરતાં, મળવાની ઉત્સુકતા, મિલન સમયના મનોભાવો, આંગિક ચેષ્ટાઓ તથા મિલન ઉપરાંત વિહ્વળતા આદિનું ચિત્રણ કરવા તરફ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. મનોભાવોના ચિત્રણની સાથે સાથે કયાંક કયાંક પરિસ્થિતિની વ્યંજના પણ મળે છે. ઘણી પરિસ્થિતિઓ મનોભાવોને કારણે જ ઉત્પન્ન થાય છે. આવી પરિસ્થિતિમાં ગોપીઓની માનસિક અવસ્થાનું ચિત્રણ કવિઓએ વિશેષ જાગરુકતાથી કર્યું છે.

નરસિંહે સંયોગથી સંબધ્ધ અનેકાનેક મનોદશાઓનું પોતાની રીતે માર્મિક નિરુપણ કર્યું છે.

નરસિંહની રાધાના હૃદયમાં કૃષ્ણની નિકટતા પામવાની ભાવના તીવ્રતર છે. મિલનના સમયે હાર નિકટતામાં બાધક નીવડે છે. તેથી તે હાર ધારણ નથી કરતી. થોડોક સમય હાર ન પહેરવો, તેના કરતાં હાર કદી ન પહેરવાની વાત નકકી અધિક ભાવુકતા પ્રદર્શિત કરે છે:

પીયુ મારો સેજડીનો શણગાર

જોબન સીંચણહાર

પીયુજી કારણ હું તો હાર ન ધરતી, જાણું રખે અંતર થાયે

ન.કૃ.કા.પૃ.૫૨૮

આમ નરસિંહે રાધાકૃષ્ણના અનિર્વચનીય પ્રેમની વ્યંજના કરી છે. તેણે ગોપીઓના હૃદયને અત્યંત તીવ્ર અનુભૂતિથી આસિકત કરી અભિવ્યકત કર્યું છે. તેના હૃદયનો મૂળ ભાવ જ ગોપીભાવ રહયો છે. ગોપીઓની ભાવનાઓના રુપમાં તેની પોતાની જ ભાવનાઓ મૂર્ત થઈ ઉઠી છે. અન્ય કવિઓની તુલનામાં નરસિંહે કૃષ્ણપ્રેમમાં અનુરકત ગોપીઓની મનોદશા અધિક સૂક્ષ્મ દષ્ટિથી નિરખી છે.

કોઈ કૃષ્ણની મરકલડે વીંધાઈ, એની અંગભંગિમા પર લુબ્ધ થઈ જાય છે. તે નાના પ્રકારના મંગલમય ઉપાયોથી તેનું સ્વાગત કરવા ઈચ્છે છે:

બાઈ હું તો મરકલડે વીંધાણી રે

શામળિયો આવ્યો મંદિરમાં, લટકે ત્યાં લોભાણી રે

મોતીએ ચોક પુરાવું પ્રેમના, કુમકુમની રોલ કરાવું રે

સોવ્રણપાટ બેસાડી વહાલાની આરતી ઉતરાવું રે

નરસૈયાઓ સ્વામી રુદીયા બીડો ફૂલી અંગ નમાવું રે

ન.કૃ.કા.પૃ:૩૮૦

સંયોગની પ્રત્યેક સ્થિતિ પરસ્પરની પ્રીતિ વધારવામાં મદદરુપ બને છે. રસ્તામાં ચાલતાં કૃષ્ણકયારેક હાથ મરડી દે છે, કયારેક એકાંતમાં મળવાનો સંકેત કરે છે, કયારેક હસી લે છે તો કયારેક ઉપેક્ષાનો અભિનય કરી ચાલી જાય છે. હરેક દશામાં ગોપીઓનું મન વિહ્વલ થઈ જાય છે, કયારેક હર્ષથી, કયારેક વિષાદથી.

ભિન્ન મન:સ્થિતિમાં આ જ ગોપી કૃષ્ણને આલિંગન કરતાં વારે છે. આ નિષેધ દ્વારા મિલનની ઈચ્છાનું રુપ વધારે ઝળકી ઉઠે છે. શબ્દોમાં વકતા આવે છે. નિષેધનું કારણ

આપવામાં આવે છે, તેનાથી ઇચ્છા જ પ્રગટ થાય છે.

જાવા દેની જાદવ, મેલ મારો પાલવ, મોડીશ ના મારું અંગ દુઃખે

ભીડ ન ભૂધરા, રાખડી તૂટશે, ચોલી કસુંબા કેરા બંધ તૂટશે

ન.કૃ.કા.પૃ:૨૮૭

કોઈ ગોપી આત્મસમર્પણ કરી, અનન્ય ભાવથી કૃષ્ણનો પતિ તરીકે સ્વીકાર કરે છે. ભાવની આટલી તીવ્રતા સાસુનણંદનો ભય તથા લોકલાજ -બધાને પોતામાં લીન કરી દે છે:

વરિયો મેં કૃષ્ણ વર વરીયો, બીજો તો હું નવ જાણું રે

સાસરિયામાં સાદ પડાવું, નણદીનો ભે ન આણું રે .

ન.કૃ.કા.પૃ:૨૬૮

ભાલણ:

ગોપીનું મન નંદકુંવર સાથે એવું જડાયું છે,જાણે રેણ ન કરાયું હોય ! આથી જ કૃષ્ણ પ્રતિ જાગતી કોમળ ભાવનાઓનું શૃંખલાબધ્ધ વર્ણન એમાં મળે છે:

રાતદિવસ હું ટળવળું પણ સ્વપ્નમાંહે નવ દેખું જી:

એક જીહવાએ શું કહું, તે દુખતણું ત્યાં લેખું -૩

ગૌ દોહતાં એમ જાણું, આ દૂધ હરિને પાઉંજી

માખણ ઉતારી રહું જાણું હરિના મુખમાં મેલું જી.

પદ:૧૭૦

કુંદનમાં હીરા જડાવી કુંડળ ઘડાવવાની, કનકની પાવડી કરાવવાની અને લાકડી રત્ને જડાવવાની એને ખેવના છે અને સૌથી વિશેષ તો: એકવાર જાણું ઓચિંતા સુંદરવર દે સઈ:

-૧૫ પદ:૧૭૦

કવિઓએ રાધા તથા અન્ય ગોપીઓમાં આત્મસમર્પણ, નિષેધાત્મક સ્વીકૃતિ, તીવ્રમિલનેચ્છા, કૃષ્ણપ્રતિ અનન્ય અનુરકિત, લોકલાજ, પરિવારભય તથા સાસુ-નણંદ પ્રત્યેની ખીજ અથવા ઉપેક્ષાભાવના-અનેક રુપોમાં અનેક રીતે વર્ણવ્યા છે.

અણિયાળી આંખો, એનાં બંને ખૂણા લાલ અને કાળી કીકીઓ- આવાં નયનબાણથી રાધાના પ્રાણ ઘાયલ થયા છે. (પદ-૧૭૧) ભોજન તથા શણગાર ગમતા નથી. કુસુમ-ચંદન પણ અંગાર જેવાં લાગે છે. મૂર્ખ પતિ સાથે બાપે કાં પરણાવી ? ભલેને મોટી હતી તો પણ શ્યામસુંદરને શેં નવ દીધી ?

ભાલણના કૃષ્ણ રાધાને પ્રસન્ન કરવા , એને મુગ્ધ કરવા અનોખી ચેષ્ટા કરે છે. તે રાધાનાં અંગોને સીધા સ્પર્શતા નથી, પણ કંઈને કંઈ બહાનેસ્પર્શ કરવાનો પ્રયત્ન કરે છે.

કર ઝાલીને વળતી મુજને, માયા માંહે પાડીજી
અતિ શે કોમળ અંગુળી, કહી ટાચકડાંવિજાડી -૫
શું વખાણું સુંદરી, આ ગોરો પંજો તારોજી :
ત્રાજુડાં મ પડાવશો, ભાવ મનનો મારો -૬
હાર જુએ ને ઉર ઉઘાડે ગલગલિયાં કરે પ્રીતેજી
ગાલે ત્યાં ચુંબન કરે, રમવા તણી રસ રીતે -૧૧
વેસરનું મોતી જુએને હાથ ફેરવે ગાલજી:
વાટ જોઈ મેં અતિ ઘણી, કામિની તારી કાલ-૧૨
મારા સમ છે શ્યામા આપો, અધઆવ્યો તંબોળજી
મુખે મુખ અફડાડતાં, ઉપન્યો રંગનો રોળ -૧૮
પદ:૧૭૨

નિષેધ સ્વીકારથી પણ અધિક આકર્ષણ ઉત્પન્ન કરે છે. ભાલણે આ જ પદની એક પંક્તિમાં -' નાના મા મા રહો રેં કરતાં , હૃદયાશું લઈ ચાંપી '૧૯
—પ.૧૭૨
-રસમય નિષેધ પ્રદર્શિત કર્યો છે. ~~પદ-૧૭૨~~

રમણની પૂર્વની મનોદશાઓનું સૂક્ષ્મ વર્ણન કવિઓએ જે રીતે ~~કર્યું છે.~~ કર્યું છે, તેવી રીતે રમણના સમયની અને તે બાદની માનસિક સ્થિતિનું ચિત્રણ પણ કર્યું છે. આ સાથે સંબધ્ધ ભાવોની ભાલણ અને નરસિંહ- બંને એ વિશેષ મનોયોગ અને રસાત્મકતા સાથે અભિવ્યકિત કરી છે.

રાધાનો સુરતોલ્લાસ, સુરતા-તસુખ, અને સુરતસંગોપનની વિવિધ ચેષ્ટાઓ અને અનુભાવોથી યુકત વર્ણન બંને[1] કવિઓએ પર્યાપ્ત વિસ્તારથી કર્યું છે.

ભાલણે આવા ભાવોની અભિવ્યકિત પ્રાયઃ રાધાના સ્વાનુભવના રુપમાં જ કરી છે. રાધાની શિથિલ અને અસ્તવ્યસ્ત દશાને જોઈ એક અંતરંગ સખી એનું કારણ પૂછે છે. રાધા પહેલાં તો એને છુપાવવાનો પ્રયત્ન કરે છે અને જે જે ચિહ્ન પ્રત્યે સખી સંકેત કરી પ્રશ્ન કરે છે,તે તે ચિહ્ન માટે તે કાલ્પનિક કારણ આપતી જાય છે.

કહે રે મન કામિની,તું કાંઉવાસ ભરાણીજી,
પરસેવો તને કાં વળ્યો, ભ્રમર બહુ ભીંજાણી, સાચું બોલોજી -૧
રાધા કહે હું ભૂલી પડી વાટ મેં નવ જાણીજી,
વનમાં બીહની એકલી, અતિશે ત્યાઉજાણી સખિ સુંદરી -૨
અતલસની નવી સીવડાવી,સહિયરે વખાણીજી,
તે ચોળીની કસ કયમ તૂટી,આવડું કયાં ચોળાણી-૫
મારું હૈડું આવ્યું ફાટવા, વાગે કરીને કાપ્યુંજી
પીડા ટાળવાને મેં ચોળ્યું,કરે કરીને ચાંપ્યું -૬ પદઃ૧૬૮

તને માર્ગમાં ફૂલ કોણે આપ્યાં, મુખ અને લોચન પર તંબોળ કયાંથી લાગ્યો, અધર પર દંત અને નખક્ષતકયાં બેઠા, કસ્તુરીનો પરિમલ કયાંથી આવ્યો, વસ્ત્રો અવળાં કેમ પહેર્યાં,વહેલી નીકળીને ચોડી કયાંથી પડી-ઈત્યાદિ સખી દ્વારા પૂછાયેલા પ્રશ્નોના રાધા ખૂબ ચતુરાઈપૂર્વક જવાબ આપે છે તે સુરત-સુખ છુપાવવાનો પ્રયત્ન કરે છે.[2]

કેશવરામ:
-------- માં રાધાને વ્યંતર વળગ્યાની વાત આવે છે. કૃષ્ણગારુડી બની એ વ્યંતર દૂર કરવાનો પ્રયત્ન કરે છે.[3]

ખીરખાંડ ખાજાં ભરી,ઉપરય નાના અન્ન
એહ જ અનુદિન એકલી મોકલજો મહાવન -૪૭
તે વ્યંતર અતિ પ્રીણશે,સાહામી કરશે સાર
ધન કણ છોરું વાછરૂં, દુઃખ નહી લગારય -૪૮

જે દિન ત્યાંહાં જાયશે, નહિ તે દિન અંગ રોગ [4] -૪૯
સર્ગ :૧૪

બીજો એક પ્રસંગ છે, જયારે કૃષ્ણ'રાધા' રાધા'કહી દ્વાર ખોલાવે છે.રાધા દ્વાર ખોલતી નથી. એ સમયનો રાધા કૃષ્ણ વચ્ચેનો પ્રેમકલહ કવિએ સુંદર રીતે નિરુપ્યો છે:

'ત્યજ અભિમાન ગોવાલી; ધરય આવ્યો શ્રીવનમાલી'
' જો વનમાલી તો ફૂલ વેર જે, ચુંબે બેલ ગુલાલાં'
'સુણ્ય ચતુરી! હું ચક્રી'' તૂ કોણ કવણ કુલાલાં '
' અરે અરે અનંગ હૂં અબલા! ' નાગ તમે હમ નારી'
' હૂં હરિ, હેલાં હરા મહિરખણી ! ' તૂ મકિડ વન મુઝારી [5] -૫૪
સર્ગ :૧૪

અહીં દ્વિઅર્થી શબ્દો દ્વારા આ પ્રેમકલહ વધુ રસિક બન્યો છે.

પ્રેમાનંદ:

ગોપીઓને વિયોગ દમી રહયો છે ત્યારે ગોપીઓ ' દર્શન દ્યોજી દયાળ' કહી હરિને વિનંતી કરવા લાગી.તમારા ચરણને અમારો દેહ સોંપ્યો છે. અમને અનાથ કરીને ચાલ્યા, તો શાને 'ગોપીનાથ' નામ ધર્યુ ? અમે કાત્યાયની વ્રત કર્યું, તે ય નકામું ગયુ. અમે ન રહયાં ઘરનાં, ન રહયાં તમારાં,' અમને અધવચ્ચે માર્યાં. આમ વલવલતી ગોપીઓ જ્યારે

' પ્રાણ તજવા તત્પર થઈ, તવ આવ્યા વૈકુંઠરાય રે '-૧૦: ક:૯૦

'અભ્ર ભેદી નીસરે ભાણ' -એમ પ્રભુ પ્રકટયા. તેમના દર્શનથી ગોપીઓ 'હરખ-ભરાઇ' થઈ, ' ધરણે ઢળી લહેર ખાઇ'. સર્વે હરિને સુખ થાય તેમ તેમની આસવાસના કરવા લાગી, તેમની પૂજા કરવા લાગી. કોઈ ચરણામૃત લે , કોઈ હાર આરોપે, કોઈ નૈવેદ્ય ધરે, કોઈ હરિને વાંસે હાથ ફેરવે -

કો સ્વાદ લીએ રુદયા ભીડી, ખવરાવે કો પાનની બીડી :
લાવે ચંદન, કુંકમ, કેસર, રંગરોળ કીધા પરમેશ્વર -૧૪ :ક:૯૧

તેમની ભકિતથી પ્રસન્ન થઈ. હરિએ કહયુ :-

તમને સમપ્યો મમ દેહ, લો માગી જોઈએ જે હ-૨૮:ક:૯૧

ત્યાં શરદ નિશાએ એક સામટી 'ખટઋતુ' પ્રગટી, છ માસની રાત્રિ થઈ અને 'રાસરચ્યો

ભગવંત ' અહીં સંભોગશૃંગારની વિવિધ અવસ્થા કવિએ વર્ણવી છે:

ગ્રહી બાંહ ગોપી તણા સ્કંધ મોડે, થઈ આકળો કંચુકી બંધ છોડે,

નખપાત કીધા છે શરીર સાથે, અધર-દંસ દીધા વળી કૃષ્ણ નાથે -૧૦

ઉન્માદ, સંવાદ, બહુ સ્વાદ પોખે, દેખીતો વિભિચાર નવકર્મ દોખે :

કુચ-ફળ ભુજ-બળ શિથલો કરતો, સ્ત્રી -સંગ અભંગ, નથી મદ ઝરતો -૧૨

ચોરે નયેણ વયેણ વળી દીન ભાખે, માગે માન, અધરામૃત પ્રેમે ચાખે :

ગ્રેહે નાડાછડી, કસિકી કરમાંહે, ગૂંથે કેશ ગોપીના ગોવિંદરાયે -૧૩ :ક:૯૩

રાસ રમતાં હરિ ગોપીને,

નાચે નચાવે, હસીને હસાવે, બાળીને તાળી દે વનમાળી:

પાગ લાગી પ્રભુ સંગ માગે, પણ માન કરી ના કહે ચિત્રશાળી-૩ ક:૯૭

આમ સંપૂર્ણ ' રસ- ઔષધ-સંજોગ થી' વૈદ્ય મળતાં વ્રજનારીઓ નીરોગી થઈ .

ગિરિધરઃ- એકવાર હરિ હઠે ચડી રડતા હતા, ત્યાંજ રાધા આવી . જશોદા કહે કે એ ઘણું પજવે છે. માટે

તુજ ઘેર તેડી જા લાલને, મારે કારજ કરવું ઘરતણું -૧૨ :અ:૨૮

રાધા કૃષ્ણને ઘેર લઈ આવી ,હીંડોળે હીંચવવા લાગી. એનું રુપ જોઈ રાધિકા રીઝયાં.

કમનીય કોટી મનોજ તનુ, મનહર ગુણ ગંભીર ઘણું -૧૪

પરંતુ 'દુ:ખી નાથને નાના લહી '૧૫

મન હાવભાવ કટાક્ષાથી રીઝવે રસિયો રીતશું

અતિ છબી સુધારસ નેત્ર પાત્રે પાન કરતી પ્રીતશું -૧૬ અ:૨૮

જો હરિ કાંઈક મોટા હોત તો મારુ કાર્ય સિધ્ધ થાત.

આવો રાધાનો ભાવ જોઈ, બ્રહ્માંડપતિ મોટા થયા અને

આનંદે ચુંબન આલિંગન દીધુ,મનોરથ પુરણ થયો

ઘણી પ્રીત વાધી પરસ્પરે, પરિતાપ તનમનનો ગયો -૨૦ :અ:૨૦.

આમ નંદકુંવર નિત્ય નવલી લીલા કરવા લાગ્યા. આ રાધાકૃષ્ણની પ્રીતિની છાની વાતો ગોકુલના લોકો ઘેર ઘેર કરવા લાગ્યા. આથી જશોદાએ કૃષ્ણને રાધાને ઘેર જવાની ના પાડી. બે દિવસના વિયોગથી રાધાએ અન્નજલ ત્યજયાં. હરિને મળવાને મિષે તે જળ ભરવા ગયાં, ત્યારે ગોવિંદ ગાયો દોહવા બેસતા હતા. રાધાને જોઈ, ભાન ભૂલેલાં હરિ જશોદા આવતાં વૃષભને દહોવા બેસી ગયા. આમ પરવશ પુત્રને જશોદા પૂછે છે કે તું શું દોહે છે ?'હું ગાય દોહું છું'. આમ કૃષ્ણે કહેતાં પાત્ર દૂધથી ભરાયું. જશોદાએ રાધાને એને રસ્તે જવાનું કહયુ. રાધા જલ ભરવા ગયાં. હરિ પણ મિત્રો સાથે ત્યાં જઈ કુંજભવનમાં રાધાને મળ્યા.

પાદટીપ:

૧: ન.કૃ.કા.પૃ:૨૮૭

૨: આજ ભાવ આજ પંકિતઓ દયારામમાં મળે છે. દયારામ રસસુધા: પૃ:૧૧૫.

૪- આવું જ એક લોકગીત મળે છે, જેમાં રાધાને સખીઓ સાથે ગરબે ઘૂમતાં કાળીનાગ ડસે છે.

સરખી સાહેલી મળી ગરબે રે ઘૂમતાં

રાધિકાને કાળીનાગે ડંખ્યો જો,

ડાબલે અંગુઠડે ઝટ ડંખ દીધો

તનમાં લાયુ લાગી જો

રાધા ગોવાલણીના ઘર પસવાડે , મોહન મોરલી વગાડે જો.

પાટણ શેરથી વૈદ્ય તેડાવ્યા. રાધિકાના વિખડા ઉતારવા માટે, સોનાનો હાર ને રુપલે મઢાવીની વાત કરે છે. ખાણીયામાં ખાંડી ઓસડિયા લેપવગેરે બનાવ્યુ પણ 'રાધાજીના વિષનાં ઉતર્યાં. બમણી લાયુ લાગી જો. છેવટે મથુરાથી જદુવીરને બોલાવવામાં આવે છે,ત્યાં તો જાદુ થયો:

'મથુરા શેરથી જદુવીર આવીયા, ગોરી મોજાર જૈ ઉભા જો.

હસતા રાધીકાનો હાથ ઝાલે ત્યાં

ઝટપટ વિખડાં ઉતર્યાં જો '

૩: પ્રેમાનંદની ગોપી પણ ગોવિંદને ગારુડી કહી બોલાવે છે.

કામ કાળે નાગે ડસી, વિરહવિખ ચડિયું ,

આવજે ગોવિંદ-ગારુડી, ધ્યાન તારું ધરિયું -૬ ક:૮૯

૫: આવા દ્વિઅર્થી શબ્દો પર સંવાદવાળા બે શ્લોક મળે છે:

૧: ૧૦ મી સદીમાં 'કવી-દ્રવચનસમુચ્ચય' માં -

કોઽયં દ્વારિ હરિ: પ્રયાહ્યુપવનં શાખામૃગેણાત્ર કિં

કૃષ્ણોઽહં દયિતે બિભેમિ સુતરાં કૃષ્ણ: કથં વાનર:।

મુગ્ધેઽહં મધુસૂદનો વ્રજલતાં તામેવ પુષ્પાસવામ્

ઇત્થં નિર્વચનીકૃતો દયિતયા હ્રીણો હરિ:પાતુ વ:॥

૨: 'સદુક્તિકર્ણામૃત' માં -

કસ્ત્વં ભો નિશિ કેશવ: શિરસિજૈ: કિં નામ ગર્વાયસે

ભદ્રે શૌરિરહં ગુણૈ: પિતૃગતૈ: પુત્રસ્ય કિં સ્યાદિહ ।

ચક્રી ચન્દ્રમુખી પ્રયચ્છસિ ન મે કુણ્ડીં ઘટીં દોહિની-

મિત્થં ગોપવધૂહૃતોત્તરતયા દુ:સ્થો હરિ પાતુ વ:॥

દાણલીલા:

ગુજરાતી સાહિત્યમાં ' દશમસ્કંધો' ના અનુવાદકોમાં, નરસિંહના 'દાણલીલા'ના કેટલાંક પદોમાં, કીકુ વસહીના ' બાલચરિત'માં, વાસણદાસના 'કૃષ્ણવૃંદાવનરાસ'માં અને મીરાંનાં કેટલાંક પદોમાં દાણનો પ્રસંગ આવે છે, જ્યારે પ્રેમાનંદની 'દાણલીલા' જેવી સ્વતંત્ર કૃતિઓ પણ મળે છે.

આ દાણલીલાઓના અધ્યયનથી જાણવા મળે છે કે આ લીલાનું કોઈ નિશ્ચિત રુપ કવિઓ સામે ન હતું, જેને પરિણામે કૃષ્ણ દ્વારા દાણ માગવા સિવાયની અન્ય ઘટનાઓના વર્ણનમાં ભિન્નતા જોવા મળે છે.

દહીં વેચવા મથુરા જતી ગોપીઓ પાસેથી કરના રુપમાં કૃષ્ણનું મહીનું દાણ માગવું- દાણલીલાની આ મુખ્ય ઘટના છે, જેનો વિસ્તાર કરી કવિઓએ ભાવાભિવ્યક્તિ માટે પર્યાપ્ત ક્ષેત્ર શોધી લીધું છે. દાણ અંગેના વાદવિવાદ અન્તર્ગત વિશુધ્ધ અને પ્રગાઢ પ્રેમની એક વિચિત્ર અન્તસ્સલિલા વહેતી રહે છે, જેની રસમય અભિવ્યક્તિ કરવી એજ કવિઓનું લક્ષ્ય રહ્યું છે.

કૃષ્ણ જ્યારે દાણ માગે છે ત્યારે ગોપીઓને આશ્ચર્ય થાય છે. કારણ કે તેમના વ્રજમાં આવું દાણ કોઈએ માગ્યું નથી. તેઓ કૃષ્ણના અધિકારપ્રદર્શન પર તીવ્રતમ વ્યંગ્ય કરે છે. કૃષ્ણની પાછલી બધી કરતૂતો તેમને યાદ આવે છે. ભાવાવેગમાં તેઓ વિવિધ પ્રકારે કૃષ્ણની આલોચના કરે છે. એમનાં વ્યંગવચનો તથા ઉપાલંભો પાછળ તેમના હૃદયનું વાસ્તવિક સત્ય ઝળકી રહે છે. કવિઓએ ગોપીઓની આ મનોદશા પારખી એને વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. આ સંબંધમાં જે વાદવિવાદ કવિઓએ કરાવ્યો, તેની વચનવક્રતા અને ભાવ-ભંગિમા આસ્વાદ્ય બની રહે છે.

( નરસિંહની ' ચાતુરી છત્રીસી ' માં વર્ણવાયેલી પરિસ્થિતિ ' દાણલીલા' થી સંબધ્ધ છે, જો કે તેમાં અંતમાં દાણનું વર્ણન નથી, પરંતુ સંભોગશૃંગારનું પૂર્ણ વર્ણન છે:

' આજ મે તમારી ચાતુરી જાણીજી; મારગે બેઠા છો થઈને દાણીજી -૧

આધા પધારો શીર ભાર ઉતારું, કુંજસદન સેજા પાથરી-૫

દધિચ્યુ પાત્ર તે શિરથી ઢળીયુ જી ; કટિ કિંકણીને નીલાંબર ચળીયુ જી-૭

ન.કૃ.કા.પૃ:૧૧૮-૧૧૯

ગોપીઓ કૃષ્ણને કેટલીયેવાર કંસ પાસે લઈ જવાની ધમકી આપે છે:

ઘણીવાર આવ્યા આણી વાટે, કર કોણે ન લીધા ,

કંસ કને તુંને લઈને જાશું, રાખું છું હું તુજને વારી રે - ન.ક.કૃ.પૃ:૫૮૦

કેટલાક છૂટક પદોમાં પણ દાણના પ્રસંગનો ઉલ્લેખ છે.

' મને રોકે છે કાનવર દાણી રે, નહિ જાઉં જમના પાણી રે

બૃ:કા.દો.ભા.૧ -પૃ:૧૦

'કોણે તે દાણી બેસાડિયો , જી રે કોણે લીધી છે છાપ

આણે મારગ જાઉં એકલી, હું તો કોને ન દેવું જબાપ -

ન.કૃ.કા.પૃ:૧૫૬)

<u>ભાલણે:-</u>

દાણલીલા નિમિત્તે રાધા અને કૃષ્ણનો વાર્તાલાપ વિસ્તૃત રૂપમાં આપ્યો છે. અહીં રાધા પરકીયા-પરિણિતા છે. સહિયરો સાથે મથુરા દહીં વેચવા જાય છે, ત્યાં કહાન દાણ માગે છે:

' કાંબલી મેલોને કહાનજી રે, શું માગો છો નાથ,

મહીડું મથુરામાં વેચવું રે, જાય છે સહીયર સાથ.-પદ:૧૨૧

'જાણ્યો નંદનો ગોવાળિયો રે , તું શાનું માગે દાણ ' પદ:૧૨૩

રાધા સૂના વનનો લોકવ્યવહાર બતાવી જશોદાને ફરિયાદ કરવાનો ભય બતાવે છે:

' લોહ વહેવાર છે દોહેલો રે, દોહેલા છે દુરિજન

કહો તો મેલું આ માટલી રે , ઠાલી જાઉં ઘેર :

જશોદાજી આગળ જઈ કહું રે, જુઓ પુતની પેર : પદ:૧૨૧

અને છતાં ય કૃષ્ણ ન માને તો કંસની આણ આપે છે.

' અથવા જાવા દો મને રે, તમને કંસરાયની આણ' -પદ:૧૨૧

એક ગોપી રાધાને એના પ્રતિ કૃષ્ણના વિશેષ આકર્ષણની વાત કહે છે ત્યારે રાધા વિવાદ કરે છે.

' દહાડી એને દૂધ જ પાઉં તો વણજે હું શું કમાઉં '

x x

અગપણ મારે એ શું સાથે, કહો તેવા સમ ખાઉં '

પદ:૧૨૬

રાધા કૃષ્ણને ઉત્તર આપતી વખતે વ્યંગાત્મક શબ્દો સાથે આત્મશ્લાઘા કરે છે.

ગાયો ચારો નંદની તો દાણી તું કોને કર્યો,
ચોરીને દૂધ દહીં ખાતે પીયારે તું ઉછર્યો
બીહાવો તે બીજીને જે ભોળી હોય ભામિની
તમ થકી હું અધિક છું રે કુટિલ વિદ્યા કામિની

પરંતુ વસ્તુતઃ એનું હૃદય કૃષ્ણ પર આસકત છે:

'પ્રેમ તે ઝાલ્યો રહે નહિ રે, નદી તણું જયમ પૂર
હવડાં જાવા દો મને રે, થાય છે અસુર '

પદ:૧૨૧

એક અન્ય પરકીયા ગોપી કૃષ્ણ પાસેથી પોતાનો હાથ છોડાવતાં જે કંઈ કહે છે તેમાં તેનો મધુર અનુરાગ જ પૂરેપૂરો વ્યંજિત થાય છે.[1] એક બાજુ તે કૃષ્ણને શિખામણ આપે છે, બીજી બાજુ તે પોતાની પરવશતા અને સ્નેહવિભોરતા છુપાવી શકતી નથી. પહેલાં કહે છે કે હાથ છોડી દો. મારી કોમળ આંગળી ના મરોડો. હવે કયારેય નહિ આવું. પછી કહે છે કે કાલે નંદ તમને પરણાવશે, સુંદર સ્ત્રી આવશે, કયાંય પરસ્ત્રીથી ઘર વસે છે ?[2]

ઘણું બધું એની આટલી વાતથી પ્રગટ થઈ જાય છે. પછી તે કૃષ્ણને ' અવસર આવજો ઘેર' કહી રસ્તામાં લોકોનો અને સખીઓના આવવાનો ભય બતાવી, જે કંઈ બાકી હતું તે સ્પષ્ટ કરી દે છે.[3]પણ રાધા માનિની છે. તેથી કહે છે કે મારા બાપને ઘેર ઘણા યાચક આવે છે. જો યાચક બની

' કરગરીને કૃષ્ણ માગે તો હું પય પાઉં મુદા ' પદ-૧૩૬

રાધાની-'હઠભરાણી ભામિની ' ની આ વાત સખી કૃષ્ણને કહે છે:

'કૃષ્ણજી માગો કરગરી' પદ-૧૩૭

અહીં રાધાનું મન રાખવા કૃષ્ણ યાચક બની, પ્રિયાના ચરણોમાં પોતાનું શીશ ધરી દે છે :

'કેશવજીએ કર જોડિયા તે પ્રીત વાધી અતિ ઘણી ' પદ-૧૩૭

અને દૂધથી અધિકું ' એવા ' મનના જળ ' થી કૃષ્ણે રાધિકા પર અભિષેક કર્યો :

' સ્નેહ જાણી પ્રેમ આણી,પાણિએ પાયુ ગ્રહ્યું '- પદ-૧૩૭

આમ બંને એક રસ થયાં-'જયમ રત્ની કુંદન શું મળ્યું '

પરમાણંદ:

મા કૃષ્ણ અને ગોપીઓ વચ્ચેના સંવાદરુપે દાણલીલાનું પદ છે. કૃષ્ણ દાણ માગતાં ગોપી ખીજાય છે. આ અન્યાય બદલ સામે કહે છે:

'તાહારા મનમાં કાંઈ ન આવે, કુલલજ્યા અતિ દોહલા

મેહેલિ ચાર ધરણીધર માહારો ,વાત નથી એ સોહલા રે 'પૃ:૩૧

તે મથુરા જતાં મોડું થશે, મારું મહીં ખાટું થશે -વગેરે દલીલો કરે છે, અને છેલ્લે કહે છે કે કંસને રાવ કરીશું તો ગોકુલ છોડવું પડશે. હવે આ માર્ગે નહિ આવું. કૃષ્ણ પણ સામે જવાબ આવે છે કે દાણ વિના મૂકીશ નહિ, જાઈને કંસને રાવ કરજે. આમ છેવટે ,

'વચવાદ વચન પરસ્પરિ કરી, આપી હરીને દાણ

મટુકી લૈ ચાલી તદા, આનંદ મંનમાં આણિ -૭૨ -પાન :૩૧

અહીં દાણ નિમિત્તે શૃંગારની કોઈ વાત નથી.

પ્રેમાનંદે:-

પોતાની આગવી રીતિથી ગોપીના હદયની ગુપ્ત પ્રીતિ પ્રગટ કરી છે.[૪] તેણે ગોપીની રીઝભરી મનોદશાને સફલતાથી ચિત્રિત કરી છે.

અહીં રાધાને મથુરાના માર્ગમાં કૃષ્ણ ' દાણી ' બની બેઠા છે, તે વાત પહેલેથી જ્ઞાત

હોય છે અને તે લલિતા, ચંદ્રાવલી, રાઈ, વિશાખા આદિ સાત સખીઓ સાથે કૃષ્ણ પર વિજય પ્રાપ્ત કરવાની ઈચ્છાથી જાય છે. ઘાટ પર કૃષ્ણને જોઈ તે લોકો બીજી બાજુ વળી જાય છે. કૃષ્ણ આ જાણતાં બધાને પકડી લાવવા માટે ગોપોને મોકલે છે. ' ગોપ સુદામો' આવીને કહે છે કે આજે તો સામા પક્ષમાં ' રાધારાણી' પણ છે, જે કહેવું માનતીનથી. આ સાંભળી કૃષ્ણ ક્રોધે ભરાય છે, કહે છે : રાધારાણી તો શું, ઈન્દ્રાણી પણ દાણ આપ્યા વિના નહિ જઈ શકે '- કૃષ્ણની આજ્ઞાથી ગોપલોકો લાકડી લઈ ' છાશ', 'દહીં', 'માખણ 'ની માટલીઓ ફોડવાનો આ-આરંભ કરે છે. આ જોઈ રાધા ક્રોધાન્વિત પરંતુ મિલનની ઈચ્છાથી ' રાઈ' ને દૂતી બનાવી કૃષ્ણ પાસે મોકલે છે.

બંને પક્ષમાં વિવાદ થાય છે : કંસનો ભય, જશોદાનો ભય, નંદની ' આણ', અનધિકાર ચેષ્ટા - બધા પ્રકારના તર્કવિતર્ક બાદ સમજૂતી થાય છે.

કૃષ્ણના સખા' પિંઢારિયા' રાધાની ટોળીને ઘેરી લે છે. રાધા કૃષ્ણનો અહંકાર નષ્ટ કરવાનો સંકલ્પ કરે છે. વાદવિવાદ થતાં થતાં દિવસ પૂરો થાય છે. કૃષ્ણ ' છ વર્ષનો છોકરો ' બતાવાયો છે. અંતમાં રાધા હાર માની લે છે, અને પરિણીતા હોવાને નાતે ' સાસુ, નણંદ, જેઠ' આદિને ' વાઘણ, નાગણ જમ 'કહી ગૃહસ્થાશ્રમની મર્યાદાનો ઉલ્લેખ કરે છે, , પરંતુ અંત-માં કૃષ્ણને પૂર્ણ સમર્પણ કરે છે.

અહીં રાધાકૃષ્ણનો વ્યંગ- પ્રેમયુકત વાદવિવાદ પ્રેમાનંદે પ્રશંસનીય રીતે વર્ણવ્યો છે. રાધા અને કૃષ્ણ -બંનેના ઉત્તર એક બીજાથી અધિક સચોટ સિધ્ધ થાય છે. બંને એકબીજા વ્દારા મૂકાયેલા આરોપોનો પ્રત્યુત્તર નવા નવા આરોપો લગાવી આપે છે ને અધિકાધિક ઉત્તેજક શબ્દોનો પ્રયોગ કરી પોતપોતાની અપ્રતિહત ક્ષમતાને પ્રદર્શિત કરે છે. ઉ:ત:

રાધિકા: 'પાધરી વાટે તે લડે શે, જેને હોયે બે બાપ

દાણની શું તે મહોર કરાવી, કંસે કીધી શું છાપ '

શ્રીકૃષ્ણ: 'છાપ તો તારો બાપ કરાવે, શંકડો વૃષભાન

અમો કુંવર નંદજીતણા, કોની નવ માનું આણ.'

અહીં રાધાના શબ્દો કૃષ્ણના જીવનની વાસ્તવિકતા' બે બાપ' ની -પૂરવાર કરે છે. પરસ્પર અહંકારનું પ્રદર્શન અને સંઘર્ષ દાણના પ્રસંગની લીલાત્મકતા વિસ્તારી દે છે.

કૃષ્ણ બંસી વગાડે છે, અનેક રુપ ધારણ કરે છે અને ગોપીઓ સાથે આખી રાત રમણ કરે છે.ગોપીઓ સવારે કૃષ્ણને ચરણે લાગી વિદાય માગે છે.

દાણના પ્રસંગમાં કૃષ્ણ અને ગોપીઓનો ઝઘડો વાતો સુધી જ સીમિત નથી રહેતો.એમાં આલિંગન, સ્પર્શ, ચુંબન આદિની સ્થિતિ આવે છે:

'દીધું આલિંગન હેત વ્યાપિયું રે લોલ
કુંજમાંહે રહી રતિસુખ આપિયું રે લોલ
જેટલી હુતી વ્રજસુંદરી રે લોલ
તેટલા રુપ ધરિયા શ્રી હરીરે લોલ,

જો કે આ કૃતિ નરસિંહની શ્રેષ્ઠ (ધ્યેય) કૃતિ નથી, નરસિંહે દાણને કારણે થતા સંઘર્ષને ' સુરતસંગ્રામ' માં પૂરીરીતે સંગ્રામનું રુપ આપી દીધું છે. તેમ પ્રેમાનંદમાં, અલબત્ત ઓછી માત્રામાં પણ સંઘર્ષ જોવા મળે છે. નરસિંહની જેમ પ્રેમાનંદની દાણલીલામાં અંતમાં સંભોગ વર્ણન આવે છે, તો પ્રેમાનંદે સૂરદાસની જેમ બધી ગોપીઓ સાથે કૃષ્ણનું રમણ દર્શાવ્યું છે.

યુધ્ધ અને સંઘર્ષને દાણના મૂળ ભાવ સાથે બહુ અનુકૂળ નહિ લાગતાં, ભાલણે કૃષ્ણમાં એટલી વિનમ્રતા દર્શાવી છે કે તે યાચક બની પ્રિયાના ચરણોમાં પોતાનું મસ્તક રાખી દે છે.

<u>તુલજારામ:</u>
-------- માં ગોપીઓ જયારે ગોરસ લઈ મથુરા જાય છે ત્યારે કૃષ્ણે તેમને અટકાવ્યાં :

'ગ્રિ ગ્રહિને ગોરસ ગ્રહે, રહો કહીને રુધિ રેહે
મહિ તણૂ તે માગે દાણ, નંદ <u>તણિવતાંવિ</u> આણ -૧૫ -પૃ:૬૩

ત્યારે ગોપીઓ કહે છે કે આ હઠ સારી નથી. આ કંઈ સારું નથી કરતા. ત્યારે કૃષ્ણ ભાર ઉતારવાનો કહી

' અંચલ કરે અક્ષુનો આલ, અલગટ મિટે અદકિ આલ '-૧૬
પૃ:૬૩

(ત્યારે ગોપીઓ કહે છે કે આ હઠ સારી નથી. આ કંઈ સારું નથી કરતા. ત્યારે કૃષ્ણ ભાર ઉતારવાનો કહી

' અચલ કરે અક્ષુનો આલ , અલગટ મિટે અદકિ આલ '૧૬ -પૃ:૬૩)

ઘેર જઈ પતિને શું કહીશું- વિચારી બધાં વિમાસે છે. છેવટે જશોદાને જઈ રાવ કરે છે:

....... માહાવે માહારી ઢોલિ છાસ

ગોલા ગોરસના ફોડિયા, ઉરવર તણા હાર ત્રોડિયા -૧૯

ચીર તણા તાહાં ત્રૂટા ઘણા, કરણવ છૂટા કંચુતણા,

વણ અપરાધો લૂટા અહ્મો, વારો માત જશોદા તહ્મો -૨૦: પૃ:૬૩

ત્યારે જશોદા કૃષ્ણને કહે છે કે શા માટે અનર્થ કરે છે, ત્યારે

' નરહરને એક નાર મન વશી, મુખ મરકલડો દેઈનેહસી,

માહાવે જાણૂ મંન આપણે એ પક્ષા બોલશે મુઝ તણે '૨૫ પૃ:૬૪

આથી કૃષ્ણે કહ્યુ કે આ સર્વ જૂઠી નાર છે. એમાં આ એક ચતુર છે- એને પૂછો. ત્યારે એ ગોપી સાચી વાત કરે છે. છેવટે કૃષ્ણ

' માત વચને કરે પ્રણાંમ, હવે મારગે નવ માગુ દાણ' -૩૪ પૃ:૬૪

આમ દાણલીલાના આ પ્રસંગો બધા કવિઓમાં અલગ અલગ છે. કેટલાક કવિઓએ મહી દાણને મિષે યૌવનદાણની વાત ચિત્રીત કરી છે, તો પ્રેમાનંદ, ભાલણ જેવા કવિઓએ ' દાણલીલા'માં રાધાને પરકીયાનું રુપ આપ્યું છે.

વસ્તુની દષ્ટિએ આ દાણલીલાના ત્રણ પ્રકાર પાડી શકાય.

૧: એવી રચના જેમાં દાણનો પ્રસંગ કેવળ રાધા અને કૃષ્ણ વચ્ચે બનેલી ઘટના છે. નરસિંહની રચના આ પ્રકારની છે.

૨: એવી રચના જેમાં રાધાકૃષ્ણ ઉપરાંત અન્ય ગોપ ગોપીઓનો સમાવેશ થાય છે. આમાં ભાલણ, પ્રેમાનંદ, નરસિંહની ' ચાતુરીછત્રીસી' વગેરેનો સમાવેશ થઈ શકે.

Kalpana's

૩: એવી રચના, જેમાં રાધા આદિ ગોપી વિશેષનો ઉલ્લેખ ન કરતાં સમસ્ત ગોપી સમૂહનું વર્ણન હોય. ઉ.ત. તુલજારામ.

નરસિંહે અને પ્રેમાનંદે દાણલીલાને અંતે સંભોગનું વર્ણન કર્યું છે. પ્રેમાનંદે બધી ગોપીઓ સાથે કૃષ્ણનું રમણ દર્શાવ્યું છે.

મહીનું દાણ અને યૌવનદાણ વચ્ચે ગોપીઓમાં જે પ્રેમોન્માદ ઉત્પન્ન થાય છે, તેનાથી જ તેમની વિસ્મૃતિની મનોદશા ઉત્પન્ન થાય છે, જેમાં તેઓ મહીનું નામ ભૂલી, તેને સ્થાને કૃષ્ણનું નામ લે છે. નરસિંહ અને મીરાંમાં આ જોવા મળે છે, તો સૂરદાસમાં આજ ભાવ અનુભવાય છે

સૂરદાસ:

કોઈ માઈ લૈહે રી ગોપાલહિ
દધિકો નામ શ્યામસુંદર રસ બિસરિ ગઈ વ્રજબાલહિ :
સૂ.સા.પૃ:૩૨૬

નરસિંહ:

ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી
સોળ સહસ્ત્ર ગોપીનો વહાલો મટુકીમાં ઘાલી
અનાથના નાથને વેચે આહીરની નારી
શેરીએ શેરીએ સાદ પાડે, લ્યો કોઈ મોરારી

મટુકી ઉતારી માંહી મોરલી વાગી... ચૌદ લોકનો નાથને કાંઈ, મટુકીમાં દેખે.

આ પદમાં નરસિંહે મૂળ ભાવ વિસ્મૃતિનો વિકાસ ન કરતાં અંતિક પંક્તિઓમાં કૃષ્ણના ઐશ્વર્યમય રુપનો તથા તેની સર્વવ્યાપકતાનો જે પરિચય આપ્યો છે, કાવ્યની દષ્ટિએ તેની કોઈ ઉપયોગિતા દેખાતી નથી.

મીરાં:

' હાં રે કોઈ માધવ લ્યો, માધવ લ્યો, વેચતી વ્રજનારી રે
માધવને મટુકીમાં ઘાલી, ગોપી લટકે લટકે ચાલી રે '

પાદટીપ:

૧: ભાલણ: દશમસ્કંધ :પદ: ૧૩૨

૨: ભાલણ: દશમસ્કંધ: પદ:૧૨૮

૩: ભાલણ: દશમસ્કંધ: પદ:૧૨૮

૪: નરસિંહે પણ આંગિક ચેષ્ટાઓના માધ્યમથી ભાવમુદ્રાને અત્યંત મનોહારી રુપમાં ચિત્રિત કરી છે.

' મુખ આડો પાલવ ગ્રહી, તાણ્યાં ભવાનાં બાણ

નયન કટાક્ષો નિહાળીને બોલી ' પ્રભુ શાનાં માગો છો દાણ 'પૃ: ૧૫૬
ન.કૃ.કા:

અહીં પ્રશ્નમાં જ ગૂઢાર્થ છૂપાયેલો છે.

માનલીલા:

સ્નેહ વ્યકિતમાં અંતર્નિહિત અહંની તીવ્રતમ અભિવ્યકિત છે. પરંતુ એની વિશેષતા એ છે કે એમાં અહંની બધી જ તીવ્રતા વિગલિત થઈ પરસ્પર સમર્પણનું રુપ ધારણ કરે છે. પ્રેમી અને પ્રેમાસ્પદ — બંનેનાં હ્રદય એકીભૂત થઈ, શારીરિક દ્વૈત રહેવા છતાં, એક અદ્ભુત માનસિક અદ્વૈતની સૃષ્ટિ રચે છે, જેને કારણે પ્રત્યેક પોતાને સ્થાને અન્યને જ પોતાના જીવનનું કેન્દ્ર અને આધાર માને છે. બંનેની વચ્ચે અન્ય ત્રીજાનો પ્રવેશ બંનેને માટે અસહ્ય બને છે. સમર્પણની સાથે અધિકારભાવનાનો પણ વિકાસ થાય છે. માન અથવા રોષ ત્યારે જ ઉત્પન્ન થાય છે, જ્યારે કામ્ય વસ્તુ પર રહેલા એકાધિકારમાં બાધા ઉત્પન્ન થાય છે. — ' કામાત્ક્રોધોભિજાયતે ' – આ કથન દ્વારા ગીતાકારે આ મનોવૈજ્ઞાનિક તથ્યને જ સ્પષ્ટ રીતે વ્યકત કર્યું છે.

રોષ, ક્રોધ અથવા માન કામનું જ પરિવર્તિત રુપ છે. માનલીલા દ્વારા આ જ ભાવસત્યને વ્યકત કરવામાં આવ્યું છે. દાંપત્યપ્રેમમાં ઉદારતાની અપેક્ષાએ ઈર્ષ્યા જ અધિક સ્વાભાવિક છે. પહેલી પ્રતિક્રિયા ઉત્તેજનાના રુપમાં જ થાય છે. પરંતુ આ ઉત્તેજના 'રીતિ' સ્થાયી 'રતિ' ની જ ઉદ્દીપક બની રહે છે, તેમાં બાધક નથી બનતી. માન પ્રેમભાવને નિખારી દે છે.

રાધા કૃષ્ણને અન્ય સ્ત્રીમાં અનુરકત સમજી રીસાઈ જાય છે. આ મૂળ પ્રસંગને લઈને કવિઓએ ભાવવિસ્તાર સાધ્યો છે. માન કરનારી રાધાની મનોદશા, તેના માનનું કારણ, ઉત્પન્ન થતી કૃષ્ણની વ્યાકુલતા તથા મનાવનાર દૂતીની ભાવનાઓ-આ સર્વનું ચિત્રણ કવિઓએ પર્યાપ્ત તન્મયતા અને કુશળતાથી કર્યું છે.

નરસિંહની 'ચાતુરી ષોડશી'માં, કવિ મયણના 'મયણછંદ' માં તથા ભાલણના 'દશમસ્કંધ' માં માનલીલાનો પ્રસંગ જોવા મળે છે.

મયણ સિવાયના અન્ય કવિઓમાં 'માનલીલા' નું રૂપ જુદું મળે છે. અહીં રાધા કૃષ્ણના શરીર અથવા કૌસ્તુભમણિમાં પડતા પોતાના જ પ્રતિબિંબને અન્ય સ્ત્રી સમજી ભ્રમવશ માન કરે છે. અને અંતમાં દૂતી લલિતા અથવા સ્વયંકૃષ્ણ દ્વારા આ ભ્રમનું નિવારણ થતાં માન ત્યાગી દે છે. આમ નરસિંહ અને ભાલણમાં કૃષ્ણના બહુનાયકત્વને કારણે ખંડિતા રાધાના માનનું વર્ણન મળે છે.

ભાલણમાં કૃષ્ણની વાંસળીથી લોભાયેલી રાધા સખીને પોતાને ત્યાં લઈ જવાનું કહે છે.

'સખી મેં હવે મેલ્યું માન, કો દેખાડો મને કહાન:
એટલું દીજે જીવિતદાન તો તું સાચી સહી રે -૭ પદ:૧૪૦
કારણ, શ્રાવણ આવ્યો છે,-બપૈયો પીયુ પીયુ પોકારે, મન્મથ પાંચે બાણે મારે.
વિજળડી તણા ઝબકારા, મારા મનડા તણા અંગારા
વેલી કેવડો જાઈ જુઈ, ફુલ તણે ગંધે હું મૂઈ
ફોરાં લાગે કાયા કંપે, સુંદર વર હૃદયાશું ચાંપે
વિરહિણીને વરસે તે બાળતું, ઓ'લાતું નવ દીસે વળતું ' પદ:૧૩૯

અહીં કવિએ પ્રકૃતિની વિરહિણી પર થતી અસર દર્શાવી છે.

સખી રાધાને વૃંદાવન પ્રભુ પાસે લઈ જાય છે, પણ ત્યાં જ તે રીસાઈ જાય છે. અહીં ભાલણે માનનું કારણ કૌસ્તુભમાં રાધાનું પ્રતિબિંબ જ માન્યુ છે:

'કૌસ્તુભમાં નિજરુપ દેખી રીસાવી પ્યારી
જાણ્યું ખોળામાં બેઠી છે, મુજ સરખી કો નારી, દેખી રીસાવી પ્યારી-૧
-પદ:૧૪૦.

ક્રુધ્ધ વ્યક્તિ જેના પ્રતિ ક્રોધ છે, તેને કટુ શબ્દ કહેવાની સાથે સાથે સમજાવનારનો પણ તિરસ્કાર કરે છે. કારણ કે તે સમજાવનારને પણ અપરાધીને સમર્થક માની બેસે છે. આ મનોભાવ પ્રત્યે ભાલણે બે પંક્તિમાં સંકેત કર્યો છે:

' દૂતીને ત્યાં ગાલ દે છે, તું તો ધૂતારી,
મને શાને તેડી આવી, એતો વ્યભિચારી -પદ:૧૪૧

ત્યાં જ દૂતી સાન કરીને કહે છે :

'કંઠ થકી કેશવજી મેલો, મહામણિ ઉતારી'[1]

કૌસ્તુભમણિ દૂર કરતાં, રાધા ત્યાં અન્ય નારી ન જોતાં આનંદ પામે છે ને મન્મથના અવતાર સમા નરનેપામી ધન્ય થાય છે.

અહીં ભાલણે દૂતી દ્વારા જે કંઈ કહેવડાવ્યું છે, તે મનોવૈજ્ઞાનિક રીતે અત્યંત ઉપર્યુક્ત છે. રીસાયેલી રાધાને મનાવવા માટે દૂતી ઋતુમા ઉદ્દીપક સ્વરુપનું વર્ણન કરે છે.[2]

'મેઘ અંધારી આવિયો, હળવે હળવે ટપકે, રીસાવ્યાં રહિયે નહિરે
બપૈયો પીયુ પીયુ કહીને ધાઢે સાદે પુકારે રે
માન કરે (જે) મિત્રશું તે સ્ત્રીને એ વારે ~~પદ:૧૪૩~~
મન્મથ વેંધે મનને, કેવડાને કાંટે રે
આણે દહાડે કયમ ચાલશે વાહાશું આંટે — પદ:૧૪૩

દૂતીનો આ પ્રયત્ન જ્યારે સફળ નથી થતો, ત્યારે તે યૌવનની ક્ષણભંગુરતા પર વારંવાર ભાર મૂકી , જીવનના આનંદને શીઘ્રાતિશીઘ્ર પૂર્ણ રુપમાં પામવાની ઈચ્છા ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરેછે .[3]

' જે ઘડી જાયે તે આવે નહિ સુંદર નવયૌવન જી
વનમાં ચંપો ફૂલિયો , ભ્રમરે ત્યાં ન જવાયજી
અર્થ કો'ને આવે નહિ, તે આફણીયે કરમાય ' પદ-૧૪૪

અને આથી વધારે સારો નર ક્યાં મળવાનો ?

Kalpana's

ચૌદ ભુવન નિહાળતાં , પણ એવો નર કયાં મળશેજી:

મૂરખ સાથે ગોઠ કરતાં, ક્ષણુ ક્ષણુ હૈડું બળશે :પદ:૧૪૪

પણ એમ માને તો રાધા શેની ? કૃષ્ણનો બહુનાયકત્વનો દોષ એના મનમાંથી જતો નથી :

' એવો લંપટ જાણ્યો નહિ, મેં પ્રીત કરી ત્યાંસાચી રે

ગુણઅવગુણ જોએ નહિ, નવલાં દેખી રાચે રે

રાસમંડલ માંહે મેં દીઠું બહુ નારી સંગ નાચે રે -પદ:૧૪૫

માનિની રાધા વાંસલડીથી છેતરાઈ છે, કહે છે :

' વાંક નથી કાંઈ માહરો, વાંસલડિએ વાહી રે

વશ થાતાં કાંઈ વાર ન લાગી ઘણુ એ હતી ડાહી રે ' પદ-૧૪૫

બીજી બાજુ આવી હઠ અને માન કરતી રાધાથી કૃષ્ણની શું દશા થઈ છે, તેનું વર્ણન ભાલણે કર્યું છે. ૪ રાધાના વિરહથી દુઃખી થતા કૃષ્ણ ફૂલની સેજ સમારી તેની વાટ જુએ છે:

' તુ વિના ટળવળે છે., વનમાં દેવ મુરારિ :

તું તો રીસાવી બેઠી છું, કોણ પ્રકૃતિ તારી: ૪ -પદ-૧૪૬

તેમને અન્ન ન ભાવે, નિદ્રા ન આવે :

' કઠિણ થઈ એમ કાં રે કામિની, મોહનજી તું મનડું બાળ્યું ' પદ-૧૪૯

તને પગે પડુ છું . મારે નોતરે તું આવ. ત્યારે રાધા મરકલડો કરી કહે છે કે એની પ્રીત હુ જાણું છું.

' આંબે અડાડીને જેમ સૂડો, જઈને બેસે બીજી શાખે ' પદ-૧૫૦

તેમ એને દરરોજ નવાં ફળ ચાખવા જોઈએ છે.

~~ક્ષાકીને દૂતી કૃષ્ણ~~

થાકીને દૂતી કૃષ્ણને કહે છે કે રાધા મારાથી વશ નથી થતી, તમે જાતે આવી તેને મનાવો તે આંસુ ઢાળે છે. તે ય કેમ ખમાય ? તમને બંનેને દુઃખી જોઈ, મારુ મન ખિન્ન થાય છે. તેથી તમે તેની પાસે જાતે જાઓ, કારણ:

' બેહુની રાઢમાંહે બેહુ જાણે, ત્રીજે નવ લહેવાયે -પદ-૧૪૭

અને ખરેજ કૃષ્ણ મનાવે છે કે તને રીઝવવા મે રાસ રચ્યો:

' મેં તો ઘરથી તુંજને સોંપ્યો, મારો આ પ્રાણી:

બીજી સાથે મન ન માને, તું જ ખરી પટરાણી:

તારે પ્રેમે થઈ રહયો છું, વૃંદાવનનો દાણી: પદ-૧૪૮

અહીં ભાલણે નરસિંહ અને સૂરની જેમ કૃષ્ણનું લોકોત્તર સ્વરુપ પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો છે. ઉ:ત: ' જેણે માર્યો રાવણ રાણો રે ' ' આદિ પુરુષ અવતારી ' - ૯

કવિ ગિરિધરના ' કૃષ્ણ ચરિત્ર'માં કોઈક નવીન માનનો પ્રસંગ મળે છે. વૃષભાનને ત્યાં હરિને ભોજન માટે નિમંત્ર્યા છે. જેના રુપથી 'કોટિ રવિ લાજે ' - એવી રાધિકાને કંઠે વિશાલ મુકતાફલની માલાહતી. હરિએ માગતાં રાધાએ ના આપી. ત્યારે રિસાઈ હરિ ઘેર ગયા. જશોદાએ ઘણાય હાર આપ્યા. પણ તે ન ગમ્યા. પિતા પાસેથી મોટા મુકતાફલની માળા મેળવી. હરિ આનંદિત થયા અને એ માળા તોડી, હાથમાં મોતી લઈ, સખાઓ સાથે મુકતાક્ષેત્રમાં મોતી વાવ્યાં ને કયારીમાં યમુનાજલનું સીંચન કર્યું. આઠ દિવસે શ્વેત અંકુર ફૂટયા ને છોડને પુષ્પ આવ્યાં. મુકતાફલનાં ઝૂમખાં લટકવાં લાગ્યાં. કોઈ વ્રજવનિતા રાધાને જઈ મોહનજીએ મોતી વાવ્યાનું કૌતુક કહેવા લાગી. રાધાએ લલિતાને મુકતાફલ વાવ્યાં છે, તેની પરીક્ષા કરવા મોકલી. કારણ કૃષ્ણ કપટી છે. લલિતા મોતી જોઈ આશ્ચર્ય પામી. હર્ષથી તે કૃષ્ણને કહેવા લાગી કે બે ચાર મોતી રાધાને જોવા માટે આપોને, ત્યારે હરિએ

હસીને કહયું કે તે હજુ કાચાં છે. તે સાચાં છે કે જૂઠાં તે તુ જો.

પછી વિશાખાએ આવી બેચાર મોતી રાધાને જોવા માટે માગ્યાં. જોઈએ તો મૂલ લે. હરિ કહે કે આ મોતી-એ જલબીંદુનાં નથી નીપજયાં, કયમ આવે શમ તૂલ્ય -૨૬

આ અમૂલ્ય ચઈતન અભંગ જયોતી સરભર નહીં એક ઠાંમ -૨૭ :અ:૫૬

જોવાની ઈચ્છા હોય તો અહીં આવો.

પછી રાધાએ ચંદ્રભાગાને પોતાની મોતીની માળા મૂકી મોતી લાવવા કહયું. હરિએ ચંદ્રભાગાને કહયું કે –

એ માલાથી નહિ મલે મોતી,

એવી કોટિ માલા સમતુલ્ય ન આવે એક મુકતાની જયોતી

વૃશભાનુ ગોપના ઘરની સંપત્તિ નહીં એક મોતી સમાન ૩૩

જો જોવુ હોય તમારે તો અહીં આવો મુકીને માંન -૩૪ ~~અ:૫૬~~ અ.૫૬

હવે કંઈ 'શાંમ-ઠાંમ' યોજવા જોઈએ, એમ વિચારી ચંદ્રાવલિ હરિ પાસે આવી કહે કે રાધાને તમારી સાથે જરાયે અંતર નથી. એ ભકિત-પ્રેમેથી ભરેલી છે. સ્નેહી પ્રાણ માગે તો આપીએ. તો મોતીની શું કીંમત ? એણે મોતી વાવવા બીજ મંગાવ્યુ છે. રોપવાની રીત પણ બતાવો. અમે શતગણું કરીને બીજ પાછું આપીશું. ત્યારે હરિ હસીને કહે કે એ ગુપ્ત ક્રિયા છે. કોઈને કહેવાય નહિ.

માટે તું જઈ કેહે વૃશભાનુસુતાને આવે મુકી માંન:

ગરજ હોય તારે ગરથ મુકીને મલિયે મિત્ર સમાંન -૪૭ અ: ૫૬

માન મુકીને વણતેડે કયમ જવાય ? આનો ઉકેલ સૂચવતાં સખી કહે કે ચાલો મહી વેચવા-

મોતી જોવાશે, મોહન મળશે, એક પંથ બે કાજ -૫૪

આ સાંભળી રાધા ગૌતમ વસ્ત્રો ધારણ કરી, મહી લઈ સખીઓ સાથે ત્યાં જઈ, મોતીના છોડ જોવા લાગ્યાં, ગર્વ ગયો ને મનના કોડ પૂર્ણ થયા. એક ઘડી ઉભા રહયાં પણ હરિ ન બોલ્યા.

તેથી દામોદરને દોષ દેતી, મહી વેચવા તેઓ મથુરાને મારગ ચાલી. પછી સર્વ સખા સાથે હરિએ ઘાટ પર ગોપીઓને ઘેરી, મહીનું દાણ માગવાનું નકકી કર્યું.

અહીં દાણ લાગે મહી તણું તે આપીને જાઓ સહુ -૨

આ સાંભળી વ્રજવધુ વિસ્મય પામી, કારણ —

અમો સાંભળ્યું નથી સ્વપ્નમાં જે દાણ લાગે મહી તણું -૬ અ:૫૮

ગોપીઓએ કંસની બીક બતાવતાં, હરિ કહે અમે કંસથી બ્હીતા નથી . વિશાખા કહે, અમે તો બરસાનાની નારી છીએ. ઝાઝું કરશો તો સર્વે તમને ઝાલીશું, તો વૃષભાનને શોઉત્તર દેશો ? ત્યારે હરિએ સખા સાથે સર્વ સુંદરીઓને ઘેરી લીધી. કોઈએ લાકડી ઊંચી કરી મહીની ગોળી ફોડી, કોઈએ ચીરપાલવ ગ્રહયા, કોઈ માળા તોડતા, કોઈ વ્યંગ્ય વચન સંભળાવતા, ત્યારે રાધા હરિને કહેવા લાગી-

થયા નિર્લજ મુકી લાજ મન એમ આલ કરો પરનારશું -૨૨

રસ રીત્ય રાખો પ્રીત્યમાં તો પ્રેમ વાધે અતિ ઘણો,

છો પ્રેમદાને પ્રાંણ વલ્લભ લેશ અંતર નવ ગણો-૨૩ અ:૫૮

મન મળ્યું છે. તમથી અધિક સંસારમાં કોઈ નથી. ઝાઝું તાણે તૂટે.

મહિ મશે મોહન મલવા, સારુ આવિયાં સરવે અમો

નવનિત પય દધિ લાવિયાં, તેવી પ્રિત્યે આરોગો તમો -૨૬ :અ:૫૮

અને એમ ' પ્રિયા નેત્રકમલ કટાક્ષાથી' હરિ વશ થયા. પછી નિજ હસ્તથી હરિએ ઉજ્જવલ મોતી પરોવી. સહુ ગોપિકાને એક એક માળા પહેરાવી.

આમ અહીં કવિએ માનલીલા અને દાણલીલા દ્વારા કૃષ્ણ ગોપીઓના સ્નેહની જ વાત દોહરાવી છે.

પાદટીપ:

૧: હેમચંદ્રાચાર્યનો ' સિધ્ધહૈમ' નો શ્લોક આ સાથે સરખાવવા જેવો છે.

કનકકલશસ્વચ્છે રાધાપયોધરમણ્ડલે
નવજલધર શ્યામાત્મદ્યુતિં પ્રતિબિમ્બિતામ્ |

અસિત સિમય પ્રાન્ત ભ્રાન્ત્યા મુહુર્મુહુરુત્ક્ષિપ

ઞ્જયતિ જનિતવ્રીડાહાસ: પ્રિયાહસિતો હરિ:॥ ઉદા. ઙ્ક્ષ:૪: પૃ:૮૫

૨: મયણ છંદ માં કવિ મયણે સમસ્ત પ્રકૃતિમાં તીવ્ર અને વ્યાપક મિલનભાવના બતાવી, રાધાના મનમાં મિલનેચ્છા ઉત્પન્ન કરી છે. વસંતના આગમનથી, એના ઉદ્દીપનથી રાધાનો રોષ આપોઆપ દૂર થાય છે; ત્યારે કૃષ્ણનો વિરહ તેને અત્યંત વિહ્વલ કરી દે છે:

વિલવઈ વિરહિણિ નારિ વારિ વિણ નલિની સૂકઈ,
ગિરિ નિઝરણ જિમ નીર નયણ જલિ કંચૂ ભિન્નઉ,
મરઘી વિલવઈ જિમ્મ અંબુ, અંબુ વિણ જીવહ સુન્નઉ,
સખી એ વસંત પ્રિયા રહુ માનનિ માન ધમુકકીઉ,
રે રહસિ મયણ નિયતણૂ દહણ કામ બાણ શિરિ ઢુકકીઉ -પદ:૨૬

૩: આ દષ્ટિએ ભાલણ, નરસિંહ અને સૂરની દૂતીઓના કથનોની સમાનતા વિશેષ રુપે આસ્વાદ્ય નીવડે છે.

૪: સૂરમાં પણ આનું સુંદર ચિત્રણ છે.

'યહ સુનિ શ્યામ વિરહ ભરે,
કહું મુકુટ કહું કટિ પિતામ્બર, મુરછિ ધરણિ પરે'

સૂર સાગર પૃ:૪૮૫.

## કૃષ્ણનું મથુરાગમન:

### અક્રૂરની સાથે કૃષ્ણનું મથુરાગમન :

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આ વિષય ઉપર નરસિંહકૃત ' ગોવિંદગમન' નામની એકજ સ્વતંત્ર રચના મળે છે. નરસિંહ પછી અન્ય દશમકારો એમાં તથા કેશવદાસ વૈષ્ણવની 'મથુરાલીલા' માં અક્રૂરનો પ્રસંગ પર્યાપ્ત વિસ્તારથી વર્ણવાયો છે.

કૃષ્ણકાવ્યની પ્રધાન ભાવના પ્રેમ છે. પ્રેમની તીવ્ર અનુભૂતિ મિલનમાં થાય છે, એનાથી કંઈક વધારે વિરહમાં થાયછે. વિરહ એક રીતે મિલનમાં વિકસિત થનાર પ્રેમની ગહનતા અને સ્થિરતાનું પ્રમાણ છે. કૃષ્ણની વ્રજથી મથુરા જવાની વાત એમના પ્રેમમાં ઉન્મત્ત રહેનાર વ્રજવાસીઓ માટે કેટલી મર્મવેધી પીડાનું કારણ થઈ શકે છે, એની જાણ મધ્યકાલીન કવિઓ[1] જેવા સંવેદનશીલભકત હૃદયને સવિશેષ થઈ છે. તેમણે સમસ્ત કૃષ્ણકાવ્યની સંયોગવિયોગમય ભાવભૂમિની વચ્ચે સંધિસ્થળ જેવા આ પ્રસંગને વિશેષ ભાવ- સંકુલ બનાવી રજૂકર્યો છે.

અક્રૂરના હૃદયમાં કૃષ્ણના ચરણોનાં દર્શન પામવાની અભિલાષાઅને ઉત્કંઠા તથા તેમના ઐશ્વર્યજ્ઞાનથી ઉત્પન્ન થતો વિનમ્ર ભકિતભાવ ભાગવતકારે પણ દર્શાવ્યો છે. નરસિંહ ઉપરાંત અન્ય કવિઓએ અક્રૂરની મન:સ્થિતિને સ્પર્શ કર્યો છે. જો કે ભાલણ માત્ર બે પંકિતમાં એનો સંકેત કરી અટકી ગયો છે :

અક્રૂરજી તે વેગે જાયે, મનમાંહે આનંદ ન માયે
આજ મારા પૂર્વજ  મૂકાશે, દામોદરનું દર્શન થાશે: પદ:૧૮૯

કેશવરામે પોતાના'શ્રીકૃષ્ણલીલાકાવ્ય' માં પણ અક્રૂરનુ આગમન અને કૃષ્ણનું મથુરાગમન -બન્ને પ્રસંગો ભાવપૂર્ણ રીતે વર્ણવ્યા છે. અરુણોદય થતાં અક્રૂર રથ જોતરી ગોકુલ ભણી સંચર્યા જાણે :

પ્રેમ તણો જો પૂર, ચાલ્યો વ્રજવાટે વળી: સર્ગ :૧૬

જતાં જતાં તે મનમાં વિચારવા લાગ્યા કે મંદભાગ્ય એવા મારું પ્રભુનાં દર્શનનું શમણું સાચું થશે ? કાલિન્દીના કાંપ જેટલું મારાં પાપ છે. પરંતુ—

જો હું દેખીશ દૃષ્ટય, યોગી જે ધ્યાયે ચરણ –૫

માનૂં એ ઉપગાર, કપટે જે કંસે કહયૂં – સર્ગ :૧૬

જતાં હરણાં આડાં ઉતરે છે. તેને શુભ શુકન માનીને વિચારે છે કે મને પ્રથમ પહોરમાં જ આ શુકન થયા છે, તેથી નકકી માધવ મને મળશે જ. એમને ચરણે પડતાં જો તેઓ મારા શિરે હાથ મૂકશે તો જરુર મારો કાળનો ભય દૂર થયો માનીશ. જો તેઓ શ્રીમુખે વાત કરશે તો મારા ' જન્મ તણૂં ફૂલ' ફળ્યું. એમ માનીશ. આમ મનોરથ સેવતા, સાંજે જયારે ગોકુલ તે આવ્યા, ત્યારે ગોકુલની ધરા પર ' અંકુજવ્દિજ અંકિત' ચતુર્ભુજ ચરણ તેમણે જોયાં અને

હરિપદ દેખી હર્ષ અપાર, ગદગદ કંઠ વહે અક્ષા વાર ;

રથથો ઉતરિયો અતિવશ, લોટે ને ચાટે વલી ધરા –૧૪–સર્ગ:૧૬

આમ ધન્યતા અનુભવતા તેઓ ગોકુલ નંદઘેર આવ્યા અને ત્યાંજ રામકૃષ્ણનાં દર્શન થયાં. બંને કેવા છે ?

મરકત કનક સકોમલ શ્રૃંગ, પેહેરયાં અંબર શ્યામપિશંગ –સર્ગ :૧૬

રથથી ઉતરતાં અડવડતાં કૃષ્ણને ચરણે આવીને પડયા :

કનકદંડ કીધો પ્રણિપાત, હરિનાં ચરણ ગ્રહયાં બિહુ હાથ

નયનાનંદ વહે અતિ નીર, વેપમાન વીસરયૂ શરીર

અતિ ગદ્ગદ્ રોમાંચિત ગાત્ર, માહા પુરુષને દર્શન માત્ર :૧૯

સર્ગ :૧૬

લક્ષ્મીદાસમાં પણ અક્રૂર વિચારે છે કે મે એવું તો શું શુભ તપ આચર્યું એવાં તે શાં ' તીરથવ્રત' કર્યાં. જેથી મંદભાગ્ય એવા મને ' હરિદર્શન' થશે ? ગોકુલ આવતાં દૂરથી તેઓ કૃષ્ણને રામને ગાય દોહતા જુએ છે :

જાણે મર્કત રુપ ગિરી ઉભે ધરયા હેમશૃંગાર

અક્રૂર પ્રેમેવિકલ થયા જાંણિ ધન્ય અવતાર –૧૫

પડયા ઉતરી રથીકા જાણે કનકનો દંડ

ગદગદ કંઠે ત્યાં હો થાયે સ્નેહનો અખંડ: ૧૬

ઉર્ધ્વ થાયે રોમાવલી નામહિ ચરણે શીશ

પ્રીત્યે પરીક્ષા પ્રભુ કરે તાંહાં ધાયા જગદીશ -૧૭: પૃ:૯૬

માધવદાસના અક્રૂર કૃષ્ણને તેડવા ગોકુલ જાય છે, ત્યારે જાણે ઉલટો હેતસમુદ્ર, હેતેગોવંદસુરે-૩, પૃ:૬૦

તે મનમાં વિચારવા લાગ્યા કે મારા પૂર્વભવનું પુણ્ય છે. જેથી હું માધવનું મુખ નિહાળીશ પ્રમેસ્વર દરસન હશે ! આજનો દિવસ ધન્ય છે. એમના જેવું સુંદર રુપ ધરતી પર કોઈનું નથી.

વ્રજ સુંદરીના સ્તન તણું તે ચંદન અંગ શોભા ધરે

એહવા કૃષ્ણજીને ચરણ નમતાં સફળજનમ હશે -૮-પૃ:૬૦

મારો મનોરથ પૂર્ણ થશે, પ્રભુને પ્રણામ કરતાં મારે મસ્તકે તેઓ હાથ ધરશે કેવો હશે એ હસ્ત ?

જેણે હસ્તે લીધું દાન બલીનું, ઈંદ્રને કરુણા કરી

જેણે કર તોલો પ્રોઢો પ્રવત ગોકુલની વેદના હરી -૧૨

જોણે કરે દીધી દુગ્ધ બાધાં, માખણ લીધું તસકર કરી

પયપાન કીધું માતનું સ્થાન, ગ્રહી પ્રેમે હરી:૧૩

જેણે કરે મોરલી વાહી મોહન જેષ્ટકા જમલી ગ્રહે

જેણે કરે હરીયાં ચીર ગોપી હ્રદે મધ્ય રાખી રહે :૧૪-પૃ:૬૦:૬૧

આવો કર જો માધવ મારે માથે મૂકે તો જનમજનમનાં' પાતીક' જાય.વળી મનમાં આશંક થાય કે મને કંસનો દૂત જાણી જો પ્રભુ કરુણા નહિ કરે તો ? પણ પ્રભુતો કલ્પવૃક્ષાની જેમ મારા મનોરથ જરુર પૂરા કરશે. આમ વિચારતા અક્રૂર ગોકુલ આવ્યા ને ધ્વજ,વ્રજ અંકુશ, પદમ વગેરેથી અંકિત કૃષ્ણના ચરણ ભૂમિ પર જોયાં, જેણે બલિને ચાપ્યો, જેણે કાળી ઉપર નૃત્ય કર્યું, જપયજ્ઞતપધ્યાનથી પણ જે મળે નહિ, એવાં ચરણ ગોપીકા રોજ નીરખે.મારાં પૂર્વજન્મનાં કેટલાં પુણ્ય કે મને તેનાં દરશન થયાં!:

એહવા ચર્ણ જોઈને નમા નીચા, રથથી અક્રુરજેહ,

હરીચર્ણરજમાં લોટીયા દેહી ભકતજુકતરસનેહ -૩૧

થયાં રોમાંચીત અકરુરજી નીજ ગદગદકંઠ ગુણગ્રહે

મુજ પુન્ય કેરો પાર નહીં અકરુર એહવુ મન લહે -૩૬- પૃ:૬૨

ત્યાં જ કૃષ્ણ ગૌચારી આવતા, અક્રૂરે દીઠાં

જમ નીલમણી ને શ્રવેતમણીના ઉભય પરવત ધરી ધણી -૩૮

લીલાંબર ને પીતાંબર તે અંગ બહુ સોભા ધરે

જાણે મેઘમધ્ય દામની અતીચંચલતા રહી તેહ કરે -૩૯ પૃ:૬૨

પ્રેમાનંદે:-

અક્રૂરના આગમન પૂર્વે એક પ્રસંગ યોજયો છે, જેમાં તેની આગવી મૌલિકતાના દર્શન થાય છે.

કેશી દૈત્યનો કાળો કેર જોઈ જશોદા નંદને કહે

આજ આવ્યો દોહયલો દહાડો

સમૃધ્ધિ સર્વે લૂંટી લેવા દ્યો,એક શામળિયાને સંતાડો: ક:૧૦૩

પણ કૃષ્ણે કેશીને માર્યો. ત્યારે નારદ આવ્યા ને કૃષ્ણને કહેવા લાગ્યા :

છો બ્રહમરુપ પુરણ અવતાર ભલો ઉતાર્યો ભૂતળભાર -૨૦ ક:૧૦૩

કાલે મથુરા જઈ મલ્લોને મારશો, કંસને મારી,ઉગ્રસેનને રાજ આપી ભણવા જશો, જરાસંઘ,

શિશુપાળને મારી રુક્ષ્મણિ હરશો, સોળ સહસ્ત્ર સુંદરીને વરશો, અક્રૂર તેડવા આવશે ત્યાં જ

હસી શામળિયે કીધી સાન, શ્રીનારદ પામ્યા અંતરધ્યાન -૨૫ ક:૧૦૩

ક:૧૦૫માં અક્રૂરજી કૃષ્ણને લેવા આવ્યા પણ મનમાં પશ્ચાતાપ થાય છે કે મલ્લો સાથેના યુધ્ધમાં કોમળ બાળકનું શું ? એને કઈ થાય તો દૂત તરીકે ત્રિલોકમાં હું ગોઝારો બનીશ. છેતરીને નંદસુત ને લાવી કંસને આધીન કરવાનો ? જશોદા કેમ જીવશે ? ઉત્તરવયમાં મને અપજશ મળશે આથીતે વિચારે છે કે હુ યુકિત કરી બંને ભાઈઓને વનમાં નસાડી મૂકીશ. બાળકોએ કહયું ન માન્યું તેમ કહોશ.

આ પણ પ્રેમાનંદનો આગવો ઉમેરો છે.[3]

અક્રૂર કૃષ્ણને લેવા નીકળે છે ત્યાં સામીજ ઘટભરેલી નાર મળે છે. બીજા અનેક સારા શુકન થાય છે :

ઊતર્યો દક્ષિણ પાસ કાળો મૃગલો રે
ચાસ સારસ શુક શબ્દ કરે ભલો રે -૧૧
ચકોર, મોર ને હંસ, બોલે કોકિલા રે
ફરકે જમણી આંખ, શુક થાયે ભલા રે -૧૨
શુકનનું એ ફળ શામળિયો મળે રે
હું ને હરજી થઈએ એક કંસાસુર બળે રે -૧૩ ક:૧૦૬

'આવો અક્રૂરરાય' કહેતા કૃષ્ણનું રુપ હૃદયમાં રાખીશ, હરિ ગાય દોહશે -
'દેખીશ રેડતા દૂધ પાત્ર ભરી ભરી રે !'
પ્રભુને ભેટતાં ગોપીનો વિશ્રામ એવું મૃગમદથી ચર્ચાયેલુ 'વહાલાજીનું રુદે' કૌસ્તુભમણિ, વનમાલા, તુલસીમંજર ને ગુંજાનો મને સ્પર્શ થશે. અહીં પ્રેમાનંદની કલ્પના ખૂબ વાસ્તવિક બની છે.

તુલજારામ:-

અક્રૂર સાંજે ગોકુલ પહોંચે છે. કૃષ્ણ જ્યારે ગાયો ચરાવી આવતાં બારણે રથ જોયો ને માને પૂછયું :

આજ કવણ આવો પ્રોહોણો, મા મુને કાં કહેતી નથી
એહવે અક્રૂરજી દષ્ટિ પડા, જૈ આલીંધન દિધૂ વલી: ૨૩
આંખે આંશુ ભરાયા ગદગદ થઈ હરિ મુખે વદે
કોહો કુશલ માતાપીતા તણી, વલી કંસ મામો શું કરે -૨૪ પૃ:૧૧૨

અહીં અક્રૂરને મળતાં કૃષ્ણ ભાવવિહ્વલ બને છે.

૧: અક્રૂર કૃષ્ણને લેવા આવ્યા છે એ જાણી કેશવરામની જશોદા કલ્પાંત કરે છે. કમલથી

પણ કોમળ, મદનથી પણ અતિ રુડો અને અમૃતથી પણ અદકો એવો પુત્ર કેમ મોકલાય ?

માહારૂ માણિકડું મોકલાવા આવ્યો, અક્રૂર કયમ આહીર -૩૭

સર્ગ:૧૬

અહીં જશોદા 'જા,જા' કહી, જે જોઈએ તે લો પણ પુત્ર નહિ આપું એમ ભારપૂર્વક કહે છે:

શું કરશે અમને અમરેશ, પાપી કોપ્યો કંસ
ગોધન ધન લીધે સહુ, પણ હરિ ન આપું હંસ - ૩૯ - સર્ગ-૧૬

૨: ભીમ-જયારે કંસનો સંદેશ લઈ અક્રૂર ગોકુલ આવે છે ત્યારે નંદ કૃષ્ણ રામને મોકલવાની ના કહે છે.

નંદ કહઈ- ગોકુલ નઈ ગાઈ, મણિ માણિક જે માગઈ રાય,

તે હૂં સમ્પક્ આપૂં સહી, રામકૃષ્ણ મોકલીઈ નહિ-૫૪ પૃ:૧૫૬-૧૫૭

~~ગોધન ધન લીયે સહુ, પણ હરિ ન આપૂં હંસ -૩૯ સર્ગ :૧૬~~

૩: પરમાણંદ ની જશોદા પણ અક્રૂરની સાથે કૃષ્ણને મોકલવાની ના કહે છે.

નહીં મોકલું,કૃષ્ણ ને રામ, એ પાપી કેરે વીશ્રામ -૨૫૦

જો અમ ઊપર કરશે રીસ, વ્રજ રાખણ હારો જગદીશ,

કિંવા ગોકુલ લુટી લીએ તોહેઈ કૃષ્ણ નઈ રાખ્યુ હૈએ -૨૫૧ -પૃ:૬૪

પરંતુ કૃષ્ણ યુકિત કરીને નંદજશોદાને સમજાવે છે ને અક્રૂરને કહે છે -

અહમો આવ્યુ તમ સાથિ'

૪: માધવદાસ: ની જશોદા કહે છે :

નહીં મોકલું હું પુત્ર માહરા, રામકૃષ્ણ બાલક છે -૧૧

દધી દુગ્ધ ઘૃત લેઈ જાવો સરવે પણ પુત્ર તો મોકલું નહીં -પૃ:૬૩

અહીં પણ કૃષ્ણ હાથ જાડી વિનયથી માતાને સમજાવે છે.

૫: તુલજારામની: જશોદા અને નંદ કૃષ્ણબલરામને મોકલવાની ના પાડે છે.

દધિ દૂધ ઘૃત મધુ સર્વ લો પણ કૃષ્ણ વણ પાછા વલો,

નહિ મોકલું રે પુત્ર માહરો, વચન સત માંનિ પલો :૧૬-પૃ:૧૧૩

અહીં પણ કૃષ્ણ જશોદાને ચિંતા ન કરવાનું કહી, સમજાવે છે :

કૂડ કરિ મુને તેડિયો તે આવો એહનો અંત રે -૧૭૦: પૃ:૧૧૩

વ્રજનારની અવસ્થા:-

કેશવરામની ગોપીઓએ જયારે કૃષ્ણના જવાની વાત સાંભળી, ત્યારે સૌ ભેગી થઈ કહેવા લાગી:

લેવા આવ્યો હરિ અક્રૂર કંસદૂત એ જાણો ક્રૂર -૩૧ સર્ગ :૧૬

આ સાંભળી એક પ્રાણરહિત થઈને પડી, હવે કેમ જીવીશું ? કહી સર્વ હરિનું હેત યાદ કરવા લાગ્યાં. વિધાતાને ઉપાલંભ આપતાં કહે :

અહો વિધાતા ગત્ય વિપરીત, પેહેલૂં કાંઈ કરાવી પ્રીત:

અધવચ્ચ વળી વછોહે તેહ, અર્ભકચેષ્ટા નિર્દય જેહ-૩૪

અરે ક્રૂર! હરવા અમ અક્ષા, સહી કંસનો આવ્યો સાક્ષા -સર્ગ :૧૬

ગોપીઓ નંદજશોદાને પણ ઉપાલંભ આપે છે કે તમે અક્રૂરને આટલું બધું માન ન આપશો. કારણકે એ ઓલ્યા કપટી કંસનો ક્રૂર 'પરધાન' છે. ગોપલોકોની પણ સાન ગઈ છે કે શું ? અહીં કવિએ એક સુંદર ગીત~~કાવ્ય~~ અને વ્રજભાષામાં પણ ભાવવાહી સાંકળી ગેયકાવ્યો આપ્યાં છે.

કૃષ્ણનાં ચરણ ગ્રહી દીનતાથી વિનંતી કરતી તે કહેવા લાગી :

ન ન જઈયે, ન ન જઈયે, નન જઈયે દયાળ રે

વારિ જાઉં રે ન ન જઈયે.

આપણે ગોકુલે થીર થૈ રહીએ રે ન ન જઈયે રે -૪૧

વેરીડાંનો કવળ વિશ્વાસ, અમારે એ ધન, જીવન-આશ : સર્ગ :૧૬

ગોપીઓ ~~ગોવાળ~~ો કૃષ્ણને ઘેરી તેમને પગે પડી વીનવવા લાગી કે

સુનો મેરે સૈયા યાદવ રૈયા, ગોકુલ રહીયે લાગૂં પૈયાં

ઉન ક્રૂરકે અક્રૂરકા બિસાસ કછુ ન આણી હે

મુખેં અમૃત બોલે ગરલ તોલે કહુ અબ આહિરિયાં -૪૫

કંસના ઘણા મિત્રોને તમે સંહારયા છે તેથી તેણે આ ધૂર્તને અહીં મોકલ્યો છે.

કૃષ્ણનું રૂપ, એનાં પ્રત્યેનો પ્રેમ અને ભકિત વર્ણવતાં,વેણુનાદથી ચિત્ત ચોરી અનુદિન

અમૃત પાયાની વાત કરતાં તેઓ કહે છે :

રસરાસ રમતાં મન ગમતાં, સ્વામી સરસી સોહિયાં,

સ્વામી સરસી સોહિયાં, વિછોહિયાં ઈન વાર:

અબ પ્રાંન ન રહે કૃષ્ણબિરહેં, ચલે જીવ હમારા -૪૬ સર્ગ :૧૬

નગરનારીના ભાગ્યની ધન્યતા વર્ણવી ગોપીઓ કહેવા લાગી:

વિલપતી ગોપી લાજ લોપી,નાથ હમહિ ન છોરિયેં,

પ્રભુપ્રેમ બાધો બલપનકો, સોચ કયોં કરી તોરીયે -૪૭ સર્ગ :૧૬

સકલ ગોકુલ વિકલ થયું. કૃષ્ણ વિના એક ક્ષણ જાણે ચાર યુગ જેવડી લાગવા માંડી.

આથી ગોપીઓ જશોદાને જઈ કહેવા લાગી કે જે અક્રૂર છે, છતાં ક્રૂર કર્મ કરે છે. તેની

સાથે કૃષ્ણને ન મોકલશો. છતાંય જયારે કૃષ્ણ રથમાં બેસી જવા લાગ્યા ત્યારે ગોપીઓએ

લાજ મૂકી રથને રોકવાનો પ્રયત્ન કર્યો.

અંતે રથની ઉડતી ધૂળ, છેલ્લે ધ્વજ દેખાય ત્યાં સુધી જોઈ,ધરતી પર ઢળી પડી.

૨: ગોપીઓના વલવલાટનું ભીમે સુંદર વર્ણન કર્યું છે.

કાયા કિમ જીવઈ વિણ પ્રાણ,નેત્ર ચક્ષા દર્શન વિણ ભાણ,

તિમ અહમારુ એ આતમા લેઈ ચાલ્યુ દુરાતમા -૫૮

એણી પરિ ગોપી કરઈ વિલાપ,અક્રૂર નઈ દોઈ બહુ શાપ

કાયા કંપઈ ગદગદ ગલઈ,પલવટ વાલઈ પુઠિ પલઈ :૫૯

સૂકઈ વયણ નયણ ઝલઝિરઈ, કૃષ્ણ તણા રથ આડી ફિરઈ

આશ્વાસના કરી આનંદ ગોપી સહિત ચાલ્યા ગોવ્યંદ -૬૦:

પૃ:૧૫૭-૧૫૮

૩: લક્ષ્મીદાસની ગોપીઓ વિધાતાને દયાહીન કહે છે કારણકે શોકનીવારણ યે મુખસુંદર

તેહનો હસે વીયોગજી -૨૧ પૃ:૯૯

તેથી તેઓ અક્રૂરનો દોષકાઢે છે.

એ અક્રૂર કેહે છે સઉકો ક્રૂર ભયંકર જાણોજી

એ સ્નેહવીપક્ષા તે કોણ જન્મ જન્મનું ઉચિતુએ જાણ્યોજી -૧

યમ ચક્રવાકી દીનકર પાખે ત્યમ વ્રજસ્ત્રીયાઆલાપજી

હરીવ્રીહાતુર શુધીવોના રે અંગ પછાડે આપજી -૧૬ પૃ:૯૯

૪: માધવદાસમાં વ્રજનારની દશા જોઈએ. કૃષ્ણ સાથેની ક્રીડા સંભારી, તેઓ વલવલવા લાગી. વિધાતા વેરી થયો, જેને આવા લેખ લખ્યા.

અરે બ્રહ્મા તે શું કરયુ કૃષ્ણ સુ સંજોગ,

સાંને પાપી ત્યે કરયો પાડવાને વીજોગ -૧૧

વેહે જવાલા માહે નાખીયા રાખી ન રહયો રેખ-૧૨ પૃ:૬૩

કુવામાં ઉતારીને ઉપરથી કોઈ દોરડું વાઢે, તેવી તેમની દશા થઈ છે. આવી વિરહાવસ્થામાં પ્રેમને સ્વાભાવિક એવી ઈર્ષ્યા તેમણે આવે છે. મથુરાની સ્ત્રીઓનાં ભાગ્ય ઉઘડયાં, કૃષ્ણનું રુપ નીરખતાં તેમનાં પાતક પ્રજલી, તેમનો દેહ નિર્મલ થશે.

એક નાગર કુવર નંદનો નાગરી પુરનારી

પચપચમાંહે મલી જસે. ગુણરુપમાં સહી -૨૧ પૃ:૬૪

કૃષ્ણ રથમાં બેસી જાય છે ત્યારે ગોપીઓ વચમાં આડી પડી રુદન કરવા લાગી.

હરી ત્યમને જાવા નહી દીજિયે, પ્રભુ વ્રજના પ્રતીપાલ.

ગોકુલનો તુ ચંદ્રમા, દીનાનાથ દયાલ: ૩૨ પૃ:૬૪

૫: પ્રેમાનંદની ગોપીઓને કૃષ્ણના મથુરાગમનમાં કાંઈ કપટની ગંધ આવી. તેથી સઘળી એકમેકની ઘરે જઈ, નિશ્વાસ મૂકી વાત કરવા લાગી કે નંદ અણવિચાર્યું કામ કરે છે. એક ગોપીને ઘોર સ્વપ્નું આવ્યું, જમણું લોચન ફરકવા લાગ્યું ને હરિવિજોગનું અગમ થયું.

કૃષ્ણને તો નગરનારી મળતાં, આપણ આહીરડાંને કયાંથી યાદ કરે :

તજે ગોળ જે શર્કરા ચાખે, પામ્યો સ્ત્રી તે કાચને શીદ ચાખે ? ૪ ક:૧૦૯:

અહીં મથુરાની નગરનારીઓનાં ચીર પટોળાં, માથે શિશફૂલ, રાખડી, મુખે ઉગટ, સપ્તભોમનાં મંદિર, પંચામૃત વગેરે સાથે ગોપીઓએ પોતાનાં કામળાં, અણોઠી, મહીની ગોળી, કાજળહીનલોચન, નીચાં છાપરાંને વાટકાભરી છાશ- સરખાવી કહ્યું કે કયાં કનક, કયાં કથીર! બ્રહ્માને દોષ દેતાં કહે છે:

કયાં સંજોગ મેલ્યો રણછોડ?

સંજોગ કરી કાં કરે વિજોગ ?

કેમ સહેશું વિજોગ લક્ષણ રોગ ? ૧૪ -ક:૧૦૯

જળ વિના જેમ વેલડી, મણિધર વિના કાંચળી, નેત્ર વિના પૂતળી, વિનય રહિત રસના, ચંદ્ર વિના ચાંદરાણી તેમ ગોપીઓ કૃષ્ણ વિના પોતાને ગણે છે.

અહીં નંદ કૃષ્ણને શિખામણ આપે છે કે પ્રણામ કરજે. 'જી' કારથી જવાબ આપજે, ડાહયો થજે, સભામાં આગળ પાછળ ના જોવું-ઈત્યાદિ, જશોદા પણ ' મારો પુત્ર જોઈ આવે રાજદ્દાર' ની ઝંખનાથી કૃષ્ણને શૃંગાર કરાવે છે.

જતાં પૂર્વે કૃષ્ણ ગાયો પર હાથ ફેરવે છે, વાછરુંને હૈયા સરસાં ચાંપે છે ને માને ભેટતાં તો આંખમાં આંસુ ધસી આવ્યાં :

જશોમતીનું હેત સાંભર્યું, વ્યાપી માયા બ્રહ્મપણું વીસર્યું -૪૫- ક:૧૦૯

ઘણા અવતાર લીધા પણ માનું સુખ તો આ વાર જ લીધું. હજાર સગપણમાં કયાંય માનું હેત નથી. મારા વિના ગોપી કેમ જીવશે ?

મને મળતાં તેઓ પતિની લજયા વિસરી. આમ માયા વ્યાપતાં કૃષ્ણનાં 'નયણે વહે જલપુર' પણ ફરી માયા પરહરી, બ્રહ્મત્વ સંભાર્યું. હાસ્ય કરી , માને પગે પડી વિદાય થયા.

અહીં કૃષ્ણનું આ અતિરદ્દ્દદ એ પ્રેમાનંદનો આગવો ઉન્મેષ છે.

કૃષ્ણના રથ આડે ગોપીઓ ઊભી રહે છે ને કહે છે :

નહીં દીજે જાવા રે જીવણ, નહીં જાવા દીજીએ

ગોપી દેહ શામળિયો આત્મા,ઓ લઈ ચાલ્યો અક્રૂર કાળ રે :ક:૧૧૦:

ગોપીઓને માઠા શુકન થાય છે. વૃંદાવનમાં દવ લાગ્યો , જમુનામાં શોણિતનું પૂર આવ્યું, ગોકુળ સૂનું થઈ ગયું. નિભાગી આહીરોને અક્રૂર લૂંટી જાય છે.

રથની આડે રસ્તામાં સૂતી સુંદરીઓ કહે છે:

હાંકો હદયા ઉપર રથ રે,તમારી દાસી શો વાંક ? ક:૧૧૦:

' સાચે વઢશે બિજનાર રે' એમ વિચારી,માન,ભાર પોતાનો રાખવા કૃષ્ણ રથથી ઉતર્યા. ગોપીઓને અળગી તેડી સમજાવે છે. તમારાથી વેગળો નથી,ઘેલાં ન થઈએ લોકાચાર કઠિણ,મને સહુ બ્રહ્મચારી ગણે પણ તમારી પ્રીતે બંધાયો છું, ફરી મળીશ કહી ગોવિંદ વિદાય થયા.

ક: તુલજારામ: ની ગોપીઓ કૃષ્ણના ગુણ ગાતી ભામણાં લેતી કહે છે.

... - - - - - પ્રભુ અમને રથ હેઠળ ઘાલ :૩૯

તમ અહમારો એ આત્મા,લેઈ ચાલ્યો દુષ્ટ દુરાત્મા

ગોપાંગના કેહે સુણજો નાથ, અહમો આવસૂ તાહારે સાથ -૪૩

નેહ પાશ જે વલગા ગલિ તે ક્ષાણ્યે ટાલાનવ ટલિ -૪૪ પૃ:૧૧૫

આમ વલવલતી ગોપીઓની —

કાયા કંપે ગદગદ ગલે, પલવટ વાલિપાછલ પળે

શુકે વયણ નૈયણ જલહરે,કૃષ્ણ તણા રથ આગળ ફરે -૪૫- પૃ:૧૧૬

અહીં પણ કૃષ્ણ ગોપીઓને અલગ તેડી આશ્વાસન આપે છે. આમ ભાગવતના ભાવવાહીપ્રસંગને કવિઓએ હૃદયંગમ રીતે રજૂકર્યો છે.

પાદટીપ:

૧: વ્રજભાષામાં સૂરે આ પીડા જાણી છે. સૂરનું ભાવનિરુપણ નરસિંહની તુલનામાં અધિક વિસ્તૃત અને વધુ ગંભીર સંવેદના ઉત્પન્ન કરનારું છે.

૨: સૂરદાસજીએ આ પ્રસંગને અધિક સંવેદ્ય અને સંપૂર્ણ બનાવી મૂકયો છે. તેમણે કૃષ્ણચરણ સ્પર્શ કરવાની કલ્પના માત્રથી ભાવવિભોર અક્રૂરના મનોભાવોનું સાનુભાવ વર્ણન કર્યું છે:

જબ શિર ચરણ ધરિહીં જાઈ
કૃપા કરિ મોહિં ટેકિ લૈહૈં કરન હૃદય લગાઈ
અંગ પુલકિત વચન ગદગદ, મનહિં મનસુખ પાઈ
પ્રેમઘટ ઉચ્છલત હ્વૈ હ્વૈ નૈન અંશુ બહાઈ : સૂ:સા: પૃ:૫૮૭

૩: સૂરે અક્રૂરના મનમાં થતું અંતર્દ્વંદ્વનું ચિત્રણ કર્યું છે, જે તેની નિતાન્ત મૌલિક ભાવાનુભૂતિનું પ્રમાણ છે:

મનહિં મન અક્રૂર સોચે ભારી,
જનની દુખિત કરી ઇનહિ મૈ લૈ ચલ્યો ભઇ વ્યાકુલ સબૈ ઘોષ નારી,
અતિહિ એ બાલ ભોજન નવનીત કે જાનિ તિન્હેં લીન્હે જાત દનુજ પાસા,
ફેરિ લૈ જાઉં વ્રજ શ્યામ બલરામ કો કંસ લૈ મોંહિ તબ જીવ મારૈ
સૂર પૂરણ બ્રહ્મ નિગમ નાહીં ગમ્ય, તિનહિં અક્રૂર મન યહ વિચારૈ

સૂ:સા: પૃ:૫૮૭

અહીં અંતર્દ્વંદ્વથી પીડાતા અક્રૂરનું મન આત્મગ્લાનિથી ભરાઈ જાય છે.

## : ભ્રમરગીત:

માનવી પોતાના મનની ભાવનાઓનું આરોપણ આસપાસના જગત ઉપર તથા પ્રકૃતિ ઉપર કરે છે. પોતાના સુખદુ:ખની ભાવના પ્રમાણે જગત આનંદમય અથવા નિ:સાર લાગે છે. આવા પ્રકારની વેદનાથી પીડાઇને જ કવિ કાલિદાસે 'મેઘદૂત'ની રચના કરી હોવી જોઈએ, ને આપણે ત્યાં 'ચંદ્રદૂત' 'પવનદૂત' જેવાં કાવ્યોની પરંપરા સર્જાઈ હતી એમ અનુમાન થઇ શકે.

પરંતુ ભ્રમરને સંદેશવાહક તરીકે અને એને પ્રતીક ગણી સંવેદનાત્મક ગીતરચનાઓ પણ આપણે ત્યાં થઇ છે. શ્રીમદ્ ભાગવત 'દશમસ્કંધ' ને આધારે આપણે ત્યાં ભ્રમરગીતની પરંપરા સૈકાઓથી ચાલુ રહી છે.

'ભ્રમરગીતનું ઉદ્‌ગમ સ્થાન શ્રીમદ્ ભાગવતમનાય છે. ભાગવતમાં 'ઉધ્ધવગોપી' સંવાદના સમયે કયાંકથી એક ભ્રમર આવે છે, જેને ગોપીઓ કૃષ્ણનો દૂત માની કૃષ્ણને ઉપાલંભ આપવા લાગે છે.[1] આને આધારે આખોય પ્રસંગ 'ભ્રમરગીત'ના નામથી પ્રસિધ્ધ છે. ભાગવતમાં ગોપીઉધ્ધવ સંવાદમાં અનુસ્યૂત ભ્રમરગીતનો પ્રસંગ આમ તો આધ્યાત્મિક ઉદ્દેશવાળો છે, તથાપિ, લૌકિક ભાવના પણ તે દ્વારા વ્યકત કરાઇ છે. શ્રીકૃષ્ણ ઉધ્ધવને એકાંતમાં બોલાવે છે અને એમને ગોકુલ જઇ પોતાનો સંદેશો પહોંચાડવા માટે આગ્રહ કરે છે. ઉધ્ધવનો સંદેશો સાંભળી જશોદા પ્રેમવિહ્વળ બને છે. તે વાતનાં વચન આની સાક્ષી પૂરે છે.

'યશોદા વર્ણ્યમાનાનિ પુત્રસ્ય ચરિતાનિ ચ|
શૃણ્વન્ત્યશ્રૂણ્યવાસ્રાક્ષીત્ સ્નેહસ્નુતપયોધરા|| શ્રીમદ્‌ભાગવત: ૧૦:૪૬:૨૮

આ ઉપરાંત 'ભ્રમરગીત' ની ઉત્પતિના સંબંધમાં ગોપીઓની નીચેની પંકિત 'પુમ્ભિ: સ્ત્રીષુ કૃતા યદ્વત્ સુમનસ્વિવ ષટપદૈ:| - પુષ્ટિ આપે છે.

આ ભ્રમરગીત ઉપરથી સંસ્કૃતજ્ઞ, વૃજભાષી અને ગુજરાતી કવિઓએ પોતપોતાની ભાવના અનુસાર અનેક ભ્રમરગીત - ગીતાઓ - સંદેશાઓ રચ્યા છે, જેમાં તેમણે વિશેષરુપમાં ભકિત, શૃંગાર અને કરુણ રસોનો રમ્ય આગાર, નિર્ગુણ-સગુણ ઉપાસના તત્વોનો પ્રભાવશાળી વિસ્તૃત સાગર અને જ્ઞાનભકિતનો ભંડાર ભરી દીધો છે.

મધ્યકાલીનગુજરાતી સાહિત્યમાં ૨૧ કરતાં વધુ કવિઓએ આ વિષય ઉપર વિશિષ્ટ ભાત પાડતી લેખની ચલાવી છે.

ભ્રમરગીતનો પ્રસંગ વ્રજવાસીઓ, ખાસ કરી ગોપીઓની મનોદશાની અભિવ્યકિતનું મુખ્ય કેન્દ્ર રહયું છે. આ ગીતમાં ઉપાલંભને મિષે ગોપીઓએ પોતાના પ્રેમની અભિવ્યકિત સાધી છે.

ગોપીઓની કુબ્જા પ્રત્યેની ઈર્ષ્યાની ભાવના આગળ જતાં પોતાના પ્રગાઢ પ્રેમને જ વ્યકત કરવાનું નિમિત્ત બને છે. ગોપીઓ પ્રેમ અને ભકિતનું પ્રતીક બની ગઈ છે. જ્ઞાન અને યોગના સમર્થનકર્તા ઉધ્ધવને તે પોતાની ગંભીર પ્રણયાનુભૂતિ અને નિશ્ચલ આસકિતથી પરાજિત કરી દે છે. બૌધ્ધિક તર્કની અપેક્ષાએ, તે આંસુ અને નિશ્વાસનો આશ્રય લઈ, પોતાના વિરહવિદીર્ણ હૃદયની સહજ અભિવ્યકિત સાધે છે. ભાગવતમાં નવ સગુણ અને એક નિર્ગુણ એમ દશ ભાવવાળી ગોપીઓએ ભ્રમર પ્રત્યેની ઉકિતમાં પોતપોતાના ભાવ કહયા છે.[2]

ભ્રમરના આગમન સાથે ગુજરાતી કવિઓના બે વર્ગ પાડી શકાય.

૧: જેમણે ભ્રમરનો પ્રસંગ લીધો છે, એવા કવિઓમાં નરસિંહ, કેશવરામ, માધવદાસ, પ્રેમનંદ, તુલજારામ ઈત્યાદિ:[3]

૨: જેમણે ભ્રમરનો ઉલ્લેખ નથી કર્યો એવા ગુજરાતી કવિઓમાં ભીમ, ભાલણ, ઈત્યાદિ. એમનું બધું વર્ણન ઉધ્ધવગોપી સંવાદના રુપમાં છે. પોતાની કૃતિઓનાં નામ એને અનુરુપ છે.

જેમણે મૂળ ભાગવતનો ભ્રમરપ્રસંગ લીધો છે, તેમણે અનુવાદ સિવાય પોતાની કૃતિમાં કંઈને કંઈ પરિવર્તન અવશ્ય કર્યું છે.

નીચેના વિષયોનું પરિવર્તન વિશેષ રુપથી ઉલ્લેખનીય છે.

૧: ઉધ્ધવનો વ્રજગમનનો હેતુ

૨: નંદજશોદા સાથે મુલાકાત

૩: કૃષ્ણનો સંદેશ.

૪: ભ્રમર પ્રતિ ઉપાલંભ

૫: ગોપી-ઉધ્ધવ સંવાદનો આધાર

૬: ઉધ્ધવનું કૃષ્ણને મળવું, વ્રજદશા વર્ણન.

૧: ઉધ્ધવનો વ્રજગમનનો હેતુ :

શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણ ઉધ્ધવને પોતાનો સંદેશો આપી નંદજશોદાને પ્રસન્ન કરવા તથા ગોપીઓનું વિરહજન્ય દુઃખ દૂર કરવા માટે મોકલે છે.

મધ્યકાલીન ગુજરાતી કવિઓમાંથી અનેકે ભાગવતનું આંશિક અનુસરણ કરી, ગોપીઓનું દુઃખ નિવારવા માટે ઉધ્ધવનું વ્રજજવાનું વર્ણવ્યું છે.

બીજા કેટલાક કવિઓછે, જેમની કૃતિઓમાં કૃષ્ણ કેવળ માતા જશોદાનું દુઃખ દૂર કરવાના ઉદ્દેશથી જ ઉધ્ધવને વ્રજ મોકલે છે. આવા કવિઓમાં ભાલણ , કેશવરામ, વગેરે છે.

ભાલણે કૃષ્ણની મમતાપૂર્ણ વ્રજસ્મૃતિઓનું વિસ્તારથી વર્ણન- આલેખન કર્યું છે.[૪] જેમાં તે મથુરાના રાજવૈભવની અપેક્ષાએ વ્રજનું વન્ય વાતાવરણ અને સહજ સુખને અધિક પ્રિય ગણે છે. ગોપી અને જશોદા સાથે વીતેલી અનેક સુકુમાર ઘટનાઓનું સ્મરણ કરી, ઉધ્ધવને પોતાનો અભિન્ન મિત્ર માની વ્રજવાસીઓનું દુઃખ દૂર કરવા મોકલે છે.

ભાલણે પોતાના દશમસ્કંધના પદ :૨૬૬ માં આ પ્રસંગ વર્ણવ્યો છે. કૃષ્ણ ઉધ્ધવને સ્વર્ગ અને વૈકુંઠથી પણ અધિકું સુખ આપતા વ્રજને વર્ણવી , ગોકુલ જવા કહે છે.

'ઉધ્ધવ ગોકુલ જાઓ,સખા અમારા થાઓ :
નંદજશોદાને ઠારો , વિરહવેદના વારો ' પદ-૨૬૭

સાથે જ વ્રજવાસીઓની પ્રીત સંભારે છે :

' પ્રીત તેની શું કહું, નરનારી જે સર્વે કરી
એક જિહ્વાએ શું ભણું ભાઈ, ગુણ તેના વિસ્તરી : પદ:૨૬૭.
' મન કર્મ વચને પ્રેમ સાચો સહુ મુજશું આણતું :
પ્રાણથી તે અધિક મુજને , વ્રજનિવાસી જાણતું ' પદ:૨૬૮

આથીજ

' જ્ઞાન ગોષ્ઠિ કરીને ઉધ્ધવ, મન તેમાં ઠારજો. પદ-૨૬૯

કેશવરામે:

' પોતાના ' દશમસ્કંધ' અંતર્ગત 'ગોપીસંદેશ 'આપ્યો છે. એમાં પણ કૃષ્ણ ઉધ્ધવને 'નંદનિવેશ' જવાબ માટે ગોકુલ મોકલે છે.

'ઉધ્ધવ માધવે તેડિયો : 'સાભલ્ય મિત્ર ! સૈહેશ,

જા ગોકુલ રથ જોતરી, કહેજે નંદ નિવેશ ': સર્ગ :૨૦:૨

આમ માતપિતાને મળી, ગોપીગોવાળાને તે મળે છે.

લક્ષ્મીદાસ:

ના દશમસ્કંધ' માં કૃષ્ણ નંદજશોદા અને ગોપીઓને સાંત્વન આપવાને નિમિત્તે ઉધ્ધવને ગોકુલ જવાનુ કહે છે. કૃષ્ણ ગોપીઓનો ઉલ્લેખ કરતાં કહે છે:

' મુજ સાથે સમર્પૂ યેણે, મુજ શું કરો વીલાસ,

ગ્રહ સ્નેહ સંતાનાદીક પતિ સહુની મુકી આસ -૧૧

માહારે વીષે યેણે અંગ નૈવેદ્યુ ક્ષણું અલગોનવ થાય જી,

સૂતા બેઠાં સ્વપ્નમાંહિ, તે માહારા નીજ ગુણ ગાયે -૧૨ :પૃ:૧૨૨

પરમાણંદ:-

નો 'હરિરસકથા' માં કૃષ્ણ

' ઓધવનો કર ગ્રહી લૈ ચાલ્યા જૈ એકાન્તે બેઠા,

ઓધવનઈ સંઘાસન આપ્યુ પોતે બેઠા હેઠા -૭૭ પૃ:૭૬

જેમણે મારા વિષે તનમનધન અર્પ્યું છે, તેથી વ્રજવનિતાઓને અને નંદજશોદાને પરમ સંતોષ આપવા માટે ઉધ્ધવને કૃષ્ણ વ્રજજાવા કહે છે. કારણ

' કો વ્રજવનિતા નહી તોલિ: પૃ:૭૬

કવિ સુંદરસુત માધવદાસે :-

પણ 'દશમસ્કંધ' નો અનુવાદ આપ્યો છે, જેના અધ્યાય ૪૬,૪૭ માં ભ્રમરગીતાનો પ્રસંગ વર્ણવ્યો છે. અહીં કૃષ્ણ પોતાનાં માતપિતાનો, ગોપીઓનો તેમજ ગોપસખાઓનો સંદેશો

ઉધ્ધવ સાથે મોકલે છે: ' સુખકંદ' એવી માતાના પ્રેમ અને લાડની તો શી વાત કહેવી ?

એક ક્ષણુ નહીં કરે અલગો, લડાવ્યાં બહુ લાડ

મધ વીંટી જેમ રહે માખી, આંબા પાછળ વાડ[૬] -૫ :ક:૨

તો ગોપીઓના ગુણનો તો પાર જ નથી. ગૃહનાં સઘળાં કામ ત્યજી, રાતદિન મારું ધ્યાન ધરતી, તેઓ આજે 'વિરહ વાસૂર થાતાં વ્યાકુલી, આરત રુદનમાં માંઝ'

અરે તેઓ ' કોટિ કલ્પાંત ' કરતાં હશે, ગોપ સખાઓ તો મને નિજ પ્રાણ માનતા. એમની સાથે પ્રેમથી એક કોળિયો જમતાં મન પ્રસન્ન થતું. નાનાવિધ શણગાર કરતા, કંદુકક્રીડા કરતા, મલ્લ વિદ્યા અજમાવતા. આવા વ્રજ વિના ચૌદ લોકમાં મને કયાંય ન ગોઠે. તેથી જ તે કહે છે:

' માહારે ધ્યાને થઈ તન્મય, વ્રજતણી જે નાર,

તેહને સંદેશો લેઈને જાઓ ગોકુલ ગામ,

નંદજશોદાને પ્રીછવો જઈ, કરી કોટિ પ્રણામ 'ક-૫

અહીં વિશેષતા એ છે કે કૃષ્ણ પોતે પોતાનાં વસ્ત્રાભૂષણ, પ્રસાદી માલા વગેરે આપે છે, જે પહેરી ઉધ્ધવ ગોકુલ જાય છે.

' શ્રીકૃષ્ણજીનાં વસ્ત્ર ભૂષણ સોહે સુંદર અંગ

માલા મેહેલી લટકતી તે પ્રસાદી નવરંગ-ક:૬

આનું કારણ એક જ:

' તુંહને દેખતાં તેહેના શોક જાશે માલાથી તત્કાલ -ક:૫

<u>પ્રેમાનંદે:-</u> પોતાના દશમસ્કંધના અનુવાદમાં ( અ:૪૬:૪૭:ક:૧૨૪ થી ક:૧૩૬)માં ભ્રમરગીતાના પ્રસંગો વર્ણવ્યા છે. કૃષ્ણ મથુરા પણ ગયા હોવાથી ગોપીઓ મથુરાને મારગ પંથ નિહાળતી ઊભી રહી છે ત્યારે :

' કુબ્જા શોકયનું સુખ સંભારી, નયણે આંસુ ઢાળે

જમુના સાગર પેં થઈ મોટી તો ઉલ્લંઘન કેમ થાયે

મરજાદા લક્ષ્મણ પર્વત મધ્યે તો ગોપવધુ કેમ જાયે[૫] :ક:૧૨૪

આવી દશા જો ગોપીઓની છે તો ઉધ્ધવજીએ પણ

'દીઠાં સજળ લોચન શામળિયાનાં ! કારણ પૂછતાં જવાબમાં,નયને જળ ભરી પોતાના ' અંતરંગનું દુ:ખ ' કૃષ્ણ ઉધ્ધવને કહે છે:

' મને મથુરાનું રાજ ગમતું નથી, વાહાલો મુને ગોકુળિયાનો વાસ હો

મુને ' કૃતધ્ની ' લોક કહેતા હશે, ભાઈ! મે હાંકી કાઢયાં નંદરાય હો :

વૃંદાવન, ગોવર્ધન, ગાવડી, વાંસળી, મોરલી જમુના વાર હો

અહનિશ મુને સહુ સાંભરે પલક નવિસરે વ્રજની નાર હો\7 ક:૧૨૫

આમ માતાપિતા કે ભાઈથી છૂપી રાખેલી ગુપ્ત વાત કૃષ્ણ મિત્ર દાવે ઉધ્ધવને કહે છે:

' લક્ષ્મીવંત વ્રજસુંદરી, મે કામક્રીડાએ ભજી

તે વિજોગણ વિલપે ઘણું,વિશ્વાસ દેઈ મે વાહી- ,

આહાં આવશે તો ઉપહાસ થાશે તમો જાઓ તાંહાં ભાઈ .'

સાથે –

' નંદ જશોમતીને જ્ઞાન દેજો, જે પુત્રભાવે પરહરે

સમાધાન વ્રજવાસીતણું,ભાઈ! તમ વિના કોણ જઈ કરે :ક:૧૨૬

આમ ઉધ્ધવ ગોરજ ટાણે ગોકુલ પહોચ્યા, પરંતુ ગાયોની રજ એટલી ઉડતી હતી કે ગગનમાં ધૂળની ઘટા છવાઈ ગઈ અને કોઈ વ્રજવાસીઓએ ઉધ્ધવને આવેલા જોયા નહિ, જાણ્યા નહિ. આમ ઉધ્ધવ વ્રજમાં જઈ ગોપીઓ તથા નંદજશોદા વગેરેના મનનું સમાધાન કરે છે. અહીં પ્રેમાનંદની વિશેષતા એ છે કે એણે સર્વ પ્રથમ ગોપીઓના મનના ઉદ્દેગની વાત કરી,તેમની પ્રથમ , પછી નંદજશોદાને સાંત્વન આપવાની વાત કરી છે. કારણ જો ગોપવધૂ મથુરા જાય, તો તેઓ ઉપહાસપાત્ર થાય.

## ૨: નંદજશોદા સાથે ઉધ્ધવની મુલાકાત:

શ્રીમદ્ ભાગવતના ' દશમસ્કંધ' ના ૪૬મા અધ્યાયમાં ઉધ્ધવ તથા નંદજશોદા વચ્ચે

વાર્તાલાપનું વર્ણન છે. તેઓ આખી રાત નંદની જિજ્ઞાસા અને જશોદાનું દુ:ખ શાંત કરવા માટે જ્ઞાનોપદેશ આપતા રહે છે. અહીં ઉધ્ધવ આગળ જશોદા નહિ, પણ નંદ જ કૃષ્ણના ચરિત્ર વર્ણવે છે. સાથે માને છે કે પૃથ્વી પર કોઈ મોટા દેવતા જ કૃષ્ણ અને બલરામ રુપે અવતરેલા છે.[7] જશોદા તો તે સાંભળી માત્ર આંસુ સારે છે.

ભાલણ:

ના દશમસ્કંધ'ના પદ ર૭૦ માં ઉધ્ધવ નંદને ત્યાં ગયા. નંદે પુત્રનું કુશળ પુછી, હૈયા વરાળ કાઢી તેનો ઉલ્લેખ છે:

' વાસુદેવે છેહ દીધો, વાંક કોનો કાઢિયે
વિરહ રુપી વૃક્ષ વાધ્યો, કૃષ્ણ વિના કયમ વાઢિયે.

પાછળ બીજું સંતાન હોય તો ય દુ:ખ ઓછું લાગે, પણ અહીં તો

' પુત્રી કંસે પછાડી તો શોક કયમ સહિયે શકી ' પદ: ર૭૦

જશોદા, કૃષ્ણ જતાં પ્રાણ કેમ ન નીકળ્યા, કહી પસ્તાવો કરે છે:

' કાલિંદીમાં પડિયા દેખી ઉપર નવ ઝંપાવી રે
કાલાવાલા કંઠે કીધા તે રીસ મનમાંહે આવી રે –પદ:ર૭૪

અહીં તે વિરોધાભાસી ચિત્ર ખડું કરતાં કહે છે :

' મુજને સહુએ રાંક કહે છે, હું સરખી નવ ગાટી રે
મુખ આગળથી માવજી ગયા , તેણે દુખે નવ ફાટી રે –પદ:ર૭૪

પોતાની નઠોરતા, કઠોરતા વ્યકત કરતાં કહે છે:

' ઘરશું સૂનું કરી ગયો કુંવર , તો એ બેસી જમિયે રે ' પદ–ર૭૪

અહીં જશોદા ઉધ્ધવ સાથે દેવકીને એક સંદેશો પાઠવે છે કે

' પુત્ર તણાં સુખ અમો ભોગવ્યાં, હવે તમો થાઓ માત રે '

\- - - - - -

આંખ આંજતીને તિલક કરતી , વા'લો અધવચ જાતો નાસી રે
તે સુખ તો તમે નથી દેખવું, જો કરવત મૂકો કાશી રે ' પદ–ર૮૬

ગોપીઓ જ્યારે ફરિયાદ લઈ આવતી, ત્યારે તે ખોટું ખોટું રડતો. આવું કૌતુક તો બ્રહ્માદિકને પણ વિસ્મય પમાડતું.

જશોદા કૃષ્ણને સંદેશો કહેવડાવે છે કે જો તે એક વાર આંગણે આવી વેણુ વગાડે તો ' દુખડું ટાળું બેલા ભવતણું ! સ્વપ્નની જેમ મારું સુખ તો વહી ગયું છે, છતાં આ ' કઠિણ હૈયું દુખે ન ફાટે રે ! તેથી જ તે કહે છે :

' ભવ ભવ થાઉં ધાવ હું તાહરી રે '.

કેશવદાસ:-

માં ઉધ્ધવ ગોકુલ આવી નંદ જશોદાને મળે છે. પુત્ર યાદ આવતાં ' સાંભરિયાં કારણ જૂનાં રે ! માતપિતા ઉધ્ધવને કહે છે કે એને કહેજો કે એક વાર અહીં આવે :

' એક વાર કેહેજો ઈહાં આવે, રે સૌહ્મ રડતાંનાં જીવન લાવે રે ' -૫ સર્ગ :૨૦

ઉધ્ધવને જોતાં

' લઈ દુ:ખ યશોદા હરખી રે, ક્ષણ એક રહી મુખ પરખી રે -૬ સર્ગ :૨૦

આખી રાત ઉધ્ધવ સાથે કૃષ્ણ ચરિત્રનું ગાન કરતાં પ્રભાત થાય છે.

લક્ષ્મીદાસ:

માં ઉધ્ધવને મળતાં

' નંદજી ઉચરયાં વાણી રુદે કંઠ આંણિ,
ગદ ગદ સ્વર નવી નીસ રે એ -૧ : પૃ:૧૨૩: ક:૯૨

રાજ્યલીલા અને માતાપિતાનું સુખ મળવાથી, જે હાથે ગાયો ચારી, તેની માયા ભલા વિસારી?

' સુખડું દીધું યે સ્વપંન, સર્વે જન પૂતાં મન,
એક ક્ષણું તેઉને ન વીસરે એ -૭

અહીં નંદજી કૃષ્ણના બાલચરિત્રો વર્ણવે છે, ત્યારે

' કંઠે ગદગદ પ્રેમ વીકલ પછે નવી બોલાય,
નામ ચરીત્ર કુઅરનાં સુણી થયાં વિસ્મે માય -૨૪

અશ્રૂધારા દુગ્ધધારા એગઠી થઈ જાય,

ઉધ્ધવજી તે થયા વિસ્મે તાહિ વૈકુંઠરાય -૨૫ પૃ:૧૨૩

અહીં ' અશ્રુધારા દુગ્ધધારા' નું મિલન ઉધ્ધવમાં વિસ્મય પ્રગટાવે છે.

પરમાણંદ:

માં નંદ વસુદેવ ઈત્યાદિની ખબર ઉધ્ધવને પૂછી, રામકૃષ્ણની કુશળતા પૂછે છે:

' જે દિનના અહ્મને પરહરયા, સુખ ગયા અમ દેહ -૮૯

જલચર નીર વિના કિમ જીવઈ, તિમ કૃષ્ણ વિના દેહ ઘાડુ

જેટલુ સુખ દેખાડયુ અહ્મનઈ, તેતલુ દુખ દેખાડયુ -૯૦ પૃ:૭૭

કૃષ્ણએ મને મથુરામાં વચન આપેલુ કે તે અમને મળવા આવશે. તો કૃષ્ણ કયારે અહીં આવશે ? શુ તે પોતાનું વચન ભૂલી ગયા ? અમે તો કૃષ્ણ જયાં ગાયો ચારતા, તે પંથ દરરોજ જોઈએ છીએ. કૃષ્ણ ચાલતાં જે રેણુ ઉડી હતી, તે દરરોજ મસ્તકે ચડાવીએ છીએ. ગાયોને એકલી જોઈ ' ગદગદ કંઠે રોઈએ ' છીએ. અમને તે કેમ વીસરાય ? પછી નંદ કૃષ્ણની બાળચરિત્ર લીલા ગાયી છે.

માધવદાસ:

માં નંદજી કૃષ્ણની ખબર પૂછી, કહે છે કે શું તેઓ ગાય, ગોપી , ગોવાળ, જમુનાતટ ઈત્યાદિ સંભારે છે ? ત્યારે ઉધ્ધવ કહે છે :

' આઈ તમારી સુધ લેવા મોકલ્યો હું આજ

રુદેથી નહી વિસરે, વ્રજ લીલા સુખ રાજ -૬ ક:૮

અહીં જશોદા જ કાનાને

'કઠણ અપારજી !'

કહી , એનુ ચરિત્ર વર્ણવી, એમને જ સાક્ષાત પરમેશ્વર માને છે:

'ચૌદ લોકનો રાજીઓ, આવ્યા ભૂતલ હરવા ભાર ' -૫ ક:૯

આમ કુંવરચરિત્ર સંભારી' ચાલ્યો આંસુપ્રવાહ '

પ્રેમાનંદ:

જયારે ઉધ્ધવ નંદ ઘેર આવે છે ત્યારે દાસીએ જશોદાને જઈ વધામણી આપી કે ' કો કૃષ્ણ સરખું આવિયું.' -એ સાંભળી નંદ જશોદા દોડયાં - જાણે

' વસંત માસે ફરી ફૂલે, દવનાં દાઝ્યાં રૂખડાં ! ક:૧૨૬

પરંતુ ઉધ્ધવને જોઈ નિરાશ થયાં, પરંતુ ' સેવક છૈં શામળિયાનો ' જાણી માતાપિતા ' પુત્રનો મિત્ર પ્રાણવલ્લભ' માની હરખ્યાં, કૃતાર્થ થયાં :

' જેમ આગિયાને ઘેર આવે આદિત, જેમ ગોવિન્દ આવે પાપીને ચિત '

અમો આકાશથી પૃથ્વી પર પડયાં, પુત્ર વિજોગ-પારધીકર ચઢયાં -ક:૧૨૭

કૃષ્ણને બદલે ઉધ્ધવને જોઈ, જાણે સર્વસ્વ કોઈએ લૂંટી લીધુ હોય , તેવી જશોદા લાગે છે. અંતરમાં જે જાણવાની ઉત્કંઠા છે, તેને અંતરમાં સંઘરી રાખી, વિવેક પૂર્વક પ્રથમ વસુદેવ- દેવકીની ખબર પૂછે છે ને પછી રામકૃષ્ણના સમાચાર પૂછે છે.' તે મને સંભારે છે ' એમ કહી

' છે પુષ્ટ વાન કે થયા દુબળા '

પૂછે છે.આ બધાય પ્રશ્નોમાં અગત્યનો પ્રશ્ન એ છે કે -

'ઉધ્ધવ ! સાંભળ્યું છે કહી ત્રિભોવનમ્હાંય, પ્રસૂતાને તજી પુત્ર પારકો થાય ? ક:૧૨૭

આવું બન્યું એમાં તે પોતાનાં અનેક પાપોને કારણભૂત ગણે છે.

અહીં પાપ અંગેની મધ્યકાલીન માન્યતાઓનો પડઘો સંભળાય છે.

' કોણ પાપે મારો ગયો પુત્ર ? અને ' ઉઘાડું કરી દેવાયું બારણું ' માં જશોદાની ઘનીભૂત વેદનાનો રણકો સંભળાય છે. કૃષ્ણેસૌ ભાંગેલી ગોળીના કટકા, એનો દૂધ પીવાનો વાટકો, એની વાંસળી , કામળી, ટોપી, આંગલાં, રમકડાં વગેરે બતાવી, રડતી ,ટળવળતી જશોદાને જોઈ ઉધ્ધવની આંખમાં આંસુ ઉભરાયાં. નંદે પણ કહયું કે કૃષ્ણે મને ' ભર્યા ગામમાંથી હાંકી કાઢયો', ને કહે કે ' આપણું સગપણ ફોક ! - આમ તેણે ' હસાવ્યા દુરિજન લોક ' આ સાંભળી ઉધ્ધવની થઈ ઉભી રોમાવળી.'ઉધ્ધવને પણ લાગે છે કે કૃષ્ણે આવું કરવું નહોતું જોઈતું'.

ગિરિધરે પોતાની મથુરાલીલા માં આ પ્રસંગ વર્ણવ્યો છે. અહીં જશોદા નહિ, પણ નંદ ઉધ્ધવને પ્રથમ વસુદેવની ખબર પૂછે છે; પછી કૃષ્ણ શું મને, એની રાંકડી માતા, ગોપ, ગોકુલ ગામ ઇત્યાદિને સંભારે છે, એમ પૂછે છે.

કોહો કૃષ્ણ કારે આવશે, સંભાલ કરવા અમતણી,

કયારે દેખીશ હસ્તુ વદન હરિનુ જેની શોભા અતિ ઘણી -૨૨ અ:૨૩

એને અમારા ઉપર કરેલા ઉપકાર કેટલા બધા છે ! વિસ્તારીને કેટલા કહું ? એને સંભારતાં ચિત્ત દ્રવિત થાય છે. શરીર સ્તબ્ધ થઈ જાય છે.

ગિરિ ગોવરધન યમુના પુલીન વૃંદાવન લીલાઅનુસરી,

હજુ ગોવીંદ પદ એંધાણ છે ઘણું શોભતાં ચીન્હે કરી-૨૯

રમવા તણાં સ્થાનક બહુ તે નિરખતાં દિન જાય છે.

અરે ઉધવ મન અમારાં કૃશ્રન રુપે થાય છે -૩૦ : અ:૨૩

અહીં નંદજી ગદ્ગદ્ કંઠે ગોવિંદના ગુણ સંભારે છે, તો જશોદા તે સાંભળી દ્રવિત ચિત્ત થાય છે અને[1] ઉભરાય પ્રેમે પયોધર સ્રેય અશ્રુજલ લોચ્ચનછયાં -૩૬ અ:૨૩

૩: કૃષ્ણનો સંદેશ:

શ્રીમદ્ ભાગવતમાં કૃષ્ણ ઉધ્ધવને મૌખિક રુપમાં પોતાનો સંદેશો આપી ગોપીઓની વિયોગ વ્યથા દૂર કરવાનો આગ્રહ કરે છે. પરંતુ તે સંદેશો શું હતો તેનો કોઇ ઉલ્લેખ એમાં નથી. માતા પિતાને પણ જ્ઞાન વ્દારા આશ્રવાસન આપવાનો પ્રયત્ન તેઓ કરે છે. ભાલણ, પ્રેમાનંદ ઇત્યાદિ કવિઓએ ઉધ્ધવ વ્દારા મૌખિક સંદેશો મોકલાવ્યો છે.[૮]

ભાલણ:

ના દશમમાં ઉધ્ધવ વ્રજમાં આવે છે ત્યારે તે માતાપિતાને કોઈ જ સંદેશો આપતા નથી. માત્ર ગોપીઓને જ (બે પદ્માં) તેઓ સંદેશો આપે છે. કૃષ્ણ મનુષ્ય નથી પણ સાક્ષાત પૂર્ણબ્રહ્મ છે અને અસૂરોને નિકંદવા અને સેવકોને ઉધ્ધારવા પૃથ્વી પર પ્રગટ થયા છે. તેથી તેઓ કહે છે.:

1 કામ

' કામભાવ મનથી ત્યજી , સમરો એનુ નામ જી
જેહ પ્રકારે તમો પામો, અંતે અવિચલ ઠામજી ' પદ-૨૭૨

ઉધ્ધવ રાધાને પણ કૃષ્ણનો સંદેશો પાઠવે છે. ત્રૈલોકમાં રાધા સમી કોઇ સુંદરી નથી. ભલે મથુરામાં રાજા થઈ બેઠા, પરંતુ મનમાંથી વ્રજવનિતા જરાયે વિસરી નથી

'ક્ષણુ ક્ષણુ સંભારે છે તમને, નયણે નીર ભરી,
ન જાણિયે શું કીધું છે, લીધું મન હરી ' પદ-૨૭૭

વૃંદાવનને યાદ કરી તે 'નિસાસા મેલે છે મોંએ '

આ સિવાય ભાલણમાં ઉધ્ધવ કોઇ સંદેશો આપતા નથી. પણ અહીં ઉલટી ગંગા વહી છે. જશોદા, ગોપીઓ તથા રાધા ઉધ્ધવ સાથે કૃષ્ણને સંદેશો પાઠવે છે.

અહીં જશોદા કૃષ્ણ અને દેવકીને ઉધ્ધવ સાથે સંદેશો મોકલે છે, જે ઉપર ' નંદજશોદા સાથે ઉધ્ધવની મુલાકાત ' માં વર્ણવ્યો છે.

ઉધ્ધવને મળતાં ગોપીઓ હરિની વાત કહેવાનો આગ્રહ કરે છે, જેથી વિરહનું દુઃખ દૂર થાય. ત્યારે ઉધ્ધવ તેમને કૃષ્ણ તો સાક્ષાત્ પૂર્ણબ્રહ્મ છે એમ સમજાવી જ્ઞાનયોગની વાત કરે છે. ત્યારે ગોપીઓ કહે છે.

' જ્ઞાન કથા રહેવા દ્યો તે, અમને ફીકી લાગે જી,
જાણું સુંદર વર આવીને, દાણ મહીનું માગે . -પદ:૨૭૧

તેથી જ તેઓ ' સુંદરવર' ને સંદેશો કહેવડાવે છે :

' પ્રીત કર્યાનું એહ જ ફળ, જે હૃદે અમારે રહેજો' પદ: ૨૭૩

ભલે તે મથુરામાં રહે.અમે તો એમના વિરહમાં મરી, બીજે ભલે વૃંદાવનમાં તમારી પાસે જ અવતરીશું. કુબજા સરખી કોટિક સ્ત્રીઓ ભલે કરો, ' તમો અમારે એક જી' છતાં માનવ-સહજ ઈર્ષ્યા તેમનામાં આવી જાય છે. કંસની દાસી શોકય થઈ, તેથી ઉધ્ધવને પૂછે છે:

'કુબ્જા અમથી રુપે રુડી ?. છતાંય કહે છે કે

' કસ્તૂર કેમે નવ થાયે, જોતાં આદે છાહાર ' પદ-૨૭૬

તેથી જ જો કંઈ ' કામણમોહન જાણું ' તો નંદસુતને આણું !

નિદ્રા તો ગઈ, હવે સ્વપ્ન કયાંથી લાધે ? અન્ન,પાણી, શૃંગાર સર્વનો ત્યાગ કર્યો છે. રાધા પણ કહે છે કે મને તો પટરાણી કરી હતી, પણ ક્ષણમાં જ વિપરીત થયું 'જયમ છિલર સૂકે પાણી'. હું તો તેમને ' ઉજળું દૂધ ' માનતી હતી. પણ હવે મારો ભ્રમ ભાંગ્યો છે. એમના લાડ તો લુખાં હતા. ' સર્પ સંગાથે શો નેહ' ? દૂધ દીધું ને વિષ થયું. તેથી જ ' લોકવંદતી હું વેચાણી ', છતાં મારું ઔષધ તો એજ છે. તેથી કહે છે ' વૈદ્ય થઈ વહેલા પધારો' અને

' લોકમાંહે દુખ કહેતા લાજું, એક વાર આવો તો ગાજું ' પદ-૨૮૪

અહીં લજ્જા - શરમથી મોં છુપાવવાના વિરોધમાં ' ગાજું ' શબ્દથી ગૌરવભેર લોકોને બતાવી આપવાની હોંશ પ્રગટ થાય છે.

કેશવરામ:

માં કૃષ્ણ ઉધ્ધવ સાથે નંદને સંદેશો મોકલાવે છે. પરંતુ સંદેશો શો છે, તેનો કોઈ ઉલ્લેખ ઉધ્ધવ નંદ આગળ કરતા નથી, તેમજ ગોપીઓ પર પણ કોઈ સંદેશો મોકલ્યો છે તેનો ઉલ્લેખ નથી. ઊલટું , ગોપીઓ જ પોતાની વિરહવેદના આલેખે છે :

' વિરહાનલ દેહડી દાઝે રે, વણ ઔષધ વ્યાધ ન ભાજે રે '

તજી બાલપણાની પ્રીત રે, એહ કોણ તમારી રીત રે -૨૪

જલધારા અક્ષો ચાલી રે, ન રહે જેમ યમુના ઝાલી રે -૨૬

જલ વિના જલચર જમ દહે, વિણ ઘન ચાતુક મેહ

ત્યમ હરિણાક્ષી હરિ વિના, દાઝે વિરહે દેહ -૨૮ સર્ગ :૨૦

આમ ' ચતુર્ભુજના ચરિત્ર ' સાંભળતાં ઉધ્ધવ તેમને જ્ઞાન આપે છે :

' મન માંહે માધવ દેખો રે એ વ્યાપક અલ્પગ મ લેખો રે

પરમ સંસી પરમ પરચ નચારી રે, તમ હરિ જૂયો હૃદય વિચારી રે -૩૩ સર્ગ :૨૦

પણ ગોપીઓને આ વચન કેમ ગમે ?

લજ્જા ગોપી કહે :

' એહ યોગ જુગત સહુ રાખો રે, અહ્મને અહીં અચ્યુત દાખો રે -૩૪

અહમને અચ્યુત દાખવો, કહો કુબજાને યોગ,

રાસ તણો રસ અુભવે, સંભારે સંયોગ -૩૫ સર્ગ :૨૦.

માધવદાસ:-

-------- માં ઉધ્ધવ નંદજશોદાને સ્પષ્ટ કહે છે કે તમારી ખબર લેવા જ મને કૃષ્ણે મોકલ્યો છે./ તેઓ રાત દિવસ તમારા ગુણ ગાય છે અને અંતમાં માયા મૂકી ' સ્થાવર જંગમ વ્યાપી' રહેલાને ' જ્ઞાનચક્ષુથી જોવા કહે છે. પ્રભાતમાં ગૃહકાજ કરતી ગોપીઓ ગોવિંદના ગુણ ગાય છે ને પ્રેમાનંદના સિંધુમાં એટલી તો મગ્ન છે કે ' મહી મલ્યુ તે ન જાણે' ઉધ્ધવ આ જોઈ આશ્ચર્ય પામે છે.

નંદને આંગણે ઉધ્ધવનો રથ જોઈ ગોપીઓને અક્રૂરની આશંકા થઈ અને વેદનાથી પીડાતી કહેવા લાગી:

' આપણૂં કોણ પાપ પ્રગટૂં, ગયાં સઘલાં સુખ' ક:૧૪

ત્યાં જ તેમણે ઉધ્ધવને શ્રીકૃષ્ણના વસ્ત્રાભૂષણમાં શોભતા જોયા. કૃષ્ણના મિત્ર હશે એમ માની, કૃષ્ણની ખબર પૂછે છે. ઉધ્ધવ સંદેશો આપતાં કહે છે :

' સબલ સાંઈ કૃષ્ણજીએ કાહાવ્યુ છે મુજ હાથ

કરી કરુણા કૃષ્ણજીએ , સંભારી સહુ સાથ -ક:૧૬

પ્રેમાનંદ:

------ નો ઉધ્ધવ મૌખિક સંદેશો લઈ ગોકુલ આવે છે તે નંદજશોદાને જ્ઞાનવાણી સંભળાવે છે:

' દેવકીએ નથી પ્રસવ કીધો, તમે ઉછેર્યો નથી

એહવુ જાણી બ્રહમભાવે જુઓ, પુત્ર ભાવ મૂકી સર્વેથી: ક:૧૨૮

અનંત, અનાદિ તે અનેક રુપે વિસ્તર્યો છે. પણ જશોદા કહે છે કે હુ તો અજ્ઞાની છું. મને જ્ઞાનનો રંગ કયાંથી લાગે ? તમે એને બ્રહ્મ કહો છો, પણ મેં એને ઉદરમાં દશ માસ વહયો છે, પારણે પોઢાડયો છે, ઊખળે બાંધ્યો છે, મુખ ઉપર કેશ આવતાં તે આંખડી મીંચતો , ગળામાં સોને મઢયો સિંહનો નખ ઉછાળતો-મેં જોયો છે.

' જાળમાં ભરતો મૂઠ, દેખી ચંદ્ર ચળકતો રે
વઢતાં બે મંજાર માહારી કોટે વળગતો રે
ગોવિંદ બોલે ગુગણું , મુખ ભર્યું માટિયે રે
રોતો ઘૂઘતા ઘુઘરા, પાગની પાનીયે રે -કઃ૧૨૯

આવા ગાયો ચરાવતા કૃષ્ણને તમે ' બ્રહ્મ ' કહો, હું કેમ કરી માનું ? ઉધ્ધવને મળતાં ગોપીઓ હર્ષનાં આંસુ ભરે છે. કૃષ્ણના કુશળક્ષેમ પૂછી કહે છે કે શું અમને તે સંભારે છે? કૃષ્ણ-કુબડીનો ઘરસંસાર અમે જોવા આવીશું. શું તેમને ગોકુળ છેક ત્યજી દીધું.? ત્યારે ઉધ્ધવ તેમને જ્ઞાન આપવાનો પ્રયત્ન કરે છે.

બાઈ! તજો ક્રીડા, ભોગ, જાયે વિરહ- લક્ષણ રોગ,
એક સંદેશો કૃષ્ણે કાહાવ્યો, સાધો સહુકો જોગ'
તમ્હારે લેખે પ્રીત ભાગી, માહારે છે સ્નેહ અભંગ ,
જો સાત સમુદ્રમાં ચીંથી ધોઈએ, નજાયે લાખી રંગ : -કઃ૧૩૨

કઠિણ લોકાચારમાં ગુપ્ત સ્નેહ જ સારો. આમ કહી કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણ વખતે મળવાનું વચન આપે છે.

ગિરિધરના ' કૃષ્ણચરિત્ર -મથુરાલીલા ' માં ઉધ્ધવ નંદજશોદાને કૃષ્ણને પુત્ર ભાવે ન જોતાં જ્ઞાન દૃષ્ટિએ જોવા કહે છે:

એ લીલા કરવા અવતરયો, પ્રથ્વિનો ભાર ઉતારવાઃ
નાશ કરવા દુષ્ટ અસુર નિજ ભકતને ઉગારવા-૫૩
જન્મકરમ એહને નથી, વેહેવાર નથી સંસારનો
એ અજન્મા અજ અજીત નિરગુણ, નથી સ્પરસ વિકારનો -૫૪ મઃ૨૩

આમ પુત્ર ભાવ પરહરી, સ્થાવર જંગમ વિશ્વમાં વ્યાપેલા, સર્વેના આત્મા એવા હરિને જ્ઞાન દૃષ્ટિએ જોવાનો ઉપદેશ આપે છે.

૪: ભ્રમર પ્રતિ ઉપાલંભ :

શ્રીમદ્ ભાગવતમાં ઉધ્ધવગોપી સંવાદને સમયે કયાંકથી એક ભમરો આવી ચઢે છે, જેને ગોપીઓ કૃષ્ણનો દૂત માની, કૃષ્ણને ઉપાલંભ આપવા લાગે છે. આને આધારે જ આખો પ્રસંગ 'ભ્રમરગીત' ને નામે પ્રસિધ્ધ થયો છે.

મધ્યકાલીન ગુજરાતી દશમસ્કંધો જોતાં ભાલણે પોતાના દશમસ્કંધમાં ભ્રમરનો ઉલ્લેખ જરા પણ કર્યો નથી. એનું સઘળું વર્ણન ઉધ્ધવગોપી સંવાદરુપમાં રજૂ કર્યું છે, જો કે એક ઠેકાણે કૃષ્ણનો ભ્રમર તરીકે ઉલ્લેખ મળે છે.

' આહિરડાં અમો કયમ ગમું રે, લૂબ્ધી લાગ્યો રંગ
ચતુરપણું સર્વ જાણિયું રે, જયાં ત્યાં બસે ભૃંગ '-પદ-૨૮૦

કેશવરામે:

ભ્રમરનો ઉલ્લેખ કર્યો છે. એમાં ગોપીઓ એને જ પૂછે છે :

'કિં તવ સખા' કામની કહે: 'પરશે મ પગલેં પ્રાણ,
શોકેં હૃદયચંદન ચડયો, માલા વિલુલિત જેહ
તે તેં પરિમલ પ્રાસિયો , દાઝેં વિરહેં દેહ'_સર્ગ :૨૦

તેઓ ભ્રમર નિમિતે કૃષ્ણને ઉપાલંભ આપે છે :

' તજી બાલપણાની પ્રીત રે, એહ કોણ તમારી રીત રે,
અહમે ઊભાં મથુરાવાટે રે , હરિનામે હઈડૂં ફાટે રે ,
પેલી ચંદન ચીરેં ઓઢયો રે, કુબજાને કામણે મોહયો રે ' સર્ગ :૨૦

એ આશાએ અમે તો જીવી રહયાં છીએ કે કરુણા કરી, અનંત અહીં જરુર આવશે, એમ

' ઓલંભા દે અતિ ઘણા, મધુકર મિષ હરિમિત્ર'

ઉધ્ધવને એ દ્દારા કૃષ્ણને ઉપાલંભ આપે છે . અમે તો એકક્ષણ પણ વિસર્યાં નથી. કારણ

' ધરણીધર ઉરવર ધરિયા રે.'

લક્ષ્મીદાસ:
--------- માં ઉધ્ધવને જોતાં ગોપીઓ માને છે કે લૌકિક ધર્મને માટે માતાપિતાની ખબર કાઢવા ઉધ્ધવને કૃષ્ણે મોકલ્યા હશે. બાકી આપણી પ્રીતિની તો વિડંબના જ કરી છે-જેમ

' ભ્રમર પુષ્પ વાસ લેઈ જાયે, પછે ન પડિ કામ જી '-૪ પૃ:૧૨૭

આમ કહી રુદન કરતી ગોપીઓ પાસે એક મધુકર ગુંજારવ કરતો આવે છે, ત્યારે ગોપીઓ તેને કહે છે :

' અરે મધુપ ધૂરતના બંધૂ, રછે લગાવે અંગજી

મધુપુરનારી શુકે( શોક) અમારી તેહેની માલતરંગજી -૧૦: પૃ:૧૨૭

એક ગોપી કહે છે કે આ તો હરિનો દૂત લાગે છે. બંનેનાં લક્ષણ સરખાં લાગે છે:

' એકવાર અહમને આપીયો અધર અમ્રીત રસ પાનજી -૧૨

પછે ત્યજીને મથુરાં બેઠો, વલતી ન કરી સારજી -૧૩

તુ ધૂરત યદુપતિનો સેવક , એહેના ગુણ મ કહેશોજી -૧૪

કપટ ચાતુરી કેરી ધૂતારયા, પીછયાં નહી લવેલેશજી -પૃ:૧૨૮

એના અર્જુન જેવા સખા આગળ ગાન કર કે જે પ્રસન્ન થઈ તને ઈચ્છિત દાન આપશે. બાકી એ કાળાનો શો વિશ્વાસ ?

' પેય પાતાં ભુજંગ ડસેને, ચાતુક જલધર આસજી -૨૭

માગ્યા જલહ તેહેને નવ્ય આપે, સંતોષી અષ્ટ માસજી

સુંદર ચંપક ભ્રમરત્ય જે તો કાલાની શી આસજી -૨૮ પૃ:૧૨૯

માધવદાસ:
---------- માં ગોપીઓ જ્યારે ' વિરહાનંદ- માંહાં રહી ભીની ; ત્યારે તેઓ બોલી શકતી નથી, નયનમાં નીર વહેવા લાગ્યાં. ત્યાંજ એક ભ્રમર આવ્યો. તેને ઉપાલંભ આપતાં તે કહે છે:

મથુરાં તજી તે ચતુર નારી, કુંકુમ કુંજનું જેહ,

માલા તણો મકરંદ લેતાં મૂછે લાગો તેહ '

અડીશ મા ભાઈ ! રહે અલગો , જાણી તાહારી વાત

ઘર થકી જેહેનાં ધણી ધૂરત, ભલો કેમ હોએ ભ્રાત ? ક:૧૯

X X

'ભ્રાત તાહારો અરે ભમરા! કૈતવ કપટી જાણ:

એક વાર પાઈ અધર અમૃત, હરી લીધા પ્રાણ 'ક-૨૦:

નગરનારનીની ચાતુરીમાં મોહી રહેલા ધૂતારાની કપટલીલા મેં જાણી છે. રાસ રમાડી તેણે અમને ત્યજી દીધા. તો હે મધુકર, એવાના ચરિત્ર-ગાન અમારી પાસે શું કરે છે ? એના કરતાં એની સ્ત્રી પાસે જઈ ગાન કર તો તને દાન મળશે. અમે તો સરલ સ્વભાવનાં આહીરડાં સ્વજનનો સ્નેહ મૂકી એને શરણે ગયાં તો એણે અમને દુઃખ આપવા તને મોકલ્યો ? કાળા બધા જ કૂડકપટવાળા હોય છે. આમ નિંદા -સ્તુતિની સંમિશ્રવાણી વિરહિણી ગોપીઓ બોલવા લાગી :

' તે તજી અમને ગયો મધુપુર, કપટની કરી પ્રીત,

અનાથ અબલા હાથ મૂકી, જીવૂં કેહી રીત ?

પ્રાણ પૃથ્વી પડયા બેહુ, હું કરું કોણ ઉપાએ ?

કૃષ્ણ પાખે કેમ રહું ? એમ જીવ દુઃખીઓ થાએ ' -ક:૨૩:

એણે તો એની મોહિનીમાં આપણા મનને વશ કરી દીધાં છે, પણ એના ફંદામાં પડી અમે સંસારનો ત્યાગ કર્યો. પરંતુ નગરનારી એને ખાતર પોતાનો પરિવાર તજશે ?

આમ વ્રજનાર વિલપવા લાગી, ત્યારે ભ્રમર થોડેક દૂર જઈ ફરી પાછો તેમની પાસે આવ્યો. ગોપીઓ કહે- ' શું તને કૃષ્ણે મોકલ્યો ? પધારો ! ' કોહો જે કહાવ્યું કૃષ્ણજીનું', જે માગે તે આપીશ, પણ તું એમના સમાચાર કહે. તે કયારે આવશે ? રાધાને શું તેઓ યાદ કરે છે ?

' મૂલ્ય વોહોણી દાસડી અહ્મો , સંભારે પ્રભુ મન ' ક-૨૯

પ્રેમાનંદે:-

-------- ભ્રમરગીતામાં ભ્રમરને નવું જ રુપ આપ્યું છે. ગોપીઓ ભ્રમરને કૃષ્ણનો કલ્પિત દૂત નથી માનતી, પરંતુ સ્વયં કૃષ્ણ જ ભ્રમરનું રુપ ધારણ કરીને ગોપીઓ મધ્યે આવ્યા છે (એમ માને છે). આ ભ્રમર મધુરી વાણીથી ગોપીઓના ગુણ ગાય છે. ગોપીઓ તરત જ કૃષ્ણને ઓળખી કાઢે છે, જયારે ઉધ્ધવ આ રહસ્યને અંત સુધી જાણતા જ નથી.

આ ભ્રમર વ્રજબાળાના કંઠની માળાનો મકરંદ લેવા બેસે છે. સ્વાદ લઈ ઉડીજઈ, પાછો તેની વેણીમાં ભરાઈ અવનવા નાદ કરવા માંડે છે, ઉડાડતાં મુખ પર આવી, અધરનો સ્વાદ લઈ ઉડી જાય છે. એ નિર્ગુણના ગુણ સંભાળીને તેઓ અંતરમાં બળે છે, કૃષ્ણના લોભી આચારને વખોડે છે. તેથી તેઓ ઉધ્ધવને કહે છે કે એ ભોગી ભમરો ધૂર્ત , કપટીને કાળો છે . રખે એને જંતુ જાણો.

' જેટલા કાળા તે સહુ કપઠી, વિશ્રવાસ કોહોનો નવ કરીએ ' ક: ૧૩૫

કાળો સર્પ, કાળી જમુના, કાળા કેશ, કાળી રાત, કાળો મધુકર કોઈ પરવિશ્રવાસ મૂકવા જેવો નથી. અમને શું કામ પગે લાગે છે ? ચીરાયેલા મોતીની જેમ અમારું તૂટેલું મન સાંધી નહિ શકાય. ચારપગવાળા પશુ કહેવાય, પણ તારે તો છ પગ છે. તેથી તું દોઢ પશુ છે. તેથી જ

' રાધા પંકજ પરહરી સુણ ભમરા રે,
કીધો દાસી ધતુરે વિશ્રામ,ભોગી ભમરા રે ' ક: ૧૩૬

તારો અર્થ મથુરામાં સરશે. બાકી વૃંદાવનમાં પુષ્પો તો નીરસ થયાં છે.

તુલજારામ: માં

--------

ઉધ્ધવ આગળ રડતી ગોપીઓ ગદ્ગદ્ કંઠે વાણી બોલતી હતી, ત્યારે એક ભ્રમર આવે છે. આ ભ્રમરને મિષે ગોપીઓ ઉધ્ધવ પ્રતિ કહેવા લાગી કે

' મ કરિસ મુખથિ ગાનજી,
પાયે મ લાગિશ અહમતણે, જાઓ તો તેણે સ્થાન જી-૧૪: પૃ:૧૪૫

લક્ષ્મી એને નિત ભજે છે. એ ધૂતારાને અનુસરીતું એનું ગાન કરે છે. પણ તને ખબર છે ?

ક ' શોક વસે અમ મથુરામાંહે તેહેને ઉર અનુસરિયો જિ

તુઝ મુખ તેં તાંહાં શોભથું અને કુછે કુકુમ ભરિયોજી: ૧૬ પૃ:૧૪૫

જે ધાયો મનસા વાચા તેણે માગિ ભિખજી,

વલિ ધાશે તે જોગિ થાશે,માને અહમારી શીખજિ -૨૪ પૃ:૧૪૬

ત્યારે ઉધ્ધવ તેમને કૃષ્ણનો સંદેશ આપે છે :

' અમ તુમ માંહે નથિ કાંઈ અંતર, માય લઈએ આણજી ' -૨૨ : પૃ:૧૪૬

ગિરિધર :
-------- ની ગોપીઓ ભ્રમરને મીષે ઉધ્ધવને ઉપાલંભ આપતાં કહે છે.

હે મધુપ જાની વેગલો, તુ દુત ધુરતનો થયો

તુ અમારે ચરણે ન લાગીશ કૃષ્ણકપટીનો લહયો -૧૯

એકવાર અમને અધર અમૃત પાઇને તજીયાં સહી,

જયમ કુસુમને તુ ત્યજે ત્યમ એણે તજયાં ફરી મલિયો નહીં -૨૪

કાંઈ કપટ મોહન મંત્ર મોરલી સુણી મોહયા છંદમાં

તે નાદે મોહ મનિુની જઈ પડી એના ફંદમાં -૪૦: અ:૨૪

એ કાળાનો વિશ્વાસ નથી કરવો, તો ય એને ત્યજાતો નથી. લક્ષ્મી એના ફંદે પડી છે તો અમારું ત્યાં શું ગજું ?

ભ્રમરના માધ્યમથી કૃષ્ણ પર આક્ષેપ કરતી ગોપીઓ બધી કાળી વસ્તુઓને સદોષ અને નિકૃષ્ટ જાહેર કરે છે. આ ભાવ મોટા ભાગના કવિઓએ વ્યકત કર્યો છે. કારણ કે એનું મૂળ સૂત્ર ભાગવતની ગોપીઓના ' તદલમસિતસખ્યૈ : ' માં છૂપાયેલું છે. આ સૂત્ર નિહિત ભાવને કવિઓએ અધિક તીવ્રતાથી સ્પષ્ટ રીતે વ્યકત કર્યો છે :

ભાલણ:
------- -' કાળા સઘળા ધૂતારા, કોણે કલ્યા નવ જાય જી:

મન વાળ્યું વળે નહિ તો કીજે કશો ઉપાય રે -૫૬:૨૭૩

માધવદાસ:

કપટ શામલવાન એહેતો , ગૃહે સગો સંબંધી કો નહીં ' ક-૨૦

પ્રથમ પ્રોઢી પ્રીત કરીને, પ્રોગર કાઢ્યાં કાહાન

કાલા સઘલા હોએ કૂડા, કપટ સામલવાન -૭ ક:૨૨

લક્ષ્મીદાસ:

'જો એ લક્ષણ એ કાલા કેરાં, એહનો શો વિશ્વાસ જી'-૨૭

' કાલાના ગુણ શા વર્ણવીએ, કયમ કરી માને મંનજી -૨૯

પૃ:૧૨૯

પરમાણંદ:

'જિતના કાલા તિતલ્લા કપટી, તેહનો નહિ વિશ્વાસ ' -૪૦ પૃ:૭૯-૮૦

પ્રેમાનંદ:

' જેટલા કાળા તે સહુ કપટી, વિશ્વાસ કોહોનો નવ કરીએ

કાળા સર્પની સંગત કરતાં, કો એકદહાડો મરીએ -ક:૧૩૫

અહીં પ્રેમાનંદે કાળી યમુના, કાળો નાગ, કાળી રાત, કાળા કેશ, કાળો મધુકર- ઈત્યાદિની કપટતાની વાત કરી છે.[10]

ગિરિધર:

અમો જાણું જે કાલા તણો વિશ્વાસ નવ કરવો કશો:

તોય ક્ષણુ અલગો થાય નહીં, એઅહરનિશ મનમાં વશો -૩૭

અ: ૨૪: મથુરાં લીલા

૫: ગોપી ઉધ્ધવ સંવાદ:

શ્રીમદ્ ભાગવતમાં ઉધ્ધવ જે સંદેશો વ્રજવાસીઓને આપે છે, એ સાંભળી ગોપીઓ કોઈ પણ પ્રકારનો પ્રત્યાઘાત નથી પડતો. ગોપીઓ અવશ્ય કૃષ્ણની સ્મૃતિમાં વિભોર થઈ જાય છે. પરંતુ એ સંદેશાથી તેમનો વિરહ દૂર થાય છે, અને તેઓ કૃષ્ણની પૂજા કરે છે. ઉધ્ધવ પણ જ્ઞાનનો સંદેશો આપતાં પહેલાં અને પછી ગોપીઓની ભકિતની મુકત હૃદયથી પ્રશંસા

કરે છે. [11]આથી સ્પષ્ટ થાય છે કે જ્ઞાન તથા ભક્તિ, નિર્ગુણ તથા સગુણ, યોગ તથા ઉપાસનાના દ્વન્દ્વોમાં એકથી બીજાને શ્રેષ્ઠ સિધ્ધ કરવાનો ભાગવતકારનો ઉદ્દેશ ન હતો. શ્રીમદ્ ભાગવતના જે અનેક અનુવાદો થયા, તેમાં અને જે 'ભ્રમરગીતાઓ' લખાઈ, તેમાં ગોપીઓ દ્વારા ઉધ્ધવના સંદેશાની કટુ આલોચના, પરિહાસ તથા તિરસ્કાર કરાયો છે. અહીં જ્ઞાનયોગ દ્વારા નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિના નિવૃત્તિ માર્ગને ઉપહાસાસ્પદ સિધ્ધ કરી, ગોપીઓ ભક્તિની શ્રેષ્ઠતા પ્રતિપાદિત કરે છે. અંતમાં ઉધ્ધવ પરાજિત થઈ તેનો સ્વીકાર કરે છે. ભીમ, પ્રેમાનંદ, માધવદાસ ઈત્યાદિના દશમસ્કંધોમાં આવા જ વિચારો વ્યક્ત થયા છે. આથી એક રીતે જોતાં આ સંવાદ પોતે પોતાની રીતે ભાગવતથી સદંતર જુદી જ રીતે વિકસ્યો છે. પ્રેમાનંદે તો ઉધ્ધવ દ્વારા જ્ઞાનનો વિશેષ વિસ્તાર સાધ્યો છે. આ સંવાદની અંતર્ગત કેટલાક કવિઓએ કૃષ્ણની વિવિધ લીલાઓ, અવતારોનો ઉલ્લેખ પણ કર્યો છે.

ભાલણમાં ગોપીઓ ઉધ્ધવના સંદેશાનો પરિહાસ કરતાં કહે છે :

'યોગિની કરવા મોકલ્યા, મનમોહન વાંકું કીધું જી'

'જ્ઞાન કથા રહેવા દ્યો તે, અમને ફીકી લાગે જી' પદ:૨૭૧

એ જ્ઞાન તો મહાયોગીઓ જાણે, પણ

'મારા મનમાંહે તો વસિયો, નંદકુંવર અતિ ભોગી:પદ-૨૭૩

તેથી એવું જ્ઞાન કેમ ગમે ? જેણે પંચાગ્નિ તપ કર્યું હોય, તીરથમાં દેહડી દમી હોય, એવાં પુણ્યોથી જે 'કોટિક ફળ' મળે, તેથી પણ અધિકું સુખ તેમની સાથે રાસ રમતાં અમને મળ્યું છે. અમારી પ્રીતનું એક જ ફળ જોઈએ કે 'હૃદે અમારે રહેજો', ભલે તેઓ કુબ્જા સરખી અનેક સ્ત્રીઓ કરે, અમારે તો એ એક જ છે. બીજે ભવે તમારી પાસે વૃંદાવનમાં જ અવતરવું છે. જ્ઞાન કરતાં પ્રેમ ચડિયાતો છે, તેથી તે કહે છે :

ઉધ્ધવ કોને જ્ઞાન ગમે, મારું મન વૃંદાવનમાંહે હરિ સાથે રમે ' પદ:૨૭૯

ત્યારે ઉધ્ધવ કહે છે:

-' રખે જાણો મનમાંહેથી વ્રજવનિતા વિસારી
ક્ષણ ક્ષણ સંભારે છે તમને , નયણે નીર ભરી ' પદ:૨૭૭

ગોપીઓ કહે છે કે ઉપદેશ આપી, અમ મરતાંને શું મારો છો ? અમારે તો

' હૈડે પાવક પ્રજળે રે, નયણે નીર ન માય,
ભસ્મ ન થાય તે ભણી રે, આંસુડે ઓલાય ' -પદ:૨૮૦

કુબ્જાને લીધે 'અમશું ત્રોડયો નેહ', પણ ચંદ્ર વિના રજની, રવિ વિના દિશા, દેવ વિના દેવળ, વૃક્ષ વિના પંખી તેમ અમે ' સૂનાં જગદીશ'.

કેશવરામ:-

માં ગોપીઓ જયારે વિરહથી વ્યાકુળ થઈ ઊઠે છે, ત્યારે ઉધ્ધવ જ્ઞાનદષ્ટિથી તેમને જોવાનું કહે છે:

' મનમાંહે માધવ દેખોરે, એ વ્યાપક અલ્પગ મ લેખો રે -૩૩ સર્ગ :૨૦

પણ આવાં વચનથી ગોપીઓ અકળાય છે, અને લજ્જા લોપી ઉધ્ધવને કહે છે:

' અહ્મને અચ્યુત દાખવો, કહો કુબ્જાને યોગ,
રાસ તણો રસ અનુભવે , સંભારે સંયોગ -૩૫- સર્ગ :૨૦

કટાક્ષમાં તેઓ ઉધ્ધવને કહે છે કે તમેબન્નોં કપટીઓ ભેગાં થયાં છો.

' ધૂર્તે ધૂર્ત મેળાવડા, વૈતાળે વૈતાળ
ઠાગ સેવંતા ઠગ હોએ,જાણે માયા જાલ -૩૬ સર્ગ :૨૦

લક્ષ્મીદાસ: માંગોપીઓ ઉધ્ધવને કહે છે :

' કાલાના ગુણ શા વર્ણવીએ,કયમ કરી માને મનજી
શું કીજે જો કામણગારુ,દુર્લભ થયુ દર્શનજી -૨૯ : પૃ:૧૨૯

ઘાય વ્રેહેના વાગે વીરા, કયમ કરીને સેહે શરીણ
અહ્મો ભરુઆડી ભુર અજાણી, દર્શન ઘોજી સારંગપાણી -૨૨ :પૃ:૧૩૦

ગોપીઓનાં આવાંવચન સાંભળી ઉધ્ધવ મોહ પામ્યા અને

' અશ્રુની ધારા ચાલી નૈયણે', પછી ઉધ્ધવ કૃષ્ણનો સંદેશો તેમને કહી આશ્વાસન આપે છે :

' રમતાં રાસ તહ્મો મુજ સાથે કીધું ઊણું અભીમાન

સૂખ ઉપરે મન રઉ નિ ગયું વિસરી જ્ઞાન -૧૭

તે માટે હું રઉ વેગલો કાર્ય તહ્મારું કરવા

મન તમારું રહે મુજ પાસે, શુધ્ધ જ્ઞાનને ધરવા -૧૮ પૃ:૧૩૧

જેમ સોનાની જાળી અને સોનું એક જ છે, નદીને કૂવામાં જળ એક જ છે, તેમ મારાં ' માયાયે

કરી રુપ જુજુવાં છે!-૨૦ પૃ:૧૩૧.

પરમાણંદ:
------- ના 'હરિસ્સમાં ' ગોપીઓ ઉધ્ધવને કહે છે કે કૃષ્ણે પ્રીત કરીને અમને પરહરયા,

તેના ગુણ શું કહીએ ? જેમ ગણિકા કોઈ પુરુષ સાથે દ્રવ્યને કારણે જ વ્યભિચાર કરે છે, પછી તેને

બારણે પણ ઊભી રાખતી નથી , તેમ

' તે ગતિ અહ્મઈ, કૃષ્ણે તજયા , અસુ ઈહાં અમ દેહ,

આત્મા અહ્મારો ઓધવ હરીનઈ શરણે તેહ -૨૯ : પૃ:૭૮

કલ્પવૃક્ષા મ્હોરેલું હોય, તો કોઈ તેને ત્યજતું નથી. પરંતુ એનાં પાન જ્યારે ખરી પડે છે

ત્યારે બધાં એને ત્યજી દે છે , તેમ કૃષ્ણે અમને ત્યજયાં. એની વાણીથી અમે મોહયાં, લોભાયાં

' નાદ તણી વેધી જિમ મ્રગલી, તજઈ પોતાના પ્રાણ ' પૃ:૭૯

એમ એ કપટીના કપટે અમને ભોળવ્યાં, અમે પ્રીત કરીને દુ:ખ વહોર્યું :

' કુલ લજયા મેહિલી એ અર્થે તે કૃષ્ણે નવિ જાણ્યુ

ગદ ગદ કંઠ હવાં વ્રજવનિતા, તે વ્રહિ કિમ વખાણૂ -૩૩ : પૃ:૭૯

ત્યારે ઉધ્ધવ તેમને આશ્વાસન આપે છે કે કૃષ્ણે તમને ત્યજયા નથી. તમારી ભકિત એ જાણે

છે. હું આવ્યો તેમ હરિ આવશે. મનમાં દુ:ખ ના આણો : તે તમને ક્ષણ પણ વિસારતા નથી.

આ સાંભળી વ્રજવનિતા નિ:શ્વાસ મેલી કહેવા લાગી:

'જિતના કાલા તિતલ્લા કપટી , તેહનો નહિ વિસ્વાસ ' -૪૦ પૃ:૭૯

અમને રાસ રમાડી ભોળવ્યાં, કુલલજ્જા લજાવી ઘેલાં કર્યાં. મનમાં થાય છે કે એને સંભારીએ નહિ, પણ 'મંનથી મેહેલ્યો નવિ જાય'. કારણ –

' તંન મંન પ્રાણ અહ્મારા ઓધવ તે હરીના ચરણે સહુ

આ સરીર તણાં ખોખા છેઈ ઊભાં વિણ પાણે જાણે કહુ -૪૫ : પૃ:૭૯

ત્યારે ઉધ્ધવ કૃષ્ણનો સંદેહો કહે છે કે રખે માનતા કે મેં તમને વીસારયાં છે, પરંતુ

' અધિક પ્રેમ ઊપજાવા કારણ અહમો આવા મથુરાં રહયા -૪૮

હું તમથી ક્ષણ નવિ રહુ અલગો, કાં નવિ જાણો મનહજી-૪૯

પ્રેમ તહ્મારો વલ્લભ કે હીય મુઝનઈ નવિ વીસરઈ -૫૦ પૃ:૭૯

આ સાંભળી ગોપીઓની આંખમાં આંસુ આવે છે ને કહે છે :

' ભોલવી ગયા જદુનાથ અહ્મનઈ તે કૃષ્ણ નઈ કહિજયો જઈ

સમુદ્રરુપ શોક માહાથી કાઢીએ ગોકલ અહી -૫૪ પૃ:૮૦

માધવદાસ:

---------- માં ઉધ્ધવ ગોપીઓનો ભ્રમર પ્રતિ ઉપાલંભ સાંભળી તેમની પ્રશંસા કરે છે ને કહે છે તમે જપતપજ્ઞાનધ્યાનના ફૂલરુપે જ કાનને પામ્યાં છો, જન્મમરણનાં દુ:ખ વામ્યાં છો, યોગેશ્વરને દુર્લભ એવાં દર્શન પામ્યાં છો. કૃષ્ણે કહાવ્યું છે:

' સદા છૂ તમ સાથ સુંદરી! એક ક્ષણ અલગો નથી :

આત્મજ્ઞાનને અનુભવે , જુઓ ગુણ- દષ્ટે અમી -૮ ક:૩૩

જવાબમાં ગોપીઓ કહે છે કે હાથમાંનો હીરો નાખી દઈને કાચ કોણ લે ? પ્રત્યક્ષ હરિમાં જ મન લાગી રહયુ છે, તો જ્ઞાન રુપી મૃગજળનું શું કામ ? અંગેઅંગમાં કૃષ્ણ વ્યાપી રહયા છે, તો હવે જ્ઞાન યોગને કયાં સમાવીએ ? એક ગોપી કહે :

' શ્રીમુખે અમને જોગ કહાવ્યો, 'ભોગ ' નગરની નાર'-ક:૩૫

તો બજી ગોપી કહે કે તેહવે પ્રપંચ કરીમધુર વચનથી આપણાં મન હરશે. એક કહે કે તેમને તો

ચતુર નગરનારી મળી છે, પછી આપણ ગ્રામવાસીને શીદ સંભારે ? પૂર્વે મોહિનીરૂપે રાહુનું શિર કાપ્યું, તેમ અત્યારે મોહનસ્વરૂપે આપણા પર વેર વાળ્યું. હવે તો મથુરાનાથ મોટી રાજપુત્રી વરશે, ગોકુળનું શું કામ? આમ કટાક્ષ કરતી , ને તોય હ્દયમાં નેહથી ભીંજાતી તે કહે :

' અમારે તો સરવસ એહ જ , જીવન નંદકુમાર ' -૫ ક:૩૭

વિરહથી પ્રજ્ળતી તે કહેવા લાગી કે હવે કૃષ્ણકથાને દૂર કરો તો જ સુખી થશો. ફોગટ ફાંફાં શામાટે ? ' કાહાડો હૈયે થકી હેલી ! મિથ્યા સાથે મીત શી ? '. તોય દષ્ટિ આગળ વ્રજલીલા પ્રત્યક્ષ નિહાળે છે, જાણે ' નિત્ય લડસડતો પરિબ્રહમ! પ્રેમથી તેઓ ઉધ્ધવને વ્રજનાં લીલાસ્થાન બતાવે છે. આ જોઈ ઉધ્ધવ કૃતકૃત્યતા અનુભવે છે. વ્રજનાર માટે તો કૃષ્ણ જ મોટું પર્વ છે.

પ્રેમાનંદ:

ના દશમસ્કંધમાં વિરહથી દાઝેલી ગોપીઓ જ્યારે ભ્રમર મિષે કૃષ્ણને જ ઉપાલંભ આપે છે, ત્યારે ઉધ્ધવ તેમને જ્ઞાનયોગનો દીપ પ્રગટાવી અરુપ બ્રહમનાં દર્શન કરાવતાં કહે છે કે એ તો પ્રાણીમાત્રમાં વ્યાપી રહયો છે.

' નીચ ઉંચ સ્થૂળ સૂક્ષ્મ વિષે રે, જહાં જોઈએ ત્યાં બ્રહમસ્વરુપ '-ક:૧૩૩

એ નિરંજન નિરાકારને કોઈ માતાપિતા નથી. અનેક રુપે તે સૃષ્ટિમાં વિલસી રહયો છે. આના જવાબમાં ગોપીઓ કૃષ્ણ પ્રત્યે વ્યંગ કરતાં કહે છે.

' જે સંદેશો શ્રીકૃષ્ણે કાહાવ્યો, તે તમો કરી લેતા જાઓ :[૧૨]
ગોપવધૂ કહે ઓધવજીને, તમો સંન્યાસી થાઓ -ક:૧૩૩

અમારો શો વાંક છે કે તમે અમને મરતાંને આ જ્ઞાન યોગ વ્દારા મારો છો ? અમે તો આહીરડાં, - બદરીનાં ફળ ખાનારને દ્રાક્ષ કયાંથી ભાવે ? આ યોગજ્ઞાન તો કુબ્જાને આપજો. ગોપીઓને મન જ્ઞાન કરતાં પ્રેમલક્ષણાભકિતનું મહત્વ કેટલું છે તે દશાર્વતાં તેઓ કહે છે.

' જ્ઞાનસુધા તે વિખને તોલે, હરિ અધરામૃત પીજે રે '
પ્રાણનાથને બાથ ભરીને હદયા ઉપર લીજીરે ઓધવજી -ક:૧૩૮ :

અહીં કૃષ્ણની જ્ઞાન, યોગ, તપસ્યા ને નિર્ગુણ બ્રહ્મની ઉપાસનાનો ક્રૂર સંદેશ સાંભળી ગોપીઓના સ્નેહાસિકત હૃદયમાં જે પ્રતિક્રિયા ઉદ્ભવી, તે ખૂબ સ્વાભાવિક છે. ગોપીઓની પ્રીતિ જેટલી ગભીર છે, એટલી જ આ પ્રતિક્રિયા પણ ગભીર છે. તેથી જ તેઓ કહે છે કે અમે તો જોગી થયા છીએ.

' અમો કંથા કૃષ્ણ-કથાની પેહેરું, શૃંગાર તણો પથ ઝીલું :
કામ મગ્ન અબધૂત થઈને, નિઃશંક ગોકુળમાં ચાલું :[13] ક:૧૩૩'

અમારે મન જપ, તપ વ્રત- સઘળું વિઠ્ઠલ જ છે. સર્વસ્વનું દાન એને જ કર્યું છે. અમારે તો અંદર બહાર સઘળે કૃષ્ણ જ છે, તો જોગ ક્યાં સમાવીએ ?

' અમૃતનો ઘટ મુખ લગી ભરીયો, ઉપર ભરિયે તે વહી જાય :
શ્રીકૃષ્ણ ભર્યા છે કંઠ પ્રમાણે, તો કેમ જોગ સમાય ?[14]
કૃષ્ણ હૃદયમાં, કૃષ્ણજી બાહરે, જાંહાં જોઈએ તાંહાં જદુરાય ! ક:૧૩૩

ભાગવતને અનુસરી ઉધ્ધવ ગોપીઓની આ અનન્યભકિત જોઈ પોતાની જાતને ધન્ય માને છે: વ્રજ અને વ્રજની લીલાઓને ધન્ય માને છે. તેથી જ ગોપીઓ ઉધ્ધવને લઈ જઈ દ્વાદશવનની સઘળી ક્રીડાભૂમિ દેખાડે છે. છતાં કૃષ્ણ પ્રત્યે વ્યંગ્ય કરતાં કહે છે કે એણે રામાવતારમાં શૂર્પણખાને વિશ્વાસ આપી એનાં નાકકાન કાપી લીધાં, સીતાને હાંકી કાઢી, તો ઉપવાસી હોય તેમ પૂતનાને શોષી લીધી. સતી વૃંદાનું સત મૂકાવ્યું, તો શંખચક્ર ગદા વગેરે જાણે અમ રંક અબળાને હણવા જ ધારણ કર્યા હોય તેમ લાગે છે. જેણે માબાપ બીજાં કર્યાં, તેને અમારી સગાઈ શું લેખામાં ? તેથી અમે પરિતાપ છોડી દીધો છે. - આવાં વ્યંગવચન સાંભળી, ઉધ્ધવે વિદાય માગી . પણ ત્યાં તો વિરહઘેલી ગોપીઓ વિવિધ ભેટો લાવી પોતાના પ્રિયજન માટે ઉધ્ધવ સાથે મોકલાવે છે.

ગિરિધરમાં ગોપીઓ ઉધ્ધવને કહે છે કે તમે માધવના મિત્ર છો: તમે જે માગશો તે આપીશ. પણ કૃષ્ણની પાસે જવાનું કહેશો તો નહિ આવું. એની પાસે સદાયે લક્ષ્મી રહે છે, પછી અમને શું કામ બોલાવે ?

અરે ઉધવ અમો સાંભલીયું જે કૃશ્ન થયા વૃતબંધજી
વલિ કંસની દાશી કુબ્જા નામે તે સાથ્યે કીધો સમંધજી -૬
તારે અમને જો લખ્યું હોત નીમિત્રણ હરિયે આ વૃજમાંહે જી,
તો ચાંદલીયામાં અરપણ કરતાં પ્રાણ અમારા ત્યાંહે જી-૭
અમે તો હરિના સુખમાં જ સુખી છીએ. ભલેને ~~અ:૨૫~~ અ:૨૫
અનેક સુંદરી શામિ કરો, પણ અમારે મન હરી એક જી
મેરુ ચલે પશ્ચીમ રવી પ્રગટે તોય ટૈલે નહિ ટેકજી -૧૪
અહો ઉધવજી કયારે વિરહ અનલથી શિતલ કરશે નાથજી
હરિ કયારે સૂગંધીન કંજ સકોમલ અમ શીર ધરશે હાથ જી-૧૭ અ:૨૫
જેમ પારસના સ્પર્શથી લોઢું સુવર્ણ બની જાય છે તેમ
હરિના કરનક્ષાતથી અમારો થયો અંગીકૃત દેહ
એના અધરામૃતનાં પાન થકી શુધ સત્વ થયું મન એહ -૨૭ અ:૨૬

ઉધ્ધવ સંદેશની પ્રતિક્રિયા:

ઉધ્ધવ દ્વારા કૃષ્ણના જ્ઞાન, યોગ, તપસ્યા, અને નિર્ગુણ બ્રહ્મની ઉપાસનાનો ક્રૂર સંદેશો મેળવી ગોપીઓના સ્નેહાપ્લાવિત હૃદયમાં જે પ્રતિક્રિયા થાય છે, તેને કવિઓએ કયાંક સ્વાભાવિકતાથી તો કયાંક અતિરંજનાશાથે વિસ્તારથી ચિત્રિત કરી છે. આ પ્રતિક્રિયા અનેકમુખી બને છે. બીજું એ એટલી ગભીર છે. જેટલી ગભીર ગોપીઓની પ્રીતિ છે. આ બને વાત માનશાસ્ત્ર સંગત છે. ગોપીઓનો આક્રોશ અહીં પ્રથમ કૃષ્ણ પ્રત્યે વ્યકત થાય છે, જેણે પ્રીત કરી છેહ દીધો અને સંદેશો મોકલ્યો. ભ્રમરને આધાર બનાવી તે પોતાનો કોપ કૃષ્ણના જેવી લંપટતા , ચંચલતા સ્વાર્થ-પરાયણતા, ક્ષણિક પ્રીતિ અને ક્ષણિક રસલુબ્ધતાના વખાણ કરતી પ્રકારાન્તરે વ્યકત કરે છે. પછી તે ઉધ્ધવ પ્રત્યે પણ ગુસ્સો વ્યકત કરેછે, જે જ્ઞાનનો સંદેશ વૃજમાં લઈ આવ્યા છે. પછી જયારે કૃષ્ણની આ આકસ્મિક વિરતિના કારણ શોધે છે, તો તેની વાગ્ધારા કુબ્જા પ્રત્યે ઠલવાય છે. તે કૃષ્ણ અને કુબ્જાની' જુગતે જોડી -' ની કલ્પના કરી તીવ્ર વ્યંગ્ય કરવા લાગે

છે. સંદેશમાં કહેવાયેલી પ્રત્યેક વાતનો તે ભિન્ન અર્થ ગ્રહણકરે છે. એક પછી એક પ્રહાર કરી એ સંદેશની હાંસી ઉડાવે છે.

કવિઓએ આ વાત ભાવાત્મક સ્વરુપે વ્યકત કરી છે. અહીં સૂક્ષ્મ સંવેદનોની તીવ્ર અભિવ્યકિત થઈ છે. અહીં પરિહાસ કઠોર, વ્યંગ હોવા છતાં એની પાછળ ગોપીઓના હૈયામાં લહેરાતો ઉંડો ભાવ -સમુદ્ર છલકી રહયો છે.

કુબ્જા પ્રતિ વ્યંગ:

ભાગવતમાં ગોપીઓ કુબ્જા પ્રતિ કયાંય સ્પષ્ટ રુપમાં વ્યંગ કરતી નથી. કુબ્જાના નામનો ઉલ્લેખ એમાં નથી. એક સ્થળે ભ્રમરના માધ્યમથી સપત્ની પ્રતિ ઈર્ષ્યાભાવ દર્શાવાયો છે.[૧૫] મથુરાની સ્ત્રીઓની પ્રતિ પણ જિજ્ઞાસામિશ્રિત આવો જ ભાવ જોવા મળે છે. આ સિવાય કેટલાય ઠેકાણે લક્ષ્મી પ્રતિ સ્પષ્ટ રુપમાં ઉપાલંભ વ્યકત કરવામાં આવ્યો છે.[૧૬]

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નરસિંહ, ભાલણ, માધવદાસ, પ્રેમાનંદ ઈત્યાદિ કવિઓએ કુબ્જાને વ્યંગનો આધાર બનાવી એને એ સ્થાન આપ્યું છે, જે ભાગવતકારે લક્ષ્મીને આપ્યું છે.

કુબ્જા સાથેના કૃષ્ણના અનુચિત અને અનુપયુકત સંબંધની કલ્પનાકરતાં ગોપીઓનું હૃદય વિદીર્ણ થઈ જાય છે. કુબ્જા પ્રતિ વ્યંગ્યપૂર્ણ ઉદ્ગાર વ્યકત કરતી ગોપીઓની ભાવવિહ્વલ દશાનું ચિત્રણ અનેક કવિઓએ કર્યું છે. [૧૭]

ભાલણ:

ભાલણની ગોપીઓનો વ્યંગ્ય કુબ્જા કરતાં અધિક કૃષ્ણ પ્રત્યે છે. તેઓ કહે છે કે કૃષ્ણે કદાચ એટલે જ લગ્ન નથી કર્યાં કે જો દાસીથી કાર્ય સરે તો બંધન શા માટે ?

' હજી શું પરણ્યા નથી, ઘણી વધારે લાજી જી ,

બંધનમાં શાને પડે, જો દાસીએ સરે કાજ -૧૨ : પદ:૨૭૧

શોકય થયેલી કંસની દાસી પ્રત્યે, કટાક્ષ સાથે કૃષ્ણ પ્રત્યે પણ વ્યંગ્ય કરતાં તે કહે છે :

' હરજીએ અંદમા લીધો ચૂંટી , ભર્યાં નગરમાંહે મળી એક કુંટી-૯

ભલી મળી એ જુગતી જોડી[૧૮], કાળો વર ને કન્યા ખોડી -૧૦

ભૂધર ને ભલી જોડ જ લાધી, લક્ષ્મી પાયે ચઢાવી લક્ષી -૨૧ : પદ:૨૭૫

એ ' લૂલરી' નો રંગ લાગવાથી અમો આહીરડાં કેમ ગમે ? જ્યાં ત્યાં બેસેંતા ભૃંગનું ચતુરપણું જાણ્યું. એ ત્રિવિક્રમા માટે ભલે અમારો નેહ તોડયો, પણ અમે તો ' કાણી' કહેતાં લોકોને સાંભળી લાજી મરીએ છીએ. પણ ઈર્ષ્યાનો ભાવ તેમને છોડતો નથી. તેથી જિજ્ઞાસાથી ઉધ્ધવને પૂછેછે કે શું કુબ્જા અમારાથી વધારે રુપાળી છે ? વધારે ચતુર છે ? ભલે ચંદન માટે એને સુંદર બનાવી પણ હરિએ એના ગુણઅવગુણ જોયા નહિ એ તો કેવળ જાર છે. કેમ કે

' કસ્તુરી કેમે નવ થાયે, જોતાં આદે છાહાર ' ૧૯ પદ: ૨૭૬

અને પૂછે છે :

'પાવન દાસી કીધી નાથે, ત્યારે તમો હતા શું સાથે ? -પદ-૨૭૫

કુબ્જાની પ્રીતિને કારણે જ કૃષ્ણ ગોકુલ નથી આવતા. બાકી આપણને કોટિ ઉપાયે પણ કુબ્ડી નહિ મળે.

' ધૂર્ત નર ( ને) નારી ધૂતારો, કો'ને કોણ વા'રો જુહારી' -૧૨ : પદ:૨૭૫

છતાં ય પ્રિય પ્રત્યેનો સ્નેહ ઘટતો નથી. તેથી જ અંત કહે છે :

' કુબ્જા સરખાં કોટિક આણો, અમને પોતાનાં કરી જાણો ' પદ:૨૮૪

કેશવરામ:-

ગોપી કુબ્જાને બદલે કૃષ્ણ પર જ વ્યંગ્ય કરે છે. અમે તો મથુરાં વાટે રાહ જોઈએ છીએ. પણ એ શેં આવે ? કેમકે

' પેલી ચંદનચીરે ચોહયો રે, કુબ્જાને કાંમણે મોહયો રે -૨૫ સર્ગ :૨૦

અહીં તેઓ કુબ્જાને જ યોગ શીખવવાનું કહે છે. ૨૦

'અહમને અચ્યુત દાખવો, કહો કુબ્જાને યોગ' -૩૫ સર્ગ:૨૦

છેવટે તેઓ ઉધ્ધવને પણ ધૂર્ત કહે છે :

ધૂર્તે ધૂત મેળાવડા, વૈતાળે વૈતાળ,
ઠાગ સેવતા ઠગ હીસે , જાણે માયાજાલ -૩૬
એક વામન, બીજી કૂબડી, ત્રીજા તમે પરધાન -સર્ગ :૨૦

માધવદાસ:
-------- માં કુબ્જાનો સ્પષ્ટ કોઈ ઉલ્લેખ નથી. પરંતુ નગરનારીની અને લક્ષ્મીની વાત આવે છે. ભ્રમર મિષે ઉપાલંભ આપતાં કહે છે કે જેણે અધરામૃત પાઈ પ્રાણ હરી લીધા છે, એ હવે સ્વાર્થી બન્યો છે. કારણ એ નગરનારીની ચાતુરી પર મોહી રહયો છે. લક્ષ્મી પણ એને શું જાણે ? એ એની દાસી બની સેવા કરે છે. સરલ સ્વભાવના આહિરડાંને તે ભૂલી ગયો છે અને '

શ્રી મુખે અમને જોગ કહાવ્યો, 'ભોગ' નગરની નાર:ક:૩૫

તેથી જ એક ગોપી વ્યંગ્યમાં કહે છે :

' અમ શું જેમ ઠરે, તેમ ઠર્યો તારાં મોરાર ' ક:૩૫

' સરખાને સરખું મળ્યું ' તેથી અમને તે કેમ સંભારે ?

પ્રેમાનંદ:-
------- જયારે ઉધ્ધવ ગોપીઓને મળે છે, ત્યારે તેઓ તેમને કૃષ્ણના સમાચાર પૂછે છે. કૃષ્ણ શું અમને યાદ કરે છે ? અમને કેમ વિસારી મૂકયાં ? નકકી,

' દાવ પડયો દાસી કુબ્જાનો, અમે અપરાધણ હારી ' ક:૧૩૧

બીજી ગોપી પૂછે છે કે મથુરામાં માધવ કેવી રીતે ક્રીડા કરે છે.

' અમે જોવા આવું કૃષ્ણ કુબ્જડીને, કેમ માંડયો ગૃહસ્થાશ્રમ : ક: ૧૩૧

જ્ઞાનયોગનો સંદેશો ઉધ્ધવ લાવે છે, તેથી ગોપીઓ તેમને કહે છે કે સંન્યાસી થવાનો સંદેશો તમે કૃષ્ણને જ આપો, જેથી તે મુગટપીતાંબર મૂકી, સ્મશાનભસ્મ ચોળી કુબ્જાને બારણે બેસી શીંગી ફૂંકે .

'હરિઅધરામૃત ' પીનારી ગોપીઓને જ્ઞાનસુધા વિષતુલ્ય લાગે છે. તેથી ઉધ્ધવને તેઓ કહે છે કે અમે તો મેલાં ધાબળાં ઓઢી, મહી વેચનારાં મૂઢ આહીરડાં છીએ, તેથી જ્ઞાનમાં શું સમજીએ ? કૃષ્ણ કુબ્જાને ઉપદેશ આપે તો તેને સદ્ય વૈરાગ્ય ઉપજશે.

' બ્રહમવિદ્યા કુબ્જાને આપો, શીખી જાશે વહેલી રે '-ક:૧૩૮

અહીં કથનમાં જે વક્તા છે તે ભાવ સાથે સંબધ્ધ છે. આમ તો વ્યંગ્ય કુબ્જા પ્રતિ છે. પરંતુ બ્રહમવિદ્યા તરત શીખી જશે, એ કથનમાં તો સંદેશ મોકલનાર કૃષ્ણ પ્રતિ ઊંડો ધ્વનિ રહેલો છે. તેઓ કૃષ્ણને'દહોડે પશુ ' — કહે છે. કારણ કે ' રાધાપંકજ પરહરી' તેણે કુબ્જા જેવી

દાસી ધતુરામાં વિશ્રામ શોધ્યો છે. મધુકરને તેથી જ તેઓ કહે છે કે તું અહીં નકામો આવ્યો છે. તને મથુરામાં જ માન મળશે ને કુબ્જાને કારણે જ તારો ત્યાં અર્થ સરશે. કારણ વૃંદાવનમાં પુષ્પો તો નીરસ થયાં છે, માટે ધતુરાની વાસ લે.

કૃષ્ણને માટે પણ તેઓ કટાક્ષમાં 'કુબ્જાવલ્લભ' શબ્દ પ્રયોગ કરે છે.

પ્રેમાનંદે તો જશોદા પાસે પણ કુબ્જા પ્રતિ વ્યંગ્ય કરાવ્યો છે. જો કે તે વ્યંગ્ય સ્વતંત્ર નથી પણ એકબીજા વ્યંગ્યના આશ્રિતરુપે વ્યકત થયો છે :

' એટલું કેહેજો દેવકીને, જે પુત્રનું સુખ લીધું અમો,
પાગ લાગશે કુળવંત કુબ્જા, વહુનાં સુખ લેજો તમો' ક:૧૪૦

ગિરિધર : માં ગોપીઓ ઉધ્ધવને કહે છે કે અરે, અમે સાંભળ્યું છે કે કૃષ્ણે કંસની દાસી કુબ્જા સાથે સંબંધ બાંધ્યો છે. અમને જો નિમંત્રણ પાઠવ્યું હોત તો અમે આંલ્લામાં અમારા પ્રાણ અર્પણ કરત. બંનેની સરખી જોડ મળી લાગે છે.

બન્યો અતુર શિરોમણી મલિયાં, નથી કાંઈ ખાંપણ ખોડજી :
કૃષ્ણ કાળો કુબજા કુબડી, સરખે સરખી જોડજી: ૯: અ:૨૫

ઉધ્ધવે કૃષ્ણને મળી કરેલું વ્રજદશાવર્ણન :

ભાગવતમાં ગોપીઓના ભકિતભાવથી પ્રભાવિત થયેલા ઉધ્ધવનું વિસ્તારથી વર્ણન મળે છે. પરંતુ કૃષ્ણને મળી, તેમણે શું કહ્યું તેનો સંકેતમાત્ર છે:

કૃષ્ણાય પ્રણિપ્રત્યાહ ભકત્યુદ્રેકં વ્રતૌકસામ્ ।
વસુદેવાય રામાય રાજ્ઞે ચોપાયનાન્યદાત્ : ૭૦। દશમ્ અ:૪૭

આ પ્રસંગ કેટલાક કવિઓએ વિસ્તારથી વર્ણવ્યો છે, જેમાં ભકિતનીમહત્તા અને ગોપીઓનો સ્નેહ અંકિત થયો છે. જયારે કેટલાક કવિઓએ ઉધ્ધવ વ્રજથી મથુરા ગયા, ત્યાં જ અટકી ગયા છે.

ભાલણ: માં ઉધ્ધવ મથુરા જઈ કૃષ્ણને મળે છે ત્યારે કૃષ્ણ તેમને નંદજશોદા અને વ્રજવધૂઓના સમાચાર પૂછે છે. ઉધ્ધવ વ્રજનારીઓના સ્નેહનો મહિમા તેમની આગળ ગાતાં કહે છે:

' પ્રેમ શો કહું વ્રજનારીનો કહયો ન જાયે વાણીજી -૩

ધન્ય વ્રજના ગોવાળિયા રે, ધન્ય ગોપીને ગાય જી

પ્રેમભકિત તે કહી ન જાયે, જીહ્વ એક મુખ માંય જી -૪ પદ:૨૯૨

અને એ ભકિતનો પાર કોણ પામી શકયુ છે ?

' વાસ હોય તો વ્રજ વિષે , જેનો બ્રહમા ન જાણે પાર જી

સનકાદિક જાણે નહિ, પ્રેમભકિત નિધારજી -૫ : પદ:૨૯૨

અને એ સ્નેહનો પડધો પડયા વિના રહે ?

' વચન સાંભળી ઉધ્ધવનાં, હરિ થયા ગદ્દગદ્દ કંઠજી

વ્રજવાસી ને સંભારીને જલ ચાલ્યાં નયણે ભગવંતજી -૭ :પદ:૨૯૨

હરિ ઉધ્ધવને કહે છે કે :

મારે અનેક ભકત હોવા છતાં ' એક કલા આવે નહિ, વ્રજવાસી જેવા દાસ જી:૯ : પદ:૨૯૨

માધવદાસ:
-------- માં ઉધ્ધવ મથુરા આવી કૃષ્ણને પ્રણામી , વ્રજવાસીઓએ મોકલેલી સઘળી ભેટ

એમને ચરણે ધરે છે, અને કહે છે :

' સ્વામી! ગોપિકાનો સ્નેહ સબલો, શી કહું તેની વાત ?

હ્રદેથી નહીં વિસરે, ક્ષણ એક જનુની તાત -૩ :ક:૪૨

ગોપીઓની સ્નેહદશા વર્ણવતાં કહે છે કે તમારા સઘળાં ક્રીડાસ્થળ જોઇ તેઓ વિકલદશા

અનુભવે છે.

' ઓ કૃષ્ણ આવે વેણ વાતો, ગૌ ગોપ મુઝાર ! '

ગૃહ કર્મ સુખ સંસાર મેહેલી પુત્ર પતિનો સ્નેહ :

સંન્યાસિની સૂખી સહી, સંસાર ત્યાગી તેહ -૫ :ક:૪૨

ગોપી સમોવડ કોઇ નથી. તેથી જ ઘણા દિવસ વ્રજમાં રહયો છતાં જાણે એક ક્ષણ રહયો હોઉં

તેમ લાગે છે.

પ્રેમાનંદ: માં ઉધ્ધવ કૃષ્ણને મળી ગદ્ગદ્ કંઠે, આંસુ સહિત ગોપીઓની વિરહદશા વર્ણવેછે.

છે ગોકુળ માંહે ચોમાસું વરસાત બારે માસ
આંસુપાત વિજ્નારી તણો હું દેખી પામ્યો ત્રાસ
નંદના નિશ્વાસથી , સૂકશે વૃંદાવન
દુ:ખ જોઈ જશોદા માતનું,મારાં ફૂટયાં નહીં લોચન :ક:૧૪૧

તમે ' દયાસિંધુ ' છો,તો નિર્દય મનના કરશો. ગોપીઓનાં દર્શન, ગોષ્ઠીથી હું પાવન થયોછું,કૃષ્ણ કહે,હું તેમનાથી જરાયે અળગો નથી. 'અખંડ રાસક્રીડા રમું ',(૫૯૮) કુબ્જા નારનું કલંક મને ખોટું લગાડયું છે.

ગિરિધર માં ઉધ્ધવ મથુરાં આવી આનંદથી હરિને મળ્યા. વ્રજભકતોની પ્રેમથી પ્રશંસા કરી, સહુના પ્રણામ કહયા અને હરિ આગળ ભેટ ધરી.

વ્રજવાસીનાં આચરણ ભકતી સમાચાર સહુ કહા,
તે કહેતાં સુણતાં કૃશ્ન ઉધવ પ્રેમથી ગદગદ થયાં :૪૮ :અ:૨૭

પાદટીપ:

૧: શ્રીમદ્ ભાગવત :૧૦:૪૭:૧૧

૨: એજન: ૧૦:૪૭:૧૨ થી ૨૧:

૩: વ્રજભાષામાં સૂરદાસ , નંદદાસ અને તુલસીદાસજી.

૪: સૂરદાસમાં પણ આવો જ ભાવ મળે છે :

ઉધ્ધૌ મોહિ વ્રજ બિસરત નાહિં : સૂરસાગર પદ: ૪૭૭૬

૫: આના જેવી જ વાત ' ઉધ્ધવદૂત' માં શ્રી માધવ ભટ્ટાચાર્યજી કહે છે :

'કૃષ્ણ વિના સૌ દીન બની ગયાં પણ એક શ્રીયમુનાજી મૃગલોચની વ્રજાંગનાઓના રડવાના કારણે હમેશાં વધતી જાય છે.

૬: સુંદરસુત કૃત: ભ્રમરગીતા' ' ભ્રમરગીતા : ડો: મં: મજમુદાર : ડો:ચિ:વૈદ્ય.

૭: શ્રીમદ્ ભાગવત :૧૦:૪૬:૨૩

૮: એક માત્ર નરસિંહે પાછા વળતા ઉધ્ધવને કૃષ્ણ માટે રાધા દ્વારા પત્ર આપ્યાનો ઉલ્લેખ કર્યો છે.

' લાવ લાવ સખી એક કાગળ લખીએ હરિને રે

લખીતંગ ચરણરજદાસ રાધિકા નારી રે –ન.કૃ.કા.પૃ:૪૧૫,૪૧૬

જ્યારે સૂરમાં કૃષ્ણ નંદ જશોદા, રાધા તથા મિત્રો માટે જુદા જુદા કાગળ લખી આપે છે.

૯: સૂરની ગોપી પણ કહે છે : ઉધો જોગ જોગ હમ નાહીં '

૧૦: આવી જ કાળી વસ્તુ ત્યજવાની વાત દયારામે 'શ્યામ રંગ સમીપે ન જાઉં' માં કરી છે, "તો પ્રેમરસ-ગીતા' માં આવો જ ભાવ મળે છે.

તું કાળો છે તે હોઈશ કપટી, વીત્યું માટે જાણીયે ' પદ:૯૮

વ્રજભાષામાં સુરદાસે પણ ' મધુકર યહ કારેકી રીતિ '

અને ' સખીરી સ્યામ સબૈ ઈક સાર,

ભંવર કુરંગ કાક અરુ કોકિલા, કપટિન કી જટસાર: સૂરસાગર પદ:૪૩૬૯

પદોમાં આ જ વાત ગાઈ છે. કાળાના અન્ય દોષોમાં પ્રતિક્ષણ કૃષ્ણની સ્મૃતિ જીવિત કરનાર કાળી વસ્તુના રસમય દોષનો ઉલ્લેખ સૂરમાં જ મળે છે જે તેની વિશિષ્ટતા છે.

૧૧: શ્રીમદ્ ભાગવત :૧૦:૪૭:૨૫:૫૮,૫૯

૧૨: સૂરની ગોપી પણ

' યહ પાતી લૈ જાહુ મધુપુરી જહાં બસૈ શ્યામ સુજાતી ' કહી કૃષ્ણના સંદેશની વ્યંગ્ય-પૂર્ણ ઉપેક્ષા કરે છે.

૧૩: સૂરની ગોપી પણ પ્રેમજોગની આરાધના કરે છે.

' હમ અતિ ગોકુલનાથ આરાધ્યો

<u>મનક્રમ વચહરિસોંધરિ</u> પતિવ્રત, <u>પ્રેમજોગતપસાધ્યો</u> ' સૂરસાગર-પદ: ૪૧૪૯

૧૪: સૂરમાં પણ આવી જ ભાવાભિવ્યક્તિ જોવા મળે છે.

૧: 'ઉધો મન તો એકહિ આહિ

સૌ તૌ હરિ લૈ સંગ સિધારે, જોગ સિરવાપત કાહી '

૨: ' ઉધો મન ન ભયે દસબીસ

એક હુતો સો ગયો શ્યામ સંગ,

કો આરાધે ઈસ

૩: ઉધૌ, મન નહિ હાથ હમારે

રથ ચઢાઈ હરિ સંગ ગએ લૈમથુરા જબહિં સિધારે : સૂરસાગર પદ: ૪૩૩૮

૧૫: મારી શોકયના ચંદનવાળી મૂછો વડે મારા ચરણને અડકતો નહિ-'

શ્રીમદ્ભાગવત:૧૦:૪૭:૧૨:૪૨:૪૩

જયારે અહીં ચદનનો ઉલ્લેખ છે, ત્યારે મોટાભાગના ગુજરાતી કવિઓએ કુંકુમનો ઉલ્લેખ કર્યો છે.

૧૬: શ્રીમદ્ભાગવત :૧૦:૪૭:૧૫,૨૦

૧૭: સૂરદાસમાં ' વૈ કાહ જાનૈ પીરપરાઈ

જે જમુનાજલ રંગ રંગે હૈ

અજહું ન તજત કરાઈ :

વહઈ દેખિ કૂબરી લૂલે

હમ સબ ગઈ બિસરાઈ: સૂરસાગર :પદ:૩૭૭૪

૧૮: સૂરદાસમાં ' એ અહીર વહ દાસી પૂરકી

વિધના જોરી ભલી મિલાઈ : સૂરસાગર -પદ: ૩૭૬૮

૧૯: સૂરમાં: ' કંસ બંધ્યૌ કુબ્જા કૈ ~~કાજ~~ કાજ,
જૈસે કાગ - હસંકી સંગતિ લહસુન સંગકપૂર
જૈસે કંચન-કાચ બરાબરહિ, તોરુ કામ સિંદુર.

૨૦: સૂરમાં: ' અબ હમ નિપટહિં ભઈ અનાથ
સૂર બિધાતા રચિ રાખ્યૌ વહ, કુબિજા કે મુખ જોગ: સૂરસાગર પદ:૩૭૮૦

નંદ વસુદેવ , જશોદા અને દેવકીના ઉદ્ગારો:

કૃષ્ણકાવ્યમાં પુત્રપ્રેમનો ચરમ ઉત્કર્ષ નંદ, વસુદેવ, જશોદા અને દેવકીની મનોભાવનાઓમાં મળે છે. નંદ અને જશોદાની વાત્સલ્યમથી ભાવવૃત્તિનું નિરુપણ તો બાલકૃષ્ણના ઉપાસક કવિઓ દ્દારા મોટે ભાગે કરવામાં આવ્યું છે. પરંતુ વસુદેવ અને દેવકીના હૃદયની ભાવનાઓનું મર્મસ્પર્શી આલખેન આપણા મધ્યકાલીન ગુજરાતી કૃષ્ણકાવ્યની એક વિશેષતા જ કહી શકાય. વિશેષ તો નરસિંહ,ભાલણ અને પ્રેમાનંદે મુખ્યત્વે દેવકીની મનોવ્યથાને જાણી છે, અને તેને પર્યાપ્ત ભાવથી અભિવ્યકત પણ કરી છે.

દેવકીનું સૌથી મોટું દુ:ખ એ છે કે પુત્રને જન્મ તો તેણે આપ્યો, પરંતુ ઉત્સવ અને વધાઈ તો જશોદાને ઘેર થયાં. માતા હોવા છતાં પણ તેને માતૃત્વના અધિકારો અને સુખોથી વંચિત રહેવું પડયું. એના ભાગ્યમાં માત્ર કૃષ્ણને જન્મ આપવાનું જ લખ્યું હતું. તેનું લાલનપાલન કરવા અને તેને પાસે રાખવા માટે તેણે તડપવું જ પડયું, અને તેના જોવતાં જ અન્યએ એ સુખ પ્રાપ્ત કર્યું. આ જ તો એની મર્મકથા છે, કરુણકથા છે.

(આજ ભાવ નરસિંહમાં દેવકી વ્યકત કરે છે.

'પુત્રધન કમાઈ જશોદા કેરી, માતા તે કહેવાશે રે
મિથ્યા માતા હું પુત્ર તું મારો, પર ઘેર તોરણ બંધાશે રે
પુત્રને આપી માતા આંસુડા ઢાળે, પુત્ર છેલ્લી અરજ હમારી રે
કોડ વરસ આયુષ્ય હજો પુત્રને , માતા લૂણ નખે ઉતારી રે : ન.કૃ.કા.પૃ:૪૩૨)

ભાલણ:
ની દેવકી આ બધું વિચારતાં કૃષ્ણને છાતી સરસો લગાવી દે છે, અને વસુદેવના હાથમાં પુત્રને સોંપતાં તેનું કાળજું ભયથી કંપી ઊઠે છે. કૃષ્ણના બાલજીવનના જાતજાતના દૃશ્યો તેની આંખ આગળ આવી તેને વધારે દુ:ખી બનાવે છે.

' નાનડિયો સાદ દેતો આવશે, અધરણ અધર તે હસશે રે
મારા ભાગ્યમાંહે નવ લખિયું, તેને અંતર વસશે રે
તેને ઘેર તોરણ બંધાશે, થાશે અતિ દિવાળી રે.

વેરણ વિધાતાએ શું સરજ્યું, જે હું દુખે બાળી રે
પાગે વાગે ઘુઘરડી ને પગલાં ભરશે લટકે રે.
ઉતાવળો આવીને મળશે, એને હરિ ત્યાં મટકે રે
તે જાણ્યા વિના જનની થઈ, મારો ખોલો ઠાલો રે:
રુપ દેખાડી અભિનવું, મને મૂકી કિમ ચાલો રે
એણી પેરે દેવકી ટળવળ્યાં, હરિને હૈયે ચાંપે રે
પીયુતણે કર બાલક આપે, ભેથી હૈડુ કાંપે રે -પદ: ૧૫

પ્રેમાનંદ:

' ધન્ય જશોદા ધન્ય જશોદા, વણ પ્રસવે થઈ માતા
કોનું સાચ્યું, કોણ ભોગવે, લખ્યો લેખ વિધાતા
કીડી સાચે ને તીતર ખાએ, તેમ થયું આજ મહારે,
એક રાતની હું નહિ માતા, પરઘેર પુત્ર પધારે
ઘમક ઘુઘરી ઠમક ઠેકડે, સુત ગોપી ઘેર રમશે.
હું અપરાધણ હરખે હણાઈ, વિજોગ પુત્રનો દમશે.
સાચી મા તે નંદની મારી, હું આશરે મ્હોં બોલી.
સાંભળ્યું કહીં પોપટી પ્રસવે, સુતને હુલાવે હોલી.
પધારો તાતા મહિયારી માતા, જીવજો તમે ગૌચારી,
આ મનોહર મુખડે કયારે કહેશો, મુજને માતા મારી :ક:૧૪

ઉકત પદમાં ' એક રાતની હું નહિ માતા'-ની મર્મવ્યથા વ્યકત કરતી કારાવાસિની દેવકી અને ગોકુલની રાણી પુત્રવતી જશોદા-ની પરિસ્થિતિઓની ભિન્નતા અત્યંત કલાત્મક રુપે વ્યકત થઈ છે. દેવકીના હૃદયની કૃષ્ણને પોતાના મુખથી માતા કહેવા-સાંભળવાની જે અભિલાષા વ્યકત કરવામાં આવી છે, તે અત્યંત માનવીય છે અને માતાની સહજ માનસિક દશાને પૂર્ણતયા વ્યકત કરી છે.

કૃષ્ણના મથુરા પહોંચી ગયા પછીની દેવકીના હૃદયની દશાનું ચિત્રણ કરવામાં ભાલણે અત્યંત ભાવુકતા અને કુશળતાનો પરિચય આપ્યો છે. દેવકીને જ્યારે આ સમાચાર મળ્યા કે કંસના ચાણૂર મુષ્ટક આદિ મલ્લો સાથે કૃષ્ણને યુદ્ધ કરવાનું છે ત્યારે તેને ઘણી ચિંતા થઈ. તે દાસીને સમાચાર લેવા મોકલે છે, અને તેના મનમાં વિવિધ પ્રકારના સંકલ્પ ઊઠે છે.

કંસને માર્યા પછી કૃષ્ણ દેવકી સાથે રહે છે, પરંતુ કૃષ્ણનું મન મથુરામાં નથી લાગતું, તે જોઈ તે તેને વારંવાર જે કંઈ, જશોદા જેવું કરતી, તે બધું જ, તેવું કરવાનું આશ્વાસન આપે છે.

જ્યારે કૃષ્ણ ચિત્રમાં ગાય જોઈ નિઃશ્વાસ મૂકે છે, ત્યારે તે કહે છે:

' સુસુરભિ દેખી ચિત્રની , સુત કાં મેલો નિશ્વાસ ,

કહો તો અહીં અણાવિયે રે, ગોકુલનો સર્વ વાસ હો.

જશોદા કરતી તે કરું, જે કહો મુજને વીર

સંભારી નંદનારી ને કાં નયણે ઢાળો નીર હો : પદ: ૨૦૩

કૃષ્ણ વારંવાર જશોદાના પ્રેમના વખાણ તેની આગળ કરે છે, જેથી તેનું દુઃખ એથી પણ વધી જાય છે. પુત્ર તો તેને મળે છે, પરંતુ તેનામાં જે ભાવ પામવા તે આતુર હતી, તે નથી મળતો . જ્યારે અંતમાં કૃષ્ણ એમ કહયા કરે છે કે મારા વિના જશોદા જીવી નહિ શકે, તો લાચાર થઈ વસુદેવ દેવકીને જશોદાને બોલાવવાની સલાહ આપે છે, જેનાથી પરિસ્થિતિ એથી પણ વધુ માર્મિક થઈ જાય છે[1].

આ સાંભળી દેવકીને જશોદાની ઈર્ષ્યા થાય છે અને આવા ભાવના આવેગમાં તે જશોદાએ કરેલાં સારાં કાર્યમાં પણ દોષ શોધવા લાગી. તે વિચારે છે કે ગાયો ચરાવી ચરાવી તથા થોડાક માખણ માટે નાનકડા કૃષ્ણને મારી, બાંધી, ખરેખર જશોદાએ ઘણીજ ક્રૂરતા દર્શાવી છે, એના પુત્ર સાથે અને એના બદલામાં એણે તો એના રુપરસનું પાન કરવાનું મળ્યું. ન જાણે તે કેવી રીતે માતા કહેવાઈ ?

મહી માખણ કાજે નોજડે, બાંધ્યો માંડ મારવા લીધા રે

ભાલણ જાણે જનની થઈ, અમૃત આંખડી પીધાં -પદ:૨૦૭

ભાલણે જેટલી માર્મિકતાથી દેવકીની માનસિક અવસ્થાનું ચિત્રણ કર્યું છે એટલી જ માર્મિકતાથી જશોદા અને નંદના મનોભાવોને પણ વ્યકત કર્યા છે.

કૃષ્ણને મથુરાં મુકી નંદ પાછા આવે છે. તે પહેલાની જશોદાની મનઃસ્થિતિને ભાલણે સ્પર્શ નથી કર્યો. પરંતુ કૃષ્ણ દ્વારા નંદ પ્રતિ કહેવાયેલા શબ્દોથી જશોદાના આ દુઃખ પ્રતિ તેણે સંકેત અવશ્ય કર્યો છે.[2]

૧: ઘણું ઘણું કહેજો મારી માતને રે, તમ કને મારા પ્રાણ રે
 યોગ નથી આવ્યા તણો રે, સત્ય કહું છું વાણ રે -પદ:૨૧૨

૨: ટળવળતી હશે રે મારી માવડી, દુખેં ધરશે તે મુજ માટ રે
કોમળ હૈડું છે તેહનું રે, જાણિયે તે નવનિત્ય રે
ક્ષણુએ વિરહ સહે નહિ રે, ધરથી બાંધી પ્રીત રે -પદ:૨૦૯

કેશવરામે :-
પણ પોતાની કૃતિમાં જશોદાને આ રીતે ભાવવિહ્વલ ચિત્રિત કરી છે. કૃષ્ણને બોલાવવા આવેલા અક્રૂર પ્રતિ તિરસ્કારથી ' જા જા ' કહેતી, તે કૃષ્ણ પ્રતિ પોતાનો પ્રેમ વ્યકત કરે છે. તેનું સર્વ ગોધન ભલે ચાલ્યું જાય, પણ તે કૃષ્ણને નહિ જવા દે. કારણ કે કૃષ્ણ તેના આત્માનો આધાર છે.

' જા જા ભણતી યશોમતિ, મહારો ધરણીધર નહિ ધરી.
પ્રાણપાએ અતિ વહાલો રે, આત્મનો આધાર.

- -

ગોધન ધન લીયે સહુ પણ હરિ ન આપૂં હંસ -૩૯ સર્ગ :૧૬

ભાલણે :-
નંદના વાત્સલ્યપૂર્ણ હદયની કોમળતા અને રાજય પ્રાપ્ત કરેલા કૃષ્ણની કઠોરતા - ઉભયને બંનેના સંવાદમાં સારી રીતે પ્રગટ કરી છે. નંદને સમજ નથી પડતી કે કૃષ્ણ કેમ વ્રજમાં પાછા નથી આવતા. તેની આગળ પોતાની સ્પષ્ટતાં કરતાં પોતાનું હદય ખોલી દે છે અને અંતમાં એ પણ કહી દે છે કે જો કૃષ્ણ પાછા નહિ આવે તો તે કાશી જઈ સંન્યાસ ગ્રહણ કરી

લેશે. કેમ કે તેમને માટે કૃષ્ણ આંધળાની લાકડી જેવા છે:

' મે તમને કયારે કહયું છે જે ચારવા જાઓ ગાય જી,
રમવાની ખાંતે જાતા, ઘણું એ વારતી માય.
પ્રાણજીવન તું છે માહરો, શું કહું વારંવારજી .
અંધાને જયમ લાકડી ત્યમ, તું મુજ પ્રાણઆધાર
જો તમો આવો નહિ તો, અમો જાશું કાશીજી
ગૌ ગૃહ સર્વ પરવરી, થઈ રહેશું સંન્યાસી.
પુન્ય ત્યાં જઈ એવું કરશું, પુનરપિ અહિં અવતારજી.
માતાપિતા અમો તુંકુંવર , વિરહ નહિ લગાર : પદ:૨૧૦

અહીં દુ:ખી નંદની ભાવધારા એક નવો વળાંક લે છે. જયારે તેની વૃત્તિ કૃષ્ણના ક્રૂર ઉત્તરોથી ઘવાઈ, પોતાની પુત્રીના અભાવનો અનુભવ કરવા લાગે છે. વસુદેવ જે કૃષ્ણના બદલામાં તેની પુત્રી મથુરા લઈ આવ્યા હતા, તે પુત્રી પણ હાથથી ગઈ ને પુત્ર પણ પોતાનો ન નીકળ્યો. કૃષ્ણ ગયા તો ભલે ગયા, જો પુત્રી હોત તો ઘર તો વસતને !

' એમ ન જાણ્યું રે પુત્ર પીયારો થાશે :
ધવરાવીને હૈડે ચાંપ્યો, તે છેહ દઈને જાશે.
કુંવરી મારી રાયે ગઈ, એ નવ આવ્યો હાથ રે :
શું કીજે જો ઝુંટી લીધી, દુર્બલની જયમ ઓથ,
કહાનજીને મોકલતા તો મારું ઘર મંડાતું.
અથવા મારી કુંવરી રહેતી, તો એ ત્યાં ઘર વસતું રે - પદ:૨૧૩

આવો જ ભાવ પ્રેમાનંદના નંદ પણ પ્રદર્શિત કરે છે.

મે ઉછેર્યો આદર કરી રે સાચો જાણી પુત્ર,
તુજ માટે ગઈ દીકરી રે, મારું ઉજાડયું ઘરસૂત્ર - કડવું :૧૨૨ : પદ: ૯:

ભાવના ક્ષેત્રમાં અથવાને સ્થાન નથી . નંદની જે ભાવના ભાલણ તથા પ્રેમાનંદે ઉપરોકત પંકિતઓમાં વ્યકત કરી છે તે કૃષ્ણ પ્રત્યેના તેમનાપ્રેમમાં બાધક નીવડે છે. જો કે ભાલણે અંતિમ પંકિતઓમાં[3] બીજા કોઈ બાળકનો સ્વીકાર નહિ કરવાની વાત કહી છે, જેથી આ ભાવદોષનો પ્રાય:પરિહાર થઈ જાય છે, તો પણ નંદની આવી ભાવના કૃષ્ણ પ્રત્યેના તેમના પ્રેમને દ્વિતીય કોટિમાં લાવી મૂકે છે. જો કે બીજી દષ્ટિએ વિચારતાં, આવા કથનમાં એક પ્રકારની સ્વાભાવિકતા જોવા મળે છે. પુત્રી આપી પુત્ર મેળવ્યો, ને તે પણ જયારે પારકો સિધ્ધ થાય છે તો એક સામાન્ય પિતાને પોતાની પુત્રીનું સ્મરણ તાજું થાય એ ખૂબ સ્વાભાવિક લાગે છે.

નંદ પ્રતિ કૃષ્ણ અત્યંત ક્રૂર થઈ તેમને સીધે સીધા ગોકુલ જવાની વાત કહી નાખે છે. દેવકી વસુદેવને પોતાના માતાપિતા કહી, તે નંદ સાથેનો બધો જ સંબંધ તોડી નાખે છે.

' નંદજી ગોકુલ સાંચરો, સુધી કહું એક વાત રે :
દેવકી માતા માહરી, વસુદેવ મારો તાત રે – પદ: ૨૧૪.

આવા ક્રૂર ઉત્તરનું એક જ પરિણામ આવે છે કે નંદકૃષ્ણની નિદર્યતાથી નિરાશ થઈ દશરથની જેમ મરી જવાની વાત વિચારવા લાગે છે.[4]

' દયા દામોદર તારી કયાં ગઈ રે, ટળવળ્યાનો નહિ વાંક રે,
બાપનું સગપણ તે ટળ્યું, આવો આવો જાણી મને રાંક રે.
ધન્ય તે જીવ્યું દશરથ તણું, રામજી જાતાં ગયા પ્રાણ રે,[5]
હૈડું કઠિણ ફાટે નહિ, જાણે ઘડ્યું પાષાણ રે –પદ:૨૧૫

પ્રેમાનંદે: કૃષ્ણને ભાલણના કૃષ્ણ જેવા ક્રૂર ન ચીતરતાં, કોમળ હૃદયના ચિત્રિત કર્યા છે. દેવકી જયારે તેમને ગોપવેશ તજી, રાજસી વેષ ધારણ કરવાનું અને નંદગોપોને વિદાય દેવાનું કહે છે ત્યારે તેમનું હૃદય ઊંડી વેદનાથી ભરાઈ આવે છે. નંદને તે કેવી રીતે ઉત્તર આપશે, પ્રતિક્ષણે પ્રાણ અર્પણ કરનારી જશોદાનું શું થશે? આમ વિચારી વિચારી તેમનું મન આકુળવ્યાકુળ થાય છે. આંખો આંસુઓથી છલકાઈ જાય છે:

' જશોદા કેમ જીવે મારું સગપણ જાણી ફોક,
પિતાને પ્રકાશી કહેતાં, નંદજી જાય જમલોક -૧
જાગૃત સ્વપ્નમાંહે ધ્યાન જ મારું પુત્ર સુખમાં બૂડી
હું વિના વલવલી મરશે જેમ ટળવળે ટીટોડી. ક:૧૨૨
× ×
કેમ ઉત્તર આપું પિતાને, કેમ ઉત્તર આપું :
વચન-વ્રજનો પ્રહાર કરીને , કેમ કાળજડું કાપું -૧
બીજાં સગપણ ફરી ફરી થાય,માબાપ ન થાય ફોક:૪
તું નહિ પિતા હું નહીં બાલક કહેતાં થાય મુખશ્યામ :
એવું કહીને આંસુ ઢાળ્યાં પ્રેમાનંદ પ્રભુરામ -૫-પદ:૨: ક:૧૨૨

આ શબ્દોથી પ્રેમાનંદે કૃષ્ણની કોમળ ભાવનાઓ તો વ્યકત કરી જ છે, સાથે નંદજશોદાના પ્રેમની પણ વ્યંજના કરી દીધી છે.

દેવકી કૃષ્ણને ફરીથી નંદ-જશોદામાં સગપણ છોડી દેવાની શીખ આપે છે, પરંતુ કૃષ્ણ તો જશોદાની પ્રીતિ પર બધું જ 'સગપણ' -ચોચ્છાવર કરવા તૈયાર થઈ જાય છે.

' શું પ્રીત જાણો મા મારી રે
જશોદાની પ્રીત ઉપર સૌ સગપણ નાખું વારી રે -પદ:૪:ક:૧૨૨

જ્યારે દેવકી સમજાવીને થાકી જાય છે,ત્યારે વસુદેવ સમજાવા લાગે છે. તેઓ પણ નંદને વિદાય આપવાની વાત તો કરે જ છે, પરંતુ તેમની ભાવના જોતાં નંદ પ્રત્યે વિનયશીલ અને કોમળ રહેવાનો આદેશ પણ આપે છે. પ્રેમાનંદે વસુદેવનું ચિત્રણ એક સમજદાર અને વ્યવહારિક પિતાના રૂપમાં કર્યું છે:

' આપો નંદજીને વિદાય, આપો નંદજીને વિદાય,
ઉત્તર દેજો એવી રીતે,જેમ ડોસો નવ દુખાય -પદ:૫ :ક:૧૨૨

નંદ અને કૃષ્ણનો સંબંધ પ્રેમાનંદે અત્યંત ભાવમયતાથી વર્ણવ્યો છે, અને કવિએ એમાં બંનેના ભાવોને સફળતાપૂર્વક અંકિત કર્યા છે. નંદકૃષ્ણની પ્રત્યેક બાલક્રીડાનું સ્મરણ કરી ઉઠે છે, અને કૃષ્ણ વિના [illegible] પામે છે અને જ્યારે કૃષ્ણ ફરીથી

પોતાનો સ્નેહ પ્રગટ કરવા લાગે છે, તો તેમને મૂર્છા આવી જાય છે:

કોણ રુડી શિખામણ દેશે રે, હવે પિતા મૂને કોણ કહેશે -પદ:૧૦:ક:૧૨૨

ધરણે ઢળીયા નંદજી રે, થઈ પડયા અચેત : પદ:૧૧-:ક:૧૨૨

જશોદાની ભાવસ્થિતિ નંદની અપેક્ષાએ એથીયે વધારે હદયદ્રાવક રુપમાં ચિત્રીત કરવામાં આવી છે. કૃષ્ણ- બલરામ વિના તેની વ્યાકુળતા ક્ષણે ક્ષણે વધતી જાય છે. નંદના પાછા ફરવાની રાહ જોવામા તે અત્યંત અધીર થઈ વારંવાર રસ્તા તરફ જોયા કરે છે. જયારે નંદને આવતાં જુએ છે તો કૃષ્ણને મળવાની લાલસાથી, તેમને સૌથી આગળ આવી આતુરતાથી તેમને મળે છે.

અને જયારે જશોદાને ખાત્રી થઈ જાય છે કે નંદ વાસ્તવમાં એકલા જ પાછા આવ્યા છે. કૃષ્ણબલરામ મથુરામાં જ રોકાઈ ગયા છે, ત્યારે તેની બધી જ ઉત્કંઠા, આતુરતા, ઝંખના અને વ્યાકુળતા એક જ ક્ષણમાં તીવ્રતમ આક્રોશ અને આવેશમાં પરિણમે છે. નંદને તે એક પછી એક ઉપાલંભ આપવા માંડે છે, જે કટુથી કટુતર થઈ જાયછે. જશોદાનુ માતૃત્વ અહીં તેના પત્નીત્વથી પ્રમુખ થઈ જાય છે ને તેથી જ તે નંદને જીવતા પાછા આવ્યા તે પર વ્યંગ્ય કરી નાખે છે.[૬]

નંદ વ્રજમાં પાછા આવ્યા પછીની ભાવસ્થિતિનુ જે ચિત્રણ ભાલણે કર્યું છે, તેમાં ભાવોની સામાન્યતા જ જોવા મળે છે. જશોદાની માતૃત્વમયી હૃદયવૃત્તિનો ભાવસંઘર્ષ ભાલણે પણ પૂરેપુરો પારખ્યો નથી, લાગતો. જશોદાના ઉદ્ગારોમાં તેણે માતાની વાસ્તવિક સંવેદનાની સમ્યક્ અભિવ્યકિત નથી કરી . ચિંતા, વિહ્વલતા, કાતરતા, અને આવેગની અપેક્ષાએ ~~જશોદ~~ જશોદાના શબ્દોમાં જિજ્ઞાસા મળે છે, અને એ દ્વારા એની દશાને બદલે નંદજીની દશાનુ જ્ઞાન અધિક થાય છે. નંદની દશાનુ જે વર્ણન થયુ છે, તેમાં અનુભાવોનુ સૌંદર્ય અવશ્ય મનોહારી છે:

' નંદજી ગોકુલ આવ્યા, હલધર શ્યામ ન લાવ્યા,

પૂછે જશોદા રાણી, કંથજી કહો મન વાણી.

ચિંતાતુર તમો કાંય દીસો,જહુારી જયમ હારિયા,
વ્યાપારીને વહાણ બૂડે રંગ એવે આવિયા.
સ્વેદ અંગે ગાત્ર ભંગે,નીર દો નયણે ઝરે,
ઋણે પીડયા અતિ ઘણું, નિર્ધન જયમ ચિંતા કરે.
ઉત્તર શેં નથી આપતા, દીગ્મૂઢ દીસો દામણાં
સાથી સઘલા કયાં ગયાં,જે વા'લા વિઠ્ઠલજી તણા. પદ:૨૩૦:

અહીં જશોદા સ્વતંત્રરુપે પોતાના ભાવાવેગનો કોઇ નિર્ણય નથી કરી શકતી. પોતાના દુ:ખની અભિવ્યકિતના રુપમાં પણ પતિના મુખની જ વાણી બને રહે છે. પતિની સંમતિનો પણ તે નિષેધ નથી કરી શકતી:

' જશોદા રહે હું જાઉં , કહો તો નિર્લજ થાઉં
જઇને ઝઘડો માંડું, કહાનજી કયમ છાંડું
દેવકીએ કયાં જણિયો, હૃદે મારું અતિ બળે,
તો મારે ઘેર કયમ આવિયો, એ વાત કેમે નવ મળે. પદ:૨૩૨

અહીં કૃષ્ણ ન છોડવાનો ભાવ પૂર્ણરુપે વિકાસ નથી પામ્યો. કારણ ભાલણે નંદની જેમ જશોદાને પણ પુત્રીની ચિંતા કરતી ચીતરી છે, જેનાથી કૃષ્ણ પ્રત્યેના તેના પ્રેમની અનન્યતા પૂર્વવત્ બાધિત થઇ ઊઠે છે. એટલું જ નહિ, તે કૃષ્ણને ધૂર્ત અને પુત્રીને સુંદર પણ કહી નાખે છે:

' મારી કુંવરીને લાવો પીયુ હૈડું દાઝે તાપ શમાવો.
તે અતિ રુપે રુડી,નયણે જુગ મોહે
ઝુમી ઝઘડો કરિયે ને જેણે આંગણે શોહે
તેહ પુત્રપેં પુત્રી વારુ, જેહ થકી ઠરિયે
તેણે ધૂતારે શું કીજે, જેણે દાઝી મરિયે. પદ:૨૩૫

જો આ પુત્રીપ્રાપ્તિની ઈચ્છાને કૃષ્ણપ્રાપ્તિની નિરાશાથી ઉદ્ભવેલી માની, તેને કૃષ્ણ પ્રત્યેના પ્રેમનું રુપ-વિશેષ કહીએ તો પણ તે ઉચિત ન ગણાય. કારણ કે આવી દશામાં પુત્રી પ્રત્યે

વ્યકત મમતામાં આલંબનત્વનો અભાવ હોવો જોઈએ, જે જશોદાના ઉકત ભાવોમાં નથી મળતો. આ પંકિતઓ સિવાય અન્યત્ર ભાલણે જશોદાના કૃષ્ણપ્રેમ તથા તજ્જન્ય વેદનાનું પણ ચિત્રણ આપ્યું છે. તે પોતાના પ્રાણ સુધ્ધાં ત્યાગવાનુ ઈચ્છે છે, પરંતુ વિવશ છે.

' પ્રાણ કાઢયા નવ નિસરે, વિણ ખૂટે નવ મરિયે રે

શ્યામસુંદર દીસે નહિ તો ઘરમાં રહી શું કરિયે રે-પદ: ૨૩૬

જશોદાની દેવકી પ્રત્યેની ઈર્ષ્યા અત્યંત સ્વાભાવિક મનોભાવ છે. ભાલણે તે પકડી પાડયો છે. જશોદા વિચારે છે, તે મથુરા જરુર જશે. કૃષ્ણ તો જોવા મળશે. પરંતુ બીજી ક્ષણે કૃષ્ણનો રાજ-વશે અને દેવકી પ્રત્યે તેનો માતૃભાવ યાદ કરતાં તેનામાં ઈર્ષ્યા અને ક્ષોભ આવી જાય છે:

' હા હું કેમ રહું રે, એકે ન દીસે પેર રે '

ત્યાં ગયે તો સુખ નહિ ,રહયું ન જાયે ઘેર.

જાણું મથુરા જઈ રહું, જાતા વળતાં દીસે રે ,

અશ્વ ચઢીને ચાલતા, જોઈ હૈડું મારું હીસે ,

દહાડી તોદેખીશ નહિ, કયારેકે તો મળશે રે ,

દેવકીને માતા કહેશે ત્યારે હૈડું મારું બળશે : પદ:૨૩૭

પરિસ્થિતિની સર્વ વિષમતા આત્મિસાત્ કરી લીધા પછી દીનતા અને દુ:ખની એક ઘેરી છાયા જશોદાના મન પર છવાઈ જાય છે. હવે તે દેવકીની ઈર્ષ્યા નથી કરતી. તે પોતાની કરુણાને પોતાની ભીતર સમેટી લઈ ,'ધાવનું' પદ સ્વીકારી લે છે. હવે તેને ' ધાવ' થવામાં પણ સંતોષ છે. કારણ કે આ સંબંધથી કૃષ્ણ સાથેનો પોતાનો નાતો વ્યકત કરી લે છે. ભાલણે કૃષ્ણ પ્રત્યેની પુનરાગમનની યાચનાના રુપમાં આ ભાવપરિસ્થિતિ[૭] વ્યકત કરી છે.

૧: ' એક વાર આવો આંગણે રે રમવાને યાદવરાય રે ,

મુખડું જોવા માહરે રે, નહિ થાઉં તારી માય રે

ધાવ કહીને બોલવાજો રે,મીઠડાં સુણિયે વચન રે

તારા સમ છે ત્રિકમા રે, નહિ દુહવાવું મન રે – પદ:૨૪૦

૨: ધવરાવીને હૈડે ચાંપતી ત્યમ દેવકી નહિ ચાંપે રે,

રોમાંચિત મારી દેહડી થાતી ત્યમ તેની નવ કાંપે રે

માતા નહિ થાઉં તમારી, ધાવ કહીને જાણો રે

મે બાંધ્યો જે માંખણ માટે, તેણે રોષે ભરાણો રે -પદ:૨૪૧

ભાલણના ભાવનિરુપણમાં કૃષ્ણપ્રેમની પર્યાપ્તપ્રધાનતા છે. તજ્જન્ય દૈન્ય અને દુ:ખની વ્યંજના અપેક્ષાકૃત એટલી તીવ્ર નથી.

લક્ષ્મીદાસ:

ના દશમસ્કંધમાં કૃષ્ણ કંસને માર્યા પછી નંદ પાસે આવી, હાથ જોડી, નમ્રતાપૂર્વક અતિ ગંભીર વાણી ઉચ્ચારે છે:

' ગોકુલ તાત પધારો સંન જોશે વાટ સઉ વ્રજજન -૩૪

અહ્મો લડાવ્યા પોશા ઘણું શું વખાણ કીજિ તમ તણું -૩૫

પાલી પોશી મોટા કરયા, અહ્મ પુઠે તમો દેહ વીસરા-૩૬

માત યશોદાનો યે સ્નેહ, નહીં વીસરે અહ્મને તેહ -૩૭

દંપતિ અહ્મને આપ્યો માંન, ઉદરે ઉપના યમ સંતાન -૩૮

તેહથી અધિક રમાડયો આપ, સાક્ષાત જાણ્યાં માયને બાપ-૩૯

વ્રેહથી અહ્મારે દુખીયા થશો, અહ્મને મુકી કેંયમ વ્રજજશો -૪૦ પૃ:૧૧૮

આમ કહેવાથી નંદની શું દશા થશે, તે તેઓ સમજી શકે છે. અમૃતથી કદીયે તૃપ્તિ થાય ? તેથી તો નંદને સમજ નથી પડતી કે કૃષ્ણ શું કહે છે, પણ જયારે સમજાય છે ત્યારે કહે છે:

- - ... અરે દૈવ શૂ થયુ ઉત્પાત,

ગદગદ્ કંઠે દુખિ રોઘાય, ઉતર વાળતો નવ દેવાય

નૈયણે વેહે જલ અમોઘધાર, કરે પ્રણામ બ્રિભ્રાંતિ ઉદાર -૪૮: પૃ:૧૧૯

ઉધ્ધવના વ્રજઆગમનથી નંદજશોદાનું હૃદય ફરીથી પુત્રવિયોગથી અભિભૂત થઈ જાય છે. ભાલણ, કેશવરામ, માધવદાસ, પ્રેમાનંદ આદિએ ભ્રમરગીતના પ્રસંગમાં તેમના વાત્સલ્યપૂર્ણ ઉદગારોનું

આ રીતે નિરુપણ કર્યું છે. એમાંયે ભાલણ અને પ્રેમાનંદનું ધ્યાન જશોદાના હૃદયભાવો પર વિશેષ કેન્દ્રિત થયું છે.

લક્ષ્મીદાસમાં નંદ ઉધ્ધવને મળતાં, બોલવા જતાં બોલી શકતા નથી.

' નંદજી ઉચરયા વાંણી રુદે કંઠ આંણિ,

ગદગદ સ્વર નથી નીસરે એ -૧ પૃ:૧૨૩

જે હાથે ગાયવાછરડાં ચાર્યાં, એની માયા વીસારી ? અમને તો જે સુખ દીધું , એ તો સ્વપ્નવત્ થઈ ગયું.પણ એક ક્ષણું તેને વીસરી શકતો નથી. નંદે કૃષ્ણની બાળલીલા-ચરિત્ર ગાયા, પણ અંતે પ્રેમથી વ્યાકુળ થઈ ગદ્ગદ્ કંઠે બોલી શકતાં નથી. કુંવરના નામચરિત્ર સુણી' થયાં વિસ્મે માય'. :

' અશ્રૂધારા દુગ્ધધારા એગઠી થઈ જાય.

ઉધવજી તે થયા વિસ્મે, ત્રાહિ વૈકુંઠરાય -૨૫ .પૃ:૧૨૩

અહીં અશ્રુધારા અને દુગ્ધધારાના મિશ્રણથી આપણે પણ વિસ્મય પામીએ છીએ.

જશોદાના હૃદયમાં ઉધ્ધવને મળવાની ઉત્સુકતાનું ચિત્રણ પ્રેમાનંદે સ-રસ રીતે કર્યું છે. કૃષ્ણના જેવું કોઈ આવી રહયું છે, એટલું સાંભળતાં જ ઉતાવળી એવી તે હાથ પ્રસારી દોડે છે. જશોદાની આ ગતિશીલ ભાવમુદ્રા અનુપમેય છે:

' માત ઉઠી વેણી ત્રુટી, ઘણું હરફલી હરખે ભરી,

લાંબા કર કરી ભેટવા ધાઈ, ' આવ મળીએ શ્રી હરિ -૧૬ ક:૧૨૬

પ્રેમાનંદ દ્વારા જશોદાની મન:સ્થિતિનું પણ અહીં અત્યંત સૂક્ષ્મ, સ્વાભાવિક અને હૃદયદ્રાવક આલેખન થયું છે. વાત્સલ્યની અતિશયતામાં બધા જ ઈર્ષ્યા, દ્વેષ ધોવાઈ જાય છે, અને તે ઉધ્ધવને સૌ પ્રથમ કૃષ્ણની વાત ન પૂછતાં દેવકી વસુદેવના કલ્યાણની વાત કરે છે.કૃષ્ણ પોતાને યાદ કરે છે કે નહિ , તે સંબંધી તેની જિજ્ઞાસા પછી વ્યકત કરે છે.

' કહો વીરા ઉધ્ધવ ચતુર સુજાણ, છે વસુદેવ દેવકીને કલ્યાણ,

કહીયે સંભારે છે ગોકુલ ગ્રામ, મુને સંભારે છે સુંદરશ્યામ -ક:૧૨૭

કૃષ્ણ સંબંધી જિજ્ઞાસા જ તેની વાસ્તવિક જિજ્ઞાસા છે. એનું પ્રમાણ તો ત્યારે જ મળે છે, જ્યારે તે વારંવાર કૃષ્ણ પુષ્ટ છે કે દુર્બલ, આવશે કે નહિ આવે- ઈત્યાદિ પ્રશ્ન પૂછયા કરે છે.

' છે પુષ્ટ વધ્યું કે થયા દૂબળા, પ્રાણનાથ થયા મુજથી વેગળા :
ફરી ફરી ઉધ્ધવને પૂછે માય, અહીં આવશે કે કાહા વીનાય -ક:૧૨૭

આ જિજ્ઞાસાભરી ભાવાકુલતા અને વિહ્વલતા પછી અનેક પૂર્વકૃત અથવા સંભવિત પાપોની ~~વિહ્વલતા-પછી~~ કલ્પના કરતી, અંતમાં બધાંનું પ્રાયશ્ચિત કરવા માટે તૈયાર થઈ જાય છે. એને કૃષ્ણનો એટલો મોહ છે કે જે પથ્થરથી તેણે મહીની ગોળી ફોડેલી, તે તેણે સાચવી રાખ્યો છે. ચાંદીના જે કટોરાથી નંદ દૂધ પીવડાવતા તે તથા કૃષ્ણનાં રમકડાં અને કપડાં વગેરે ઉધ્ધવ આગળ બધું બતાવી, તેનું સ્મરણ કરવા લાગે છે:

જેણે ભાંજી ગોળી પાષાણ નાખી, તે કટકા હું રહી છૌં રાખી,
નંદજીને હાથે દૂધ પીતા લાડકો, ઉધ્ધવ તે આ રુપાનો વાડકો.
મોરપોપટ પૂતળિયો ગેડી દડી, ઓ પેલી વજાડવાની વાંસળી પડી,
પાઘડી <u>ટોપીને</u> આંગલાં ઘણાં, આ જુવો કામળી પીછોડી હરિ તણાં . ક:૧૨૭

પ્રેમાનંદની જશોદા ભાવનાશીલ હોવાની સાથે કલ્પનાશીલ પણ છે. તેથી વિચારે છે કે જો તેની વિનંતી વિધાતા સાંભળે અને તે દેવકીની સાથે ધર્મરાજા પાસે જાય, તો નક્કી તેઓ તેનું દુ:ખ સાંભળી જોઈ, દેવકી પાસેથી કૃષ્ણને પાછો અપાવી દેશે. કૃષ્ણ નવો અવતાર ધારણ કરી ગોકુલમાં તેની કૂખથી પ્રગટ થશે અને ત્યારે તે પોતાના પુત્રને સ્નેહ કરી શકશે. જશોદાનો આ પ્રકારનો પ્રલાપ સાંભળી જ્ઞાની ઉધ્ધવની આંખો પણ આંસુથી છલકાઈ જાય છે.

' અમો વિધાતાને એક વિનતિ કરીએ, હું ને દેવકી સાથે મરીએ,
ધર્મરાજ આગળ હું ઝઘડું જઈ, ઊભી રાખું હું દેવકીને <u>પાલવગ્રહી</u>
યમ રાઢ ચૂકાવશે ખરી, માહારો પુત્ર આપશે પાછો ફરી.

અવતાર લઈ ગોકુલમાં આવીશ, એના પુત્રને હું લડાવીશ,

એમ જશોદાજી રુએ ટળવળે, ઉધ્ધવને નયણે આંસુ ઢળે: ક:૧૨૭

કાવ્યની દષ્ટિએ કલ્પનામિશ્રિત આ ભાવિચિત્રણનું સ્વતંત્ર મહત્વ છે. કેમકે બધાજ કૃષ્ણ કાવ્યોમાં આ અપૂર્વ છે. જશોદાની કલ્પના વસ્તુત: તેની ગંભીર અનુભૂતિની જ વ્યંજના કરે છે. એતો મનો વૈજ્ઞાનિક સત્ય છે કે જે વસ્તુને માનવી વાસ્તવમાં પ્રાપ્ત નથી કરતો, તેને કલ્પનામાં પામવાનો પ્રયત્ન કરે છે, અને આ જન્મના અભાવોની પૂર્તિ આગળના જન્મમાં કરવા ઈચ્છે છે. પ્રેમાનંદની જશોદા ઉધ્ધવને કૃષ્ણને આપવા માટેના સંદેશાના રુપમાં જે કંઈ કહે છે , તે તેની પ્રારંભમાં અભિવ્યકત ભાવનાઓને પૂર્ણતયા અનુકૂળ છે. આ રીતે જશોદાનો ભાવવિકાસ અત્યંત સ્વાભાવિક રુપમાં થયો છે. તે કૃષ્ણ-બલરામને દેવકી-વસુદેવને સુખી રાખવાનો સંદેશ મોકલે છે, અને અંતમાં એ પણ કહી દે છે કે મને અનાથને પણ એક વાર મળી જાય. જો દેવકી એકલા ન આવવા દે તો તેને પણ સાથે લેતા આવે.

' ઓધવજી કહેજો બન્યો ભ્રાતને , સુખેણી કરજો દેવકી માતને,

રખે છેહ દેતા વસુદેવ તાતને, એકવાર મળજો અમને અનાથને.

દુર્બળ જાણી ગોપને , કો સમે ગોકુળ આવજો,

ધીરે નહીં જો દેવકી તો સાથે તેડી લાવજો -ક:૧૪૦

ઉધ્ધવને વિદાય આપતી વખતે જશોદાના અન્તસ્તલમાં ઉઠતી ભાવનાઓને ભાલણે પણ વ્યકત કરી છે. પરંતુ અવશ્ય, પ્રેમાનંદની માર્મિકતા તે ઉત્પન્ન કરી શકયો નથી. દેવકી પ્રત્યે સંદેશો કહેવડાવતાં ભાલણની જશોદા પુત્ર સુખની ગત ક્ષણોની સ્મૃતિમાં વિભોર થઈ કૃષ્ણની પ્રત્યેક મનમોહક, ક્રીડાનું ધ્યાન ધરવા લાગે છે. એ સુખને પ્રાપ્ત કરવા માટે પુનર્જન્મ ધારણ કરવાની લાલસા તેના હૃદયમાં પણ ઉત્પન્ન થાય છે.

'ઉધ્ધવ કહેજો, ઉધ્ધવ કહેજો દેવકીને એક વાત રે

પુત્ર તણાં સુખ અમો ભોગવ્યાં, હવે તમો થાઓ માત રે

પુનરપિ વ્દાપર ગોકુલ માંહે, કહાનજી અવતરશે રે

ત્યારે ભાલણ પ્રભુ રઘુનંદન અમશું એમ જ કરશે રે - પદ:૨૮૬

એક બીજા પદમાં તે કૃષ્ણને ભાવની વસ્તુ બનાવે છે. તે ઈચ્છે છે કે કૃષ્ણ એક વાર પણ આવી, તેને કૃતાર્થ કરી જાય, જે તેના હૈયાસરસો રહયો છે, તેને કેમ કરી ભૂલી જાય ? જનમોજનમ જો કૃષ્ણની ધાવ થવાનું મળે તો પણ તેને સુખ મળશે :

' આજ મે રાંધ્યો ઢૂંઢણ ધોઈ રે, વાટડી જોઈ કૃષ્ણદેવની રે,
આજ મે રાંધ્યો કૂર કાતીલીયો રે, કૃષ્ણ પાતળિયો મારે પ્રોહોણો રે.
હૈડે ચાંપ્યો કયમ કરી વિસારું રે, વાર્યું ને મન રહે શીપેર રે
ભવ ભવ થાઉં ધાવ હું તાહરી રે, મારીને આશ તમો પૂરજો રે : પદ:૨૮૯

પરમાણંદ: ની 'હરિરસકથા' માં કંસના મરણ બાદ , કૃષ્ણે કંસની રિધ્ધિ યાદવોને આપી, તેમને મથુરામાં માતાપિતા મળ્યા. આથી નંદ ચિંતા કરે છે કે રખેને કૃષ્ણ મને ભૂલી જાય. હવે કૃષ્ણ વ્રજમાં નહિ આવે તો ? આવી શંકા-કુશંકાથી ' ગદ્ગદ્ કંઠ નેત્ર જલ ઝરઈ', કૃષ્ણે આ જાણ્યું કે પિતા મનમાં દુ:ખી થાય છે. તે નંદ પાસે આવે છે:

' આલીંઘન પ્રેમેહૈં અતી, પુનરપિ વચન કહે જદુપતી,
સત્ય વાકય જાણો કહુ અહમો, માહારાં માતપિતા છો તહમો -૨૦ પૃ:૭૩

વસુદેવ - દેવકી મારા જન્મદાતા- માતાપિતા . પરંતુ મારા મનમાં કંઈ અંતર નથી. કંસે વસુદેવને કષ્ટ આપવાથી જ તમારે ત્યાં મૂકી ગયા હતા:

' અહમો ઉછરયા તમ ગ્રૃહિ વષે, બહુ લીલા કીધી અતિ સુખે -૨૨
સુતનીપરિ ઉછેરયો મુહને, માહારો આત્મા છે તમકહોને
મનમાં દુ:ખ મ ધરશો કહુ, તમથા અક્ષિણ હું નવિ રહયુ -૨૩ પૃ:૭૩-૭૪

તેથી તમે હમણાં ગોકુલ જાવ , રાજય સ્થિર કરી હું આવીશ. આવાં વચનથી 'ગદગદ કંઠ હવા તવ નંદ', -ત્યારે

'કૃષ્ણ જઈ રદયામાં મલ્યા, અતિ પ્રેમે બેઉ વિલકલ્યા
કાં દુખ આણો મનમુઝાર , હું ગોકુળ આવીસ એક વાર ' પૃ:૭૪

આમ કહી  કૃષ્ણે માતાને પ્રણામ કહાવ્યા.

ગોકુલમાં રામકૃષ્ણને ન જોતાં,

' જશોદા રુદન કરે તવ ઘણૂ, કહયૂ હિતારથ નંદે સુત તણૂં- ૨૯

જશોમતી આંખિ રહિ નહી નીર, ગુણ સંભારઈ શ્રીજદુવીર -પૃ:૭૪

આમ નંદજશોદાના ' સુખદેહ ગયા.'

ઉધ્ધવ વ્રજમાં આવતાં, નંદ જશોદા વસુદેવાદિની ખબર પૂછી, કહે:

' રામકૃષ્ણ જે નયણ અહ્મારા , કુશળ છે બેહુ તેહ

જે દિનના અહ્મને પરહરયા, સુખ ગયા અંમ દેહ '-૮૯ પૃ:૭૬

શું કૃષ્ણ અમને મળવા અહીં આવશે ? એમને મથુરામાં જે વચન આપેલું, તે શું તેમને યાદ નથી ?

' જલચર નીર વિના કિમ જીવઈ, તિમ કૃષ્ણ વિના દેહ છાડુ

જેટલુ સુખ દેખાડયુ અહ્મનેઈ, તેતલુ દુખ દેખાડયું -૯૦

કૃષ્ણ ચાલતાં પગલાં ઉઠયાં તેણ તાણી જે રેણ

તિનિત્યે અહ્મો શીસ ચઢાવું , જેહના વેધ્યા જાણ -૯૨-પૃ:૭૭

કૃષ્ણ જયાં ગાયો ચારતા, તે પંથ નિત્યે જોઈએ છીએ. ગાયોને એકલી જોઈ ગદ્‌ગદ કંઠે રોઈએ છીએ. અહીં જશોદા કૃષ્ણના લીલા-ચરિત્ર વર્ણવે છે:

માધવદાસ:

ના દશમમાં અક્રૂર જયારે કૃષ્ણને લેવા આવે છે ત્યારે જશોદા પુત્રને મોકલવાની ના કહે છે, કારણ રામકૃષ્ણ બંને બાલક છે:

' દધી દુગ્ધ ઘૃત લેઈ જાવો સરવે, પણ પુત્ર તને મોકલુ નહીં ' -૧૨ : પૃ:૬૩

કંસનેમારી, માતાપિતાને સંતોષી, કૃષ્ણે નંદ પાસે જઈ, બહુ વિનયથી પ્રણામ કરી કહયું કે તમે મને પોતાનો પુત્ર માની મારું લાલનપાલન કર્યું, જશોદામાંના પ્રેમની તો શી વાત કહું ?

' પયપાન કીધાં, સુખ લીધાં ', પરંતુ હવે તમે ગોકુલ જાવ,

' અમે રેહેસુ મધુપુરી ' – આવાં વચન સાંભળી

–... નંદજી સુધ્ય બુધ્ય વીસરી ,

મુરછા થૈ અવ્યની પડયા , નીજ સરીર કાંઈ સુધ્ય નહીં,

હરી સમીપ જઈ કરપરસ કરયો, તારે ચેતના પામ્યા સહી –૩૦ : પૃ:૭૭

નંદજીને ધીરજ ધરવાનું કહી, વસ્ત્રાભૂષણ , કનકનાં પાત્રો વગેરે આપ્યું, ગોપોને પહેરામણી કરી.

ગોપમિત્રો મનમાં દુ:ખી થતા તો ' અસુપાત હરી કરતાં તાંહાં'.

' ચઈતન્ય તે વરજીત હવા, આસવાસના હરી કરે જાહાં –૩૩ : પૃ:૭૭

ફરીથી આવીને મળીશ, એવાં વચન સાંભળી

'.... નંદ દુખ પાંમ્યા ઘણુ '

ન બોલાયે નંદ મુખ, ગદગદ્ કંઠ દુખસુ કહુ તે તણુ –૩૬

નંદ કહે અમે વ્રજ કયમ જઈશું, જશોદાને શું કહીશુ ,

સો અપરાધ અમારો જાણી, મથુરા રહીસુ કોહો છો વાણી –૩૯

હવે દોહલા દીવસ અમારા જાસે, દુખ સાગરમાં ગોથાં ખાસે –પૃ:૭૭

શું અમારાં પૂર્વ જન્મનાં પાપ પ્રગટયાં કે આવો હરી વિયોગ ?

આમ દુ:ખી થતા નંદ-ગોપ ગોકુલ જાય છે પણ

' તન ગતી ભંગ હવી નીજ કાય ' –૪૩ પૃ:૭૮

પાદટીપ:

૧: ભાલણ કૃત દશમસ્કંધ –પદ: ૨૦૫, ૨૦૬, ૨૦૭.

૨: નરસિંહે પણ એક પદમાં જશોદાની મનોભાવનાઓ અંકિત કરી છે.
ન.કૃ.કા.પૃ:૬૬, ૬૭

૩: બીજો આપશો તો નહિ લેઉં કદાચ સાટે બોલ રે
ચૌદ લોકમાં એવો નહિ ભાલણ પ્રભુને તોલ – પદ: ૨૧૩

૪: નંદ અને દશરથની ભાવસ્થિતિના સામ્યવૈષમ્ય તરફ સૂરનું ધ્યાન પણ ગયું છે, પણ એમણે એનો પ્રયોગ જશોદા દ્વારા નંદને અપાયેલા ઉપાલંભમાં કર્યો છે, જે સાંભળી નંદ મૂર્છિત થાય છે:

' કાહે નન્દ છાંડિ તુમ આયે, પ્રાન જીવન સબ કેરે

પ્રીત ન કરી રામ દશરથકી પ્રાન તજે બિનુ હેરે : પૃ:

સૂર સાગર પદ: ૩૭૫૧

૫. સૂરની જેમ ભાવ ઉપાલંભ, વ્યંગ્ય અને કટૂકિતઓ સુધી પહોંચતો નથી.

૬: સૂરદાસની જશોદા પણ નંદને કટૂકિતઓથી ઘાયલ કરી, અપશબ્દોથી વર્ષા કરે છે.

જશોદા કાન્હ કાન્હ કૈ બૂઝે

ફૂટિ ન ગઈ તુમ્હારી ચારૈં કૈસે મારગ સૂઝે મૈં

ઈક તૌ જરી જાત બિન દેખે, અબ તુમ દીન્હેં ફૂંકિ

યહ છતિયા મેરે કાન્હ કુંવર બિનુ, ફટિ ન ભઈ દ્વૈ ટૂક

ધિક તુમ ધિક યે ચરન અહો પતિ, અધ બોલત ઉઠિ ધાએ

સૂરસ્યામ બિછુરનકી હમ પૈ દૈન વધાઈ આયે – સૂરસાગર –પદ: ૩૭૫૪

૭: સૂરે પણ આવી જ ભાવપરિસ્થિતિ દેવકી પ્રત્યેના જશોદાના સંદેશાના રુપમાં વ્યકત કરી છે.

' સંદેશો દેવકી સોં કહિયો

હૌં તો ધાય તિહારે સુતકી મયા કરત હી રહિયો :

સૂર પદ: ૩૭૯૪

## : પુનર્મિલન:

સુદીર્ઘ વિયોગ પછી કુરુક્ષેત્રમાં વ્રજવાસીઓનું કૃષ્ણ સાથેનું મિલન, ભાવની દૃષ્ટિએ અંતિમ ઘટના છે. પરંતુ ભાલણ[1] સિવાય ભાગ્યેજ કોઈ કવિએ આ સ્થિતિની માર્મિકતાનો અનુભવ કર્યો હોય તેમ લાગે છે, જો કે ભાલણે પણ પુનર્મિલનની વિવિધ ભાવસંકુલ પરિસ્થિતિનું વ્યાપક ચિત્રણ નથી કર્યું. તેણે માત્ર જશોદાના મનોભાવોને વિશેષ અભિવ્યકત કર્યા છે.

ભાલણે[2] જશોદાના દુ:ખની મુખર અભિવ્યકિત કરી છે. ભાલણની જશોદાને કૃષ્ણ દ્વારા ભૂલાઈ જવાનો ઊંડો ક્ષોભ છે. દેવકીને માતૃત્વનું પદ આપી, પોતાનો ધાય તરીકે સ્વીકાર કરવા છતાં પોતાની આટલી ઉપેક્ષા તેને અસહય લાગે છે. તે ધૂસકાં ભરતાં પોતાનું દુ:ખ સંભળાવે છે.

હું દુખણીમાત, શી કહું વાત, બેહુએ ભ્રાત ત્યજીને ગયા દ્વારકા,
તારે દેવકી માત, વસુદેવ તાત, બલભદ્ર ભ્રાત, ધાવ હું કાં વિસારી -પદ:૪૭૧

પરંતુ જશોદાને દેવકી મળતાં, તે જશોદાને પોતાની બેન કહી આત્મીયતા પ્રદર્શિત કરે છે. આ સાંભળી જશોદાની આંખોમાં આંસુ ધસી આવે છે :

' દેવકી કહે સુણો જશોદા, તમે ભગિની છો મારીજી
કૃષ્ણ હલધર ઉછેરિયા, શી સેવા કરું તારી
જયમ પાંપણ નેત્રને રાખે, ત્યમ તેં રાખ્યા તનજી
એવાં વચન સુણી જશોદા, જલ ભરે લોચન :પદ:૪૭૨

દેવકી જેમ જેમ તેના પ્રત્યે સહાનુભૂતિ વ્યકત કરવા લાગે છે, તેમ તેમ જશોદાનું હૃદય ભાવવ્યકુલ બની જાય છે. આથી જ તે ભાવવિભોર બની દેવકી પાસે પોતાનું હૃદય વ્યકત કરે છે.

જશોદા કહે દેવકી સુણો, મે પીયારો નવ જાણ્યોજી,
નિશ્ચે તમો શું કહો છો મારો પ્રાણઆધાર અહીં આણ્યો.

મારે સ્વપ્નવત્ થયું, વરસ અગીયાર ત્યાં જેહજી:
કૃષ્ણ દીપક ઉત્સવ વહી ગયો, મારે હુતાશની રહી એહ,
દુષ્ટ હૃદે તો નથી ફાટતું, મારું આણે ઠાર : પદ:૪૭૨

ખરેખર, ભાલણ દ્વારા વર્ણવાયેલ દેવકી-જશોદાનું મિલન કાવ્યની દષ્ટિએ અત્યંત માર્મિક સ્થળ કહી શકાય.

જશોદાની જેમ ભાલણે ગોપીઓની મનોદશા પણ ચિત્રિત કરી છે. તેઓ સર્વ કૃષ્ણને જોઈ ચિત્રવત્ ઉભી રહે છે. જયારે કૃષ્ણ પોતે બોલે છે, ત્યારે તેમની ચેતના પાછી આવે છે. આ જડતા સૂર દ્વારા વર્ણિત જશોદાની જડતા સમાન છે. પરંતુ ભાલણ આ ભાવતંતુનો આગળ નિર્વાહ કરી શકતો નથી. કારણ કે આટલી ભાવલીન ગોપીઓ માટે એ સ્વાભાવિક પ્રતીત નથી થતું કે જડતાથી મુકત થતાં જ તે કૃષ્ણની સાથે એકાંતમાં રમણ કરવા તૈયાર થઈ જાય.

જાગીને તે ઉચ્ચર્યાં જો, ઝાલોને દેવમુરાર જો,
રખે નાસે કહાનજી જો, ધૂર્તલક્ષણ અપાર જો
કૃષ્ણજી હસ્યા ત્યારે સહી જો, ગોપી ગ્રહી સવદેવ મુરાર જો.
એકાંતે પ્રભુ આલિયા જો, તેશું રમિયા આપ જો.
આલિંઘન સર્વ કોને કર્યું જો, વિરહ સંબંધી તાપ જો: પદ: ૪૭૩ :

એજ રીતે ભાલણે રમણ બાદ સ્વયં કૃષ્ણ દ્વારા ગોપીઓને જ્ઞાન અપાવ્યું છે, તે પણ કંઈ ઓછું અસ્વાભાવિક નથી લાગતું.

પછે કૃષ્ણજીએ વિચારિયું જો, એને જ્ઞાન હવે આપું જો
ગોપી પ્રત્યે કૃષ્ણજી કહે, જો સઘલે મારું રુપ જો.
જયમ પવન વ્યાપી રહયો જો, કામભાવ કહે ભૂપ જો
મારું વચન ચિત્તવિષે કરજો જો, હદે રાખજો મુજને આપજો : -પદ:૪૭૩.

કેશવરામે ; માત્ર બે ચાર પંકિતમાં કૃષ્ણ અને વ્રજવાસીઓનું મિલન વર્ણવ્યું છે.

નંદયશોદા, ગોપી, ગોપ, યદુપતિ મલિયા રુડે જોય,
ઘણા કાલના વિરહે વરયા, શોકસકલ હરિદર્શને હરયા -૬
જ્ઞાનકથા ગોપીને કહી, વચનામૃતે અતિ નિવૃત્ત્ય થઈ
વાસુદેવ ત્યાહાં કીધા યાગ, યજયા જગદ્ગુરુ સકલ વિભાગ -૭ સર્ગ :૩૯

પાદટીપ:

૧: વૃજભાષામાં સૂર

૨: સૂરદાસે જશોદાના દુ:ખની મૌન અભિવ્યકિત કરી છે. સૂરસાગર પૃ:૭૫૫

## દ્રશ્યચિત્રણ ::

કોઈ પણ પુરાણ અથવા કાવ્યગ્રંથનો આધાર લઈ કાવ્ય રચનાર કવિ મોટેભાગે જે દશ્યચિત્રણ કરે છે, તેમાં અનુકરણના તથા પરંપરાના પાલનનો આગ્રહ વિશેષ રહે છે. પરંતુ મૌલિક પ્રતિભાશાળી કવિ પોતાની કલ્પનાના ત્રીજા નેત્રથી દશ્યોને પૂર્ણતયા પ્રત્યક્ષ કરી, તેનું સ્વાનુભૂત રુપમાં ચિત્રણ કરે છે. આ પ્રત્યક્ષીકરણ માત્ર ભૌતિકરુપમાં જ નહિ પણ કાલ્પનિક રુપમાં પણ હોય છે. કાલ્પનિક પ્રત્યક્ષીકરણ મૂલત: યથાર્થ જગતના પ્રત્યક્ષા અનુભવો પર જ આધાર રાખે છે. ભાવના કલ્પનાશકિત દ્વારા તેનો વિકાસ અને વિસ્તાર કરી દે છે.

મોટાભાગના કાવ્યોમાં દશ્યચિત્રણનાં જે સ્થળ મળે છે. તેના ઉપરથી જણાય છે કે સામાન્ય રીતે કવિઓએ પરંપરાનું પાલન અને આધારભૂત ગ્રંથોનું અનુકરણ - બંને કામ કર્યાં છે. તેમની આ પ્રવૃત્તિ અત્યંત વ્યાપક છે. પરંતુ કલ્પના તથા અનુકરણની પ્રવૃત્તિ સ્પષ્ટ કરવા માટે રાસનું ઉદાહરણ લઈએ.

ચાંદની રાતમાં કૃષ્ણની સાથે અસંખ્ય ગોપીઓનું સામૂહિક નર્તન જે રુપમાં ભાગવતકારે વર્ણવ્યું છે. તે કવિઓની ભાવના અને કલ્પના-બંનેનું કેન્દ્ર બન્યું છે. અનેકરુપધારી શ્યામવર્ણ કૃષ્ણ અને અસીમ સૌંદર્યવતી ગૌરવર્ણી ગોપીઓના અવિરલ, અવિરામ નૃત્યની અલૌકિક શોભાનું તેમને જયાં વર્ણન કરવા ઈચ્છવું. ત્યાં ભાગવતકારની કલ્પના તેમની કલ્પના

પર છવાઈ ગઈ. આ કલ્પના પારંપર્ય અસમર્થતાનું જ દ્યોતક નથી, ક્યાંક ક્યાંક ભાગવતમાં વર્ણવાયેલાં દશ્યો અને રૂપચિત્રોના સૌંદર્યનું આકર્ષણ પણ એનું કારણ લાગે છે. પરંતુ એક વાત સત્ય છે કે દશ્યચિત્રણ કરતાં મોટે ભાગે કવિઓએ ઉપમાનોના ઉપયોગમાં ભાગવતનો આધાર લીધો છે.

' ગાયન્ત્યસ્તં તડિત ઇવ તા મેઘચક્રે વિરેજુઃ

માં જે રૂપચિત્ર મળે છે, તે અનેક કવિઓની કલ્પનાનું અંગ બની વ્યક્ત થાય છે.

(નરસિંહ :[1] ' અલવે અંગ મોડતી ,વહાલા સંગ દોડતી ,

જાણે ઘન દામની ચમકે ભારી : ન.કૃ.કા.પૃ:૨૧૭ )

ભાલણ: ' મુકુટ શીશ કાકપક્ષા, ભ્રમણ ત્રીલક ધઈ ગ્રહી :

વસન તડિત જલદાભ, શોભા સ્ત્રી મધ્યે શ્રીહરિ -૮ -પદ:૧૫૯

આજ રીતે ' મધ્યે મણીનાં હૈમાનાં મહા મરકતો યથા '

ના રૂપચિત્રના આધાર પર પણ કવિઓએ દશ્યાંકન કર્યું છે:

નરસિંહ: સુંદર ગોપી કંચનમાળા , વચ્ચે મરકતમણિ ગોવિંદ - ન.કૃ.કા.પૃ:૧૮૫

લક્ષ્મીદાસ ( ભાલણ)

' દેવકી તન ભગવાંન મધ્ય મર્કતમણી શ્યામ

હેમ મણી તે અંગ ભૂષવીલાસ પદહસ્તઅંગઅંગ સસ્મીત ચણદૂતી

પૃ.૯૪ (ભાલણ પદ:૧૬૬): ~~પૃ:૯૪~~

માધવદાસ:

બ્દે બ્દે ગોપી વચ વચ માહાધવ, સામગોરસુધીર સોહે

જયમ કંચન વચૈ મણીમરકત, નીરખતાં નીજ મનમોહે -૨ -અ:૩૩

પ્રેમાનંદ: બબ્બે ગોપી વચ્ચે ગોવિંદજી, બેલડીએ ફરતો

મરકતમણિ કનક મણકામાં તે તેમ શોભા ધરતો . -ક:૯૨

તુલજારામ:

' સુવર્ણ કેરા એહ મધ્ય માહામણિ વિરાજે જેમ
જુગ્મ નાર વચ માધવ તદ રમે શોભે તમ -૬ - પૃ:૯૫

આ કવિઓએ વિવિધ આંગિક ચેષ્ટાઓ, નૃત્ય મુદ્રાઓ તથા આભૂષણોના અનુરણનથી ઉત્પન્ન ધ્વનિઓના સામંજસ્યથી એવી જ પૂર્ણતા લાવવાનો પ્રયાસ કર્યો છે, જેવી 'ભાગવત' ના રાસવર્ણનમાં મળે છે.

નરસિંહ, પ્રેમાનંદ જેવા કવિઓ, જેમણે રાસના દશ્યને પૂર્ણ તન્મયતાથી ચિત્રિત કર્યું છે, તેમની આગળ પણ ભાગવતનો રાસ જ આદર્શભૂત નમૂના તરીકે રહયો છે. જો કે એવા કવિઓના રાસવર્ણનમાં સ્વતંત્ર ઉદ્ભાવનાઓ પર્યાપ્ત રુપમાં મળે છે, તો પણ ઉપરનું સત્ય સ્પષ્ટ રુપમાં ઝળકે છે.

કવિઓની સ્વતંત્ર ઉદ્ભાવનાશકિત તથા કલ્પનાશકિતનો પરિચય એવા સ્થળે વિશેષ રુપમાં પ્રાપ્ત થાય છે, જે ભાગવતાદિ આધાર ગ્રંથોમાં ઉપલબ્ધ નથી થતું અથવા જેને મૂળ કરતાં ભિન્ન રીતે ચિત્રિત કરવામાં આવી હોય . આવે સ્થળે સમર્થ કવિઓમાં એક બીજી પ્રવૃત્તિના દર્શન થાય છે, અને તે છે મૌલિકતા-પ્રદર્શન, અનુકરણ તથા સ્વાનુભવ દ્વારા આધારભૂત વસ્તુનું અભિનવીકરણ.

મૂળ કરતાં જયાં ભિન્ન દશ્યવિધાન કરવામાં આવ્યું છે, ત્યાં પૂર્ણ તો નહિ, પરંતુ એનું જે રુપ મળે છે, તે ઓછું મહત્ત્વપૂર્ણ નથી.

ભાગવતોકત દાવાનલનો પ્રસંગ લઈએ.

પ્રેમાનંદે દાવાનળથી દગ્ધ વનના દશ્યચિત્રણમાં મૌલિક પ્રતિભાનો પરિચય આપ્યો છે. તેણે દાવાનળના સ્વરુપનું આલેખન કરવાને બદલે દાવાનળને કારણે ગાયો તથા અન્ય પશુપક્ષીઓની દુર્દશાનું સૂક્ષ્મ ચિત્રણ કર્યું છે, એના પર ભાર મૂકયો છે:

અનળ પ્રબલ વાયુ છે ઘણો, થયો તીવ્ર તાપ દાવાનળ તણો
તપિત તન સુરભિનાં થયાં, પ્રસ્વેદનાં જલ બિંદુ વહયાં.

ત્રાસે ગાય નાસે અરીપરી, ન શકે અગ્નિ આગલ નીસરી,
ભર્ં શબ્દ સુરભિ ભાખે, એકેક પર જઈ કોટ નાખે.
ધાઈ ધાઈ સહુ ટોલે થાય, કાઢી જીભ પડે ભૂમિ માંય
શ્રીકૃષ્ણ ધ્યાન સુરભિ સહુ ધરે, ઉકળી અકળાઈ આંસુ ભરે
આકાશ સર્વે ધૂમે આવર્યું, આચ્છાદ્યો ભાનુ અંધારું કર્યું,
ફાટે વાંસ વૃક્ષા કડકડે, બળે પાંખ પંખી તરફડે,
મશક શશક મૃગ પામે ત્રાસ, ફાટે ફણા સર્પ મૂકે શ્વાસ,
કીટ પતંગ દહય કઈ કોટ , ઉડે ધૂમ્રના ગોટેગોટ,
તે જ્વાળા જઈ પહોતી આકાશ[2] – ક:૬૦

એજ રીતે નરસિંહ દ્વારા ચિત્રિત થયેલું દધિમથન કરતી ગોપીનું ચિત્ર દર્શનીય છે. અહીં કવિનો સૂક્ષ્મ છતાં સહજ ભાવથી દશ્યાંકનનો આગ્રહ અધિક છે :

' મહી વલોવે રે ગોપી મહી વલોવે રે ગોપી
પરવશ થઈને પ્રેમે ભરાણી, તનમન હરિને સોંપી
ભરજોબન મહિ કામની ઘેલી, નાદે નૂપુર વાજે
વલોણું અતિ વાયે ભરાણું, મેઘ પે રહી રહી ગાજે
હૈયા ઉપર હાર હુલાવે, પાછળ ફુમકુ ફરકે
કામા કૃષ્ણ તણે રંગ રાતી, શીશ રાખલડી ઝળકે
મગન થઈ ગોરસ ભૂલી , કૃષ્ણ કૃષ્ણ મુખ બોલે
શીશ ફૂલ વેણી લટ લટકે, જાણે મણીધર ડોલે – ન.કૃ.કા.પૃ:૩૯૬

આ ચિત્રમાં કવિએ હાલતા હાર, અલક, શીશ્ફૂલ આદિની રુપછાયાઓને તેમની ગતિશીલતા સાથે અત્યંત સહજ રુપમાં પ્રસ્તુત કરી છે, તો મેઘ અને મણિધર દ્વારા અપ્રસ્તુતની પણ સૌંદર્યમય યોજના કરી છે.* પરંતુ અહીં કવિએ રુપસૌંદર્ય કરતાં નાદસૌંદર્ય પર અધિક ધ્યાન આપ્યું છે. વિવિધ આભૂષણોના અનુરણન ધ્વનિઓને વ્યકત કરવા માટે કવિએ વિવિધ અનુરણાત્મક

શબ્દોનો પ્રયોગો કર્યો છે. ધ્વનિસૌંદર્ય પ્રત્યે નરસિંહનું વિશેષ આકર્ષણ રહયું છે. તેથી એના દશ્યચિત્રો મોટે ભાગે નાદપૂર્ણ રહયાં છે. ' રાસસહસ્ત્રપદી' માં આ વિશેષતા અધિક જોવા મળે છે. કવિએ રુપ અને ધ્વનિ સાથે ભાવોનો સમાસ કરી ચિત્રને અદ્ભુત સજીવતા બક્ષી છે. તન્મયતા, વિસ્મૃતિ અને પ્રેમજન્ય વિવશતાની ભાવના દધિમંથનના આ ચિત્રને ગોપીની આત્મ-મંથનની અભિવ્યકિત સાથે એથી પણ અધિક મોહક બનાવી દે છે. એની પ્રેરણા સંભવ છે કે ' ભાગવત' માં વર્ણિત ૧૦:૯:૩ દધિમંથન કરતી જશોદાના ચિત્રમાંથી ગ્રહણ કરી હોય, પરંતુ બંનેમાં પર્યાપ્ત ભિન્નતા છે )

આવાં જ બીજાં બે ત્રણ દશ્યો જોઈએ:

માધવદાસ:

મહી વલોવે માનુની, શ્રીકૃષ્ણ ગુણ ગાય
ખલકે કંકણ નાદ ને હેવર, ઝાંઝરનો ઝમકાર :
કટિ મેખલા કિંકિણી વાજે, ઘૂઘર ઘમકાર,
કુંડલ ઢલકે કરણનાં, લલકે હદયાહાર,
રત્ન આભ્રણ જયોત દીસે, મલી હોએ ઝાતકાર
દોહોણાના શબ્દ હોએ દોહોતાં, ગાનનો શબ્દ જેહ,
અરવ શબ્દ એકીભૂત થઈને ધૂનિ બ્રહમાંડે જાએ,
શ્રીકૃષ્ણજીનાં ચરિત્ર ગાતાં આનંદ અંગ ન માએ - ક:૧૨[3]

પ્રેમાનંદ:

કરકંકણ કટિ મેખલા, ઝાંઝરી ઘુઘરી નાદ
હરિગુણ ગાતાં ભૂષણ વાજે, ઉપજે અમૃત સાદ-૫
ઘમકે ઘુઘરી ચમકે ચુનડી ઘૂમે વલોણું ઘોર ,
નેતરું તાણી ગુણ વિખાણે, ગાયે નંદકિશોર -૬
બાજુબંધ બાળી, પલવટ વાળી, ચૂડા ચડાવ્યા બાંહે
ઘરમાંહે ફરતી, કામ કરતી, મનડું માધવ -માંહે -૭ ક:૧૩૦

કવિ ગિરધર:

ઘેર ઘેર દધિ મથન ધૂની થાતી, ગોરી ગોવિંદના ગુણ ગાતી,

ગોપવધૂ મથતી દધિ તાસ, દીપક મૂકયા છે બે પાસ.

આભૂષણ ઝલકે અંગ ઉદ્યોત, મધ્યે મણિ ગુણ કેરી જ્યોત,

નાયિકા નેતર તાણે સાર, હાલે કંકણ ને ઉરહાર.

કટિકુચ કુંડલ લલકે સાર, મુખડું ઝળકે ચંદ્રાકાર,

લટકે મહી ઘૂમે મૃગનેણી, ઢલેક ચક્ષુઃ શ્રવા શિરવેણી

ઘમઘમ ઘૂમે શબ્દપ્રકાશ, જાણે ઘન ગરજે, આકાશ

ગોપી ગદ્દગદ્દ કંઠે થાય, ગિરધારી પ્રભુના ગુણ ગાય : અ:૨૪[૪]

આ ત્રણેય કવિઓમાં નરસિંહનું જ અનુકરણ જોવા મળે છે. એજ આભુષણોની રુપછાયા, એની ગતિશીલતા અને એનું નાદસૌંદર્ય, અનુરણન ધ્વનિઓને વ્યકત કરવા માટે અનુરણનાત્મક શબ્દપ્રયોગ. અહીં પણ ગોપીઓની તન્મયતા છે. પણ એ એટલી ઉત્કટ નથી કે એને પરિણામે વિસ્મૃતિ આવે. ગોપી ગોરસ ભૂલી કૃષ્ણમય બની રહે.

એવાં કેટલાંક અન્ય દશ્યચિત્રણો જોઈએ.

માધવદાસ:

કૃષ્ણ સાથે રાસ રમતાં.

છુટી વેણ્ય પુસ્પ વેરાયા સ્ત્રીના તેણે ધરાહી સઘલી ધરણ

તુટાહાર ગુંજામણી મુકતા કુંડલ પડીયાં કરણ -૫

ઉતારી વસ્ત્ર પડયાં પ્રથવી પર, તાટા ચોલીના બંધ,

નાકવેસરનાં મોતી પડીયાં ભમરી દેતાં વ્દધ -૬

અદ્દભુત લીલા કરત કતુહલ નરત્યગાન નાહાના વીધતાં -૭

થકીત થયા સસી તારામંડલ, થીર થાઆ ધોન વ્યચાલે

પશુપખીને વૃક્ષાવેલી, જમુનાનું જલ નહી હાલે -૮

મોરલી નાદે સરવ મોહો પામ્યા મુનજનના ધાંન છંડાયાંરે

માહાદેવજીની તાલી છુટી તેહ તાંહાં જોવ્યા આવ્યા રે -૯ : અ:૩૩ : પૃ:૫૨

પ્રેમાનંદ:
------- માં પણ રાસલીલાનું વર્ણન જોઈએ.

૧: ઝૂલે રાખડી ગોફણી બાળ-ડીલે , સ્નેહશ્યામસાગરમાં નાર ઝીલે
થેઈકાર ધમકાર, ઝમકાર બોલે, મળે માન સંગીતનું દેવ ડોલે
વાજે કંકણી, ઘુઘરી, વેણુ , વીણા, રસઓઘ આહીરણી-કંઠ ઝીણા
ગાયે નાર સંગીત, શ્રીવનમાળી, નચાવે પૂઠે નાર દેઈ દેઈ તાળી -ક:૯૩

૨: આનંદ-કંદ નંદ-નંદ રાગ, છંદ , રાગણી
વેણુ વાયે,ગીત ગાયે, સરાયે સહુ સુહાગણી -૧
ઝમક તાળ,વ્રિજબાળ, રસાળ ગીત ભાખતી
ભ્રમણ, નમણ, નેહે રમણ - રુપ રુદે રાખતી -૩ ક:૯૪

૩: તાળ રસાળ , કંકણી, કટિમેખલા, વાદ્ય -ધમકાર બહુ નાદ બોલે
ઝૂમકે ઝૂમણા જાળી બહુ ભાતની, અલક લટે જેમ સર્પ ડોલે -ક:૯૭

તુલજારામ:
--------

વેણી છૂટિ મેખલા અને કંઠ તૂઠે હાર,
મુકતાફલ પડતા હવા તે ભમરી દેતા જાણ -૨૪
કાનનાં કુંડલ લડથડે બહુ રમત કરિ નારાયણ
ત્રણ ભુવન મોહુ સહિ તે મત શુ નીરવાણ-૨૫
અંદ્રમાતાહારહો ઉગે તી ષ્ટિયો ખટમાસ
એક લલિતા ઈમ કરિ તાહા સ્વામિ શ્રીઅવિનાશ
સ્થાવર જંગમ થેઈ ગન નાદે વર્વન હવિ ગતિમંદ,
અંદ્ દિવાકર ગગને ન ચાલેઈ, ઈછિ ભુર્વન આનંદ: ૨૮
મોહોટો ફણધર છતર છાહા કરી રહા સહુ વંન
ગાય મુખમાં કોલિયો ગહી, સ્વર સૂણો અનુદંન -૨૯ પૃ:૯૬-૯૭

આવાં સ્ફુટ ચિત્રો એક એકમ તરીકે પૂર્ણ હોવા છતાં દશ્યને ખંડરુપમાં જ વ્યકત કરે છે. સંપૂર્ણતા સાથે વિવિધ અંગોપાંગોનું સંશ્લિષ્ટ વર્ણન કરતાં દશ્યો અંકિત કરવાની ફાવટ પદકારો કરતાં પ્રબંધકારોમાં વિશેષ જોવા મળે છે.

પાદટીપ:

---

૧: વ્રજભાષામાં સૂરમાં :

માનો માઈ ઘન ઘન અંતર દામિનિ

ઘન દામિનિ દામિનિ ઘન અંતર શોભિત હરિ વ્રજભામિનિ - સૂરસાગર -પૃ:૪૩૭

નંદદાસ:

સાંવ રે પિય અંગ નિર્તતિ , અંચલ વ્રજકી બાલા,

જનુ ઘનમંડલ મંજુલ, ખેલતિ દામિનિમાલા - નંદ: પૃ:૧૭૭

૨: સૂરે દાવાનળના ભયાનક તથા ઉગ્રરુપનું સૂક્ષ્મ- સજીવ ચિત્રણ કર્યું છે :

ભહરાત ઝહરાત દાવાનલ આયો,

ઘેરિ ચહુઁ ઓર કરિ શોર અંઘેર વનઘરણિ આકાશ ચહુ પાસ છાયો

બરત બનબાંસ, ઘરહરત કુસકાંસ , જરિ ઉડત હૈં બાંસ અતિ પ્રબલવાયો

ઝપટિ ઝપટત લપટ , પટકિ ફૂલ ફ્રત, ફૂટિ ચટકિ લટલટકિ દ્રુમ નવાયો

અતિ અગિનિ ઝાર ભાર ઘુંઘાર કરિ ઉચટિ અંગાર ઝંઝાર છાયો,

બરત બનપાત ભહરાત ઝહરાત, અરરાત તરુ મહા ઘરણી ગિરાયો .

સૂરસાગર -પૃ:૨૩૧

૩: સુંદરસુત કૃત:

ભ્રમરગીતા-' ભ્રમરગીતા' ડો.મં.મજમુદાર.ડો.ચિ.વૈદ્ય.

૪: કવિ ગિરધરકૃત'ઉધ્ધવ- ગોપી સંવાદ' ભ્રમરગીતા' ડો.મજમુદાર ,ડો.વૈદ્ય.

## પ્રકૃતિચિત્રણ:

કોઈપણ જીવંત કાવ્ય પ્રકૃતિથી પૂર્ણતયા મુકત રહી શકે નહિ, કૃષ્ણકાવ્ય તો કયારેય નહિ, કેમ કે કૃષ્ણનું જીવન જે મુખ્યત્વે કાવ્યનો વિષય બને છે, તે તો યમુના તટવર્તી વનોપવન, પશુપંખીઓના મધુર સ્વરથી મુખરિત સઘન કુંજો અને મુકત આકાશની નીચે, કયારેક હરિયાળી પ્રસારતી, તો કયારેક ચાંદનીથી ભીંજેલી ગોકુલ અને વ્રજની ધરતી સાથે એટલો તો નિકટનો સંબંધ ધરાવે છે કે કૃષ્ણલીલાઓનું સ્મરણ થતાં જ વૃંદાવનની કલ્પના , તેના અલૌકિક પ્રાકૃતિક સૌંદર્ય સાથે પ્રત્યક્ષ થઈ ઉઠે છે.

મધ્યકાલીન કૃષ્ણકાવ્યમાં કૃષ્ણલીલાઓથી અભિન્ન એવી આ નૈસર્ગિક સૌંદર્યની અભિવ્યકિત મળે છે. કૃષ્ણભકત કવિઓ દ્વારા થયેલાં પ્રકૃતિચિત્રણને સામાન્ય રીતે ઉદ્દીપનની કોટિમાં મૂકવામાં આવે છે, જે ઉચિત પણ છે. કારણ કે તેમને માટે કૃષ્ણ અને તેમની લીલાઓ સિવાય અન્ય કંઈ આલંબન હોઈ શકે જ નહિ. દાર્શનિક દષ્ટિથી બધું જ કૃષ્ણમય તથા કૃષ્ણના સ્વરુપનો જ વિસ્તાર માનવામાં આવ્યો છે. આથી પ્રકૃતિનો સ્વતંત્ર આલંબનના રુપમાં સ્વીકાર કરવો, એ ભાવભૂમિ પર સંભવ ન હતો, જેમાં મોટે ભાગે બધાજ કૃષ્ણોપાસક કવિઓ પ્રવૃત્ત હતા.

પુરુષ અને પ્રકૃતિની જેમ રાધાકૃષ્ણનો સ્વીકાર કરનારા કવિઓએ પ્રકૃતિને આધ્યાત્મિકતાના આરોપ સાથે કૃષ્ણથી સંબધ્ધ કરી. આ સ્થિતિ પણ પ્રકૃતિને મહત્ત્વપૂર્ણ તો બનાવે છે, પરંતુ તેને આલંબન કોટિમાં પ્રસ્તુત નથી કરતી.

પ્રકૃતિના આલંબન તથા ઉદ્દીપન રુપોની વચ્ચે કોઈ સ્પષ્ટ સીમારેખા નિર્ધારિત નથી થઈ શકતી. વસ્તુત: એનાથી જુદી વચ્ચેની એક અન્ય સ્થિતિ પણ સંભવિત છે, અને જે સગુણ-ભકિતકાવ્યમાં ઉપલબ્ધ પણ છે.

કૃષ્ણકાવ્ય અંતર્ગત પ્રકૃતિચિત્રણ વ્યાપક અને વિવિધરુપમાં થયું છે, અને આ બધી વ્યાપકતા અને વિવિધતા સાથે માનવીય ભાવોનું અદ્ભુત સામંજસ્ય સધાય છે. આલંબનરુપમાં પ્રકૃતિનો સ્વીકાર ન કરવા છતાં પણ એક વિચિત્ર આત્મીયતાથી તેનું ચિત્રણ કરવામાં આવ્યું છે.

ઉદ્દીપનની અંતર્ગત પ્રકૃતિ સાથે માનવીય ભાવનાઓના સંબંધની એટલી અનેકરુપતા મળે છે કે તેને સંકુચિત શાસ્ત્રીય પરિભાષામાં બાંધવું કઠિણ છે. કયારેક કવિઓએ ભાવને આધાર માની પ્રકૃતિને તેને અનુરુપ ચિત્રિત કરી છે, તો કયારેક પ્રકૃતિને આધાર માની ભાવજગતમાં તેની પ્રતિક્રિયાનું સંવેદનાત્મક ચિત્ર પ્રસ્તુત કરવામાં આવે છે.

કયારેક માનવીયતા અથવા માનવ સંબંધોનો આરોપ તેના પર કરવામાં આવે છે, તો કયારેક ઉપમાઓના રુપમાં પ્રાકૃતિક સૌંદર્યના અગણિત ઉપાદાનોને ગ્રહણ કરવામાં આવે છે.કલ્પનોના પ્રયોગ સર્વત્ર મળે છે. કયાંક કયાંક તો પ્રકૃતિના વાસ્તવિક રુપની નિતાન્ત ઉપેક્ષા કરી, કલ્પનાને આશ્રયે અલૌકિક રુપવિધાન અત્યંત મોહક રુપમાં રચવામાં આવ્યું છે, અને ભકતહૃદયના સહજ વિશ્વાસે તેને યથાર્થ સમજી કલ્પનાના આનંદથી ભિન્ન અલૌકિક આનંદની ઉપલબ્ધિ પણ કરાવી છે.

વૃંદાવનનું વર્ણન મોટે ભાગે કવિઓએ આ રીતે કર્યું છે. વાસ્તવ જગતમાં પ્રકૃતિ પરિવર્તનશીલ છે, રમણીયની સાથે સાથે તેના ભયાનક રુપનો પણ અનુભવ થાય છે. પરંતુ કવિઓએ વૃંદાવન માટે આ બધા દોષોથી મુકત એક પ્રાકૃતિક સૌંદર્યનું વિધાન સ્વીકાર્યું છે.

ભાલણ:
-------- માં ગોપીનું માન ,શ્યામ મેઘમાં તડપતી વીજળી જોઈ તથા બપૈયાનો પોકાર સાંભળતાં વિલુપ્ત થઈ જાય છે. વાદળોની ગર્જના સાથે તેમનું હ્રદય વિદીર્ણ થઈ જાય છે.

સામું જોરે સુંદરી વિજલડી શી જબુકે રે
મેઘ અંધારો આવિયો, હળવે હળવે ટપકે, રીસાવ્યાં રહિયે નહિ રે.
બપૈયો પીયુ પીયુ કહીને . ધાઢે સાદે પુકારે રે
માન કરે જે મિત્રશું, તે સ્ત્રીને એ વારે
ઘણા રે દિવસનાં રુસણાં તે ભાદરવે ભાજે રે
હૈડું ફાટે વિરહિણી, જે વારે ઘન ગાજે
મન્મથ વેધે મનને કેવડાને કાંટે રે
આણે દહાડે કયમ ચાલશે, વા'લાશું આંટે

મોર કરે રે ટહુકડા ને મહેકે છે જાતિ રે

પ્રાણ જઈ પીયુને મળે, માનિની મદમાતી : પ:૧૪૩

આ રીતે અનેક કવિઓએ પ્રકૃતિના ઉદ્દીપક વાતાવરણની અનુકૂળતા અને પ્રતિકૂળતાને અનુરુપ માનવહૃદયની વિવિધ દશાઓનું આલેખન કર્યું છે.

તો વૃંદાવન કેવું છે એનું વર્ણન જોઈએ :

એ કુંજનિકુંજ સોહામણો, ફુલી હે દ્રુમવેલ

શુક પીક અલિ ગાવહી, તહાં નાચત એકેકે ઢેલ:પ: પ:૧૩૧

પ્રકૃતિ પ્રતિ વ્યકત થતી રાગાત્મિકા વૃત્તિ તીવ્રતાની સીમા પર પહોંચતા ઉપાલંભથી યુકત ભાવાત્મક અનુકથનોના રુપમાં પ્રગટ થાય છે. ભાલણના એક પદમાં ઉપાલંભની આવી તીવ્ર ભાવના મળે છે.

જે વૃંદાવન શ્રીકૃષ્ણને કારણે જ વૈકુંઠથી પણ ચડિયાતું લાગતું હતું, તે હરિના વિયોગમાં ખાવા ધાય છે.

જે વન વૈકુંઠથી સુખદાઈ, તે વન ખાવાને ધાયે રે બાઈ-૩

દીસે દીસે તે ભયંકર, દીસે દ્રુમ જાણે મોટા કુંજર -૪

સોહિણી રાત ઘણી ઉજીયાલી, ચાંદલિયાને કિરણે જ બાળી -૬ : પ:૧૬૧

ગોપીઓ કૃષ્ણ અંતર્ધ્યાન થતાં વનમાં તેમની ખબર કોને પૂછે ? ત્યાં પ્રકૃતિ જ સહારો બને છે. કદંબ, અશોક, બકુલ, અશ્વત્થ ઈત્યાદિ વનનાં વૃક્ષો, પક્ષીઓને તેઓ હરિની ભાળ મેળવી આપવાનું કહે છે.

કહેરે તુલસી અમને, હરિવલ્લભને રે પ્રેમપ્રકાશ:

વદે સઘલાં પક્ષિઓ , અમ નાથજી તોરે પાસ -૪

કહે કે કાલીતરુ બાપડા વૈકુંઠ રે તારો વાસ

અમને મેળવ નાથજી તો જીવે રે હરિના દાસ: ૭: પદ:૧૬૨

કેશવરામ:

પ્રકૃતિની સાથે માનવીય સુખદુ:ખની ભાવનાનુ સમીકરણ ગોપીઓની સંયોગ અને વિયોગમયી મનોદશાના ચિત્રણમાં વિશેષરુપથી ઉપલબ્ધ થાય છે. પશુપક્ષી અને લતાવૃક્ષ સર્વ તેમની અનુભૂતિઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવતાં જોવા મળે છે.

હરિજન્મોત્સવ ગોકુલમાં ઉજવાય છે. વ્રજવાસીઓ સર્વ ઉત્સવ ઉજવવા ચંદનચોક અને મોતીના સાથિયા પૂરાવે છે, મંડપને તોરણ બાંધે છે, સુખડને અગર ધૂપ મહેકી રહયો છે, ગોપગોવાળો પણ ગાયોને શણગારી, વેણુ વગાડતા માંહોમાંહે ગોરસ છાંટે છે. આ આનંદથી પ્રકૃતિ થોડી અલિપ્ત રહે છે ?

હખીં યમુના, હખીં ગાય, હખ્યો ગોવર્ધન, હખીં ગાય : -૨૯
હખ્યાં વન, તૃણ તરુઅર સહુ, એક જીભ હૂં કયમ કરી કહૂં : સર્ગ :૩

એક વાર હરિ મિત્રો સાથે વનમાં જાય છે. સુગંધિત પવન અને પુષ્પોથી શોભતા વનનું વર્ણન જોઈએ :

કુસુમરંગ વન દેખી કરી, હખ્યાં સંકર્ષણ શ્રીહરિ,
મંજુઘોષ, મૃગવરની આલ્હય, મનોતટ પુષ્પની પાલ્ય-૩
કુમુદવાયુ પરિમલ, અતિપૂત, તરુપલ્લવ ફૂલફૂલપ્રસૂત -સર્ગ :૯:

આ વન પણ હરખથી શ્રીકૃષ્ણ આવતાં નીચે નમીને સ્વાગત કરે છે.

બ્રહમાદિક વંદે તવ ચરણ, નમી નીચાં રે તરુઅર તરણ -૫
અખિલ તવ યશ ગાએ જેહ, સકલ લોક તીર્થીકૃત તેહ
આ જો કરે કલાંચલ નૃત્ત, હરણી નિર્ખે હખીં ચિત્ત,
કોકિલ કૂજી સ્તુત્ય ઉચ્ચરે, આપણને એમ સ્વાગત કરે -૭ સર્ગ :૯

અહીં ગોપીઓ પણ પ્રકૃતિના માધ્યમથી હૃદયની ગંભીરતમ ભાવનાઓને અભિવ્યક્ત કરે છે. કવિએ આવે સ્થળે પ્રકૃતિને વિશેષ સંવેદનશીલ દર્શાવી છે. વસંતઋતુ આવતા ગોપીઓ કહે છે :

આવિયો ઋતુ તણો રાઉ રે, નાહ ત્યજી ગયો નેહ,

વાજિયાં કામનાં બાણ રે, પ્રાણ ન છંડે દેહ -૧૧

બાવન ચંદન ને વળી કેસર - સહીયર ઉરવર લાય,

શશીહર કિરણ લૂણીદળ શીતલ, સોય ન અંગ્યિ સુહાય -૧૨ સર્ગ :૧૫

કવિ લક્ષ્મીદાસ:

કૃષ્ણ માતા પાસે પકડાઈ જતાં થરથર ધ્રૂજવા લાગ્યા- એ ઓશિયાળું મુખ કેવું લાગે છે ?

અતિ ઓશિઆલા દીનવદનજી, યમ તે શશીઅર છાયા ઘનજી

છાયા ઝીણી માંહિ વિરાજે, ચંદ્ર યમ દરશંનજી -પૃ:૨૫

કવિએ અહીં મુખભાવ દર્શાવવા પ્રકૃતિનો વિનિયોગ કર્યો છે, તો સરખે સરખાં ગોપબાળકો સાથે રમત કરતા હાસ્યકૌતુક કરતા, નૃત્ય કરતા હરિ વનમાં જાય છે, ત્યારે તેમના વર્ણનમાં પણ કવિએ પ્રકૃતિનાં તત્ત્વોનો ઉપયોગ કર્યો છે. પશુપખીઓના અનુકરણની ચેષ્ટામાં બાળસ્વભાવની વિશિષ્ટતા પણ પ્રતીત થાય છે.

એક વૃષભની પેરે ગાજે તા તે ચાલિ ચ્યાહારિ ચર્ણ,

એક મયુર ચાતૃક કોકિલા, શુકસારસના બોલ,

બક કાક ગિર્ધર કપોત મંડુક, વચન તે સમતૂલ્ય: ૧૪

એક અજૂકમર્કટ શ્વાન ભાષા એક ચક્રવાક સમાંન ,

સિંહ તુરંગ કુંજરમા ગતી મધુપ મોહન ગાંન -૧૫ પૃ:૩૧

કવિના શરદઋતુના વર્ણનમાં પ્રકૃતિનું વાસ્તવિક વર્ણન તો છે જ, સાથે એમાં આધ્યાત્મિક કે સૂક્ષ્મ ભાવ પણ કવિએ ગૂંથી લીધો છે.

તેહવે આવ્યુ વરોખારતી નભ ધાયુ જલકિ વિદ્યુતી

જલ સંઘાત્યે નભ ગજયિ અદ્ભુત તડીતતણી શોભાય-૬

દસે દિશાં દીસે અત્યંમ જાણો ઢાંકયો સગુણ જ બ્રહમ -૭

નીલાં તે વકત શોભે તૃર્ણ ઈંદ્ર ગોપના તારા વર્ણ -૧૪

ઉઠિ મેઘમાંહા વર્ણીઆ, વીદ્યુતના ઝબકારાં જાણીયા -૨૪

સારસડાં બકીક શબ્દ જ કરે, પક્ષી આકણિયે મનધરે -૩૩ પૃ:૫૭

ગીરી કરો શત ખંડની આજ્ઞા મળતાં પ્રલયકાળના મેઘ પ્રચંડ

પ્રાક્રમ' કરવા ગોકુલ પર ત્રાટકયા : ઈમ કહીને અભ્ર પટલ કરે વીદ્યુતના ઝળકારા રે

મંદ મંદ તે ગહન ગર્જના, મૂલ આભ પરઠાય, સ્વતેરસીમ અભ્યસ્ત ઝસતાં તે કીણું

વાદલ ધાય-૩, બોલા મધુર શબ્દ બાપૈઆ, સૂણી સકલ વિસ્મે થાય .

ઘોર ગપટ નભ રેણુ ચઢી તે દશા સકલ રોધાય -૪ પૃ:૬૯-૭૦

માધવદાસ:

કાલીદમનના પ્રસંગમાં હરિને કાલીનાગ વીટળાઈ વર્ત્તતાં મિત્રો તો આક્રંદ કરે છે, પણ સાથે પશુપખીઓ પણ દારુણ શોક વર્તાય છે, આંખમાં આંસુ ઉભરાય છે.

પશુપખી શ્રીહરીને દેખી નહીણે નીર ભરાયાજી -૧૭

કાગકપોતને સ્વાન જંબુક સબદ ભયંકર થાય જી

દસેદસ અંધારુ દીસે દામોદર સહુ ધાય જી-૧૮ અ:૧૬

અહીં કવિએ મધ્યકાલીન પરંપરા મુજબ શરદઋતુના વર્ણનમાં થોડીક આધ્યાત્મિકતા વણી લીધી છે.

આવી શરદઋતુ શોભા તાંહાં આકાશ સહુ નીરમલ હવુ , જલદ સ્વસ્થાન ગહાં -૨૪

નક્ષાત્ર મંડલ ચંદ્રાતારા અભ્રની સોભા ધારે

જયમ ભજનશ્રી ભગવાનનાથી આત્માને નીરમલ કરે -૨૫ અ:૨૦

તો શરદની રળિયામણી રાતનું વર્ણન પણ સુંદર કર્યુ છે:

તેહેની કીરણ કોમલ વસ્તરી, તેણે સોભુ વૃંદાવન જો -૩

સહુ પ્રફુલીત થઈ વનસપતી તાહાં નાંહાંના કુંજભોવન જો -૩

તાહાં ભ્રમર ગુંજાર બહુ કરે, બોલે ચાતુક મોર જો

ચક્રવાક સારસ પ્રમ આતુર ચોરે ચીત ચકોર જો -૪ અ:૨૮:

પ્રેમાનંદ:
------- ની પ્રતિભા બે ચાર લીટીના લસરકાથી બે કાંઠે વહેતી યમુનાનું સુંદર ચિત્ર દોરે છે: પાવસ ગાજે મંદ ઘોરે, વીજળી ચમકા કરે

ભાનુસુતા વેહે ઘોર શબ્દે, ઉભય તટ અટકયાં નીર

ભ્રમર વમળ તરંગી લહેરી, ફેણ બુદ બુદ અતિ ઘણાં -ક:૧૬

ઈંદ્રના કોપને લીધે જ્યારે બારે મેઘ ગોકુળ ઉપર તૂટી પડયાં, ત્યારનું પ્રેમાનંદનું વર્ણન ખૂબ સ્વાભાવિક અને મૌલિક છે. વર્ષાના આરંભથી અંત સુધીનું વર્ણન જોઈએ:

અંધકાર થયો ગોકુલમાં, ઘન ગાજે ગર્જન

તિમિર આગળ કાંઈ ન સૂઝે, રવિજ્યોત અભ્રે બાંધી -૩૫

ગિરિ શૃંગ શિલા બહુ વરસે, ઉડે વૃક્ષા સમૂળે

છાજ છાપરાં ઊડી ગયાં, રેહયાં ભોમ ધારણ -૪૦

અવળાં સવળાં દોડે આભલાં, વરસે મેહુલો મૂસળધાર રે

જાણે જિહવા શું વાસુકિની, થાય વિદ્યુતતણાં ચમકાર રે -૪

બારે મેઘ સાથે તૂટી પડયા, જેમ પ્રલય કરે પશુપાળ રે -૧૮

ઉપર મહાજળની ઝકઝોળ, હેઠળ ગોપ કરે કલ્લોલ -૫

ગિરિશૃંગ ગરી ગરી પડે, માંહોમાંહે શિલા આથડે

કાષ્ટ કર્દમ કાંટા ઘણા, અકળાયે મરણમાં નહીં મણા

ગજશુંડાકારે જળધાર, વાદ વદી વરસે ઘન બાર

ઊડે આંધીના ગોટે ગોટ, વરસે સરપડાં દોટે દોટ -૯

કોપ્યા ઘનવરસે સામટા, અભ્ર ઉપર થાય અભ્રની ઘટા -ક:૭૪-૭૫-૭૬

નરસિંહને વૃંદાવનના લતાદ્રુમ અનેક વર્ણોમાં પ્રતિભાસિત થાય છે. વસ્તુત: તેમને માટે વૃંદાવન વૈકુંઠથી પણ અધિક સુંદરતર છે.

'મારું વૃંદાવન છે રૂડુંરે, વૈકુંઠ નહિ આવું' ન: કૃ:કા: ૫૩૭

નરસિંહ ને પ્રેમાનંદ,તુલજારામ ઈત્યાદિ કવિઓએ વૃંદાવનમાં કોઈ એક ઋતુને નિત્ય ન માની, વર્ષા, શરદ અને વસંત આદિ બધી ઋતુઓમાં વૃંદાવનને અલૌકિક સૌંદર્યથી યુકત ચિત્રિત કર્યું છે. સમસ્ત પ્રકૃતિ કૃષ્ણના રાસનૃત્ય સાથે ઉલ્લાસથી નાચી ઉઠે છે, ચંદ્રમા થાકી જાય છે; યમુનાનો પ્રવાહ જોસથી વહેવા લાગે છે; રાત્રિ અસાધારણ રુપે છ માસની થઈ જાય છે.

પ્રેમાનંદમાં વર્ષાઋતુ :

ગાજે ઘન વીજળી બહુ ચમકે થાય અંધારું ઘોરજી -૫
હંસ ચાતક બોલે બપૈયા નાચે કળાકરી મોરજી
અમૃત સ્વરે કોકિલા બોલે, ભ્રમર કરે ગુંજાર જી
અભ્ર ઘટાને દેખી -હાસે , વચ્છ કરે હિંસાર જી
ઝડી વરસે મેહ વિલીયો , નયણે સૂરજ ન સૂઝે જી -૨૧
વૃક્ષા તળે ઉભા અવિનાશી, ટાઢે થરથર ધ્રૂજે જી -ક:૬૧

શરદઋતુ :

પ્રગટ ઉડગણ ઈંદુ ભાસે, મહાજ્યોતિ કરે માર્તંડ જી
રવિ કિરણે પંક સુકવ્યા, નિર્મઈ કીધ નવખંડજી -૩૪
નિર્મળ જળ થયાં સર્વ સરિતાનાં પોયણ પંકજ ઉઘડિયાંજી
ઉત્પતિ થઈ મુકતાફળની સ્વાતિબિંદુ બહુ પડિયાંજી — ક.૬૧

રાસનાં પ્રસંગમાં ભાવવિભોર થઈ, ગોપીઓ વૃક્ષા વેલીઓ અને પશુપક્ષીઓ સુધ્ધાંને કૃષ્ણના સમાચાર પૂછે છે. પ્રકૃતિ પ્રતિ આવી અતિ તલ્લીનતાનું ચિત્રણ ભાગવતનો આધાર લઈ કવિઓએ કર્યું છે. પ્રેમાનંદની ગોપીઓ પર્વત અને પૃથ્વીને કૃષ્ણના સમાચાર પૂછે છે,તો ન દેખે પગલાં, રુએ સુંદરી, વડપીપળ પ્રત્યે અબળા ઓચરી :

' ઉપકાર જુઓ ખપ કરી- કઈ દિશા પધાર્યા હરિ ? -૩
આસોપાલવને પાલવ પાથરે ' જો જીવણ' અબળા ઓચરે

વળી પંખીને પૂછી કામિની ' સંભાળ જુઓ સુંદર શ્યામની -૪ ક:૮૮

વિરહને લીધે જ: —

શશી- કિરણ સુધા -શીતળ, તે ગોપીને મન વસે અનલ

વિરહે તપ્ત થયાં છે તન ગોપી કદલીને દે આલીંગન -૮ ક:૮૮

આપણે ત્યાં શુકન અપશુકનની માન્યતાઓ સાથે પણ પ્રકૃતિને જોડી દેવામાં આવી છે. અક્રૂર કૃષ્ણને લેવા ગોકુલ જાય છે, ત્યારે રસ્તામાં પશુપંખીઓનો અવાજ સંભળાય છે. એને તે સારા શુકન માને છે. અહીં શુકન અંગેની મધ્યકાલીન માન્યતાનો જ પડઘો સાંભળવા મળે છે.

ઊતર્યો દક્ષિણપાસ, કાળો મૃગલો રે

ચાસ, સારસ, શુક, શબ્દ કરે ભલો રે -૧૧

ચકોર, મોરને હંસ, બોલે કોકિલા રે, ફરકે જમણી આંખ, શુકન થાયે ભલા રે -૧૨

ક:૧૦૬

તો કંસ જે સ્વપ્ન પામે છે, તેમાં તેણે પ્રકૃતિનાં તત્ત્વો દ્વારા અપશુકન થાય છે.

જમુના દીઠી રુધિરવર્ણી, ઉત્પાત થાશે કાંઈ રે

ચંદ્રમા પૃથ્વી પડયો, સૂર્ય શું સહુએ ગ્રાસ્યો રે

ઉષ્ટ્ર, ગર્દભ, માંકડાં, મહિષી બાર બાંધી ઘણી,

મહિષ ઉપર ચડયો રાજા ગયો દક્ષિણ દિશા ભણી -૨૭

ઉલક , વાયસ, ગીધ, પંખી, સીંચાણા સમડી ઘણી,

કંસ જાણે-ચંચ-પ્રહારે, ટૂંપે કાયા મુજ તણી -૨૯: ક:૧૧૭

તુલજારામ:

ગોવર્ધન પૂજાને કારણે, ઈંદ્ર દ્વાદશ મેઘને ક્રોધથી આજ્ઞા કરી કે'શલા પરવત વિષ્ટ કરજો ,વરસજો પાંશાંણ - ૮:

ગોકુલ ઉપર દારુણ પવન વાવા લાગ્યો, અનરાધાર વૃષ્ટિ શરુ થઈ :

અવનિ તલજલ વાપિઉ બહુ શબ્દ દોહોદશ થાય
અંધાર વાપો કાંઈ ન સૂઝે,પવન દારુણ વાય-૧૯
વિજ તે ચમકા કરે ગડગડા હવા જે નાદ
જાણે ગગન ભૂમંડલ પડે, ગોવાળ કરતા સાદ:૨૦
પરવત ગિરિ ગોહવર ઘટા તે ગહરવાજે ગુડ
ચંદ્ર સૂર્ય ન દિસે ઈમ,કરૂ પ્રાક્રમ પ્રૌઢ -૨૩ પૃ:૭૫

રાસ કરતી ગોપીઓના વર્ણનમાં પણ પ્રકૃતિનાં તત્વોનો વિનિયોગ કવિએ કર્યો છે. આમ તો જો કે એ પરંપરાગત વર્ણન છે. ઉદાહરણ તરીકે 'પરવાળા જેવા હોઠ, પોપટની ચાંચ જેવું નાક, દાડમની કળી જેવાં દાંત' ઈત્યાદિ, છતાં એમા કયાંક વિશિષ્ટતા જોવા મળે છે.

— — — ... હંસ લકી કટિમેખલા લોચણ વદંતી શશિહરકલા
દિસંતી જસી ચંપક છોડ, કદલિ સ્તંભ જસા પગજોડ
અર્ધ ચંદ્રની ઉપમા ભાલી,કસ્તુરિના તીલક વિશાલ :૫૫: પૃ:૮૭

રાસ સમયના યમુનાતટનું વર્ણન પણ સુંદર છે. મનોહર યમુના પુલિન પર શીતલ પવન વાય છે. વસંતઋતુહોવાથી —

બાપૈયો પેઉ પેઉ વદે કોયલ કરે કલ્લોલ
સુગંધ આવિ પુષ્પનિ, ચંદને ઝાકમઝોલ: ૧૫
શશિહરને કરણે કરિને ભોમ શોભે વંન
જમુના તૃટય ઉપર સદા છે પ્રમલતા અનુદિન -૧૩: પૃ:૬૪

રાસની અસર જડચેતન સૃષ્ટિ ઉપર થાય છે. ખટ્માસની રાત્રિ હોવાથી તારા ચંદ્રતો ઉગેલા જ રહે છે, જંગમ પણ જાણે સ્થાવર થઈ ગયા, કારણ-

ચંદ્રદિવાકર ગગને ન ચાલે ઈંદ્ર ત્રિભુવન આનંદ -૨૮
૧. મોહોટો ફણધર છતર ધાહા કરી સાંભલુ કંન, કોલિયો ગ્રહી ૨. ગાય મુખમાં સ્વર સૂણો અનુદાન -૨૯: પૃ:૯૭
મૃગલાં પણ વનમાં જોઈ રહયા, મોર કલા માંડી ધ્યાનથી

સાંભળી રહયા, વનસ્પતિ જોરથી ફળવા લાગી :

રઘુનાથદાસ:

વર્ષાઋતુના વર્ણનમાં કવિએ પ્રકૃતિસાથે આધ્યાત્મિકતાનો યોગ સાધ્યો છે.

મેહે તારા ઢાંકીઆ , આગીઆ દીસે જેમ

વેદમારગ ઢકાઈઓ, પાખંડ ચાલે તેમ

સુરશશી દીસે નહીં આભલાંનેઆંકે

અહંકાર જેમ ચઈતંનને પરકાશીને ઢાંકે -૭: પૃ:૭૬-૭૭

બહુ વરસાદ હોય તોય પર્વત ડોલતો નથી, જેમ ભગતને દુખ આવે તો તે કંઈ ફરિયાદ કરતો નથી.

કવિગિરિધર:

કંસને માનશુકન થાય છે, તેમાં પ્રકૃતિતત્ત્વો જોવા મળે છે. તત્કાલીન માન્યતાઓ જ એમાં જોવા મળે:

વિદ્યુતપાત નક્ષત્ર પડે છે, ધરા કંપે ઘણીવાર

રાજદ્દારમાં શ્વાન રુએ છે, ઉલુક કરે પોકાર -૧૮: અ:૧૪

આમ ઉપમાનના રુપમાં તૃણ, તરુ, પર્વત, લતા, કમલ, ભ્રમર, હંસ, ચકોર, આદિ પ્રકૃતિની વિભિન્ન વસ્તુઓનો ઉપયોગ સાહિત્યમાં સદાયે થતો આવ્યો છે. કૃષ્ણનું ગોપાલ રુપ આરાધ્યરુપ તરીકે સ્વીકારતાં કૃષ્ણભકત કવિઓએ રુઢ ઉપમાનો ઉપરાંત નવાં ઉપમાનો પ્રકૃતિમાંથી ચૂંટયાં છે. આ બાબતમાં પ્રેમાનંદની વિશેષ મૌલિકતા જોવા મળે છે.

સ્વભાવચિત્રણ:

માનવપ્રકૃતિની સૂક્ષ્મ વિશેષતાઓને લક્ષ્ય બનાવી કેટલાક કવિઓએ પોતાના કાવ્યમાં માનવસ્વભાવનું પણ ચિત્રણ કર્યું છે. આ ક્ષેત્રમાં અન્ય કવિઓ કરતાં પ્રેમાનંદની વિશેષ ગતિ છે. પ્રેમાનંદના આખ્યાનોનો તો આ અસાધારણ ગુણ છે જે તેની લોકો-મુખી કાવ્યચેતના-ની એક સહજ પ્રવૃત્તિને વ્યકત કરે છે. રુઢિ અથવા પરંપરા અનુસાર સ્વભાવચિત્રણ કરવું તે એક વસ્તુ છે, અને સ્વાનુભવનો આધાર પર જીવન્ત રુપમાં માનવસ્વભાવનું ચિત્રણ કરવું એ બીજી વસ્તુ છે. પ્રેમાનંદની પ્રતિભા આ બીજી દિશામાં જાગરુક રહી છે . તેણે ભાવની અપેક્ષાએ સ્વભાવને અધિક આત્મીયતાથી વ્યકત કર્યો છે.

બાલસ્વભાવ , સ્ત્રીસ્વભાવ, લોકસ્વભાવ, પશુસ્વભાવ જેવાં સ્વભાવચિત્રણનાં અનેક રુપો પ્રેમાનંદમાં મળે છે, તો બાલસ્વભાવ ભાલણમાં પણ એટલો જ સહજ રીતે વ્યકત થયો છે. બાલસ્વભાવની ઘણી મહત્ત્વપૂર્ણ વાતોનો ઉલ્લેખ બાળુલીલાઓના પ્રસંગમાં કર્યો જ છે. ભાલણનાં સ્ત્રીસ્વભાવનાં લોકસ્વભાવનાં કેટલાંક ઉદાહરણો જોઈએ:

૧: જાણું રખે કોની દષ્ટિ પડશે, રુપ જોઈને રુડું રે
ગાલે કરું કાજળનું ટબકું, મનમાં આવે કુડું રે -૩ -પદ:૬૪

૨: શ્વાસ ભરાયે જશોમતી રે, હાથ ન આવે તન ,
હાસ્ય કરે સર્વ ગોલણી રે, દુઃખે દાઝે મન -૭ પદ:૪૯

૩: દષ્ટ દીવડી આરત મેલે, હરિ ઉપર ઉતારીરે -૨
લૂણ ઉતારે કુંવરને, ભામણડાં લે માડી રે
અંગોઅંગ કરે છે રક્ષા ગૌનું પુચ્છ ભમાડી રે -૩ પદ:૫૯

૪: સતી સામું નવ ઉચ્ચરે રે તે તો નીચું જોઈને જાય
પુરુષ પરથી વેગળી રે, આકણિયે ઓળખાય -૩ -પદ-૧૨૪

૫: સાચું કહું છું તુજને,અતિ તાણતાં તૂટેજી
હીરતણી જે ગાંઠડી, છેદી નાખે છૂટે -૭ પદ:૧૩૮

૬: બેહુની રાઢમાંહે બેહુ જાણે ત્રીજે નવ લહેવાયે -૪
પદ:૧૪૭

૭: સમ તો તારે સુખડી, જે ચાલે વ્યભિચારજી -૨૩ પદ:૧૬૮

૮: દૂધ દહિંને માખણ ઉત્તમ , તારે ઘેર હું મેલું ,

સુંદર વર જ્યમ ચોરી ખાયે તિમ તુ રાખે વહેલું -૨ પદ:૬૫

અહીં ગાલે કાજળનું ટપકું કરવું, લૂણ ઉતારવું, બાળકને નજર ના લાગે માટે માતાનો આ પ્રયાસ, પુત્રને બીજાના ઘરનું ભાવે છે, તેથી એને ઘેર દૂધ દહીં વગેરે મૂકી આવવાનો માતાનો વિવેક, પુત્ર પાછળ નિષ્ફળ દોડતી માતાને હાંસી ઉડાવતી ગોપીઓ-વગેરેમાં સ્ત્રી સ્વભાવનાં દર્શન થાય છે. તો વ્યભિચારીના સમનો વિશ્વવાસ શો ? મીયાંબીબીના ઝઘડામાં ત્રીજો શું કરે ? ઈત્યાદિમાં લોક સ્વભાવનાં દર્શન થાય છે.

<u>કેશવરામ:</u> માં પણ આવાં ચિત્રો મળે છે. ઉ:ત:

૧: સાહયો તો વલી સાચો રડે, તાણ્યો તો પાછેરો પડે -૧૦

ધૂલ્ય ધુસારવ લોટે ઘણૂં, મન આવટે માતા તણું . સર્ગ :૫

૨: કટિતણી કિંકિણિ જમ જમ વાજે, મનોહર મરકલે હરિહશિ લાજે -સર્ગ :૪.૬૪

૩: ઘુઘરીયે ધીર ન ધાવે, પ્રેમે બહુ પાનો આવે,

ભૂખ્યો ત્થો કાંઈ ન ભાવ રે -૮૯ સર્ગ :૩

૪: કૃત અપરાધ રુદન તે કરે મશી ભૂસી, મસ ડુસકાં ભરે

ધ્રૂજે ને વળી ચોલે ચક્ષા, કાલું બોલે મનોહર મુખ્ય -૧૭ સર્ગ :૬

૫: નારય દેખે નાશે આફણી, કર સાહી ઘંટા કિંકણી -૨૩ સર્ગ :૫

૬: કિંકિણને નાદે નરહરિ નાહનડિયો નાચે

આંખડીને મચકડે માત યશોમતી રાચે -૬ સર્ગ:૫

અહીં પણ કવિએ બાલસ્વભાવ/સ્ત્રીસ્વભાવનાં ચિત્રો આપ્યાં છે.

<u>લક્ષ્મીદાસ:</u> ' કુઉનાં સુતાં બાલક જગાડિ, હરિ કરે જે હાસ્ય -૮

કોહોનિ જૈ છંદૈઆ પાડે, કોહોના અંબિલે કાંન -૯

સઉ બાલ લીધાં સંઘાત્યે સૂનાં ભુવન વિચારે

કહી ન જડે તેહેનાં બાલકનિ મસ્તક ટાકર મારે -૧૨ પૃ:૨૨

પરમાણંદ:

સાથે મરકટ બાહાનાં બાલ તે શું એમ બોલ્યા ગોપાલ

હું જાઉ જાહારિદકવડી,તહ્મો મ રેશો ઉભા ઘડી -૧૧

એહવુ કહી મુખ ભરઉ મહી,વ્દારે સહુ કો આવ્યા વહી

મહી છાંટી રાખે સુંદરી, સઙ્ગ કો નાશી ગયા નીસરી -૧૨ પૃ:૨૨

માધવદાસ:

છોકરડાં સઘળાં મેલેને ઘેર ઘેર ફરતો હીંડે

લઘુલાઘવી વિદ્યા તે જાણે છાનો આવે છીંડેજી -૮ અ: ૭

કૃષ્ણજન્મ પછી તરત જ પોતાના બાળકને પારકે ઘેર મોકલનારી દેવકીની ભાવનાઓને પ્રેમાનંદે લોકાનુરુપ અત્યંત સ્વાભાવિક ઢંગથી રજૂકરી છે. ' મળવા આવશે ભાઈ ભોજાઈ

જશોદાના ધનસુખ દહાડો '

માં લોકસામાન્ય સ્ત્રીની ચિંતા અનુસ્યૂત છે. જશોદાના સાંકળ ખખડાવી, ઘૂઘરો વગાડી અને એવા જ અન્ય પ્રયત્નોથી ખૂબ રડતા કૃષ્ણને છાના રાખવાનો પ્રયાસ માતાના સ્વભાવને મૂર્ત કરે છે. એને ક્રિયાની સ્વાભાવિકતા કહી શકાય.

' ખખડાવે કડાં વ્દાર સાંકળી વજાડે ઘૂઘરો મા થઈ આકળી,

સુંઘાડે પુષ્પ, દેખાડે ગાય,તેમ તેમ બાળક બમણો થાય -૧૬ ક:૨૬

આવા કેટલાક વિશિષ્ટ અંશો જોઈએ :

૧: કાંઈ આપે પાછું લીયે ઝોંટી રે, ગોપી ખણે ગાલમાં ચોંટી રે -૧૧ ક:૩૫

૨: જમશો મા ખાટી વસ્ત, પુત્રને ભારે છે -૪૭ ક:૨૧

૩: ઓ કરડવા આવ્યો હાઉ, રોતોટપ રહે:૧૪ ક:૩૧

૪: ક્રૂર દષ્ટે જોયું સ્ત્રી સામું, કૃષ્ણને કહે છોડું બાપ -૧૭

લોહ વજ્રપે કઠિણ દીસે, જસોદા તાહારું હદે -૩૬ ક:૩૯

૫: વૃષભ વચ્છ મહિષી બહુ ગાય ભાં શબ્દ મારગમાં થાય -૨૫

સ્કંધે કાવડ ગોરસ ભરી, ઘૃતનાં ગાડવાં મસ્તક ધરી -૨૭

કોણે લીધાં માટ મહીએ ભર્યાં, ગોળી રવૈયા સીકાં નેતરાં

ધાતુપાત્ર વસ્ત્ર ગાંસડી, લેઈ ગોપિકા શકટે ચહડી

થાઓ ચાલતાં વહુ સાસુજી ભણે, ઘરમાં જઈ દાટી થાપણ ખણે -૩૫

રમકડાં લીધાં જસોમતી, નવે ઘેર એવાં મળવાં નથી -૩૮ ક:૪૦

૬: કોટી એહેન નવરાવતાં કરે, અર્ધ અંઘોળ્યો નાસી નીસરે -૫૫

એક નેત્રમાં કાજળ ભરે, નહીં અંજાવું રોતો નીસરે -૫૭

એક શ્યામ બિંદુ કીધું ગાલ, ઠમક ચમકતી ચાલે ચાલ -૧૧૭ ક:૪૦

૭: ' કંસને ઘેર ગોરસ લઈ જાતાં, નંદને પડી છે ટાલ: ૮:ક:૫૫

પ્રેમાનંદના દશમસ્કંધમાં આવાં તો અનેક ઉદાહરણ મળે છે. કૃષ્ણનું નટખપણું દર્શાવતાં ઉદાહરણ જોઈએ.

'... મારે કાંકરી કરે ઘટને છિદ્ર :

હરિ ગોપીને દેખાડે રામ, ઘટ ફૂટો તે આ બિચાનું કામ

લાકડીએ બેડું ઠેસી દીએ, થયું જાન ત્રાહે ત્રાહે હરિ કહે -૭૫

જોબન નારીનાં મન રીઝવે, વૃધ્ધ ડોસીને ઘણું ખીજવે

જાઓ પેલે.આરે જાનો ઠામ, વહુવારુમાં શું વૃધ્ધનું કામ

આવે જળ ભરવા નહાની છોકરી તેને વાનરા વળગાડે હરિ

તે આરે આવે કો જોબન પુર્ણ તેને કહે દીસે છે મૂર્ખ

તેને કેહે અહિં શું છે કાજ, જાઓ આળગા સ્ત્રી પામે છે લાજ -૮૦

તે સાચું માની ગોવાળા ખસે, ગોપવધૂ મળી દેઈ હસે -ક:૪૦

અહીં બાળકનું નટખટપણું તો આવા બાળકને વહેલા પરણાવી દેવાની વાતમાં સ્ત્રીઓની મનોવૃત્તિ જોવા મળે છે.

પ્રેમથી ગાલે ચોંટી ખણવી, સાંકળ ખખડાવી કે ગાય બતાવી રડતા બાળકને છાનો રાખવો, દીકરાને કારણે મા અને બાપ વચ્ચે વિસંવાદ, વહુ જતાં સાસુ દાટેલી થાપણ ખોદી લે- વ એવાં બિંદુ છે, જેનો ઉલ્લેખ તે જ કવિ કરી શકે, જેણે જીવનને તેના વ્યાપક અને સહજ રુપમાં સૂક્ષ્મ દષ્ટિએ જોયું હોય, વૃંદાવનગમનનું ઉપરનું ચોથું જે ઉદાહરણ છે, તેમાં પશુસ્વભાવનું યથાર્થ ચિત્રણ છે. સાથે જ ગામ અને ઘર છોડી જનારની, વ્યવહારમાં આવતી નાનામાં નાની વસ્તુ પ્રત્યેની ઊંડી મમતાનું જે શૃંખલાબધ્ધ સૂક્ષ્માતિસૂક્ષ્મ વર્ણન પ્રેમાનંદે કર્યું છે, તે તેના લોકજીવનનાં ઘનીભૂત પરિચયનું સ્પષ્ટ પ્રમાણ છે. મનુષ્યની મમતા માત્ર વસ્તુઓ સુધી સીમિત ન રહેતાં પાળેલાં પશુઓ સુધી વ્યાપ્ત બને છે. મા પોતાના બાળકના રમકડાં સુધ્ધાં લઈ લે છે. આ એક જ ઉદાહરણ પ્રેમાનંદની સ્વભાવચિત્રણ પટુતાને પૂર્ણ રીતેપ્રગટ કરે છે.

તુલજારામ:

ભમતા રમતા ત ઉજાય રે વલિ ધોડલો પોતે થાય રે -૧૮

વલિવછના લાંગુલ સાહેરે, તાણિ આપ સગે લેઈ જાય રે -૧૯

કોહોને મારે થાપટ મુઠરે,કોહોનિ ઘસમસિ કરડે બુઠ રે -૨૦

કોહોને ટપલા ધાડે રંજાડે રે, કોહોને અણાવિતે લેઈ પાડે રે -૨૧

પૃ:૩૨

ગિરિધર

ધવડાવે વાછરડાં છોડી રે નાશી જાય બાંહે મારોડી રે -૬

ઢોળે મહી ગોરસ ફોડી રે, વળતાં સિકાં નાખે મોડી રે :અ:૨૨

## : ઉકિતવૈચિત્ર્ય અને અલંકારવિધાન:

'દશમસ્કંધ' ના ગુજરાતી કવિઓમાં આપણને એવા પણ કવિઓ મળે છે જે કેવળ અનુવાદપ્રવૃત્તિથી સંતોષ ન લેતાં, તેઓ પોતાની કલ્પનાશકિતના સંસ્પર્શે પ્રસંગને, પરિસ્થિતિને કે પાત્રની વ્યકિતત્વરેખાને અપૂર્વતા અર્પે છે. તેમની રચનાઓમાં મોટે ભાગે કલાનું વૈચિત્ર્યમૂલક અથવા ચમત્કારિક સ્વરુપ જોવા મળે છે. સામાન્યરીતે કોઈ પણ કાવ્યમાં કોઈને કોઈ અલંકાર મળી આવે છે. કેમ કે અલંકારો વર્ણનશૈલીના જ વિવિધ પ્રકાર છે. પરંતુ કેટલાક કવિઓમાં આલંકારિક શૈલી ઉપરાંત ઉકિતવૈચિત્ર્ય તથા ચમત્કાર પ્રદર્શનની મનોવૃત્તિ અન્તર્નિહિત હોય છે, જે તેમની તદ્‌વિષયક જાગરુકતાથી પ્રમાણિત હોય છે.આવા કવિઓના કાવ્યમાં ચમત્કારબહુલ કલાત્મકતાનો આગ્રહ હંમેશાં જોવા મળે છે.

મધ્યકાળમાં મોટે ભાગે ભકતકવિઓ અને આખ્યાનકવિઓ મળે છે. એમની રચનાઓમાં જે કાવ્યત્વ અહીંતહીં જોવા મળે છે, તે એક ગૌણપ્રવૃત્તિના રુપમાં જ છે. તેમની ઉકિતઓ તથા અલંકારો કાવ્ય વૈભવના સહજ અંગ રુપે આવે છે. અહીં જાગરુકતાનો નિષેધ તો સર્વથા નહિ કહી શકાય, પરંતુ આગ્રહ અવશ્ય નથી મળતો. મૌલિકતા પર્યાપ્ત માત્રામાં મળે છે.

### ઉકિતવૈચિત્ર્ય:

ઉકિતની વિચિત્રતા અથવા વક્રતા અલંકારોના મૂળમાં છૂપાયેલી છે. તેથી જ ઉકિતવૈચિત્ર્ય મોટે ભાગે ઉપમાદિ અલંકારોના રુપમાં આપણને મળે છે. અલંકાર વિધાનમાં એ પ્રકારની સામગ્રી જોઈશું. અહીં માત્ર કેટલાંક એવા ઉદાહરણો લઈએ, જેમાં ઉકિતનું સહજ અનેકવિઓમાં વ્યાપક એવું સ્વરુપ અક્ષુણ્ણ રહયું હોય. કવિની સ્વકલ્પનાથી ઉદ્‌ભુત ઉકિતઓ ઉપરાંત કેટલીક રુઢોકિતઓ પણ મળે છે.

ભાલણની યૌવનવર્ણન સંબંધી નીચેની ઉકિતઓ પરંપરાગત અને રુઢપ્રકારની છે:

યૌવન ને પગની ચપલતા લઈ મેલી લોચનજી,[1]

કટિ કીધી અતિ પાતલી, ઉરજ કર્યાં અતિ ઘન -૧૨ : પદ:૧૬૯:

વિરહવ્યથા સંબંધી ભાલણની એક બીજી ઉક્તિ પણ દર્શનીય છે. વિયોગનો અગ્નિ હૃદયમાં બળ્યા કરે, તો પણ શરીર રાખ નથી થતું, કારણ કે તે પ્રતિક્ષણ નયનમાંથી નીતરતાં આંસુથી ભીંજાયા કરે છે:

૧: હૈડે પાવક પ્રજલે રે, નયને નીર ન માય,

ભસ્મ ન થાયે તે ભણી રે, આંસુડે ઓલાય -૫ : પદ:૨૮૦

૨: સાદ કરે છે કામને, વિષ પૂરીને વાણ,

આવી મનેમારશે, પાપી પંચબાણ -૨: પદ:૨૫૦

પ્રેમાનંદમાં પણ ઉક્તિવૈચિત્ર્યની અદ્ભુત ક્ષમતા જોવા મળે છે. ગોપીઓ ભ્રમરને અનેકાનેક ઉપાલંભ આપે છે. આ સંદર્ભમાં પ્રેમાનંદે ભ્રમરના પર્યાય, ' ષટપદ્ ' ને આધાર બનાવી એક મૌલિક ઉક્તિનું નિર્માણ કર્યું છે. પશુને ચાર ચરણ હોય છે , આ દષ્ટિએ જોતાં ભ્રમર દોઢો પશુ કહી શકાય:

છે ખટચર્ણ તારે વિષે સુણય ભમરા રે,

માટે દોઢ પશુ તું કેહેવાય, ભોગી ભમરા રે[2] : ક:૧૩૬

બીજી એક ઉક્તિમાં ગોપીઓ કૃષ્ણને સંદેશો મોકલે છે કે મૃગયાને બહાને વનમાં આવજો. કારણકે અહીં બધી સ્ત્રીઓ મૃગનયની છે:

તેના તમે કહાવો રાજકુમાર

મૃગયાને રમવા રે વન પધારજો રે

અહીં અમે મૃગનેણી સહુ નાર .

આંસુઓને વરસાદના રુપમાં ગ્રહણ કરી, શરદ -રાસના પ્રસંગમાં તે એક સુંદર ઉક્તિ રચે છે:

શરદ સમે આવ્યું ઓમાસું, લાગી આંસુની ઝેલી[3] :ક:૮૭

આવાં થોડાં ઉદાહરણ કવિઓની ઉર્વરકલ્પનાશક્તિ તથા ઉક્તિવૈચિત્ર્યની ક્ષમતાનું પ્રમાણ છે.

અલંકારવિધાન:

કૃષ્ણકાવ્યના મોટાભાગના રચયિતાઓની વૃત્તિ ભાવનિરુપણમાં અલંકરણોને ગૌણ ગણતી પરંતુ જયાં પણ અલંકારો મળે છે, ત્યાં શબ્દાલંકારોની તુલનામાં અર્થાલંકારોનો પ્રયોગ વ્યાપક અને સહજ રુપમાં કરવામાં આવ્યો છે. જો કે શ્લેષ અને યમકાદિ શબ્દાલંકારોનો પ્રયોગ પણ મળે છે.

('ફાગુ' કાવ્યના રચયિતા નયર્ષિએ અંતરપ્રાસના રુપમાં અભંગ અને સભંગ - બંને પ્રકારના યમકનો પ્રયોગ કર્યો છે, તો કયાંક કયાંક સ્વતંત્ર યમકનો પ્રયોગ પણ મળે છે. અનુપ્રાસ નો આગ્રહ ફાગમાં સાદ્યન્ત મળે છે:

થણમરિ નમતી તરુણી કરુણી વરુણી ચરણ સમારિ રે,

ચાલઈ ચમકત ઝમકત નેઉર કેઉર કટક વિશાલ રે -૩૦)

પરંતુ નરસિંહ અને ભાલણ જેવા મુખ્ય કવિઓમાં યમકના ગણ્યાંગાંઠમાં ઉદાહરણ મળે છે:

( નરસિંહ :

યમક:

શ્વાસનો શો વિશ્વાસ, નહિ નિમિષનો,

આશ અધુરી અને એમ ભરવું : ન:કૃ:કા:પૃ:૪૮૦)

ભાલણ:

શ્લેષ: શ્રીકૃષ્ણ વર થાયે અમારે, એહ વર આપો તમે -૬ પદ:૧૧૦

શ્લેષ:યમક:

શી કહું વાતડી, દુખે ગઈ રાતડી,

આંખ અતિ રાતડી થઈ રે મારી -૫ :પદ:૨૪૨

પુનરુક્તિપ્રકાશના જેવો સુંદર પ્રયોગ નરસિંહે જેવો કર્યો છે, તેવો અન્યત્ર ઓછો જ મળે છે.

( ફૂલી ફૂલી ફૂલી હું તો હરિ મુખ જોઈને ફૂલી રે,

ભૂલી ભૂલી ભૂલી મારા ઘરનો ધંધો ભૂલી રે.

બૃ:કા.દો.ભા.૧ પૃ:૧૭ )

ભાલણે: પણ આવો પ્રયોગ કર્યો છે:

૧: મુજને શું કરશે શું કરશે, વેરીડાં હેરી : પદ:૯૮

૨: મીઠું તે હરિનું બોલવું રે, મીઠી રે કહાન કેરી વાત,

મીઠી વેણુ વજાડતો રે, મીઠી ઘુઘરી વાજે પાય :પદ:૧૦૩:

૩: કહાનજી રે, મને શું કહોછો , શું કહો છો, સ્વામીશ્રી ભગવાન: પદ:૧૩૦:

નરસિંહ, ભાલણ, પ્રેમાનંદ ઈત્યાદિમાં વર્ણાનુપ્રાસ અત્યંત સહજ રુપે મળે છે. કેટલાંક ઉદાહરણો જોઈએ:

(નરસિંહ :

નાચતાં નાચતાં નયણે નયણાં મળ્યાં, મદભર્યા નાથને બાથ ભરતાં,

ઝમકતે ઝાંઝરે તાલ દે તારુણી કામિની કૃષ્ણશું કેલ કરતાં : ન:કૃ:કા:પૃ:૨૧૮

અંગ ઉમંગ લઈ રંગબેરંગ થઈ, ઉઅરે વ્યંગ ઉછરંગ આગે,

નાદ કરી પાદને, બાદ ધરિ માદને, સાદ ઉલ્લાદ વિખવાદ માગે .

ન.કૃ.કા.પૃ:૧૦૯:)

ભાલણ:

હરિને હિંદોલું પ્રીતે હાલરિયું ગાઉં,

પોઢે પરમાનંદ, વારણે હું જાઉં : પદ:૨૦:

પ્રેમાનંદ:

તરણીતનયાનાં તરંગમાં કીધાં સંધ્યાતર્પણ.

કાળીનાગથી કંસ કાંપે, કાંપે જમકિંકર -૫ ક:૫૫

વરત્યું વિપરીત વિસ્મય વાત, કૃષ્ણે કીધો જમુનામાં ઝંપાપાત :૨૨:

ગગન ઘટા ઘન ઘોરતણી પવને ઘેર્યું ગામ રે -૧ :ક:૭૫

કેશવરામે:-

'કૃષ્ણક્રીડાકાવ્ય'માં શ્લેષનો પ્રયોગ અવશ્ય કર્યો છે, પરંતુ તે વક્રોકિતથી યુકત છે. બીજું જે પદમાં આ શ્લેષવક્રોકિતનો પ્રયોગ મળે છે, તે શુધ્ધ ગુજરાતી પદ નથી. તેમાં વ્રજભાષાનું સંમિશ્રણ છે.:

' જો વનમાળી તો ફૂલ વેચજૈ, સુંબે બેલ ગુલાલાં '

'સુણ્ય ચતુરી! હું ચક્રી. ' તૂં કાણ કવણ કુલાલાં ' -૫૩

' ચરે અરે અનંગ હું અબલા ! ' નાગ તમે , હમ નારી' :

હૂં હરિ, હેલાંહશ મહિરખણી ! ' તૂં માંકડ વન મુઝારી '-૫૪

સર્ગ:૧૪

અર્થને અલંકૃત કરવામાં કવિઓએ સાદૃશ્યમૂલક અલંકારોનો સૌથી વિશેષ પ્રયોગ કર્યો છે, ખાસ કરીને ઉપમા, ઉત્પ્રેક્ષા અને રુપકનો. આ અલંકારોમાં જે અપ્રસ્તુત યોજના કરવામાં આવી છે, તેમાં એક બાજુ પરંપરાગત ઉપમાનો- કમલ , ચંદ્ર, હંસ, મીન, ગજ ઈત્યાદિ છે, તો બીજી બાજુ એમાં કવિઓ દ્વારા સ્વપ્રત્યક્ષ, સાદૃશ્યને વ્યકત કરનારા અભિનવ અને અપૂર્વ ઉપમાનોનો સમયક્ યોગ છે.

કવિઓએ અલંકારવિધાનમાં મૌલિક પ્રતિભાનો પર્યાપ્ત પરિચય આપ્યો છે, જે મૂળ ભાગવત -માં નથી. નીચે કેટલીક ઉપમાઓ જોઈએ, જેની સ્વાભાવિકતા અને મૌલિકતાએ તેમને વિશેષ આકર્ષક બનાવ્યા છે:

(નરસિંહ:

વાસના તારી ઘટઘટમાં જેમ વાળમાં પડયુ તેલ,

તારી વાસનાનો મને પાસ લાગ્યો, જેમ બહેકે ફૂલેલ : ન:કૃ:કા: પૃ:૩૧૫)

ભાલણ:

મન તો પોતાનું રાખિયું રે, નાલિકેર જયમ નીર -૧૧ :પદ:૧૨૧

તેની પ્રીત કોણ શું આવે, દિન પ્રત્યે નવા ફળ ચાખે

ચાખ્ચ અડાડીને જેમ સૂડો, જઈને બેસે બીજી શાખે – ૨ - ૫૬.૧૫૦

અહીં કૃષ્ણના બહુપત્નીત્વને કારણે રાધા આમ કહે છે. જ્યારે નીચેની પંક્તિમાં જશોદાએ કૃષ્ણને સારીરીતે ઉછેર્યાં. તેથી દેવકી કહે છે :

જયમ પાંપણ નેત્રને રાખે, ત્યમ તે રાખ્યા તનજી –૨ : ૫૬:૪૭૨:

કેશવરામ:

અપુત્ર તણે આશા ન્યગ્રોધ શુષ્ક ક્ષીષ્ટ જમ સીંચ્યો અમી: ૪૨: સર્ગ: ૩:

કિહાં પ્રાકૃત, કિહાં કૃષ્ણજી, જમ તારકા ચંદ રે –૫૫ : સર્ગ :૫

લક્ષ્મીદાસ:

માતાએ જ્યારે હરિને ઊખલે બાંધવા પકડયા ત્યારે થરથર ધ્રૂજતા ને વીલા મોંવાળા હરિ કેવા દેખાય છે!

અતિ ઓશીયાલા દીન વંદનજી , યમ તે શશીઅર છાયા ઘનજી :પૃ:૨૫:

માધવદાસ:

સંધ્યાટાણે ગૌ ચારી ઘેર આવતા રામ અને કૃષ્ણને અક્રૂરજી જુએ છે. બન્નેનું વર્ણન કવિ કરે છે:

જમ નીલમણીને શ્વેતમણીના ઉભય પરવત ધરી ધણી :૩૮: પૃ:૬૨

પ્રેમાનંદ:

જેમે પર્વત ઉપર પોપટો, તેમ વિરાજે રણછોડ: ૪૩

સૂકી વાવ જેવી બે અખિડી રે, નાસિકા મોટો કૂપ :૪૭: ક:૨૩:

જેમ સમુદ્રમાં પડે વીજળી, તેમ અગ્નિ જ્વાલ ગોવિંદ ગળે,

જેમ અગસ્ત્યે પીધો સાગર, તેમ પાવક પીધો નંદકુંવર –૪૭:ક:૬૦:

તુલજારામ:

યોગમાયાએ સાતમો ગર્ભ આકર્ષી રોહિણીના

ઉદરમાં મૂકયો, ત્યારની ઉપમા જોઈએ:

ઉદરજનિતા રોહિણીને આણિ મૂકો વેગ,

સમુદ્રમાંહે સીપાને મુખ સ્વેત વૂઠો મેઘ :૧૬: પૃ:૧૩:

રઘુનાથદાસ:

બ્રહમા, ગાય,વત્સ હરી ગયા તેથી હરિએ

નવાં ગાય વત્સ સજર્યાં,આ નવાં કે જૂનાં એવા બ્રહમમાં,

બ્રહ્મા પડયા, ત્યારે એની ગતિ કેવી થઈ !

સૂરજ આગળ આગીયો કરવા જાયે પ્રકાશ

તેજ કસ્યુ ચલે નહીં, થૈ એ ગતવિનાસ

એવી બીજી ઉપમા જોઈએ :

સુર શશી દીસે નહી આબલાંને અકે

અહંકાર જેમ ચઈતંનને પરકાશીને ઢાંકે

ગિરિધર:

જયમ સાક્ષાત સૂરજ પ્રાપ્તિ થયો, તારે કીરણ તણુ શું કામ

એમ શ્રીક્રશ્રન મુરતી મનમાં ઠરી, જે અખિલ વિશ્વવનુ ધામ -૨૨

એવા પુરશોતમ પરાત્પર મળીયા પુરણ બ્રાહમ અનુપ

જયમ સાકર કેરુ શ્રીફલ શોભે સર્વદીશા રસ રુપ:૨૪: મથુરાંલીલા :અ:૨૬

આમાં મોટાભાગની ઉપમાઓ રુપસાદશ્ય પર આધારિત છે. ઉદાહરણ તરીકે: પ્રેમાનંદની. પરંતુ રુપ ઉપરાંત ગુણ, ભાવ, અને સ્વભાવને અનુરુપ પણ ઔપમ્યની કલ્પના કરવામાં આવી છે. નરસિંહની ઉપમા આ પ્રકારની છે. વસ્તુત:,ધર્મ જે ઉપમાનો આધાર છે અને ઉપમેય ઉપમાનને એક સૂત્રમાં બાંધે છે, તે પોતે અત્યંત વ્યાપક છે. કવિઓએ તેની વ્યાપકતાનો પૂરો લાભ ઉઠાવી, પોતપોતાની કલ્પના અને અનુભૂતિને અનુરુપ વસ્તુ તથા વાતાવરણની પ્રકૃતિને ધ્યાનમાં રાખી ઉપમાનોની કુશળતાપૂર્વક પસંદગી કરે છે. સાદશ્યને વિધિ રીતે

વ્યકત કરવા તથા અધિક સ્પષ્ટ બનાવવા માટે કયાંક કયાંક ઉપમાઓની શૃંખલા રચવામાં આવી છે, જેને ' માલોપમા ' કહી શકાય.

કેટલીક માલોપમાઓ જોઈએ:

( નરસિંહ: ચંદ્ર વિંટયો જેમ ચાંદરણીએ, તરુવર વિંટયો જેમ વેલી રે:

ગોવિંદ વિંટયો ગોવાલણી એ, હસાગવની હેલી રે:

ન: કૃ:કા: પૃ:૩૦૭: )

ભાલણ: ચિંતાતુર તમો કાંય દીખો, જુહારી જયમ હારિયા,

વ્યાપારી વહાણ બૂડે, રંગ એવો આવિયા -૫

સ્વેદ અંગે ગાત્ર ભંગે, નીર દો નયણે ઝરે

ઋણે પીડયો અતિઘણું , નિર્ધન જયમ ચિંતા કરે -૬ પદ:૨૩૦:

પ્રેમાનંદ :

જેમ ગુપ્ત ખડગ કોશમધ્યે, ભસ્મે ઢાંકયો હુતાશ

જેમ અભ્રમાં આદિત્ય ઘેર્યો, ગુપ્ત રુપ કીધું અવિનાશ:૫: ક:૨૨

જેમ વર્ષાકાળના તૃણને ઉપાડે નહાનું બાળ રે

જેમ ઉન્મત ગજ લે શુંડમાં, સકોમળ કમળનાળ રે

તેમ પર્વત લીધો ઉચલી, લીલાએ લક્ષ્મીનાથ રે

શ્રમ કાંઈ પ્રોહોંતો નથી, જેમ કો મુદ્રિકા ધરે હાથ રે -૨૪ :ક:૭૫

જેમ ઈંદુ વિરાજે મેઘ અભ્રમાં, ઉદયાચળ પર ભાણજો.

મોહોટાં વૃક્ષ પર હંસ જ્યારથ, વટપત્રે બાળમુકુંદજી -૩૫ :ક:૫૯

આજ રીતે નરસિંહે અને પ્રેમાનંદે રુપવર્ણનમાં ઉપમાનો અધિક પ્રયોગ કર્યો છે. અનેક ઉપમેય તથા અનેક ઉપમાનો હોવાથી, એની નીચેની પંકિતઓમાં માલોપમા અલંકાર તો નહિં , પરંતુ તેને વિભિન્ન ઉપમાઓની માલા અવશ્ય કહી શકાય.

( નરસિંહ : નેત્રાંબુજ નાશા કીર જેવી, છે દશનપકિત દાડિમ બીજ તેવી,

આમ્રકાતલીશા અધર સોહંતા, લાલ લાલ સ્ત્રીના મન મોહંતા :

ન: કૃ:કા: પૃ:૪૫૬ )

પ્રેમાનંદ: કદળીપત્ર વાંસો વિરાજે, છે પેટ પોયણપાન: ૧૮:

ભર્યો પરિમળ નાભિ નિર્મળ, રોમાવળી પંકજતંત ,

કંબુ જેવી ગ્રીવા શોભા, કંઠ કોકિલા નાદ: ૨૫-ક:૨૨

કવિઓએ ઉત્પ્રેક્ષાનો ઉપયોગ પણ કર્યો છે, જો કે ઉપમા કરતાં પ્રમાણમાં ઓછો. કયાંક વસ્તુ, કયાંક હેતુ તો કયાંક ફળની કલ્પના કરી, ઉત્પ્રેક્ષાનાં બધાં રુપોનો વ્યવહાર કર્યો છે. ઉપમાની જેમ ઉત્પ્રેક્ષાઓની પણ શૃંખલા રચી છે. નીચે કેટલાંક ઉદાહરણો જોઈએ, જેમાં કવિઓની કલ્પનાશકિત અને વર્ણન વૈચિત્ર્યનો સમ્યક્ પરિચય મળે છે:

(નરસિંહ :

સાળુડાની કોર એણીપેર શોભે, જાણે ગગનમાં વીજળી ઝળકે રે:

બૃ:કા.દો.ભા.૧: પૃ:૧૭:)

ભાલણ:

સુંદર વદન સોહામણું રે નાનડિયા શા દંત,

જાણે કલમમાં પ્રગટી રે, કુંદકલી વિકસંત -૪

કંઠે હરિનખ લટકતો રે કૌસ્તુભનો આકાર

મુકતામાલ સોહામણી રે, જાણિયે ગંગાવાર -૫ પદ:૪૩

લક્ષ્મીદાસ: પૂતના જયારે કૃષ્ણના પારણા નજીક આવે છે ત્યારે કૃષ્ણ તેની સામે વાંકીદષ્ટિએ જુએ છે. આ જોઈ:

પૂતના વિસ્મે થઈ વિપરીતે દિસે બાલ,

ગ્રહી નિ ઉછંગ્યે લીધા જાણી લીધુ બાલ: ૧૭: પૃ:૧૯:

તો કૃષ્ણને જોતાંજ અક્રૂરજી રથમાંથી ઉતરી તેમને સાષ્ટાંગ દંડવત્ કરે છે. તેનું વર્ણન કરતાં કવિ કહે છે:

પડયા ઉતરી રથીકા જાણે કનકનો દંડ: પૃ:૯૬

માધવદાસ:

અહીં કવિ બલરામ અને કૃષ્ણનું વર્ણન કરતાં કહે છે:

નીલાંબર ને પીતાંબર તે અંગ બહુ સોભા ધરે

જાણે મેઘમધ્યે દામની અતીચંચલતા રહી તેહ કરે.

પ્રેમાનંદ:

જિહ્વા જાણે સર્પિણીરે, મુખ ગુફાનું ઉદાર -૪૮ ક:૨૩

જાણે કાળજ કહાડી નાંખ્યું રે, મહારા સ્વામીજી એ શું ભાખ્યું રે:ક:૩૦:

અવળાં સવળાં દોડે આભલાં , વરસે મેહુલો મૂસળધાર રે

જાણે જિહ્વા શું વાસુકિની, થાય વિદ્યુતતણા ચમકાર રે -૪ :ક:૭૫

તુલજારામ:

પ્રચંડ કાય પૂતના રાક્ષસી ઉપર બાલકૃષ્ણ કેવા લાગે છે!

જાણે લંગ પરવત શીર ઉપરે ઇમ શોભિએ ત્રિભોવનધણિ: પૃ:૨૬

દ્વાદશ મેઘ ગોકુલ પર ત્રાટકયા ત્યારનું વર્ણન કરતાં કવિ કહે છે.

વિજ તે ચમકા કરે ગડગડા હવા જેનાદ

જાણે ગગન ભૂમંડળ પડે ગોવાલ કરતા સાદ -૨૦: પૃ:૭૫

ગિરિધર:

પીળો પટકો ઓઢી સુતા સુંદર શામલો

તમાલ તરુયે જાણે ઉરઝ્યો કંચન વેલ:૬: અ:૧ ૯:

કવિઓએ ઉત્પ્રેક્ષાથી અધિક રુપકનો પ્રયોગ કર્યો છે. તેમના રુપકોની રચના પણ મોટેભાગે સહજ, સુલભ અને પરંપરાગત ઉપમાનો પર જ આશ્રિત છે. કલ્પનાના ચમકારા કયાંક કયાંક જોવા મળે છે. આથી જ રુપકોનો અંગવિસ્તાર કરી તેને સાંગરુપક બનાવવાની

પ્રવૃત્તિ એટલા માટે મળતી નથી.એના ઉદાહરણો જોઈએ:

(નરસિંહ : ભ્રકુટિ ભ્રમર રે ધનુષ્યાકાર છે રે

વહાલાજીના નેણ દીસે છે બાણ

પ્રેમ ધરીને રે નાખે વાલો અમ ભણી રે

પાલે મારે વેધ્યાં મને પ્રાણ ન:કૃ:કા: પૃ:૪૦૪

ભાલણ:

નયણ કચોલે અમૃત પીતાં કયમ પૂરણ થાઉં -૧: પદ:૧૦૮

વિરહ રુપીવૃક્ષા વાધ્યો, કૃષ્ણ વિના કયમ વાઢિયે -૬ પદ:૨૭૦

આશા અંબરને તાંતણે મારા વળગ્યાજી પ્રાણ-૩ પદ:૨૮૩

લક્ષ્મીદાસ:

ઊખલે બાંધેલા કૃષ્ણે યમલાર્જુન વૃક્ષા ભાંગ્યા ત્યારે તેનો ભયંકર અવાજ સાંભળી નંદ જશોદા ઈત્યાદિ આક્રંદ કરવા લાગ્યા:

રાંકનિ રત્ન કેહિ પેર છાજે ભાગ્ય આપણું મંદજી

માધવદાસ:

જયારે અક્રૂર કૃષ્ણને લેવા આવે છે ત્યારે ગોપીઓ મથુરાની સ્ત્રીઓની ઈષ્યાર્ કરે છે. તેથી કહે છે:

પયપયમાંહે મલી જશે, ગુણરુપમાં સહી:૨૧: પૃ:૬૪

સંત:

પૂતનાના રાક્ષાસી રુપનું વર્ણન કરતાં કહે છે:

પ્રૌઢા સ્તન પર્વતના શૃંગ, લૂખા કેશ અતિ રાતે રંગ

ઉભે નયન અંધારા કૂપ, જેવા પૂલીન સરીત ગીરીરુપ: ૨૩: પૃ:૨૦:

પ્રેમાનંદ:

લોચન લ્દારે રુપરસપીધોરે, ત્રિભુવનને હૃદયમાં લીધો રે -૭ ક:૩૦:

દૂધે વરસ્યા મેહ, પૂરપ્રવાહ વહયા રે:૩૯: ક:૧૯

રુપનિધિમાં વિધિ બૂડે, નહીં નિસરવા નાવ-૧૪:ક:૨૨

શ્રવણ છિદ્ર બિહામણાં, માંહે ગજ કરે પ્રવેશ:૫૧: ક:૨૩

તુલજારામ: ગિરિધર:
શ્રીકૃષ્ણકથા અમૃત રસસાગર સ્વાદીષ્ટ મધુર અપાર:૧: મથુરાંલીલા:અ:૨૮:
આરંભમાં જ કવિ કહે છે.

કર્ણ રુપિસા કચોલા કરીને અમરત રસને પીજે

આ ઉપરાંત રુપકાતિશયોકિત, સંદેહ, દ્દષ્ટાંત આદિ અન્ય સાદ્દશ્યમૂલક અલંકારોના પ્રયોગ પણ મળે છે. ભાલણે:

રાધાિના રુપવર્ણનમાં રુપકાતિશયોકિતનો વ્યવહાર કર્યો છે:

કનકલતા ઉપર કશા રે, બે લઘુ પર્વતશૃંગ રે
એમ અટપટુ ઉપરે રે, કહે વચ્ચે વહેતી ગંગ રે-૪
ખૂંજન મીન મધુકર કહયા રે તે તો ચંદ્રબિંબ મુઝાર રે -૫ પદ:૧૮૧

કથન પર ભાર દેવા માટે, એને સુંદર બનાવવા માટે કવિઓએ 'દ્દષ્ટાંત' અલંકારનો પ્રયોગ કર્યો છે:

ભાલણ: રીસાવી રહેવા નવ દીજે, કોમલ તન કરમાયે
બીજાં વૃક્ષા રહે સિચ્યા વિના, જુઈ વેલી સૂકાયે -૮: પદ:૧૪૭:

પ્રેમાનંદ:
યમલાર્જુનુ વૃક્ષા પડયાં છતાં કૃષ્ણ કેવી રીતે બચ્યા, તેનાં બે દ્દષ્ટાંતો કવિએ રોજિંદાં જીવનમાંથી ઉપાડી લીધાં છે.

વૃક્ષાજુગ્મ અંતર સાંકડું, ચુહૂલે ચડયો મગ રહયો કાંગડું
ચકકીથી કણ નીસરે અભંગ તેમ બાળકનું વાચ્યુ અંગ: ક:૪૦:

કવિ સંત: વ્યતિરેક અલંકાર:

માયારુપ ધારી પૂતનાની સુંદર નેત્રનું વર્ણન કરતાં કવિ કહે છે:

નેત્ર કમલની નંદ્યા કરે હાવભાવિ મન મહીજન હાર :પૃ:૧૮:

પ્રેમાનંદ:
સોળસહસ્ત્ર વદનને સોળે કલા હાર્યો નભ ઇંદુનો અજવાસ:ક:૯૨:

ભાલણમાં પ્રતીપ અલંકાર મળે છે:

પકવકો'લાં ને પ્રવાલડાં રે, મુખ આગળ શું નામ રે

દાઢમની કલિકાતણું રે, કહાનજી કહે શું કામ રે -૩:પદ:૧૮પ

અતિશયોક્તિ:

સંત: જ્યારે હરિએ ગોપીઓને ઘેર જવાનું કહ્યું ત્યારે ગોપીઓ બોલી શકતી નથી. પગનખ વડે ભૂમિ ખોતરતી આંસુ સારી રહી-ત્યારે કવિ કહે છે:

લોચનિથી જલધારા સરિ, ભીંજે કજ્જલ કદર્મ કરે.

આ ઉપરાંત , વિરહ સંબંધી વર્ણનમાં વિશેષરૂપે ' અત્યુક્તિ-' નો ઉપયોગ કરવામાં આવ્યો છે. કવિઓએ વિરહતાપ અને વિરહદૌર્બલ્યને લઈ વિવિધ પ્રકારની અત્યુક્તિઓનું સર્જન કર્યું છે.

નરસિંહ: હૈયામાં રે હોળી બળે, કીમ કરી રમું વસંત:

ન:કૃ:કા: પૃ:પ૨૪

ભાલણ: કુસુમ ચંદન શીતલ ઘણાં, તે અંગ લાગે અંગાર -૮: પદ:૧૭૧

એવો એક 'અક્રમાતિશયોક્તિ' અલંકાર પ્રેમાનંદમાં જોઈએ:

કાષ્ટપેં પાષાણ કઠિણ,એમ લોકવારતા વદે

લોહ વજ્રપે કઠિણ દીસે, જસોદા તાહારું હદે -૩૬: ક:૩૯

કાષ્ટ પે પાષાણ કઠિણ છે,તે પે કઠિણ છે લોહડું

વ્રજતુલ્ય છે કાળજ માહારું લોકને શું દેખાડું મોહડું રે-૨૩ :ક:પ૬

અહીં પ્રેમાનંદે પોતાની પંક્તિઓનું જ પુનરાવર્તન કર્યું છે.

કેટલાક કવિઓએ ભાગવત પર આધારિત કેટલીક કલ્પનાઓ લઈ ઉપમા, રૂપક ઉત્પ્રેક્ષા જેવા અલંકારો આપ્યા છે. જેનો નિર્દેશ' દશ્ય ચિત્રણ' માં કર્યો છે. તો કેટલાક કવિઓમાં એક સરખી કલ્પના રાસના વર્ણનમાં જોવા મળે છે.

લક્ષ્મીદાસ : નક્ષત્રમાલ શોભે ઈંદુ યમ ગોપી શોભે ગોવિંદ: પ૮: પૃ.:પ૭

માધવદાસ: જ્યમ તારા મધ્યે ચંદ્ર વીરાજે તમ ગોપી મધ્યે ગોવંદ: અ:૨૯:

સંત: થમ ઉડુમંડલિ અંતરિ ઈંદુ ત્યમ ગોપીગણમાંહિ ગોવ્યંદ: પૃ:૧૦૨:

તુલજારામ: સકલ વન મધ મધ ગોપકા તગતગે તારા જમ

મહાજોત ધરતે મધ્યશશીહર કૃષ્ણદિસે તમ: ૭:પૃ:૯૫

સજીવારોપણ : રાસરમતાં ગોપીઓ કૃષ્ણને જોવા પ્રકૃતિ પણ જાણે થંભી ગઈ લાગે છે.

ભાલણ:

પૂરણચંદ્ર થોભીરહયો રે, આવ્યા અમરવિમાન

વિસ્મય પામીને તે રહયા રે સાંભલવા શુભગાન-૧૭: પ:૧૫૬

પરમાણંદ: ઉડુરાજ થઈ રથ ખંચ્યો સ્થીકત થયા યામ સઝ્ગ તારા-૨

જલશલીતાનુ અચળ થઉ જોવા દેવ મોરારય -પૃ:૫૫

માધવદાસ: થકીત થયા સસી તારા મંડલ થીરથાઆ ઘન વ્યમાલે

પશુપંખી ને વૃક્ષાવેલી, જ્યમુનાનુંજલ નહી હાલે -૯: અ:૩૩

પ્રેમાનંદ: સત્તાવીશે શોભ્યો ગગને થોભ્યો તે લોભ્યો જોવા રાસ :ક:૯૨

પાદટીપ:

૧: નંદદાસમાં યૌવનનું આવું જ વર્ણન મળે છે:

બાલપને પગ ચંચલતાઈ, અબ ચલિ છબિલે નૈનન આઈ: નંદ:પૃ:૬

૨: નંદદાસે પણ એક પદમાં ભ્રમરને પશુ કહયો છે:

કોઉ કહે રે મધુપ પ્રેમ ષટપદ પસુ દેખ્યૌ નંદ: પૃ:૧૩૬

૩: સૂરદાસ: માં આવા ભાવની પણ સ્હેજ જુદી ઉકિત મળે છે.

નિશદિન બરસત નૈન હમારે

સદા રહતિ પાવસ ઋતુ હમ પર

જબ તે શ્યામ સિધારે - સૂરસાગર: પૃ:૬૨૦:

## : ભાષાશૈલી:

સાહિત્યમાં ભાવાભિવ્યક્તિનું અનિવાર્ય માધ્યમ હોવાને કારણે ભાષા પોતાનું સ્વતંત્ર મહત્વ રાખે છે. શિથિલ અને અસમર્થ ભાષા સુંદરમાં સુંદર ભાવને પ્રભાવહીન બનાવી દે છે. એનાથી ઉલટું, સજીવ અને સમર્થ ભાષાસાધારણ ભાવમાં પણ વિલક્ષણતા ઉત્પન્ન કરવામાં મદદરૂપ બને છે. શ્રેષ્ઠ કાવ્ય વસ્તુત: ભાવ અને ભાષા બંનેના શ્રેષ્ઠ સામંજસ્યથી ઉદ્ભૂત થાય છે. ભાષાની આ શક્તિ અને સામર્થ્યનો સૌથી મોટો આધાર શબ્દભંડાર છે. રૂઢપ્રયોગો અને લોકોક્તિઓનો પ્રયોગ પણ ભાષાશક્તિનો સહજ પરિચાયક હોય છે.

### શબ્દભંડાર:

તત્સમ, તદ્ભવ, દેશજ અને વિદેશી- એમ ચાર પ્રકારના શબ્દોથી બન્યો છે. દેશજ શબ્દોમાં લોકપ્રચલિત શબ્દો પણ લઈ લીધા છે. આ સિવાય પર્યાય શબ્દો પરથી પણ શબ્દવૈભવનું અનુમાન થાય છે.

### તત્સમ:

જે તત્સમ શબ્દોનો ગુજરાતી ભાષામાં પ્રયોગ થયો છે,એમાં સંસ્કૃતભાષાના શબ્દોનું પૂર્ણ બાહુલ્ય છે. ધર્મ, ભક્તિ, સિધ્ધાંત, દર્શન તથા ઉચ્ચતર સાંસ્કૃતિક વાતાવરણથી સંબધ્ધ હજારો સંસ્કૃત શબ્દોને એના તત્સમ રૂપમાં જ કવિઓએ કાવ્યમાં બરાબર સ્થાન આપ્યું છે. સંસ્કૃત ગ્રંથોને આધાર બનાવવાનું, કયારેક તેને આદર્શ માનવાનું મુખ્ય કારણ રહ્યું છે.

' જો પ્રાચીન સાહિત્યનું અધ્યયન ધ્યાનપૂર્વક કરવામાં આવે તો એ સ્પષ્ટ થઈ જશે કે તે સમયે પણ સાહિત્યિક ભાષા સંસ્કૃતગર્ભિત હતી' -વ્રજભાષાના પ્રસિધ્ધ વૈયાકરણ ડો.ધીરેન્દ્ર વર્માનો[2] આ મત ચિંત્ય છે. 9

મધ્યકાલીન ગુજરાતીની સ્થિતિ જોઈએ. ૧૬ મી,૧૭મી સદીની રચનાઓમાં તો તત્સમ, શબ્દોનો વિશેષ વ્યવહાર મળે છે, પરંતુ ગુજરાતી કૃષ્ણકાવ્યમાં ૧૫મી સદીથી જ મોટી સંખ્યામાં તત્સમ શબ્દો મળે છે. ઉદાહરણ તરીકે : નયર્ષિ, મયણ, નરસિંહ, ભીમ,ભાલણ,

ઈત્યાદિની રચનાઓમાં.

ગુજરાતી અપભ્રંશમાંથી ઉદ્ભવી છે, તેથી તદ્ભવ શબ્દો ગુજરાતીમાં બહુ મોટી સંખ્યામાં મળે એ સ્વાભાવિક છે. કવિઓએ તદ્ભવ શબ્દોનો પ્રયોગ પ્રચુર માત્રામાં કર્યો છે. ૧૫મી સદીની ભાષા અપભ્રંશની વધારે નજીક છે. તેથી નયર્ષિ, નરસિંહ, મચણ,ભીમ,ભાલણ, વગેરેની રચનાઓમાં તદ્ભવ શબ્દોનું પ્રાચુર્ય વિશેષરૂપમાં મળે છે. પાછળના કેશવરામ, પ્રેમાનંદ ઈત્યાદિની રચનાઓમાં પણ અગણિત તદ્ભવ શબ્દો મળે છે.પણ સમય જતાં તત્સમ અથવા અર્ધતત્સમ શબ્દોએ તદ્ભવ શબ્દોનું સ્થાન લેવા માંડયું.

મધ્યકાલીન ભક્તિસાહિત્ય ઘણા અંશોમાં લોકોન્મુખી રહયું છે. લોકચેતનામાંથી તેનું નિર્માણ થયું છે, અનેતેને લોકભાષામાં અભિવ્યક્તિ મળી છે. કવિગણ લોકજીવન સાથે ગાઢ સંપર્કમાં રહયો હતો. પરિણામે લોકવ્યવહારના બહુસંખ્યક શબ્દો કાવ્યોની ભાષામાં ઉપલબ્ધ થાય છે, જેમાં અનેક શબ્દો એવા મળે છે, જેમની વ્યુત્પત્તિ સંસ્કૃત શબ્દોથી સિદ્ધ થતી નથી. તેથી તે દેશજ શબ્દો કહેવાય છે.

વિદેશીશબ્દો:

કૃષ્ણકાવ્યમાં વિદેશી શબ્દોનો બહુ ઓછો વ્યવહાર થયો છે.પણ ઘણા કવિઓ એવા છે, જેમના કાવ્યમાં કેટલાયે સ્થળો પર તેમનો પ્રચુર પ્રયોગ થયો છે. આવાં સ્થળ અપવાદ રુપે મળે છે.

ભાલણે:

' કાગળ ' નો પ્રયોગ'દશમસ્કંધ' માં કર્યો છે. પદ:૧૨૯-૨ માં ' કાગળ ' શબ્દ મળે છે. કાગળ ' એ નિશ્ચિતરુપે અરબી`કાગદ્'નું રુપાંતર છે. નરસિંહમાં દસ્ત,હોશ, દિલ,નૂર,શર્મ, જવાબ,જકાત,માલ, હાલ, ફજેત, ઈજા, મીરાંત, -જેવા વિદેશી શબ્દો મળે છે. ફારસી રાજ્યભાષા હોવાને લીધે તથા દરબારી પ્રભાવને કારણે મોટે ભાગે આવા શબ્દો ભાષાઓમાં વપરાયા છે. કવિઓએ તેના રુપ અને ધ્વનિમાં પોતપોતાની ભાષાની પ્રકૃતિ અનુસાર પરિવર્તન કરી દીધું હતું.

પર્યાયશબ્દો:

સૂર્ય, ચંદ્ર કમલ, ભ્રમર, દિન, રાત, નયન, મુખ આદિ અનેક શબ્દોના અનેક પર્યાયો કવિઓએ અર્થ તથા છંદની આવશ્યકતા અનુસાર વાપર્યા છે. આમાંથી બધા શબ્દોનો પરિચય આપવો અસંભવ છે. પરંતુ એક ' કૃષ્ણ ' શબ્દનો પર્યાય જોઈએ.

નરસિંહ, મીરાં અને પ્રેમાનંદ જેવા કવિઓએ કૃષ્ણ માટે વિઠ્ઠલ, ત્રીકમ, સામલવાન, ભૂધર, શાલિગ્રામ, રણછોડ, આદિ કેટલાક પર્યાયોના પ્રયોગ વ્યાપકતાથી કર્યા છે. 'વલ્લભ' શબ્દનાં વિવિધ રુપ વાહલા, વા'લા, વહાલો- ઈત્યાદિ નરસિંહના પદોમાં કૃષ્ણ માટે પ્રયુકત થયા છે. આનોજ એક પર્યાય 'વાહલો ' મીરામાં મળે છે. પ્રેમાનંદે ' પાંડુરંગ' નો પ્રયોગ કર્યો છે. જે કદાચ કોઈ અન્ય કવિ દ્વારા વપરાયો નથી.

મુને મળીયા પાંડુરંગા રે- દશમસ્કંધ:

કૃષ્ણના વિકૃત રુપ કહાન, કહાના, આદિનો પ્રયોગ કવિઓએ બરાબર કર્યો છે.

આ ઉપરાંત કૃષ્ણ માટે ઘણા વિષ્ણુવાચી શબ્દો પ્રયોજાયા છે.

શ્રીરંગ, નારાયણ, માધવ, ગોવિંદ, ગરુડગામી, હરિ, ભગવાન,શ્રીકાંત, જગન્નાથ, શ્રીપતિ નરહરિ, વૈકુંઠરાય, ચુતર્ભુજ, જગદીશ, જુગજીવન, ગરુડારુઢ, કેશવ, શ્રીનાથ, લક્ષ્મીનાથ, કમલેશ, કમલાપતિ, લક્ષ્મીવર, પુરુષોતમ, ચક્રપાણી, અચ્યુત ઈત્યાદિ.

આ અને પૂર્વોકત ત્રીકમ, વિઠ્ઠલ, શારંગપાણિ, આદિ બધા શબ્દો વિષ્ણુના અવતારી તથા ઐશ્વર્યશાલી રુપથી સંબધ્ધ વિવિધ વસ્તુઓ પર આધારિત છે. આ ઉપરાંત, મુકુંદ, મુરારિ, દામોદર, ઈત્યાદિ શબ્દો પણ મળે છે. કૃષ્ણ માટે વિવિધ પ્રકારના સંબંધમૂલક શબ્દો જોઈએ: નંદકુમાર, નંદકિશોર, નંદલાલ, નંદનંદન, જશોદાનંદન, વાસુદેવ, રાધાવર, રાધિકારમણ, હલધરવીર, બલવીર, ગોપીનાથ, વ્રજવિહારી, વ્રજરાજ, વનમાલી, ગોકુલ-રાય, ગોકુલનાથ, ગોપાલ, કુંજબિહારી, જાદવરાય, જદુનાથ, જદુપતિ જદુનંદન ઈત્યાદિ.

તેમના સૌંદર્ય અને રુપગુણ આદિને પ્રગટ કરનારા શબ્દો: શ્યામ, શ્યામસુંદર, સુંદરશ્યામ ઘનશ્યામ, સાંવળિયા, મનમોહન, મોહનલાલ, રસિકશિરોમણિ, મદનગોપાલ આદિ.

લોકોક્તિઓ અને રુઢિપ્રયોગો:

લોકપ્રચલિત ભાષામાં લોકોના અગણિત અનુભવો વાકયો તથા વાકયાંશોના રુપમાં સંચિત થતા રહે છે. જેમને લોકોક્તિઓ તથા રુઢિપ્રયોગોના નામથી ઓળખીએ છીએ. એમાં લાક્ષણિકતા, અર્થગંભીરતા, વૈચિત્ર્ય, તથા માર્મિકતાની સાથે સારલ્યનો અદ્‌ભુત યોગ હોય છે. કયારેક કયારેક એની સરલતા સાહિત્યના શતશ: લાક્ષણિક પ્રયોગોથી પણ અધિક પ્રભાવશાળી સિધ્ધ થાય છે. મધ્યકાલીન કૃષ્ણકાવ્યોમાં એનો પર્યાપ્ત વ્યવહાર થયો છે. લોકોક્તિઓ અને રુઢપ્રયોગો વચ્ચે બહુ ઘેરી સીમારેખા નથી, તો પણ સામાન્યત: જે અર્થ ગ્રહણ કરાય છે, એ ઉપરથી કહી શકાય કે કૃષ્ણકાવ્યોમાં લોકોક્તિઓનો વ્યવહાર ઓછો અને રુઢપ્રયોગોનો વ્યવહાર અધિક થયો છે. ભાલણ, અને પ્રેમાનંદ, સિવાય અન્ય કવિઓની ભાષામાં એનાં બહુ ઓછાં દર્શન થાય છે.

પ્રેમાનંદ અને ભાલણના રુઢપ્રયોગો,લોકોક્તિઓ તેમના અલગ પ્રકરણમાં આગળ આપણે અવલોકી ગયાં છીએ.

અન્ય કવિઓમાં પણ કેટલાક રુઢપ્રયોગો લોકોક્તિઓ મળે છે:

પેય પાતાં ભુજંગ ડસે

આંબા પાખલ વાડ

સાત તાડ પ્રચંડ ઉંચી

અણખૂટે કાં મરે ?

મુખ સૂર્યકોટિ પ્રકાશ

જીવો કોડિ વરોસ

ખાંડી મરે ફોતરાં

જેમ સૂરજ આગળ આગિયો -

આ રુઢપ્રયોગો ને લોકોક્તિઓ પ્રાદેશિક લોકસંસ્કૃતિનો પરિચય આપે છે.

ભાષાશૈલીની વિશેષતાઓ:

કૃષ્ણકાવ્યમાં પ્રયુકત ભાષામાં એક પ્રકારની સરલતા અને પ્રવાહિતા, વિશેષત: ગેયતા અને કથાત્મકતાનો નિર્વાહ થયો છે. કેટલાક ગૌણ કવિઓને બાદ કરતાં અન્ય મુખ્ય કવિઓ -માં તેનું રૂપ અક્ષુણ્ણ રહયું છે. મોટે ભાગે આખ્યાનકાવ્યમાં પ્રયુકત હોવાને કારણે ગુજરાતી ભાષાનું સ્વરુપ સાહિત્યિક ભાષાની તુલનામાં વધુ વ્યાવહારિક રહયું છે. પ્રેમાનંદની
નહીં કહી શકીએ. ભાલણ, પ્રેમાનંદ આદિ આખ્યાનકારોની ભાષા પ્રાયઃ સહજ પ્રકૃતિની છે અને તેમાં સાહિત્યક
ભાષામાં તત્સમ શબ્દોનો વપરાશ વધુ હોવા છતાં તેને સંપૂર્ણ સાહિત્યિક/અંશો સર્વત્ર ન મળતાં, કેટલાક વિશેષ સ્થળ પર જ મળે છે. આપણા શ્રેષ્ઠ પદકાર નરસિંહની ભાષા પણ આખ્યાનકારોની ભાષાથી વધારે દૂર નથી. સાહિત્યિકતાનો પુટ એમાં અવશ્ય છે પરંતુ તેણે પ્રાકૃતરુપને ઢાંકી નથી દીધું. ગુજરાતી ભાષાનો કોઈ પણ કવિ ભાષાને સાહિત્યિક બનાવવા માટે આયાસશીલ નથી દેખાતો. ભાષાના પ્રાકૃત રુપ પર જ કવિઓને ગૌરવ છે. પ્રેમાનંદે આ ભાવના અત્યંત મુખર થઈ વ્યકત કરી છે. તેણે અવારનવાર સંસ્કૃતની તુલનામાં સ્વભાષાને પ્રાકૃત કહી રજૂ કરી છે:

આ પાસા વ્યાસ વાંચે સંસ્કૃત, આ પાસ માહરું પ્રાકૃત -૯૫
આ પાસા અધ્યાશ્લોક સંબંધ, આ પાસા કડવાં ચોપાઈબંધ
વ્યાસવાણી મે જાણી યથા, તેહવી પ્રાકૃત જોડી કથા -૯૯: ક:૩૭

નરસિંહે પ્રાકૃત અને અપભ્રંશનું નામ લઈને અને ભાલણે પ્રાકૃત અને ગુર્જર કહીને ભાષાના પ્રાકૃત સ્વરુપ પરત્વેનું ગૌરવ ઉદ્‌ઘોષિત કર્યું છે.

તેણે કૃષ્ણનું ગમન કરાવ્યું તે પ્રાકૃતમાંય કરિયે રે: ન.કૃ.કા.પૃ:૫૬
અપભ્રષ્ટ ગિરા વિષે, કાવ્યકેવું દીસે, ગાય હિસે ને જયમ તીર લાગે:
ન.કૃ.કા.પૃ:૧૧૭

ભાલણ:

ગુજર ભાખાએ નલરાના ગુણમનોહર ગાઉં -

ભાષા તથા તેના પ્રાકૃત રુપથી સંબધ્ધ એવી પ્રબુધ્ધ ચેતના તથા આવી સગર્વ જાગરુકતા

અન્ય ભાષાભાષી કવિઓમાં જોવા નથી મળતી.[2] કવિઓ દ્વારા વ્યકત થયેલી આ ધારણાઓ પરથી સ્પષ્ટ થશે કે શા માટે તેમનું વલણ ભાષાના પ્રાકૃત રુપને દૂર કરી સંસ્કૃત બનાવવા તરફ ન રહ્યું. તેમણે એટલા જ અંશમાં પોતાની ભાષાને સંસ્કૃતનો સંસ્કાર આપ્યો, જેટલો વિષય -વસ્તુ તથા કાવ્યના ઉદ્દેશ્યની પૂર્તિ માટે આવશ્યક હતો. ભાષાના અલંકરણના સંદર્ભમાં પણ આ જ દષ્ટિ રહી છે.

ભાવોને અભિવ્યકત કરવાની ક્ષમતા ગુજરાતી ભાષામાં પ્રચુર માત્રામાં જોવા મળે છે. ભાવોની દષ્ટિએ ચર્ચેલા, ઉદધૃત કરેલા તથા સંકેતિત સ્થળો આનાં પ્રમાણ છે. સામાન્ય રીતે તત્સમ અને તદ્ભવ શબ્દોના સંમિશ્રણવાળી ભાષાનો વ્યવહાર થયો છે, પરંતુ એવાં સ્થળો પર ભાષા મોટે ભાગે અકૃત્રિમ, તત્સમતાહીન, લાક્ષણિક તથા લોકોકિતઓ અને રુઢ-પ્રયોગોથીયુકત મળે છે. ભાવ વિશ્લેષણમાં ભાષાની લાક્ષણિકતા અને વ્યંજનાશકિતનો નિર્દેશ કર્યો જ છે. ભાલણ તથા પ્રેમાનંદના પદ આ તથ્યને વિશેષ રુપે પ્રમાણિત કરે છે.

કવિઓએ ભાવોની કોમળતા વ્યકત કરવા માટે શબ્દોને વિવિધ પ્રકારે કોમળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. ઓજસપૂર્ણ સ્થળ કાવ્યમાં ઓછાં છે, તેથી તેમની ભાષામાં ઓજસની અપેક્ષાએ માધુર્ય અને પ્રસાદના ગુણનું પ્રાધાન્ય સ્વાભાવિક રુપમાં મળે છે.[3] વસ્તુગત અને ભાવગત સુકુમારતાની છાયા કાવ્યની ભાષા પર બરાબર જોવાય છે. કવિઓએ ભાષામાં કોમળતા અને સુકુમારતાની વ્યંજના માટે શબ્દોમાં 'લ' 'ડ' અથવા 'ડ'નો સંયોગ કર્યો છે. ઉદાહરણ તરીકે ભાલણે એક જ પદમાં 'નાનાડિયો,' 'હૈડું', 'પાલણડું', ઘુઘરડી', આંસુડાં ! ભાંભણડાં', 'માવડી' જેવા અનેક શબ્દો પ્રયોજયા છે.[4] નરસિંહે તો આ પ્રકારના શબ્દોનો એથી પણ વધારે ઉપયોગ કર્યો છે. તેણે પ્રેમજન્ય લઘુતાને સૂચિત કરવા માટે કયાંક કયાંક 'ડ' 'લ' નો એક સાથે યોગ કર્યો છે. ઉ.ત. 'આંખલડી', 'પાંખલડી', 'એકલડી', રાખલડી - 'બાહુડલી' - જેવા ઘણા શબ્દો આપણને મળે છે.

આ ઉપરથી જણાય છે કે આ પ્રકારની શબ્દયોજનાથી ભાષાનું માધુર્ય વધી જાય છે.

ભાષાને ભાવાનુકૂળ અને મધુર બનાવવાની આ એક શૈલી છે. કવિઓએ કોમળ અને અનુનાસિક વર્ણોથી યુકત શબ્દોની પુનરાવૃત્તિ અથવા શૃંખલા બનાવી ભાષાને મધુરતા અને કોમળતા બક્ષી છે. કેટલાંક ઉદાહરણ જોઈએ :

( નરસિંહ :
------- તાલ દેતાં તારુણી, ઝાંઝરનો ઝમકાર,

કટિ કિંકણી રણઝણે, ઘુઘરીના ઘમકાર : ન.કૃ.કા.પૃ:૧૬૩ )

ભાલણ:
------ રણકઝણક કંકણ ક્ષુદ્રી ઘંટિકા શો કિંકિણી

ચરણ ઠવણ હંસગવણ, નેપુર ઘુણી ઘુણી -૫૬:૧૫૯

લક્ષ્મીદાસ:
---------
ચંદ્રવદન મૃગશાવ નયન નાસાકીર સુભગ રાજન -૧૮

અધરત અરુણતા ઘન દામિની મોહ કામદેવ કામિની -૧૯

ચારુ હાસ્ય ગ્રીવા ત્રીવલી ભુજ મૃણાલ કોમલ આંગુલી -પૃ:૧૦૭

માધવદાસ:
--------
જયમ તારા મધ્યે ચંદ્ર વીરાજે, તમ ગોપી મધ્યે ગોવંદ

નાંહાના નરત્ય કરે નંદાનંદન, કરત તાલ રચના છંદ -૪

ખલકે ચુડી રણકે કાંકણ,ઝપકે ઝાંહાઝરનો ઝમકાર

થેઈ થેઈ નાચે નવરસ નાયક લીલાલલીત પ્રમુખ સુખસાર -૭

અ:૨૯:

સંત:
---- જે કેશવના કુંતલ સ્યામ આવૃત આનન રુચીર લલામ

કપોત સુંદર શુભ નાસિકા શોક શમાવ સ્વલ્પ હાસિકા : પૃ:૧૩૨

પ્રેમાનંદ:
-------- શણગાર સાજે રુપ રાજે,ગાજે ઘુઘરુ પાય,

ઠમક અણવટ, ઝમક ઝાંઝર, છમક પહાની થાય -૧૦: ક:૨૨

તુલજારામ:

ચરણે નેપુર તણા રણકાર, પાય વિછુયા તણા છમકાર,

કરે નાર નાટક નવરંગ, ચંદ્રકેલિ ધરિ કર ચંગ -૬૦ : પૃ:૮૭

ગિરિધર:

ઉજવલ ગજ મુકતા ઉરસીહાર, માંનુ ધસી નગ તે દોઉ ગંગાધાર,

સોહે કરણફુલ તાટંક જોત, ઝલકત જુગ દીનમનિ અતિ ઉદ્યોત

ચ્યારુ ચિબુક મધ્ય લસે હરીત બીંદ, માંનુ કમલકોશ પર બસે અલીંદ-૫

વ્દારિકાલીલા-અ:૫

આ મુખ્ય કવિઓ સિવાયના કવિઓ સામાન્યતયા ભાષાને મધુર બનાવવા અધિક ધ્યાન નથી આપતા.

રુપશૃંગારનું વર્ણન કરતાં કવિઓએ તત્સમ અને આલંકારિક ભાષાને પ્રયોજી છે. પરંતુ સાધારણ કથાવર્ણન અથવા વસ્તુનિરુપણમાં ભાષા પ્રત્યે બહુ ધ્યાન આપ્યું નથી. તેથી પરિણામે શિથિલતા, નીરસતા , અસમર્થતા, તથા અપરિપકવતા રહી રહીને ઝળકે છે. આ દોષ સાધારણ કોટિના કવિઓમાં તો મળે જ છે, પણ કયાંક કયાંક ભાલણ અને પ્રેમાનંદમાં પણ મળે છે. વિષય અનુસાર ભાષાનું રુપ તો બદલાય જ છે. સાથે તેની ચિત્રાત્મકતા અને સજીવતામાં પણ ઉત્કર્ષ - અપકર્ષ જોવા મળે છે.

વિવિધભાષાઓનું મિશ્રણ:

અત્યાર સુધી ભાષાના સંદર્ભમાં જે સ્વરુપ પરિવર્તનની વાત કરી, તેને શૈલીની વિશેષતા કહી શકાય. પરંતુ કેટલાક કવિઓએ એક ભાષાનો પ્રયોગ કરતાં કરતાં વચમાં વચમાં કોઈ અન્ય ભાષાનું મિશ્રણ અથવા પ્રયોગ કર્યો છે. એને શૈલીની વિશેષતા નહિ કહી શકાય. આવું મિશ્રણ કરવામાં કોઈ ઉદ્દેશ્ય પણ જોવા મળતો નથી. બીજું એ બધે મળતું નથી. કવિ વિશેષના સ્વભાવથી પણ એનો સંબંધ સ્થાપી નહિ શકાય. આથી વિવિધ ભાષાઓના મિશ્રણને એક ' વિચિત્રતા' કે 'વિશિષ્ટતા' કહી શકાય.

નરસિંહ, ભીમ, ભાલણ, કેશવરામ ઈત્યાદિ કવિઓમાં મરાઠીભાષાનું મિશ્રણ મળે છે. સંસ્કૃતનો આભાસ ઉત્પન્ન કરવાની ચેષ્ટા પણ કેટલાંયે સ્થળે જોવા મળે છે. કેટલાક કવિઓએ વ્રજભાષાનો વ્યવહાર પણ કર્યો છે.

મરાઠીનું મિશ્રણ:

---

મરાઠી ભાષાની છઠ્ઠી વિભકિતનો વ્યવહાર નરસિંહ, ભીમ, ભાલણ , કેશવરામ આદિએ કર્યો છે.

(નરસૈયાચો સ્વામી ભલે મલીયો, સુખ કરો ગોકુલ રાઈ રે :
ન.કૃ.કા.પૃ:૨૦૭ )

ભીમચઈ -સ્વામી શ્રીકૃષ્ણઈ સંસાર સાગર તારી
હરિ: ષો : પૃ:૧૫૫

હું એક માહઈ વસૂં, ઔઠ હાથ મઝકાય, -૧૮ હરિ:ષો: પૃ:૧૫૧

કેશવદાસચો સ્વામી, સેવક કાજે રે રામ-
શ્રી: કૃ:ક્રીડાકાવ્ય: પૃ:૪૦

ફૂલડાંચો ભાર - ભાલણ:

આ ઉપરાંત અનેક કવિઓએ કૃષ્ણ માટે મરાઠી ' વિઠ્ઠલ ' શબ્દનો પ્રયોગ પણ કર્યો છે. પ્રસિધ્ધ ભાષાશાસ્ત્રી ન.ભો. દિવેટિયાને મતે ' ચો' 'ચો' 'ચા' તથા ' વિઠ્ઠલ' નો પ્રયોગ ગુજરાતી પર મરાઠીભાષાના પ્રભાવનું નિશ્ચિત પ્રમાણ નથી[5] જોકે નરસિંહ મહેતાના કેટલાક પદોમાં કેટલેક સ્થળે જે મરાઠીપન ( મરાઠીભાષાની અસર) મળે છે તે ઉકત લક્ષણો સુધી સીમિત નથી: ઉ:ત:

અનંગ આહેડીઓ જાલ માંડીલા, પંખી કામી જન આવીલા
જુગત કરી જુવતી જોતાં, તતક્ષણું પાસે પાડીલા
ઘનસ્તન ભાર ભરીલાં, કામીજન આપ વિસરીલા
શરણે તુમારે આવીલાં નરસૈયાચે સ્વામી વિસરી ગેઈલા: ન.કૃ.કા.પૃ:૫૨૧

સંસ્કૃતનું મિશ્રણ:

અનેક કવિઓ સંસ્કૃતના જ્ઞાતા હતા અને કેટલાકે તો સંસ્કૃતમાં કાવ્યરચના પણ કરી છે. કેશવરામે 'શ્રીકૃષ્ણક્રીડાકાવ્ય' માં ભીમકૃત 'હરિલીલાષોડશકલા' ની જેમ વચ્ચે વચ્ચે અનેક શ્લોક ગૂંથી દીધા છે. તેમાંથી 'સોળ સ્વયંકૃત સંસ્કૃત' લખી સોળ સ્વરચિત છે, એનો સ્વીકાર કર્યો છે.[5] આ ભાષાકાવ્યોમાં કેટલાંક પ્રયોગ એવા હતા, જે સંસ્કૃત નિયમો અનુસાર રચ્યા હતા. તેથી સંસ્કૃત પ્રત્યેના તેમના વલણનો ખ્યાલ આવે છે. ઉદાહરણ તરીકે:

આવ્યાં તે યમુનાતટે જલવહે, કોમલ્લ છે વાલુકા-૪૨

તન્વી તાંબુલચર્વિતં ચ બહુલં, ગાલે ઘસે લે સહી -૫૧

લાધે કાન્ત રહસ્થલે વનિતયા, શ્રીકાન્ત સોહામણો -૫૨ : સર્ગ:૧૩

લક્ષ્મીદાસે આરંભમાં મંગલસ્તુતિ સંસ્કૃતમાં કરી, સંસ્કૃતમાં સાત શ્લોક આપ્યા છે. તેમાં છેલ્લો શ્લોક ગુજરાતી સંસ્કૃત મિશ્ર ભાષામાં છે.

કવિ સંતે ઘણા અધ્યાયમાં વચ્ચે વચ્ચે સંસ્કૃત શ્લોકો મૂકયા છે. કયાંક તે અન્ય પાત્રોની સ્તુતિ રૂપે છે.

મણિગ્રીવ અને નલકૂબેરની સ્તુતિમાં -

નમ: પરમકલ્યાણં નમ: પરમ મંગલમ્

વાસુદેવાય શાંતાય યદુનાંપતયે નમ: -૧: પૃ:૩૩

આવા જ શ્લોક પૃ:૪૨,૫૦, ૫૧,૫૨ છે, તો કયારેક તેણે સંસ્કૃત શ્લોક આપી, તેની નીચે તેનો ગુજરાતી અનુવાદ ચોપાઈમાં આપ્યો છે. ઉદાહરણ તરીકે જુઓ: પૃ:૩૩

તુલજારામે પણ આરંભના મંગલાચરણ પછી સાત-આઠ શ્લોક સંસ્કૃતમાં આપ્યા છે, જો કે તેમાં ભાષા અશુધ્ધ છે. ઉદાહરણતરીકે :

ભકિતરસ્તિ યદિ કૃષ્ણ તાવકી

તત કિમેતિ ભવં સંસલં ભવેત્

ધકાર ગિરિમા કરોતિ કં

ભાસ્કરે ન નયનમાર્ગમારા તે :૧:

કવિગિરિધર પણ સંસ્કૃતનો જાણકાર હતો. તેણે પણ હનુમાનજી પાસે ' નંદનાષ્ટકં ' સંસ્કૃતમાં આપી શ્રીકૃષ્ણની સ્તુતિ કરાવી છે, જે ખરેખર સુંદર છે.

શ્રીકંશ્રન વૃષ્નિન વંશદીપ ઓપગોપમંદિરં, અનુપરુપભુપકામધામશ્યામસુંદરં

જગન્નિવાસ સ્વૈપ્રકાશવિશ્વમુલકંદનં, ત્વદીય પાદ પંકજ નમામિ નંદનંદનં :૧:

ગોકુલલીલા અ:૪૫: પૃ:૭૫

આ બધા કવિઓ સંસ્કૃતના જાણકાર લાગે છે. અને ઘણા બધા તત્સમ શબ્દો- શબ્દસમૂહોનો પ્રયોગ તેમણે કર્યો છે.

કવિઓ દ્દારા વ્રજભાષાનો પ્રયોગ અને મિશ્રણ:

( નરસિંહ : કૃત કાવ્યસંગ્રહમાં નરસિંહની છાપવાળા બે વ્રજભાષાનાં પદ મળે છે. જેમાંની કેટલીક પંક્તિઓ જોઈએ:

સાખી: પીય સંગ એકાંત રસ વિલસત સરાધાનાર*

કંધ ચડાવનકો કહો, તાતે તજી ગયે જુ મોરાર.

ચાલ: - તાતે તજી ગયે જુ મોરારી, લાલ આય સંગ તે ટારી

ત્યાં ઓર સખી સબ આઈ, કયાહૂ દેખ્યો મોહનરાઈ.)

ભાલણ: તેણે પોતાના દશમસ્કંધમાં પોતાના નામની છાપવાળાં છ પદ વ્રજભાષામાં આપ્યાં છે. તેના દશમસ્કંધના સંપાદક હરગોવિંદદાસ દ્દા. કાંટાવાળાને મતે ભાલણ વ્રજભાષામાં સારી કવિતા કરતો હતો. તેની પ્રતીતિ દશમસ્કંધમાં રચેલી હિંદી કવિતા ઉપરથી થાય છે.[૭] અર્થાત્ ભાલણ વ્રજભાષાનો સુંદર કવિ હતો, જેની પ્રતીતિ તેના દશમસ્કંધમાં મળતી હિંદી વ્રજભાષાની કવિતા ઉપરથી થાય છે. દશમસ્કંધમાં વ્રજ ભાષાનાં ચાર પદ એક સાથે મળે છે. અને બે

અલગ અલગ[૯] ઉ.ત.એક પદ જોઈએ:

કોન તપ કીનો રી માઈ નંદઘરુણી,
લે ઉછંગ હરિકુ પયપાવત, મુખચુંબન મુખભીનોરી.
તૃપ્ત ભયે મોહન જૂ હસત હૈ તબ ઉગમત અધર હી ફીનોરી,
જશોમતી લટપટ પૂછન લાગી વદન ખેચિ તબ લીનોરી
રિદે લગાવે બદ જૂ મોહિ તુ કુલદેવા દીનોરી.
ઈહ રસસિંધુ ગાન કરી ગ્રાહત હે, ભાલણ જનમન ભીનોરી :પદ:૭૭

એક વિશિષ્ટતા જોઈએ કે આ પદની પ્રથમ પંકિતનું ભાલણની ગુજરાતીમાં રચેલી નીચેની પંકિત સાથે અદ્દભુત સામ્ય જોવા મળે છે:

શાં તપ કીધાં તે કામિની રે, થઈ સુંદરવરની માય :૧૨: પદ:૪૩

ભાલણના દશમસ્કંધમાં આવા અનેક પ્રયોગ મળે છે, જેનું સ્વરુપ ગુજરાતીને અનુકૂળ ન રહેતાં વ્રજભાષાને અનુકૂળ હોય છે. ઉદાહરણ તરીકે ' નંદ કેરે આંગણે ' (પૃ:૩૨), ' મોરલીનો રસ લેત' (પૃ:૬૯),' મટુકી' (પૃ:૧૩૮:૧૫૦)' હુલરાવ્યો( પૃ:૧૬૦) - આદિ ભાલણછાપવાળાં વ્રજભાષાનાં પદોમાં ગુજરાતીનું મિશ્રણ નથી મળતું. વિભકિતઓ અને ક્રિયાપદ વ્રજભાષાનાં જ છે, કેવળ ધ્વનિનું નજીવું અંતર કયાંક કયાંક મળે છે. આ બધાં પદ વાત્સલ્યભાવથી સંબધ્ધ છે.

કેશવરામ:
------ ના કૃષ્ણક્રીડાકાવ્યમાં કેવળ બે સ્થળે વ્રજભાષાનો પ્રયોગ મળે છે. પ્રથમ રાધાની માનલીલાના સંબંધમાં એક પદ મળે છે, તો એક નિશ્ચિત ક્રમથી કારિકાની એક એક પંકિતની પાછળ ત્રોટકની ચાર ચાર પંકિતઓ આપવામાં આવી છે. આ રીતે ૪૦ પંકિતઓનું વ્રજભાષામાં રચેલું આ બીજું પદ પણ પ્રાપ્ત થાય છે, જેમાં જશોદા અને ગોપીનો સંવાદ નિરુપાયો છે. બંને પદોનો પ્રારંભિક અંશ જોઈએ:

ત્યજ અભિમાન ગોવાલી! ધરચ આયો શ્રીવનમાલી
યાકે ચરણ ચતુર્મુખ સેવે ,કિંકર હોય કપાલી: ૫૨

કારિકા :- સુન હો યશોમતિ માયા કૃષ્ણ કરત હૈ હે અતિઅન્યિાય

ત્રોટક :- કૃષ્ણ કરત હે અન્યાય અતલીબલ, ગોપીકો કહયો ન માને

દેખત લોક , લાજ કુછ નહીં , નારય બોલાવત હી શાને ?

હમ ગુનવંતી સતી સુલખણી , યહ બિધ્ય રહયો ન જાય,

કોપ હિ કાલ્પ સુનેગો કંસાસુર, સુન હો જસોમતિ માય ' ૫૭ -સર્ગ :૧૪

કેશવરામના આ પદોમાં ગુજરાતી શૈલી અને ગુજરાતી શબ્દોનું સ્પષ્ટ મિશ્રણ થયું છે. પહેલા પદનો ધ્રુવા, બીજા પદમાં કારિકા અને ત્રોટકનો ક્રમ તથા ' માંકડ', ' શાને', મોહોટી', કામણગારો જેવા શબ્દો ના પ્રયોગ આ મિશ્રણને પ્રમાણિત કરે છે.

બીજે ઠેકાણે શરુઆતમાં કડવાં અને ત્રોટકના ક્રમવાળુ એક પહેલાં જેવુ દીર્ઘ પદ મળે છે, તથા અંતમાં એક સવાઈઓ આપેલો છે. અહીં પણ ભાષામાં મિશ્રણ થયેલું છે.કડવાં તથા ત્રોટકનો કેટલોક અંશ તથા સવાઈઓની ચાર પંકિતઓ જોઈએ.

કડવાં-સુનો મેરે સૈયા યાદવરૈયા ગોકુલ રહીય, લાગૂ પૈયાં

ત્રોટક: લાગીયે પૈયાં હરિ ન જૈહે બાત યહ મનિ જાણી હે

ઉન ક્રૂરકે અક્રૂરકા, બિસાસ કછુ ન આણી હૈ -૪૫

ગોકુલ સકલ બિકલ બિદરસન ધન એક હોત યુગંતર સ્યાર

સોઈ અબ દિવસ માસ ગત હોઈ હે, જીયે કયો મધુરી મુરાર ?

કેશોદાસ અલી સબ ગોપી , રોઓતી દુ:ખ આગ હે નંદનાર

કોઈક ભાગ સુભાગ હમારો , જો હરિ આવે કંસાસુર માર ' -૪૮ સર્ગ :૧૬

'શ્રીકૃષ્ણક્રીડાકાવ્ય' ના સંપાદક શ્રી: અંબાલાલ બુ.જાનીએ ' નિવદેન ' માં કવિના ઉત્કૃષ્ટ વ્રજભાષાના જ્ઞાનની પર્યાપ્ત પ્રશંસા કરી છે.

લક્ષ્મીદાસ:

ભાલણના દશમસ્કંધમાં જે લક્ષ્મીદાસની ' રાસપંચાધ્યાયી' પ્રક્ષિપ્ત મળે છે. તેના વ્દારા

રચાયેલાં કેટલાંક નાનાં નાનાં વ્રજભાષાનાં પદો પણ મળે છે.[9] એમાંથી કેટલાંક પદોની ભાષા શુધ્ધ વ્રજભાષા છે અને કેટલાકમાં ગુજરાતીનું મિશ્રણ છે: ઉદાહરણ તરીકે :

આજુ મેરે સફલ ભયે નયન
કોટિ મન્મથ રુપ ચતુર જુ નિરખે ગીરિધર ચિન
કોટિ રવિ છવિ જેતિ આનન અંબર લિખિ ચિત્ર સો ચિન
આજુ મેરે સફલ ભયે નયન

કવિચરિત પૃ:૩૮૫

આ સિવાયનાં વ્રજભાષામાં રચાયેલાં પદોમાં એક કેદારાનું એક રામગીરીનું તથા એક કાનરાનું મળે છે.[10] લક્ષ્મીદાસ વ્દારા લખાયેલી ચાર વ્રજભાષાની ' સવાઈઆ' પણ મળે છે. એમાંની એક જોઈએ:

અંબર ચારુ યૂ તડીત પીતાંબર સુંદર ગઢે ઢટિયે ભૂનાં,
કંઠ મનોહર હાર વીજીત જલધર ઘોર છબી સૂતના
સીર મોર કે ચંદ આનંદ બદન કવલ્લ ત્યૂજા લટકીકૂંદના
લક્ષ્મીદાસ કિહિ બલી જાઉ નરભેષ ઘોષપતિ નંદ કે લલનાં

કવિચરિત પૃ:૩૮૫

આમાં વ્રજભાષાનું તત્કાલીન રુપ પોતાની રીતે મળે છે.

કવિ પરમાણંદે પોતાની ' હરિરસકથા' માં વ્રજ ભાષાનાં પદ આપ્યાં છે.

ઉદાહરણ તરીકે:

વ્દારે ખેલત નંદજીકો લાલ
મૈયા કર ગ્રહી વ્યોમ નિહાલન , માંગત ચંદુ ગોપાલ :૫૯: પૃ:૨૪

અહીં કૃષ્ણ ચંદ્ર માગે છે, જે ન મળતાં, રડતાં માતાને મુખમાં ચૌદ ભુવન દર્શાવે છે. બીજા એક પદમાં ગોપીઓ જશોદા કૃષ્ણને બાંધે છે ત્યારે ફરિયાદ કરે છે:

જશોમતી તુમ હે કઠણ કઠોર, એહી કૃષ્ણ બાંધ્યો ગૌબંધન

માખણ હેત તુહી કરત હે સોર –

નિરદે રદે ભઈ તુમ જસોદા, અજ હુ બાલિક નંદ/કીસોર–૨૦ પૃ:૨૨

માધવદાસે પણ એક વ્રજભાષામાં પદ આપ્યું છે :

વ્રજમાં બોત કરત લંગરાઈ,

ઘરઘર ફીરત સકલ ગોપનકે

કહુ ન મોહન દેત દેખાઈ :વ્રજ:૧

એહ બાલકકી અદ્‌ભુત લીલા

જાઈ ન પાસ્ય જસોદામાઈ

લેઈ બલાઈયા કંઠ લગાવત

સુંદર સામી બોહોત સુખદાઈ: વ્રજ: ૪: કડી:૯: અધ્યાય:૮:

પાદટીપ:

૧: વ્રજભાષા –વ્યાકરણ પૃ:૩૪

૨: વ્રજભાષાના કવિ કેશવદાસને 'ભાષાકવિ' કહેવડાવવામાં શરમ આવતી હતી. કેમકે તેઓ એવા કુળમાં જન્મેલા કે જ્યાં નોકરો પણ સંસ્કૃત છોડી 'ભાષા' બોલવાનું જાણતા ન હતા.

૩: મચણ જેવા કવિ એક બે જ છે જેમણે શૃંગાવર્ણને માટે ઓજસ્વિની ભાષા અને વીરોચિત છંદનો ઉપયોગ કર્યો છે.

૪: ભાલણ: દશમસ્કંધ: પદ:૧૫

૫: Munshi: Gujarat & its literature P.60-67.

૬: સત્તાવન શ્રીભાગવત રુપક છે ત્રેવીસ
સોલ સ્વયંકૃત સંસ્કૃત, જમલી કથા જગદીશ: ૧૨૮: સર્ગ:૪૦

૭: ભાલણકૃત દશમસ્કંધ: કવિચરિત્ર: પૃ:૫

૮: એજન: પદ:૭૭: ૨૫૧, ૨૫૩, ૨૫૪, ૨૫૫, ૨૬૫

૯: કવિચરિત ભાગ:૨: પૃ:૩૮૫

૧૦: કવિચરિત ભાગ:૨: પૃ:૩૮૬